# પ્રેમભક્તિની પગદંડી




## - શ્રી યોગેશ્વર

## NOTE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

☼ ☼ ☼

E-book

Title : Prembhakti ni Pagdandi
Language : Gujarati
Version : 1.0
Pages : 168
Created : September 15, 2008.

☼ ☼ ☼

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

☼ ☼ ☼ ☼ ☼

## પ્રસ્તાવના



સંસ્કૃતમાં જે કેટલાક ઉત્તમ કોટિના ભક્તિવિષયક ગ્રંથો છે તેમાં નારદ ભક્તિસૂત્ર ઓછું અગત્યનું અથવા તો ઓછું મૂલ્યવાન નથી મનાતું. એ ભક્તિસૂત્રની સરળતા ને સરસતા તથા સચોટતા ને વિદ્વત્તા વિદ્વાનોમાં પણ આદરણીય મનાય છે. ભક્તિસંબંધી એ સૂત્રો ભક્તિમાર્ગના ગ્રંથોમાં સર્વોત્તમ જેવાં ગણાય છે.

એ સૂત્રોને હું જે રીતે વિચારી શક્યો કે સમજ્યો છું, તે રીત આ પુસ્તકમાં મેં રજુ કરી છે. આ પુસ્તકમાં એ સુત્રોની પહેલેથી છેલ્લે સુધી ક્રમવાર વિચારણા કરવામાં આવી છે. અથવા એમ કહો કે પ્રત્યેક સૂત્ર પર એકેક વિવરણ કે નિબંધ લખવામાં આવ્યો છે.

જેમને ભક્તિની સાધનામાં રસ છે, અથવા તો જીવનના શ્રેયસાધન માટે આદરભાવ છે, એમને આ નિબંધોનું વાચન ગમશે ને પ્રેરક થઈ પડશે. એવી આશા રાખું છું.

**- યોગેશ્વર**



## અનુક્રમણિકા

**૧. પરા કે પ્રેમસ્વરૂપા ભક્તિ અને તેનો પ્રભાવ**
૧. ભક્તિ નિરાળું સાધન છે
૨. ભક્તિ કોને કહેવાય ?
૩. ભક્તિ અમૃતમય છે
૪. ભક્તિનો મહિમા
૫. તૃષ્ણાનો ત્યાગ
૬. ભક્તની અવસ્થા
૭. વિવેક ને વૈરાગ્ય
૮. ભક્ત ઈશ્વરમાં જ મસ્ત રહે છે
૯. અનન્યતા
૧૦. ઈશ્વરની કૃપાથી કશું કઠિન નથી
૧૧. લૌકિક કર્મો
૧૨. કષ્ટસહન નકામું નથી
૧૩. શાસ્ત્રોની મર્યાદા
૧૪. શરીરની ઉપેક્ષા ન કરવી
**૨. પ્રેમ ભક્તિનાં વિવિધ લક્ષણ**
૧૫. ભક્તિની વ્યાખ્યા
૧૬. વ્યાસના વિચાર
૧૭. કથાકીર્તનનો આનંદ
૧૮. કથાકીર્તન વિશે
૧૯-૨૦. નારદનો મત
૨૧. વ્યાકુળતાની જરૂર
૨૨. પ્રેમભક્તિની પગદંડી
૨૩. જ્ઞાન વિનાની ભક્તિ જડ છે
૨૪. સાચા ભક્તની દશા
**૩. ભક્તિની શ્રેષ્ઠતા : ભક્તિ ફળરૂપા છે.**
૨૫. ચાર સાધન
૨૬. ભક્તિની શ્રેષ્ઠતા
૨૭. ભક્તિની વિશેષતા
૨૮. ભક્તનું જ્ઞાન
૨૯. બીજી વિચારસરણી
૩૦. ભક્તિ ભક્તિથી જ મળે
૩૧. ભક્તિનું સ્વરૂપ
૩૨. ભક્તિનો લાભ
૩૩. કર્તવ્યનું ભાન
**૪. ભક્તિના સાધન ને સત્સંગનો મહિમા**
૩૪. સાધન વિશે
૩૫. ભક્ત સંયમી હોય છે
૩૬. સંયમની સમસ્યા
૩૭. યજ્ઞનો વિચાર
૩૮. સંતકૃપાથી ભક્તિની પ્રાપ્તિ
૩૯. સંતદર્શન દુર્લભ અને અમોઘ છે
૪૦. ટીકાની વૃતિનો ત્યાગ કરો
૪૧. સંતપુરુષની પ્રાપ્તિ થઈ શકે છે
૪૨. સંતો સાર્વજનિક છે
૪૩. કુસંગનો ત્યાગ કરો
૪૪. કુસંગથી દુર રહો
૪૫. વિષયરસને જીતવાનો માર્ગ
૪૬. બ્રહ્મચર્યની જરૂર
૪૭. એકાંતની આવશ્યકતા
૪૮. તે જ તરી શકશે
૪૯. શાસ્ત્રજ્ઞાન અનિવાર્ય નથી
૫૦. બીજાના હિતનો વિચાર
**૫. પરાભક્તિ કે પરમપ્રેમનું સ્વરૂપ**
૫૧. ઈશ્વરપ્રેમનો પાર નથી પમાતો
૫૨. મૂંગાના સ્વાદની જેમ
૫૩. ઈશ્વરપ્રેમની જાગૃતિ
૫૪. ઈશ્વરની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ સ્વાર્થ છે?
૫૫. ઈશ્વરના પ્રેમીની દશા
**૬. ગૌણી ભક્તિના ભેદ ને ભક્તિ પ્રમાણ**
૫૬. ગૌણી ભક્તિ
૫૭. ઈશ્વરને માટે જ ભક્તિ કરો
૫૮. ભક્તિ સુલભ છે
૫૯. ઈશ્વર દેખાતો કેમ નથી ?
૬૦. ભક્તે યાદ રાખવાની વાત
**૭. ભક્તોને શિક્ષા ને ભક્તિનો મહિમા**
૬૧. ભક્ત અને કર્મ
૬૨. સ્ત્રીસંગ અને ભક્ત
૬૩. ભક્તની બીજી આવશ્યકતા
૬૪. કામ, ક્રોધ, લોભને ઈશ્વરમાં વાળો
૬૫. દાસભાવ વિશે
૬૬. ભક્તિની એક બીજી ધારા

૬૭. ભક્તો ધન્ય છે
૬૮. ભક્તોની પ્રવૃતિ
૬૯. મહાપુરુષોનો મહિમા
૭૦. ભક્તો કે સંતોની શક્તિ
૭૧. ભક્તોનો જન્મ મંગલમય છે
૭૨-૭૩. ભક્તોની વિશેષતા
૭૪. વાદવિવાદથી પર રહો
૭૫. જ્ઞાન અને કર્મ
૭૬. પ્રમાદનો ત્યાગ કરવાની જરૂર
૭૭. કૃપા કેમ નથી મળતી ?
૭૮. ભક્તિમાર્ગની બીજી સૂચનાઓ
૭૯. સાકાર અને નિરાકાર
૮૦. ઈશ્વર કીર્તનથી પ્રગટ થાય છે
૮૧. ભક્તિના અગિયાર સ્વરૂપ

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય : ૧ પરા કે પ્રેમસ્વરૂપા ભક્તિ અને તેનો પ્રભાવ

## ૧. ભક્તિ નિરાળું સાધન છે

પરમશાંતિની પ્રાપ્તિ, બંધનની નિવૃત્તિ ને પરમાત્મદર્શનને માટે જેટલાં સાધન છે તેમાં ભક્તિ એક નિરાળું સાધન છે. યોગ, જ્ઞાન ને ઉપાસનાના ત્રણ મુખ્ય સાધનમાર્ગોમાં ભક્તિ કે ઉપાસનાનો માર્ગ વધારે સરળ, સીધો ને સર્વોપયોગી છે એમ જ્ઞાની કે વિદ્વાનોનો મત છે. યોગ કે જ્ઞાનમાર્ગે અમુક અધિકારસંપન્ન માણસો જ જઈ શકે છે. જ્યારે ભક્તિનો રાજમાર્ગ તો બાળક, યુવાન, વૃદ્ધ, રોગી, નિર્બળ, અપંગ ને નિરાધાર તેમજ નિર્ધન ને સ્ત્રી કે નાતજાતના કોઈએ ભેદભાવ વિના મનુષ્ય માત્રને માટે ખુલ્લો છે. સુદ્રઢ શરીરવાળા કે નિર્બળ દેહી, નિરક્ષર કે ખુબ જ સાક્ષર, નિર્ધન કે જેમને ત્યાં ધનના ભંડાર ભર્યાં છે તેવાં, સર્વે પ્રકારના માણસો ઈશ્વરને ભજી શકે છે, પ્રેમ કરી શકે છે, ને એ રીતે આ ભક્તિમાર્ગનાં પ્રવાસી બની ઈશ્વરદર્શન કરી જીવનની પૂર્ણ સફળતા, સુખશાંતિ ને સમૃદ્ધિ મેળવી કૃતાર્થ થઈ શકે છે.

ભક્તિમાર્ગની આ ખૂબી છે. તેમાં કોઈ અધિકારની જરૂર નથી. જે અધિકાર કે યોગ્યતા જોઈએ તે ભક્તિનું સાધન કરતાં કે ભક્તિમાર્ગમાં પરિપક્વતા આવતાં આપોઆપ આવી જાય છે. પાપી ને પુણ્યશાળી બધા જ આ ભક્તિમાર્ગના અધિકારી થઈ શકે છે. જેમ પૃથ્વી બધાને માટે છે; પવન, પાણી ને આકાશ પર બધાનો અધિકાર છે, તેમ ઈશ્વર જીવમાત્રનો છે, બધાનેય તેની પ્રાપ્તિ કરવાનો જન્મજાત હક કે અધિકાર છે. ભક્તિ પણ કાંઈ ભગવાનથી જુદી નથી. તે ભગવાનનું જ સ્વરૂપ છે, ભગવાનના પ્રેમનું કિરણ છે. એટલે ભગવાનની જેમ ભક્તિ પર પણ જીવ માત્રનો જન્મસિદ્ધ અધિકાર છે. ફક્ત તે અધિકારનું ભાન કે જ્ઞાન માણસને થવું જોઈએ.

રાજા હોય છતાં રાજા તરીકેના પોતાના અધિકારને ભૂલી ગયો હોય તેમ માનવ ઈશ્વરનો પ્યારો છે, ઈશ્વરમય છે, છતાં તે સત્યને ભૂલી ગયો છે. આ ભૂલ સુધારવાને બદલે જીવનમાં તે કામ પણ એવાં કરે છે કે ઈશ્વરથી તે વધારે ને વધારે વિમુખ બનતો જાય છે, ને નશ્વર સંસાર ને વિષયોના વમળમાં અટવાઈ કામ, ક્રોધ, લોભ, સ્વાર્થ ને મમતા તેમ જ અહંતાથી આવૃત્ત થઈ સુખ ને દુઃખ જેવાં જોડકાંમાં ઝુલ્યા કરે છે. પરમશાંતિ ને આનંદની પ્રાપ્તિની તેની ઈચ્છા ને ઝંખના એવી જ અપૂર્ણ ને નિષ્ફળ રહી જાય છે.

ભક્તિ માર્ગના પ્રવાસી બની ઈશ્વરની કૃપાને મેળવવા ઝંખનાર માણસને માટે આથી ઊલટું જ બને છે. તેના સંબંધમાં શું બને છે તેનો વિચાર આપણે ક્રમેક્રમે કરીશું. હમણાં તો એટલું જ કહીશું કે ખેતરમાં ખેતી કરનાર ને કોસ ફેરવનાર ખેડૂત, કાળી મહેનત કરનાર મજુર, ફેરિયા ને બંગલામાં રહેનારા કે આશ્રય વિના ફરનારા ને ફુટપાથ પર સૂઈ રહેનારા સર્વ કોઈ આ ભક્તિને માર્ગે જઈ શકે છે, ઈશ્વરી કૃપાનો અનુભવ કરી ઈશ્વરદર્શન કરી શકે છે, ને બીજાને તેમ કરાવી શકે છે.

આ ભક્તિનો ટૂંકો વિચાર આપણે અહીં કરીશું.

☼ ☼ ☼ ☼ ☼

## ૨. ભક્તિ કોને કહેવાય ?

આજે ઘણા માણસો પોતાને ભક્ત કહેવડાવે છે ને ભક્તિમાં મગ્ન તરીકે મનાવે છે, પરંતુ ભક્તિનું સાચું રહસ્ય તેમની જાણમાં ભાગ્યે જ હોય છે. પ્રભુની અંદર ખૂબ જ પ્રેમ થાય, બીજા કોઈ જ સંસારી પદાર્થને માટે નહિ, પણ પરમાત્માને માટે ખૂબ જ પ્રગાઢ ને પરમ અનુરાગનો ઉદય થાય, ત્યારે પ્રેમ કે ભક્તિ થઈ એમ કહેવાય છે. કેવળ પ્રભુનું નામ લેવાથી, ટીલાંટપકાં કરવાથી, ભજન ગાવાથી કે રામાયણ ને ભાગવત જેવા બીજા ધર્મગ્રંથોની કથા કરવાથી જ કોઈ ભક્ત બની શકતું નથી. ભક્તિ એટલી સહેલી વસ્તુ નથી. ભક્તિ તો શિરનો સોદો છે, જીવસટોસટનો વ્યાપાર છે. શેરડીના સાંઠાને પીલીપીલીને તેમાંથી મધુમય રસ કાઢવામાં આવે છે, તેમ ભક્તિના રસને જાગ્રત કરવા કઠિન પરિશ્રમ કરવો પડે છે, અંગેઅંગને ગાળીને તપાવી નાખવું પડે છે, ને વાસના ને વિકાર, અહંતા ને મમતાની આહુતિ આપી દિવ્ય ઈશ્વરી પ્રેમના અગ્નિને પ્રજ્વલિત કરવો પડે છે.

મંત્ર ને જપની ઉપાસના, યજ્ઞયાગ ને બીજાં અનુષ્ઠાન એ પણ ભક્તિ નથી. એથી ભક્તિનો ઉદય થઈ શકે છે, ભક્તિ પ્રકટ કરવાનાં એ સાધન છે એ સાચું, પરંતુ ભક્તિના રાજમંદિરનો કળશ એથી અત્યંત દૂર છે. ભક્તિરસની પ્રાપ્તિ માટે એથી આગળ વધીને સાધકે ખૂબ જ લાંબી મજલ કાપવી પડે છે, હિંમત ને ધીરજ તેમજ લગન લઈને ભક્તિના મહામંદિરના છેક જ ગુરૂશિખર સુધી ચઢવું કે પહોંચવું પડે છે, એમાં સંદેહ નથી.

સાચી ભક્તિ કોને કહેવાય? પરમાત્માને માટે પરમ પવિત્ર પ્રેમનો ઉદય થયો એ કેવી રીતે જણાય? જ્યારે પ્રભુના નામનું કીર્તન કરતાં હૃદય ઉલ્લાસથી ભરાઈ જાય, પ્રભુના ગુણગાન ગાતાં હૈયું હાથ ના રહે, મન પ્રેમ ને આનંદથી તરબોળ બની જાય, ને પ્રભુના જ સ્મરણમાં મનનમાં ને ભજનમાં આનંદ લાગે, તે વિના બીજું કાંઈ ના ગમે, ત્યારે સાચા અર્થમાં ભક્તિ જાગી, પ્રભુનો પ્રેમ સાંપડ્યો એમ કહેવાય છે.

સંસારી પદાર્થો માટે માણસને કેટલી પ્રીતિ છે! સ્ત્રી, ધન, ઘર-બહાર ને પોતાના દેહ ને નામ માટે કેટલી મમતા છે! વિષયરસમાં માનવને કેટલી આસક્તિ છે! તે પ્રાપ્ત થતાં તે સુખ માણે છે, ને તેથી વિયોગ થતાં દુ:ખનો અનુભવ કરે છે. એટલી જ-બલ્કે એથીય વધારે પ્રીતિ ઈશ્વરને માટે થવી જોઈએ. ઈશ્વર વિના બીજું કોઈ જ મારું નથી એ મમતાનો ભાવ હૃદયમાં ઠસી જવો જોઈએ. ઈશ્વરના સ્મરણ, મનન ને કીર્તનમાં સ્વર્ગસુખ લાગવું જોઈએ. માછલી જેમ પાણી વિના જીવી શકતી નથી, શરીર તેના પ્રાણ આત્મા વિના ટકતું નથી, તેમ ઈશ્વર વિના જીવી શકાય નહિ, ચેન પડે નહિ, શાંતિ થાય નહિ, તેવી અવસ્થા થઈ જવી જોઈએ. તાપથી તપતા ભયંકર રણપ્રદેશમાં જે પ્રવાસ કરે છે ને ઉનાળાની લૂમાં ધીમે ધીમે ચાલે છે, તેને છાયા ને પાણીની કેટલી તીવ્ર તરસ લાગી હોય છે? તેના શરીર પર ખૂબ જ પરસેવો થાય છે. પણ તે કાંઈ તરસ છીપાવવાના કામમાં નથી આવતો. માથા પર કપડાનું આવરણ નાખીને તે ચાલે છે. પણ તેથી કાંઈ તેના અંતરનો ને રોમરોમનો દાહ નથી શમતો. તે માટે તો છાયા ને પાણી જ જોઈએ. તેવી જ રીતે સંસારના ઘોર રણનો જે પ્રવાસી છે, તેના તાપ વિષયી સુખોની નાશવંત ને મિથ્યા છાયાથી નથી મટતા, તેમજ વિષય રસના સેવનથી તેની તરસ પણ નથી છીપતી. શાંતિ માટેની તેની તરસ તો એક ઈશ્વરને શરણે જવાથી જ

શમે છે: ઈશ્વરની પ્રેમૌષધિનું સેવન કરવાથી જ તેનાં દુ:ખદર્દ ને પરિતાપ શાંત થાય છે, ને ભય, વિષાદ ને મૃત્યુના બંધનથી મુક્ત થવાની તેની ઝંખના પણ એક ઈશ્વરના દર્શનથી જ તૃપ્ત થાય છે. ઈશ્વરને છોડીને કોઈ માણસ ભય ને મૃત્યુ કે અલ્પતા ને પરિતાપથી મુક્ત થયો હોય એવું સંસારના ઈતિહાસમાં આજ લગી તો બન્યું નથી, ને હવે પછી બનશે તેવો સંભવ પણ નથી. જેમ સૂરજ પૃથ્વીની અંદર ઉગી ના શકે, ધૂળ ને પત્થર ખાઈને માણસ સુદૃઢ ના બને, તેમ ઈશ્વરી પ્રેમના આસ્વાદ વિના કેવલ ધનધાન્ય, સ્ત્રી પુત્ર કે ભૌતિક વસ્તુઓના વિલાસથી માણસને પૂર્ણતા ને શાંતિ ના જ મળી શકે. પૂર્ણતા ને શાંતિની પ્રાપ્તિ માટે તો દિવ્ય ઈશ્વરી પ્રેમના ભિખારી થવું જોઈએ, ઈશ્વરને મેળવવા કે પરમાત્માનો સાક્ષાત્કાર કરવા તલપાપડ થવું જોઈએ, અધીરા બનવું જોઈએ, રડવું ને કકળવું તેમજ પ્રાર્થવું જોઈએ, ને તનમન અંતરથી એક ઈશ્વરના જ દાસ કે ભક્ત બની રહેવું જોઈએ.

આવો અનુરાગ ના જાગે ત્યાં લગી ભક્તિ થઈ એમ કેમ કહેવાય? આજે તો માણસ ધંધામાં નુકસાન થાય કે કોઈ સ્વજનનું મૃત્યુ થાય તો મન મૂકી રડે છે. રોગમાંથી બચવા માટે અધીરો બની વૈદ કે દાક્તરનું શરણ શોધે છે. સંસારની ચિંતામાં ઊંઘી પણ શકતો નથી. પણ ઈશ્વર ક્યારે ને કેમ કરી મળશે એ ચિંતામાં પથારીમાં રાતભર પાસાં ફેરવવાં પડ્યાં ને ઊંઘ ના આવી એવું એક પણ દિવસ બન્યું? ઈશ્વરને માટે એક આંસુ પણ પડ્યું કે ઈશ્વરને જોવા માટે તલપાપડ ને વ્યગ્ર બનાયું? હૃદયમાં અહંકાર, કામ ક્રોધ, વિષયભૂખ ને વાસનાનું જ્યાં લગી સામ્રાજ્ય છે, ત્યાં લગી આ ઈશ્વરી પ્રેમ પ્રગટી શકતો નથી. સૂર્યના તાપમાં તારા દેખાતા નથી, તેમ કપટ ને દંભ ને મલિનતામાં ડૂબેલા માણસના દિલમાં પ્રભુના પ્રેમનો પ્રકાશ થઈ શકતો નથી. એટલે સૌથી પહેલાં તો માણસે હૃદયને શુદ્ધ કરવા પ્રયાસ કરવો જોઈએ ને તે પછી મીરાં, નરસી, તુકારામ કે તુલસી ને સુરદાસની જેમ ઈશ્વરના વિશ્વમનોહર રૂપને જોવા આતુર બનવું જોઈએ: ઈશ્વરના પ્રેમરંગે રંગાઈ જવું જોઈએ ને ઈશ્વર વિના બીજી બધીયે વસ્તુ કે વ્યક્તિના રસને પડતો મૂકી, મમતાની અતૂટ ને મજબૂત ગાંઠે એક ઈશ્વરમાં જ બંધાઈ જવું જોઈએ, ને ઈશ્વરની રૂપ સુધાના પ્યાસી બનવું જોઈએ. ત્યારે જ ભક્તિ પ્રકટી એમ કહેવાય છે.

આ કાંઈ એક દિવસનું કામ નથી. આ તો અનેક જન્મોનું, રાતદિવસની સતત સાધનાનું ફળ છે. મૂંગે મોઢે ને દૃઢ નિરાધારથી આ કામ કરવું જોઈએ. માણસમાં સત્યતા, પ્રમાણિકતા ને ઈશ્વરપરાયણતા હોય તો આ કામ સહેલું થઈ જાય છે. ત્યારે જ જીવન સફળ થઈ જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩. ભક્તિ અમૃતમય છે

માણસની અંદર કેટકેટલું ઝેર ભરેલું છે! આ બાબતમાં તેની સરખામણી એકાદ વિષધર સાથે જ થઈ શકે. વિષધરના મુખમાં જેમ ઝેરની કોથળી હોય છે, તેમ માણસના મનમાં અહંતા ને મમતાની ઝેર કોથળી જામી હોય છે. આ ઝેરને લીધે જ તે બીજાને ડંખ દે છે; સ્વાર્થ ને ધિક્કાર, દંભ ને છળ તેમ જ કામ ને ક્રોધથી પ્રેરિત થઈ સંસારમાં રમ્યા કરે છે, ને કરોળિયો જેમ પોતાના જ કાઢેલા તાંતણામાં કે પોતાની જ જાળમાં જકડાય જાય, તેમ મોહ ને વાસનાજન્ય સુખદુ:ખની જાળમાં માણસ બંધાય છે.

જે ભક્ત છે, ઈશ્વરી કૃપાના માર્ગનો પ્રવાસી છે, તે આ ઝેરથી મુક્ત થાય છે. કડવાશ ને મોહ કે ધિક્કારનો જે જ્વાળામુખી સારા સંસારમાં ફાટી રહ્યો છે, તેનાથી તે પર થાય છે, ને કડવાશને બદલે મીઠાશ, કઠોરતાને બદલે મૃદુતા ને ધિક્કારને બદલે પ્રેમથી તે વિભૂષિત થાય છે. ઈશ્વરના પ્રેમી ભક્ત કે મહાપુરુષમાં દંભ, છળ કે કપટને લેશ પણ સ્થાન હોતું નથી. તે મહાપુરુષ તો બાળક જેવો સરળ ને નિર્દોષ, ફૂલ જેવો મધુર ને સુવાસિત ને વ્હેતા ઝરણાં જેવો સતત આનંદી ને ઈશ્વર પરાયણ હોય છે. લાલ રંગના વાસણમાં એક કપડાને બોળવાથી જેમ તે લાલ રંગનું થઈ જાય છે, રંગની અસર તેને થાય જ છે, તેમ પ્રભુના પ્રેમરંગમાં જે પોતાના તન, મન ને અંતરને બોળી દે છે, તેનો રંગ પણ ફરી જાય છે, તે પણ પલટાઈ જાય છે, ને પ્રભુના પ્રેમનો રંગ ધારણ કરે છે.

પ્રભુ પોતે પૂર્ણપણે પવિત્ર છે એટલે તેમનું સર્વકાંઈ પવિત્ર ને મંગલ છે. પ્રભુના પ્રેમમાં જે સ્નાન કરે છે તે પણ પવિત્ર ને મંગલ તેમજ પ્રેમમય બની જાય છે. તેવા માણસના વચન અમૃત જેવા મધુર બની જાય છે, તેની પ્રત્યેક ક્રિયા પવિત્રતા ને પ્રેમ તેમજ મધુરતાથી ભરેલી થઈ જાય છે, ને જગતમાં બધે જ તે ઈશ્વરી પ્રેમનું દર્શન કરે છે. પશુ, પક્ષી, વનસ્પતિ બધે જ તેને ઈશ્વરના અમૃતમય પ્રેમસ્વરૂપનો અનુભવ થાય છે, ને તેનું જીવન ધન્ય બને છે. તેના મનમાં વિકાર કે ખરાબ વિચાર ઉઠતા નથી, વેર કે ભય ને ધિક્કારના ભાવ જાગતા નથી, ને તેના જીવનનું કોઈ પાસું અનીતિ, અનૃત કે અધર્મથી કલંકિત થતું નથી. આવો માણસ જ્યાં જાય છે ત્યાં પોતાની સાથે શાંતિ, આનંદ ને ઈશ્વરી પ્રેમના પ્રવાહને લેતો જાય છે, ને તેમાં સ્નાન કરી બીજા માણસો પોતાના દુ:ખદર્દથી મુક્ત થઈ કૃતાર્થ બને છે. ઈશ્વરી પ્રેમથી વિભૂષિત એવા મહાપુરુષની પાસે જવાથી ને બેસવાથી અપાર શાંતિ મળે છે, મીઠા સુખનો અનુભવ થાય છે, ને નવીન પવિત્ર ને મંગલ જીવનની પ્રેરણા મળે છે. ગમે તેવો પાપી, દુરાચારી કે અધર્મી માણસ પણ જો એવા મહાપુરુષોના પરિચયમાં આવે તો તેનું હૃદય પલટાઈ જાય છે, તેને સાચા જીવનનો મંત્ર મળે છે, ને તે પ્રમાણે જીવન ઘડવાથી તે પુણ્યશાળી કે મહાન ધર્માત્મા બની શકે છે. ઈશ્વરપ્રેમી સંત કે મહાપુરુષના સમાગમ ને સેવનનું એવું અજબ ફળ છે. તેવા પુરુષોનો સદાનો સંસર્ગ શું ના કરી શકે? અર્ધી ઘડીની પણ અર્ધી ઘડી જો એવા પુરુષોનો સત્સંગ કરવામાં આવે તો તેથી કરોડો અપરાધ દૂર થઈ જાય છે, ને સંસારરૂપી સાગરમાં સલામતીથી તરી જવાની શક્તિનૌકા હાથ લાગે છે, એમ તુલસીદાસ ને આદ્ય શંકરાચાર્ય જેવા મહાન સંતપુરૂષોનું કહેવું છે તે સાચું જ છે. ઈશ્વરની ભક્તિ ને પ્રભુના પ્રેમનો એવો પ્રભાવ છે. એમ નારદજી પણ કહી રહ્યા છે.

જે કેવળ અમૃતમય છે, તે પ્રેમભક્તિના સેવનથી માણસમાં ઝેર, ભેદભાવ કે ધિક્કાર કેવી રીતે જન્મે? કોઈ માણસ પોતાની જાતને ભક્ત કે ઈશ્વરપ્રેમી કહેવડાવતો હોય છતાં તેનામાં ઈર્ષા, દ્વેષ કે ધિક્કાર હોય, તેની વાણીમાંથી અમૃતને બદલે કડવાશ જ ટપકતી હોય, ને તેનું મન જો સ્વાર્થ, મોહ ને વિષાદની ઝેરી જ્વાળાથી જલી રહ્યું હોય, તો નક્કી માનજો કે ભક્તિ કે પ્રેમના મર્મને તે સમજ્યો નથી, ઈશ્વરના સ્વરૂપ ને તેના પ્રભાવને તે જાણતો નથી, ને ઈશ્વરી જ્ઞાનનું રહસ્ય તેની સમજ ને શક્તિની બહાર છે. કોઈ ઈશ્વરનો ભક્ત કે પ્રેમી હોવાનો દાવો કરતો હોય, છતાં તેના મુખ પર આનંદની છાયા ના હોય કે પ્રસન્નતાના પરમાણુથી તેનું મનઅંતર પુલકિત થયેલું ના હોય, તો નક્કી સમજજો કે ઈશ્વરી પ્રેમની પાવન કેડી તેનાથી હજારો ગાઉ દૂર છે. જેનું હૃદય જડ પત્થર જેવું છે, જેનામાં કરૂણા, પ્રેમ કે દયાની લાગણી નથી, દુ:ખી ને દીન તેમજ અનાથમાં પણ રહેલા પ્રિયતમ પરમાત્માને જે જોઈ શકતો નથી, ને જેણે સ્વાર્થનો ત્યાગ કર્યો નથી, તેને કદાપિ ભક્ત કહી શકાય નહીં. ભક્ત તો એવો ચંદ્ર છે, જેના રોમેરોમથી શીતલ ને આહ્લાદક ઈશ્વરી પ્રેમનાં કિરણ નીકળ્યા કરે છે; એવી સરિતા છે, જે સદાયે પ્રસન્ન બની ઈશ્વરના વિરાટ સાગર તરફ વહ્યા કરે છે. એ ગંગામાં બાહ્ય વાતાવરણની ગંદકી મલિનતા ઉત્પન્ન કરી શકતી નથી. તે ગંગા તો પોતાના સંસર્ગમાં આવનાર સઘળાંને પાવન કરી દે છે, પ્રેમમય બનાવે છે, ને વિશ્વને અલંકૃત કરી વહ્યા કરે છે.

પ્રભુના પ્રેમના આ રહસ્યને નજર સામે રાખીને તે પ્રમાણે જીવન બનાવવાનો સૌએ પુરૂષાર્થ કરવો જોઈએ. તો જ જીવન સફળ બની શકે.

પ્રભુના પ્રેમરૂપી અમૃતનો આસ્વાદ લેવા સૌ આતુર બનો! પ્રેમરૂપી પીયુષનું પાન કરવા સૌ તલપાપડ બનો! ભક્તિના ભાવથી ભરાઈ જઈ જગતના સર્વ જીવો આનંદ કરો; ઈશ્વરના સુંદર મનમોહન સ્વરૂપનું સૌ દર્શન કરો ને જીવનને સફળ કરો. જીવનની જડતા, વેરવૃત્તિ, બીક, હિંસાખોરી ને સ્વાર્થ વાસનાનો નાશ કરવા સૌ ભક્તિની પરમમંગલ પતિતપાવની ગંગામાં સ્નાન કરો, ને ઘરઘર, પ્રત્યેક શેરી ને સમાજ, પ્રાંત, દેશ ને દુનિયા અમૃતમય ને મધુર બની ઈશ્વરના કીર્તન ને બીજાની નિ:સ્વાર્થ સેવામાં મશગુલ રહો! એ જ ઈચ્છા ને પ્રાર્થના.

☼ ☼ ☼ ☼ ☼

## ૪. ભક્તિનો મહિમા

ભક્તિનો આશ્રય લેવાથી કાંઈ લાભ થાય છે? ભક્તિરૂપી વૃક્ષ જો સારી પેઠે ફાલેફૂલે, તો કેવા ફળની પ્રાપ્તિ થાય છે? મહાપુરુષો કહે છે કે પરમાત્માની સાચી ને પરમ ભક્તિ તો એક કામધેનુ છે. તે માણસની બધી જ ઈચ્છાઓ પૂરી કરે છે. તેના અમૃતતુલ્ય પ્રેમ પયને પીપીને માણસ પરમાનંદથી ભરાઈ જાય છે; સદાના સંતોષથી તેનું હૃદય છવાઈ જાય છે, ને તેનું તનમન આદર્શ રીતે પૂર્ણતાની દિશામાં ઉછરે છે. ભક્તિ તો એક આદર્શ માતા છે. તેના બાળક બનીને જે તેના પ્રેમનું સેવન કરે છે, પાન કરે છે, તેની બધી જ ભૂખ મટી જાય છે, સઘળી તરસ છીપી જાય છે, ને પરમ શાંતિથી તે શોભી ઉઠે છે. ભક્ત જો પ્રભુના પ્રેમનો વધારે ને વધારે સ્વાદ લેવા માંડે, ને છેવટે પ્રભુનું દર્શન પણ કરી લે, તો તેના જીવનમાં કદી પણ ને કોઈયે કારણથી અશાંતિ, ભય કે અંધકાર અને અસંતોષ ઉભા થતાં નથી. પ્રભુ તો પૂર્ણ શાંતિ, પ્રેમ ને પ્રકાશનું સ્વરૂપ છે. એટલે તેમની પાસે પહોંચવાથી માણસ પણ પ્રશાંત થાય છે; જીવનમાં તેને ઉદ્વેગ, મુંઝવણ કે અંધકારનો અનુભવ કદી થતો નથી. તેને તો પ્રકાશ પ્રકાશ ને પ્રકાશનો અનુભવ થયા કરે છે, ને પ્રેમ તથા આનંદની અખંડ મૂર્તિ બની જઈ આ જગતના મનહર મંગલ ઉદ્યાનમાં તે એક ખુશ્બોદાર પ્રસન્ન પુષ્પની જેમ જીવે છે.

ભક્તિના સેવનથી આ પ્રમાણે માણસમાં આમૂલ પરિવર્તન થઈ જાય છે. હૃદયની સંકુચિતતા પાર્થિવ પદાર્થો માટેની તૃષ્ણા ને વાસના ને દોડધામ, બધાનો અંત આવી જાય છે. ભક્તનું હૃદય આકાશ જેવું વિશાળ ને સ્ફટિક જેવું પારદર્શક હોય છે. ઈશ્વરનો પ્રેમ વધારે ને વધારે કેમ વધે એ જ ભૂખ ભક્તના દિલમાં રાતદિવસ ઉઠતી હોય છે.

ભક્તિ તો પરમ પાવની ભાગીરથી છે. ભાગીરથીના પાવન પાણીથી જેમ સગરના સાઠ હજાર સંતાનોનો ઉદ્ધાર થઈ ગયો, તેમ માનવની સુતેલી અનંત અધમ વૃત્તિઓનો ઉદ્ધાર ભક્તિના સ્પર્શથી થઈ જાય છે. ભક્તિને જો દાવાનલ કહીએ તો તે દાવાનલ દુષ્ટ વૃત્તિઓ, અધમ વાસના ને દુષ્કર્મોનો નાશ કરી નાખે છે. ભક્તિ કે પરમાત્માનો પરમ પ્રેમ એ તો એક કલ્પવૃક્ષ છે, જેની શીતળ પાવન છાયા નીચે બેસી માણસના શારીરિક, માનસિક ને આત્મિક ત્રણે જાતના તાપ ને ક્લેશ દૂર થઈ જાય છે; માણસની ચંચલતા શમી જાય છે, ને તે સ્વર્ગસુખનો અનુભવ કરે છે. ભક્તિના કે પ્રેમના આ પારસ પત્થરનો સ્પર્શ કરી કેટકેટલા લોહપુરુષો સુવર્ણ જેવા સુંદર, શુભ્ર ને મુલ્યવાન બની ગયા? કેટકેટલા વ્યાધ કે નિષાદ, કેટકેટલા નારદ ને ઉદ્ધવ, તેમજ કેટકેટલી શબરી, મીરાં ને વિશ્વના વિશાળ વૃંદાવનની કેટકેટલી ગોપી કૃતાર્થ ને ધન્ય બની ગઈ? તેમનો ઈતિહાસ કોણે સાચવી રાખ્યો છે? આજે પણ અદૃશ્ય રીતે કેટકેટલા નરનારી આ પ્રેમના મહેરામણમાં મસ્તપણે નહાઈ, મંગલસ્વરૂપ ધારણ કરી, સંસારમાં શોભી રહ્યાં છે? આ પ્રેમના પ્રભાવથી જ આજે તુકારામ ને નરસી તેમજ સૂર ને તુલસી જેવા ભક્તજનો પૂજ્ય ને વિશ્વવંદ્ય બની ગયા છે, ને હવે પણ હજારો તેવી મહત્તા મેળવશે. પ્રભુનો પ્રેમ પરમ પાવનકારી છે. તે જેને પણ સ્પર્શે છે, તેના પાવન પ્રવાહમાં જે પણ નહાય છે, તે માનવજીવનની સફળતા મેળવી લે છે. ઈન્દ્ર ને કુબેરથી પણ અધિક ઐશ્વર્ય ને

આનંદનો તે ભાગી બને છે. એટલું જ નહિ, જે તેવા મહાપુરુષનું સેવન કરે છે તે પણ ધન્ય બની જાય છે, આનંદ ને શાંતિથી છવાઈ જાય છે, ને પરમ પવિત્ર બનીને જગતમાં જીવવા માંડે છે.

પ્રભુના પ્રેમી ભક્તની બધી જ ઈચ્છા પૂરી થાય છે. પ્રભુને સેવી કે પ્રાપ્ત કરીને ભક્તને બીજા કોઈ યે સંસારના પદાર્થનું સેવન કરવાની જરૂર રહેતી નથી. તેનો બધો જ ભાર કૃપાળુ પ્રભુ પોતે ઉપાડી લે છે. તેના તે રક્ષક ને પાલક પિતા બની જાય છે. તેવા પ્રભુની સાથે પ્રીત બાંધવામાં કોઈ જાતનું નુકસાન કે દુ:ખ તો છે જ નહીં. બધા જ પ્રકારના દુ:ખનો તેથી અંત આવે છે. જીવનમાં મોટામાં મોટું અવશ્યંભાવી દુ:ખ મૃત્યુ છે, તે પણ પ્રભુના પ્રેમીનો વાંકો વાળ કરી શકતું નથી. મૃત્યુથી ડરવાનું કોઈ કારણ ભક્તને માટે રહેતું નથી. ભક્ત તો મૃત્યુનો સ્વામી બની જાય છે. તેની ઈચ્છા હોય ત્યાં લગી તે આ સંસારમાં જીવી શકે છે. આત્મારૂપે તો તે અમર જ છે, પણ તેના સ્થૂલ શરીરને પણ તે ઈચ્છા હોય ત્યાં સુધી રાખી શકે છે. મૃત્યુના સમયનું જ્ઞાન પણ તેને થઈ જાય છે. એટલે કે ધારે તો આગળથી ચોક્કસ દિવસ કહીને તે શરીર છોડી દે છે. તુકારામ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાં, કબીર ને શંકરાચાર્યના સ્થૂલ દેહો કોને હાથ લાગ્યા? તે પ્રમાણે તે ધારે તો પ્રભુની કૃપાથી અદૃશ્ય પણ થઈ શકે છે કે ભગવદ્ વિગ્રહમાં સમાઈ જાય છે. કેટલાક પ્રેમી ભક્તો પોતાના સ્વરૂપને અલગ જાળવી રાખે છે: એટલે કે પરમાત્માની સાથે તે એકાકાર તો થયા જ હોય છે, છતાં લોકહિતને માટે શરીર બદલીને તે ફરીફરી જન્મ લઈને તે સંસારમાં આવે છે, ને પ્રેમભક્તિનો પ્રચાર કરી સંસારના કાદવમાં ડૂબેલાં અનેકને બહાર કાઢે છે ને તારે છે. આવા જ મહાપુરુષો માટે પરમ ભાગવત નરસી ભગતે લખ્યું છે કે

'હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે,
નિત કીર્તન નિત કથા ને ઓચ્છવ, નિરખવા નંદ કુમાર રે.'

ભક્તિનો મહિમા આવો મોટો છે. તેનાં ગુણગાન પૂરી રીતે ગાઈ શકાય તેમ નથી. જેમ ઈશ્વરનાં ગુણગાન ગાઈ શકાય નહીં, તેમ તેની ભક્તિનું વર્ણન પણ સાંગોપાંગ થઈ શકતું નથી. તેનું રેખાચિત્ર કે તેની કલ્પના છબી જ રજૂ કરી શકાય. કેમ કે પ્રેમ મુખ્યત્વે અનુભવવાની વસ્તુ છે. અનુભવથી જ તે સમજાય છે.

ભક્તિનો આવો મહિમા છે: ભક્તિના આવા અનેક લાભ છે: છતાં તેનું સેવન કોણ કરે છે? માણસ તો સંસારના વિષયોમાં જ બંધાયેલો છે. દુ:ખને દૂર કરવા તે ઈચ્છે છે, પણ તેના પ્રયત્નો વધારે ભાગે ખોટી દિશામાં જ હોય છે. દુ:ખને દૂર કરવાનો સાચો ઉપાય પરમ ને સનાતન સુખના ધામરૂપ ઈશ્વરનું ને તેના પ્રેમનું સેવન કરવાનો જ છે. નાનાં કે મોટાં બધાં જ દુ:ખદર્દ એથી દૂર થાય છે, બધી જ ઈચ્છા પૂરી થાય છે, ને જીવન ધન્ય બને છે. માટે હે માનવ, ક્ષણિક મોહ ને મમતાના મિથ્યા અંચળાને ફગાવી દઈને ઊભો થઈ જા; પ્રેમરૂપ પ્રભુની સાથે જ પ્રીતિ કર ને બધી જ જાતની કંગાલિયતથી મુક્ત બની સાચા અર્થમાં સુખી ને વૈભવશાળી બની જા. માનવજીવનનો આવો અવસર ફરીફરી નહિ આવે. આજ લગી તેં ગમેતેમ કર્યું હોય, ગમે તે રીતે જીવન ગાળ્યું હોય, હવે એ બધું ભૂલી જઈ-ગૌણ માની 'જાગ્યા ત્યાંથી સવાર' સમજી ઈશ્વરના ચરણોની પ્રીતિ કરી ઈશ્વરનો પ્યારો ભક્ત બની જા. ઈશ્વરના મંગલ રૂપને જોવા આતુર બન,

તલસ, ને ઈશ્વરના આશીર્વાદ જીવનમાં ઉતરી જાય તેવો પુરૂષાર્થ કર. સંસારના પદાર્થો માટે તું જેટલી દોડદોડ કરે છે, તેથી અડધા ભાગની દોડદોડ પણ જો ઈશ્વરને માટે કરીશ, તો તારી ધન્યતાનો પાર નહિ રહે: ઈશ્વરના રૂપને જોઈને, ઈશ્વરના પ્રેમરસમાં સ્નાન કરીને તારું રોમેરોમ રસથી ભરાઈ જશે ને નાચી ઉઠશે. આ જ શાંતિ ને સુખનો માર્ગ છે, ને બીજો એકે નથી, એ અંતરના અંતરતમમાં લખી રાખજે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫. તૃષ્ણાનો ત્યાગ

દુન્યવી પ્રલોભનોમાં ભક્તપુરુષ કદીકાળ ફસાતો નથી. માણસને સંસારમાં અનેક પ્રકારની તૃષ્ણાઓ હોય છે. તેમાં ત્રણ તૃષ્ણા મુખ્યત્વે છેઃ સ્ત્રીની તૃષ્ણા, ધનની તૃષ્ણા ને માન કે બડાઈની તૃષ્ણા. આ ત્રણ વસ્તુની વાસનાથી પ્રેરિત થઈ સંસારમાં માણસ અનેક જાતનાં સારાં નરસાં કામ કરે છે, ને જીવન આખું એક યા બીજી રીતે આજ વસ્તુની આરાધના ને તેની પ્રાપ્તિના પુરૂષાર્થમાં ખર્ચી નાખે છે. આ તો સાધારણ માણસની વાત છે પણ ઈશ્વરના પ્રેમી ભક્ત કે મહાપુરુષની વાત આથી જુદી જ હોય છે. તે તો સારી પેઠે સમજે છે કે સ્ત્રી ગમે તેટલી સુંદર હોય, છતાં તેની સુંદરતા સુંદરતાના સ્વરૂપ એવા ઈશ્વરની સુંદરતાની માત્ર છાયા જ છેઃ ઈશ્વરનું રૂપસૌંદર્ય તો એથી કોટિ ગણું મધુર, મહાન ને રૂપવાન છે. વળી સ્ત્રી તો વિનાશી છે. સ્ત્રીના શરીરને વખાણી, તેથી મોહિત થઈ માણસ તેમાં બંધાય છે ને લપટાય છે, ને કેટલીકવાર નીતિ નિયમથી ભ્રષ્ટ થઈ બરબાદ પણ થઈ જાય છે, પરંતુ ઈશ્વરનો ભક્ત તો સ્ત્રી માત્રને ઈશ્વરનો અંશ માની, જગદંબાનો વ્યક્ત પ્રકાશ માની, વંદે છે, ને તેને મંદિર જેવી પવિત્ર વસ્તુ સમજી વિકાર ને વાસનાની મલિનતાથી કદી ભ્રષ્ટ કરતો નથી, ને સ્વપ્ને પણ તેમ કરવાનો વિચાર લાવતો નથી.

એક સાધારણ સ્ત્રીમાં આવી સુંદરતા, મોહકતા ને મધુરતા છે તો તેના મૂલ જન્મદાતા ઈશ્વરમાં તે કેટલા અસીમ પ્રમાણમાં હશે એમ વિચાર કરીને ભક્ત તો સૃષ્ટિના સ્વામી, સૌંદર્ય ને માધુર્ય તથા પ્રેમના નિત્યનૂતન અવતાર એવા ઈશ્વરમાં જ બંધાય છે. જે વસ્તુ વિનાશી છે તેમાં અખંડ આનંદ ને શાશ્વત સુખ કેવી રીતે હોઈ શકે? તેવી વસ્તુ માટે મુગ્ધ થવું એ ગાંડપણ નહિ તો બીજું શું છે ? જ્યારે મુગ્ધ થવું જ છે તો અખંડ આનંદ ને સનાતન સુખના ધામ એવા એક ઈશ્વરના રૂપથી મુગ્ધ શા માટે ના થવું? એક ઈશ્વરની જ પાછળ પાગલ કેમ ના બનવું? આ બધા વિચાર કરીને ભક્ત કે પ્રેમી પેલી ધન્યભાગ મીરાંની જેમ એક વિઠ્ઠલવરને જ વરે છે, તેની જ સાથે પ્રીત બાંધે છે, ને તનમન તેના જ ચરણમાં ધરી દઈ તેને માટે સંસારમાં જીવે છે. આ જ સાચો પ્રેમ છે.

જે સનાતન વસ્તુમાં સમજપૂર્વક થાય છે તે પ્રેમ છે, ને જે સંસારના વિનાશી પદાર્થોનો રાગ-સંબંધ તે મોહ છે. મોહ ક્યાં લગી ટકે છે? જ્યાં લગી પ્રેમ સ્વરૂપ પરમાત્માનું રૂપ જોયું નથી કે પરમાત્મા વિશે સાંભળ્યું નથી ત્યાં લગી જ. પરમાત્મામાં પ્રીત થાય તો સંસારી વસ્તુઓનો મોહ આપોઆપ જ હઠી જાય છે. જ્યાં લગી પરમ પવિત્ર ને વિરાટ વસ્તુનો સંબંધ થયો નથી ત્યાં લગી જ ગંદી, ક્ષણભંગુર ને અલ્પ કે સંકુચિત વસ્તુનો મોહ રહે છે. જો મોહ કરીએ તો પ્રભુના પરમ મંગલ સ્વરૂપને જોવાનો. પ્રભુમાં પ્રીત કરીને મસ્ત બનવાનો મોહ જ ભક્તના દિલમાં હોય છે. પ્રભુના સૌંદર્યને ધરાઈ ધરાઈને જોવાની જ લાલસા ભક્તના હૃદયમાં ઘર કરી બેઠી હોય છે. બીજી વસ્તુનો રાગ એ હૃદયમાં ક્યાંથી હોઈ શકે? ઉત્તમ ભક્ત તો પોતાના પ્રિયતમ પરમાત્માને જોવા જ તલપાપડ બને છે, પરમાત્માના જ રૂપમાધુર્યથી મોહિત થઈ જાય છે, ને પરમાત્માના જ પ્રેમરંગથી રંગાઈ પરમાત્મામાં જ શાંતિ ને આનંદ માને છે. જગતની કોઈ વસ્તુને તે તિરસ્કારતો નથી, પણ તેમાં આસક્ત પણ થતો નથી. તેના તનમન ને અંતરના ભાવપ્રવાહો એક પ્રભુના પરમવિરાટ પ્રેમસાગર તરફ અવિરત રીતે વહ્યા કરે છે. સ્ત્રીના જડ મોહમાં જે બંધાયો હોય, શરીરના સુખનો

જે રાગી હોય, તે કદી ભક્ત બની શકે નહીં. તે ભક્ત કે પ્રભુના પ્રેમી હોવાનો દાવો કરે તો તે નિરર્થક જ માનજો. વિકાર ને વાસનાની ઈન્દ્રજાળમાંથી ભક્ત સદાય મુક્ત થયો હોય છે. તેના દિલમાં પવિત્ર પ્રેમ ને ઈશ્વર પ્રત્યેના સતત અનુરાગનાં ઝરણ વહ્યાં કરે છે.

ધનની તૃષ્ણામાંથી પણ ભક્ત મુક્ત હોય છે. જેટલા ધનની જરૂર તેને હોય છે તેટલું ધન ઈશ્વર તેને એક યા બીજી રીતે મેળવી આપે છે. કેટલીક વાર ભક્ત શરીરશ્રમ કે કોઈ ગૌણ વ્યવસાય દ્વારા જોઈતું ધન મેળવી લે છે. પણ તેના ધનપ્રાપ્તિના માર્ગ સદાયે નીતિપૂર્ણ હોય છે. કૂડકપટ કે દંભ, પાખંડ ને અનીતિ કે અસત્યનો આધાર તે કદી લેતો નથી. ને ધન ભેગું કરવાની તૃષ્ણાથી તે પર હોય છે. તેને તો એક અવિનાશી ધનની જ તૃષ્ણા લાગી હોય છે. 'રામરતન ધન'ને પામવા ને સાચા અર્થમાં ધનિક થઈ કૃતાર્થ થવાની લગની તેને લાગી હોય છે.

કોઈ કહેશે કે ધન વિના જીવન કેમ ચાલશે? સાચું છે. પણ ધનને માટે આજે જે અનીતિપૂર્ણ ઉપાયોનો અમલ થઈ રહ્યો છે તેનો કોઈ રીતે બચાવ થઈ શકે તેમ નથી. વળી એ પણ સાચું છે કે ધનપ્રાપ્તિ માટે પ્રજામાં આજે જે ગાંડપણ જાગેલું છે તે પણ ઠીક નથી. આજે તો માણસાઈને નેવે મુકીને વધારે ને વધારે ધન પ્રાપ્ત કરવા માણસ ફાંફાં મારે છે. તે દ્વારા જે કાંઈ મેળવે છે તેનો લોકહિત માટે ભાગ્યે જ ઉપયોગ કરે છે. ધન જીવનની એક આવશ્કયતા છે તેની ના પડાય તેમ નથી. જીવનના સારા કે નરસા ઘડતરમાં તે બહુ જ મહત્વનો ભાગ ભજવે છે. પરંતુ ધન એ જીવનનું સાધ્ય નથી એ વાત પણ મનમાં ઠસી જવી જોઈએ. જીવનનું સાધ્ય તો ધન, બુદ્ધિ, શક્તિ જેવા અનેક શક્ય સાધન દ્વારા પરહિત ને પૂર્ણતા, ઈશ્વરપ્રાપ્તિ ને તે દ્વારા પરમશાંતિ ને મુક્તિની ઉપલબ્ધિ છે. આ વાત ભુલવાથી સમાજમાં કેવલ ધનલોલુપતા રહી જાય છે, સારાસારનો વિવેક ભુલાય છે; ને માનવજીવનના વિકાસની આરાધના ભુલાવાથી માણસ અર્થહીન, જડ ને પશુતુલ્ય જીવન જીવે છે. ધનના સારા ને નરસા આ બંને દૃષ્ટિકોણને માણસે સમજી લેવા ઘટે છે. તો જ તે જીવનના ભયસ્થાનોમાંથી બચી શકે.

પરંતુ ઈશ્વરના પૂર્ણ પ્રેમી ભક્તોની વાત આથી જુદી પડે છે. તેમને ધનપ્રાપ્તિનો પુરુષાર્થ કરવાની જરૂર રહેતી નથી. દુનિયાના સામાન્ય માણસો લક્ષ્મીદેવીની કૃપા મેળવવા મહેનત કરે છે: તેથી તેમને કોઈકવાર તે દેવીનો કૃપાકટાક્ષ પ્રાપ્ત થાય છે, તો કોઈવાર આકાશપાતાળ એક કરવા છતાં પણ લક્ષ્મીદેવીની કૃપા તેમના પર થતી નથી. ત્યારે ભક્ત તો લક્ષ્મીના પતિ કે સ્વામી પરમાત્મા કે નારાયણની જ ઉપાસના કરે છે. એટલે નારાયણની કૃપા મળવા ઉપરાંત તેની દાસી લક્ષ્મી પણ તેની સેવા કરવા આઠે પહોર તૈયાર રહે છે. જે પ્રભુને છોડીને લક્ષ્મીને જ મેળવવા મહેનત કરે છે તે લક્ષ્મીને મેળવે કે ના મેળવે, પણ પ્રભુને તો ખોવે જ છે. પણ પ્રભુની જ જે પ્રીતિ કરે છે, જે પ્રભુના પ્રેમસાગરમાં સ્નાન કરવા દિવસરાત પરિશ્રમ કરે છે, તે પ્રભુને તો મેળવી જ લે છે, ને વધુમાં પ્રભુની પરમ કૃપાથી લક્ષ્મીદેવી પણ તેની સેવામાં સદા હાજર રહે છે એટલે જ પ્રભુના પ્યારા શ્રેષ્ઠ ભક્તો કહે છે કે હે માનવો! સૃષ્ટિના મૂલાધાર ને સૂત્રધાર ઈશ્વરનું શરણ લો. ઈશ્વરને જ મેળવવા તલપાપડ બનો ને દિવસરાત એક કરો. ઈશ્વરમાં જ રાગ કરો. ઈશ્વરમાં જ આસક્ત બનો. ઈશ્વરના પ્રેમથી પ્રાણને ભરી દો. તેની કૃપાથી શું શું નહિ થાય? તમારી બધી જ

ઈચ્છા તે પ્રિયતમ પ્રભુ પૂરા કરશે. વધુમાં તે પોતે પણ તમને મળી જશે. સૂરજની દિશામાં જવાથી સૂરજના કિરણો તો મળે જ છે, વધારામાં સૂરજ પણ હાથ લાગશે.

જેના દિલમાં ઈશ્વરી પ્રેમ જાગી જાય છે, તેને લોકો શું કહેશે ને શું નહિ કહે તેની પરવા રહેતી નથી. તે ચિંતા કરતો જ નથી. ઈશ્વરને ગમે તે રીતે ને વહેલામાં વહેલી તકે પ્રસન્ન કરવાની જ ચિંતા તેના મનમાં ઘોળાયા કરે છે બીજી બધી જ ચિંતાને તે દેશવટો આપે છે. લોકોને મનાવવાનો કે રીઝવવાનો, લોકોની વાહવાહ મેળવવાનો વિચાર તેને સતાવતો નથી. તે તો ઈશ્વરની કૃપા ને ચાહના મેળવવા જ અધીરો બને છે. ઈશ્વરની કૃપા મેળવી ઈશ્વરની જ વાહવાહ મેળવવા તે તો ઝંખે છે. તેના દિલમાં ઈશ્વર વિના બીજી કોઈયે વસ્તુના વિચારને સ્થાન નથી હોતું. લોકો ગમે તે કહે, ઘણીવાર લોકો તેને ગાંડો, મૂર્ખ કે ભ્રમિત પણ કહી બેસે, છતાં તેની પરવા કર્યા વિના પ્રભુની પ્રાપ્તિ માટે તે, ભરચક પ્રયાસ કરે છે. ઈશ્વરના પ્રેમપંથનો જે પ્રવાસી બને છે, તેને સંસારમાં શરૂઆતમાં માન મળતું નથી. લોકો તેની નિંદા જ કરે છે, ને તેના માર્ગમાં અંતરાયરૂપ બને છે. તુકારામ, નરસી કે મીરાંનાં જીવન આના પુરાવારૂપ છે. પણ આ વસ્તુ લાંબો સમય ટકતી નથી. જે સાચું છે તેની કદર જરૂર થાય છે, ને ભક્તની ઈચ્છા હોય કે ના હોય, તો પણ તેના તરફ અધિકારી માણસો માનની નજરે જુએ છે.

આમ સ્ત્રી, ધન ને કીર્તિ ત્રણે પ્રકારની તૃષ્ણાનો ભક્તે સદંતર ત્યાગ કર્યો હોય છે.

આવા ભક્તને ભય પણ કોનો હોય? ચરાચરમાં તે એક પ્રભુની જ સત્તાને જુએ છે પછી તેને ભય પામવાનું કારણ ક્યાં છે? માણસ તો શું, પણ વાઘ સિંહ જેવાં ઝેરી હિંસક પ્રાણીઓ ને મોતથી પણ તે ડરતો નથી. નિર્ભય બનીને સંસારમાં તે સદા વિચર્યા કરે છે. ઈશ્વર વિના કોઈ વસ્તુમાં તેને રાગ નથી. એટલે તે વસ્તુ છૂટી પડવાથી કે ના મળવાથી થનારો શોક પણ તેને થતો નથી. તેને કોઈ પર વેરઝેર કે દ્વેષ નથી. જગતમાં જીવમાત્ર પર તેને પવિત્ર પ્રેમ હોય છે. જીવમાત્રમાં રહેલા પ્રભુને તે જોઈને વંદે છે. આવો ભક્ત જગતની ક્ષણભંગુર વસ્તુઓની પ્રાપ્તિ માટે દોડાદોડ કે ધમપછાડા કરતો નથી. સંસારનું સમસ્ત ઐશ્વર્ય મળે તો પણ તે વિનાશી છે એમ સમજી અવિનાશી ઈશ્વરની જ પ્રાપ્તિ માટે તે પુરુષાર્થ કરે છે. તે જ પુરુષાર્થમાં તે ઉત્સાહ બતાવે છે. સંસારના ક્ષણભંગુર પદાર્થોની પ્રાપ્તિનો તેનો ઉત્સાહ ઢીલો પડી જાય છે ને મરી જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬. ભક્તની અવસ્થા

ભક્તિના રહસ્યનું જ્ઞાન થઈ જાય, પ્રભુના પ્રેમથી પાવન ને પરિપ્લાવિત થઈ જવાય, પછી ભક્તની અવસ્થા કેવી થઈ જાય છે? પ્રભુના મહિમાને જાણ્યા પછી ભક્ત પૂર્ણપણે પ્રભુમાં બંધાઈ જાય છે, ને દિવસરાત પ્રભુના જ સ્મરણમનનમાં સમય નિર્ગમન કરે છે. પ્રભુના ગુણાનુવાદને ગાઈગાઈને પ્રભુના પ્રેમરસમાં સ્નાન કરી ભક્ત કૃતાર્થ થઈ જાય છે, મસ્ત બની જાય છે, ને પ્રભુના જ પ્રેમનશામાં-પ્રભુની જ ઝંખનાના ઘેનમાં જીવ્યા કરે છે. ભક્તનું આ ભાવજગત અનોખું ને અનુપમ છે. પ્રભુ વિના બીજા કોઈનું યે સામ્રાજ્ય ત્યાં હોતું નથી. પ્રભુ જ માતા, પ્રભુ જ પિતા, ભાઈ-બેન ને પ્રિયમાં પ્રિય પદાર્થ. ભક્તને માટે પ્રભુ જ સર્વકાંઈ હોય છે. જગતના અન્ય પદાર્થોના મોહનો નાશ કરી, બીજી બધી જ આસક્તિને ફગાવી દઈ, ભક્ત પ્યારા પ્રભુમાં જ રાગ કરે છે, ને પ્રભુને જ પોતાના સાચા પ્રિય, સ્નેહી કે સ્વજન સમજે છે. તેની બધી જ પ્રવૃત્તિ એક પ્રભુને જ પ્રસન્ન કરવા, પામવાને પ્રભુની જ પાસે પહોંચવા માટે થતી હોય છે. ક્ષણેક્ષણનો ઉપયોગ તે આ જ આદર્શને માટે કરે છે. તેના પવિત્ર દિલમાં રાતદિવસ પ્રભુપ્રેમના ફુવારા ઉડ્યા કરે છે, જે કદી બંધ થતા નથી, ને તેમાં જ તેને પરમ આનંદ તથા શાંતિનો અનુભવ થાય છે. શાંતિ કે આનંદ મેળવવા કોઈ બીજા પદાર્થનું શરણ તેને લેવું પડતું નથી.

ભક્તનો સ્વભાવ કેવો અનેરો હોય છે! વાસના ને દુષ્ટ વિચારના તરંગો ભક્તના ચિત્તને ચંચલ કરતા નથી, તેથી પ્રસન્ન પુષ્પની જેમ ભક્ત સદાયે પ્રેમમગ્ન ને આનંદી રહે છેઃ સાગરની જેમ સદાયે શાંત છતાં ઈશ્વરની આરાધના માટેના સતત પુરુષાર્થથી રંગાયેલો હોય છે.

ઈશ્વરની કૃપાનો વિચાર કરીને, ભક્ત ઈશ્વરી પ્રેમમાં ડૂબી જાય છે. માનવ શરીર જેવું સર્વશ્રેષ્ઠ શરીર આપવા બદલ તે ઈશ્વરનો આભાર માને છે, ને મુક્તિના દ્વાર જેવા માનવજીવનનો બરાબર ઉપયોગ કરી ઈશ્વરદર્શન કરી લેવાની ઘડી તે ચૂકતો નથી. ઈશ્વરે રચેલી સૃષ્ટિનું નિરીક્ષણ કરી ઈશ્વરની અસીમ શક્તિનો તે ખ્યાલ કરે છે, ને દુઃખ તેમજ દરિદ્રતાથી મુક્ત થવા તેવા જ સમર્થ ઈશ્વરનું શરણ લેવાનો સંકલ્પ કરે છે. આવો ભક્ત શાંતિ ને આનંદનું ધામ બને એમાં શું આશ્ચર્ય છે. ઈશ્વર પોતે પૂર્ણ શાંતિ ને પૂર્ણ આનંદનું સ્વરૂપ છે. તેની પાસે પહોંચનાર ને પહોંચવાનો પ્રયાસ કરનાર સર્વ વત્તેઓછે અંશે તે સ્વરૂપથી રંગાય છે, તેવા સ્વરૂપવાળા બની જાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭. વિવેક ને વૈરાગ્ય

સંસારના પદાર્થોની અસારતા, વિનશ્વરતા ને પરિવર્તનશીલતાના જ્ઞાન વિના ભક્તિ જાગતી નથી. આ જ્ઞાનને જ વિવેક કહે છે. ભક્ત વિચાર કરીને જાણે છે કે જગતમાં જેટલા પણ પદાર્થ દેખાય છે તે બધા જ પરિવર્તનશીલ ને વિનાશી છે. તેની અંદર પ્રાણરૂપે રહેલી આત્મવસ્તુ જ અમર છે. આથી જ જગતના પદાર્થો પૂરેપૂરું સુખ, અમૃતપદ કે પૂર્ણતા આપી શકતા નથી. જે પોતે જ વિનાશશીલ, અપૂર્ણ ને કામચલાઉ સુખદુ:ખથી મિશ્રિત છે તે સંપૂર્ણ સુખ, પૂર્ણતા ને અમૃતત્વ કેવી રીતે આપી શકે? પૂર્ણતાની પ્રાપ્તિ માટે તો પૂર્ણ વસ્તુનું જ શરણ લેવું જોઈએ, ને તેનું જ સેવન કરવું જોઈએ. જે પરમ સત્ય છે, સદાયે અમર છે, સમર્થ છે, ને શાશ્વત સુખ છે, તેનું સેવન કરવાથી શાશ્વત સુખ ને અનંત શક્તિ મળી શકે. આ પરમ સત્ય કે પૂર્ણતાને જ ઈશ્વર, પરમાત્મા, આત્મા, બ્રહ્મ વગેરે કહેવામાં આવે છે ને તેની જ પ્રાપ્તિ ને તે માટેની આરાધના કરવાનો ભક્ત સંકલ્પ કરે છે. પોતાની સર્વ શક્તિ ને પોતાનો સર્વ સમય તે મૃત્યુંજય ને પૂર્ણ બનવા માટે તેમજ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી પૂર્ણ સુખ ને શાંતિ મેળવવા માટે વાપરે છે, ને મનને બીજા બધા જ પદાર્થો ને બીજી બધી પ્રવૃત્તિમાંથી પાછું વાળીને એક ઈશ્વરના જ ચરણોમાં લગાડવાનો સંકલ્પ ને પુરુષાર્થ કરે છે. આને જ વૈરાગ્ય કહે છે.

વિચારની પરિપક્વતા થતાં વિનાશી ને અલ્પશક્તિ સુખવાળા પદાર્થોમાં જે રાગ હોય છે તે દૂર થાય છે. તેવા પદાર્થોની રસવૃત્તિ ને આકર્ષણશક્તિ ઉડી જાય છે, ને તેની સાથે સાથે જ અવિનાશી, શાશ્વત ને સંપૂર્ણ સુખશક્તિવાળા ઈશ્વરમાં-પરમાત્મતત્વમાં આકર્ષણ, પ્રીતિ ને આસક્તિ વધે છે. આનું નામ જ વૈરાગ્ય છે. વૈરાગ્યને આ રીતે બાહ્ય કરતાં આંતર ક્રિયા સાથે વધારે ગાઢ ને નિકટનો સંબંધ છે. જો કે તેનો બાહ્ય પડઘો પણ પડે છે: એટલે કે સંસારના વ્યવહારમાં ને બીજી પ્રવૃત્તિમાં ભક્તની ઉદાસીનતા ને કોઈવાર તો ઈશ્વરારાધન માટે સંપૂર્ણ ત્યાગની ક્રિયા પણ દેખાઈ આવે છે, પણ મૂળભૂત રીતે વૈરાગ્યને મન સાથે જ સંબંધ છે એમ મારૂં કહેવું છે. વિચાર કે જ્ઞાનદૃષ્ટિની ભવ્ય ભૂમિ પર વૈરાગ્યની આ ઈમારત બંધાય છે, ત્યારે ઈશ્વરપ્રેમ કે ભક્તિ તેનો ઘુમ્મટ બને છે, ને સાધના કરી ઈશ્વરદર્શન મેળવનાર સાધકની આ ઈમારતના ઘુમ્મટનો ઈશ્વરદર્શન કળશ તેમજ પૂર્ણતા ને પરમ શાંતિ ભવ્ય ગૌરવ ગાતી ધજારૂપ બને છે.

આ પ્રમાણે વિવેક અને વૈરાગ્ય દ્વારા જેને ઈશ્વરના ચરણોમાં પ્રેમ થાય છે, તેને માટે ઈશ્વરની રૂપમાધુરીનું પાન કરવાની ને ઈશ્વરની કૃપા વધારેમાં વધારે પ્રમાણમાં મેળવવાની જ કામના શેષ રહે છે. બીજી બધી જ ઈચ્છા ને વાસના પર તે પાણી ફેરવી વાળે છે એ નક્કી છે. પતિવ્રતા સ્ત્રી જેમ એક જ પુરુષને સેવે છે, તેમ ઈશ્વરનો પ્રેમી એક ઈશ્વરને જ પ્રેમ કરે છે. તનથી ને મનથી તે એક ઈશ્વરને જ ભજે છે. તેવા ભક્ત પુરૂષની આંખ એક ઈશ્વરને જ જોવા અધીરી બને છે. જડ ચેતનમાં તે એક ઈશ્વરનાં જ પ્રકાશ ને સામર્થ્યનું દર્શન કરે છે. તેના કાન ઈશ્વરના જ ગુણાનુવાદને સાંભળવામાં આનંદ માને છે. જે જે સ્વર તે સાંભળે છે તે બધા ઈશ્વરના જ સ્તુતિ ને મહિમાના સૂર હોય તેવું તેને લાગે છે. ઈશ્વરના જ બીજા પ્રેમી ભક્તોને ત્યાં તે જાય છે. દેવમંદિર ને સંતના નિવાસે જવા તે તૈયાર હોય છે. તેના હાથ પણ સદા ઈશ્વરની જ સેવાપૂજામાં ને ઈશ્વર માટેની જ પ્રવૃત્તિમાં લાગ્યા રહે છે. ઈશ્વર વિના બીજી કોઈ વસ્તુનો મહિમા તેના

મુખમાંથી નીકળતો નથી. ઈશ્વરનાં જ પવિત્ર નામોનો જપ, તેના જ નામોનું કીર્તન તેની વાણી કર્યા કરે છે, ને તેનું તનમન એક ઈશ્વરની જ સેવા- ઈશ્વરની પ્રસન્નતાના જ પુરુષાર્થમાં મસ્ત રહે છે.

હનુમાનના હૃદયમાં જેમ રામ ને સીતા વિના બીજું કોઈયે ન હતું, તેમ ભક્ત કે સાચા ઈશ્વરપ્રેમીના દિલમાં એક ઈશ્વરનો જ વાસ, ચરાચરના હૃદયમાં રમી રહેલા એક રામની જ સત્તા ને ઈશ્વરનો જ અનુરાગ હોય છે. આનું જ નામ તન્મયતા કે એકાગ્રતા. ભક્તિની વૃદ્ધિ થતાં આવી તન્મયતા આપોઆપ આવી જાય છે, ને ભક્તનો દિલદરિયો એક ઈશ્વર ચંદ્રના જ પ્રેમથી જીવનને પ્રેરણા પ્રાપ્ત કરી મસ્તપણે છતાં શાંત ને ગંભીર રીતે ઉછાળા માર્યા કરે છે. વર્ષાની વાદળીમાંથી જેમ ધરતીને રસ ને કસ આપનારું પાણી ટપકે, તેમ ઈશ્વરના પ્રેમી ભક્તનાં વચન ને કર્મ જીવનને રસાળ બનાવનારાં ને સારાયે જગતને પ્રેરણા પાનારાં નીવડે છે. આ ભક્તિ પ્રગટ થતાં ભક્તનું હૃદય ને જીવન ફલફૂલ ને પ્રસન્નતા તેમ જ સુંદરતાથી સુશોભિત એવી વસંત ઋતુ જેવું બની જાય છે, ને ભક્ત સદાને માટે પરમાનંદમાં તરબોળ બને છે. આ આનંદમાં એક ઈશ્વરદર્શનની જ અવિરત ઝંખના ને કામના તે કર્યા કરે છે. તેની વેદના પણ અપાર હોય છે, છતાં તેથી તેની અંતઃસ્થ શાંતિનો ભંગ થતો નથી. તે તો પ્રતિદિન વધતી જ રહે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮. ભક્ત ઈશ્વરમાં જ મસ્ત રહે છે

પ્રભુના નામમાં કેટલી બધી શક્તિ છે? પ્રભુનું નામ એક દીપકની ગરજ સારે છે. દીપકને જેમ ઘરના ઉંબરા પર રાખવાથી ઘરની અંદર ને બહાર બંને ઠેકાણે અજવાળું આવે છે, તેમ પ્રભુનું નામ લેવાથી શરીર ને મન બંને પવિત્ર ને પ્રભુના પ્રેમપ્રકાશથી પાવન થાય છે. પ્રભુના નામમાં મોહિની ને સંજીવની શક્તિ છે: મન ને અંતરને મોહિત કરીને તે ઈશ્વરમાં એકાગ્ર કરે છે, ને તન મન ને અંતરની જડતાને ટાળી દઈ જીવનમાં નૂતન શક્તિ, બળ ને પ્રેરણાનો સંચાર કરે છે. સૂર્યની જેમ તે પોતાના કિરણોથી મનની મલિનતાનો નાશ કરે છે, દુષ્ટ વિચાર, ઈચ્છા ને અનર્થકારી ભાવના કે કર્મોને ભસ્મ કરી દે છે, ને તેવી ભસ્મ ભૂમિ પર ઈશ્વરી પ્રેમ ને શાંતિના મહામંદિરની રચના કરે છે.

આવો છે ઈશ્વરી પ્રેમનો મહિમા, આવો છે ઈશ્વરના પવિત્ર નામનો પ્રભાવ. સંસારમાંથી તરવાને માટે તેનો આધાર લીધા વિના છૂટકો નથી. સંસારનો સાગર મહાભયંકર છે. પણ તેને પાર કરવાની યુક્તિ જાણી લેવામાં આવે તો તેને તરવાનું કામ કઠિન નથી. રામચંદ્રજી જ્યારે સીતાની શોધ કરતા કરતાં દક્ષિણ ભારતના દરિયાકિનારે પહોંચ્યા, ત્યારે દરિયાને પાર કરવાનો વિકટ પ્રશ્ન વાનરસેના સામે ઉભો થયો. રામચંદ્રજી શક્તિશાળી હતા. જો ધારે તો એક જ બાણ મારી સમુદ્રમાં માર્ગ કરી શકે એવી તેમની શક્તિ હતી. પણ તે શક્તિનો ઉપયોગ તે નાછૂટકે જ કરવા માગતા હતા. તેમને તો ગુપ્તપણે સંસારમાં રહીને બધી લીલા કરવી હતી. આખરે નલ ને નીલના ઋષિવચનની તેમને જાણ થઈ. નલ ને નીલને બોલાવવામાં આવ્યા. રામાવતાર વખતે તેમને હાથે પાણીમાં પત્થર તરશે એવું ઋષિવચન હતું. થયું પણ એમ જ. નલ ને નીલે પત્થર પર રામ લખીને તેને સમુદ્રમાં મુક્યા તો તે તરવા માંડ્યા. બસ પછી તો શું કહેવું? વાનરની સેના પત્થર પર પત્થર લાવવા માંડી. નલ ને નીલ તેના પર રામ શબ્દ લખીને તેને સાગરમાં મુકવા માંડ્યા, ને એમ કરતાં જોતજોતામાં સમુદ્ર પર પુલની રચના થઈ ગઈ.

આ વાત શું સૂચવે છે? એજ કે માણસનું હૃદય પત્થર જેવું જડ છે. પ્રેમ ને દયાથી હીન, સત્યના પ્રકાશથી અસ્પૃશ્ય, સ્વાર્થ, મમતા ને રાગદ્વેષથી ભરેલું છે. પણ આવા હૃદય પર જો રામનામ લખવામાં આવે, એટલે ઈશ્વરના પવિત્ર નામને અંકિત કરવામાં આવે, તો તે સંસારરૂપી સાગરને તરવા માટે નાવ જેવું કામ કરી શકે; ઈશ્વરી નામ ને કૃપાના પ્રભાવથી માણસ અજ્ઞાન કે અહંતા ને મમતાના દરિયાને પાર કરી શકે, ને તેની પેલી પાર જે રાવણની લંકા છે, એટલે કે ત્રિતાપ ને બંધનની ગ્રંથિ છે, તેને પ્રભુના પ્રેમના પ્રભાવથી ભસ્મિભૂત કરી, મોહ ને વાસનારૂપી રાવણને મારી, અંતઃસ્તલરૂપી અશોકવનમાં બેઠેલી શાંતિરૂપી સીતાને મેળવી શકે, ને રામની જેમ વિજયી થઈ સાચા અર્થમાં દેહ ને સૃષ્ટિનો સ્વામી બને. માટે હે માનવ, હૃદયની જડતાને ટાળી દઈ સર્વપ્રકારે કલ્યાણકારક એવા ઈશ્વરી નામ ને પ્રેમનો તું આશ્રય લે, એમ મહાપુરુષો ને સંતો કહે છે.

ભક્તને માટે આ બધું સત્યરૂપે જીવનમાં સાકાર થયું હોય છે. ઈશ્વરના પ્રેમરસમાં ભક્ત એટલો મસ્ત બની જાય છે કે સંસારનો કાદવકીચડ તેને કાંઈ જ કરી શકતો નથી. કાદવમાંથી ઉત્પન્ન થયેલું કમળ જેમ કાદવથી પર હોય છે, તેની પાંખડી કાદવથી અસ્પૃશ્ય રહી જેમ આકાશ તરફ ઉઘાડી રહે છે, તેમ ભક્ત આ

સંસારમાં જ જન્મે છે, ને સંસારમાં જ જીવે છે, છતાં તેનું મન કે અંતર સંસારની વાસના, બુરાઈ કે આસક્તિથી પર રહી સદાય ઈશ્વરમાં જ ઓતપ્રોત રહે છે.

પ્રભુના પ્રેમનો પંથ જેણે પકડી લીધો તેને બીજા કોઈયે સાધનાપંથને પકડવાની જરૂર નથી. પ્રભુને પ્રેમ કરવાનો ને પ્રસન્ન કરવાનો વ્યવસાય જેણે કરવા માંડ્યો, તેને બીજા કોઈયે વ્યવસાયની જરૂર નથી. પ્રભુને તન ને મનથી ભજવાથી બધી જ ઈચ્છા પૂરી થાય છે. ભૌતિક ને આધ્યાત્મિક બધી જ અભિલાષા ઈશ્વર પૂરી કરે છે, એમાં શંકા નથી. પ્રભુના પ્રેમી ભક્તને ઘી કે તેલ હોમીને કરાતા બીજા કોઈ યજ્ઞની પણ જરૂર પડતી નથી. તે તો ઈશ્વરને પ્રેમ કરવાનો, ઈશ્વરના નામસ્મરણ ને કીર્તનનો યજ્ઞ સદાય કર્યા જ કરે છે. મન ને અંતરની પવિત્ર આધારભૂમિ પર તે પ્રેમ કે વ્હાલની વેદી બનાવે છે, ને તેમાં ક્ષણેક્ષણના સતત નામસ્મરણનો અગ્નિ પ્રકટાવી વાસના ને અહંતા, મમતા કે દુર્ગુણોની આહુતિ આપે છે.

આ તો સાધારણ ભક્તની વાત થઈ પણ જે મહાન ઈશ્વરાનુરાગી ભક્ત છે તેની વાત જુદી છે. આ યજ્ઞની પ્રાથમિક પ્રક્રિયામાંથી તે પસાર થઈ ગયો હોય છે. એટલે તેનો યજ્ઞ આના જ અનુસંધાન રૂપે પણ જરા જુદી જાતનો હોય છે. હૃદયનું પવિત્ર આંગણું તેની મુખ્ય વેદી છે. તેમાં ઈશ્વરપ્રેમનો પાવન અગ્નિ દિનરાત જલ્યા કરે છે. પ્રત્યેક માણસના દિવસરાત મળી જે ૨૧૬૦૦ શ્વાસ ચાલે છે તેમાં ઈશ્વરસ્મરણ ને ઈશ્વરાનુરાગની અખંડ આહુતિ આપી તે બધાને તે ઈશ્વરીય પ્રેમના અગ્નિને પ્રેમથી અર્પણ કરે છે. પછી તો તે પ્રેમમાં એવો તન્મય થઈ જાય છે કે રોમેરોમમાં આ યજ્ઞ થયા કરે છે; તેના તન, મન ને વચનમાં ઈશ્વરની ઉપાસનાના યજ્ઞનું જ પ્રતિબિંબ પડે છે, ને યજ્ઞના જ ફલરૂપે તેને ઈશ્વરદર્શન પણ થઈ જાય છે. છતાં ઈશ્વરી પ્રેમનો આ સ્વાભાવિક યજ્ઞ તો જીવનભર ચાલ્યા જ કરે છેઃ શ્વાસ હોય ત્યાં લગી ને પછી પણ. જન્મ જન્માંતર લગી ઈશ્વરી પ્રેમની આ સુવાસ, ઈશ્વરી રૂપસુધાને પીવાની આ લાલસા, ભક્તના હૃદયમાં કાયમ જ રહે છે. આવા યજ્ઞની તુલના સંસારના અન્ય ક્ષણિક યજ્ઞ સાથે કેમ થઈ શકે? પૂર્ણતા ને મુક્તિ આપનારો આ પ્રેમ કે જ્ઞાનનો યજ્ઞ, જેમાં કોઈયે બાહ્ય સાધનની જરૂર નથી પડતી તે, સર્વ પ્રકારના યજ્ઞોથી શ્રેષ્ઠ છે.

લોકવ્યવહાર પ્રત્યે ધ્યાન આપ્યા વિના, વેદ કે શાસ્ત્રની ચિંતામાં ઉતર્યા વિના, ઈશ્વરપરાયણ ભક્ત આ રીતે ઈશ્વરમાં જ મસ્ત થઈ રહે છે, ને કપડાના તાણાં ને વાણાંની જેમ તેની સર્વ વૃત્તિઓ ઈશ્વરી ભાવમાં એક કે ઓતપ્રોત થઈ જાય છે. છતાં આ વાતનું સાચા ભક્તને જરાયે અભિમાન હોતું નથી. ભક્ત તો નમ્રતાની મૂર્તિ હોય છે. એક આદર્શ માનવ તરીકે ઈશ્વરપ્રાપ્તિની પોતાની જન્મજાત ફરજનું જ તે પાલન કરી રહ્યો છે. તેમાં અભિમાનને સ્થાન જ ક્યાં છે?

☼ ☼ ☼ ☼ ☼

## ૯. અનન્યતા

બીજા માણસો અનીતિ ને અધર્મમાં રત છે તેમજ સંસારના વ્યવહારોમાં મસ્ત છે, ને ઈશ્વરપરાયણ નથી, છતાં ભક્તપુરુષ તેમનો તિરસ્કાર નથી કરતો. નિંદા ને કપટ, દંભ ને દ્વેષ તેમજ અનિષ્ટમાં મશગુલ લોકોને પણ ઈશ્વરનો સાચો પ્રેમી મહાપુરુષ ધિક્કારની નજરે નથી જોતો. જ્યાં ધિક્કાર આવે છે ત્યાં સ્વાર્થ ને દ્વેષ બંને ફાલે છે ને ફૂલે છે. પણ ભક્ત તો એ ત્રણેથી પર હોય છે. તેના દિલમાં તો પરમ પ્રેમ ને શાંતિનો દરિયો ભર્યો હોય છે. તે કોઈ કાળે ખાલી થતો નથી. તે તો ઈશ્વરી પ્રેમમાં જ મશગૂલ છે. ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા જ તે પોતાની સમગ્ર શક્તિ ને ક્ષણેક્ષણનો ઉપયોગ કરે છે. જેમ જેને વીંછી કરડે છે તે બીજી બધી જ વાતને ભુલી જાય છે, ખાવાનું પીવાનું કે સુવાનું તેને માટે અશક્ય બની જાય છે તેમ ઈશ્વરના રૂપને જોવાની લગની જેને લાગી ગઈ, ઈશ્વરના વિશ્વવિમોહન વિરાટ રૂપને જોઈને જીવનને સફળ કરવાની ઝંખના જેના દિલમાં જાગી ગઈ, તે બીજી બધી જ વસ્તુને ભુલી જાય છે. બીજા કોઈયે વ્યવસાયમાં તેનું મન લાગતું નથી. વીંછીની તીવ્ર વેદનામાં જેમ માણસનું મન કેન્દ્રિત થઈ જાય છે, તેમ ભક્તનું મન એક ઈશ્વરમાં જ એકાગ્ર થઈ જાય છે. એક ઈશ્વરની જ લગની તેને લાગે છે, ને ઈશ્વરને જ પ્રસન્ન કરવા તે તલપાપડ બની બનતા પ્રયાસ કરે છે.

એક ઈશ્વર વિના બીજી કોઈયે વસ્તુને માટે હૃદયમાં રાગ ન હોવો ને એક ઈશ્વરને જ માટે સમગ્ર શક્તિ ને સમયનો ઉપયોગ થવો એવી પ્રેમની ઉત્તમ અવસ્થાને જ અનન્યતા કહે છે. આ અનન્યતાનો ઉદય થતાં માછલી જેમ જલમાં જ જીવી શકે છે, ને જલની બહાર આવતાં તરફડીને મરણ પામે છે, તેમ એક ઈશ્વરના જ પ્રેમજલમાં ભક્ત જીવી રહે છે, ને ઈશ્વર વિના છેક વ્યાકુલ થઈ જાય છે. ઈશ્વર વિનાનું જીવન ભક્તને માટે મરણતુલ્ય થઈ જાય છે. તેવા જીવનમાં ભક્તને કાંઈ રસ નથી જણાતો. જેમ વરસાદ વિનાની ગ્રીષ્મ કાલની ધરતી છેક જ તપી જાય છે. ને અમૃત વર્ષાની યાચના કરે છે. તેવી જ રીતે ઈશ્વરી પ્રેમનો ઉદય થતાં ભક્ત ઈશ્વરના પરમ વિરહથી વ્યાકુલ બને છે, ને ચિંતા, તાપ ને આતુરતાથી તપી જઈ, ઈશ્વર દર્શનને તે દ્વારા ઈશ્વરી કૃપામૃતના વર્ષણ માટે પ્રાર્થના ને આક્રંદ કર્યા કરે છે. સર્વ પ્રકારના તાપને મટાડવા ને વિરહની વેદનાને શમાવવા માટે એક ઈશ્વર રૂપી કલ્પવૃક્ષની શાશ્વત ને ચંદન શીતલ ને સુવાસિત છાયામાં બેસી જવા ભક્ત અધીરો બને છે.

આનું નામ અનન્યતા. સુખમાં કે દુ:ખમાં, સગવડ કે અગવડ ને સંકટ કે સલામતીમાં, ભક્ત આમ એક ઈશ્વરને જ પ્રાર્થે છે, ઈશ્વરને માટે જ હસે છે ને રડે છે, ને ઈશ્વર વિના બીજું કાંઈ જ માગતો નથી, કે કશામાં તૃપ્ત થતો નથી. મહેલમાં કે ઝુપડીમાં, વૈભવમાં કે ગરીબી ને કારમી કંગાલિયતમાં, ભક્ત એક ઈશ્વરને જ પ્રેમ કરે છે, ને ઈશ્વર વિના બીજી કોઈ વસ્તુની ઈચ્છા કરતો નથી. જેને પણ ઈશ્વરના દર્શન થયાં છે, તે આ ઉત્તમ એવી અનનન્યતાની દશામાંથી પસાર થયા જ હોય છે: તે વિના ઈશ્વરદર્શન થઈ શકે જ નહીં. અનન્યતા ને ઈશ્વરને માટેનો તીવ્ર અનુરાગ બંને સાથે સાથે જ રહે છે. અનન્યતા એ ઈશ્વર માટેના અનુરાગની નિશાની છે ને તેનું ફળ ઈશ્વરનું દર્શન કે ઈશ્વરનો સાક્ષાત્કાર છે.

આ અનુરાગ કે અનન્યતાનાં ઉજ્જવલ ઉદાહરણ ગોપી ને મીરાંનાં જીવન છે. તે લોક પ્રસિદ્ધ હોઈ સૌને તેમની માહિતી છે. ગોપી ને મીરાં એક ઈશ્વરના જ પ્રેમમાં તરબોળ રહેતાં. તે ઉપરાંત બીજા પણ જે એકનિષ્ઠ ભક્તપુરુષો થઈ ગયા છે, તેમનાં જીવન આ અનન્ય ને અખંડ અનુરાગના ઉચ્ચ ઉદાહરણ રૂપ છે.

આ ઉચ્ચ અવસ્થાએ પહોંચ્યા પછી ભક્ત ઈશ્વર વિના કોઈ વસ્તુમાં પ્રેમ રાખતો નથી. જેમ પ્રકાશ અંધકારથી સદાયે અવિંદ્ય છે, મીઠાશ ને કડવાશ એકી સાથે રહી શકતા નથી, ને જીવન ને મૃત્યુ સાપેક્ષ હોવા છતાં એકી સાથે ટકતાં નથી, તેમ ઈશ્વરી પ્રેમ ને ક્ષણભંગુર સંસારના વિષયોનો પ્રેમ એકી સાથે ઉછરી શકતાં નથી. એકનો ઉદય થાય એટલે બીજાને અદૃશ્ય થવું જ પડે છે. પ્રેમનો ઉદય થતાં ભક્ત સંસારના વિષયોથી દૂર રહે છેઃ ઈશ્વરની નિંદા કરનારા, સંતમહાત્મા ને સજ્જનોની નિંદા કરનારા, દુષ્ટ લોકોથી દૂર રહે છે. આને જ ઉદાસીનતા કહે છે. ઉદાસીનતામાં તિરસ્કાર ભાવ નથી, પણ નીરસતા ને દૂર રહેવાની વૃત્તિનો સમાવેશ થાય છે. આવી ઉદાસીનતાને કેળવવી પડે જ છે એમ નથીઃ ઈશ્વર પ્રેમનો જન્મ ને પ્રેમની પરિપક્વતા થતાં તે આપોઆપ આવે છે. જેમ પાકેલું ફળ ને સૂકું પાંદડું આપોઆપ ખરી પડે છે તેમ ઈશ્વરનો પ્રેમ પ્રગાઢ બને, ઈશ્વરમાં અનન્ય પ્રીતિ થઈ જાય એટલે તેથી અન્ય એવા બધા જ વિષયોમાંથી રસ ઉડી જાય છે, રૂચિ મરી જાય છે, ને મન ઉપરામ બને છે. ભક્તિનો આ સ્વાભાવિક નિયમ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૦. ઈશ્વરની કૃપાથી કશું કઠિન નથી રહેતું

મનને જીતવું કે વશ કરવું ખૂબ મુશ્કેલ છે. હાથી, ઘોડા કે જંગલી જનાવરને વશ કરવું સહેલું છે પણ અનંતકાલથી વિષયોમાં રસપૂર્વક વહી રહેલા મનને પલટાવી, તેને ઈશ્વરપરાયણ કરવું એ કામ ઘણું કઠિન છે. એમાં આકરી આત્મનિરીક્ષણની આરાધના ને તીવ્ર તપશ્ચર્યાની જરૂર પડે છે. આ મનના દુષ્ટ કે મલિન સંસ્કારને ઉચ્ચ ને ઉત્તમ સંસ્કારોમાં બદલાવવાનું કામ કષ્ટસાધ્ય છે. છતાં ઈશ્વરની કૃપા ને માણસની તીવ્ર ઈચ્છા ને સાધના હોય તો આ કામ કપરૂં નથી. 'મનુષ્ય યત્ન ને ઈશ્વરકૃપા' એ વાત પ્રસિદ્ધ જ છે. તે બંને ભેગા મળે તો ગમે તેવું કામ પણ થઈ શકે છે. મહાભારાત જેવું મહાન યુદ્ધ પણ ભગવાન શ્રીકૃષ્ણ ને અર્જુનના રૂપમાં આ બંને વસ્તુ ભેગી મળી એટલે વિજયયુક્ત થઈ શક્યું.

તો પણ મનની સારી ને નરસી વૃત્તિઓને વશ કરવાના યુદ્ધમાં એટલી જલદી સફળતા મળતી નથી. લાંબા વખતના પુરુષાર્થનું તેમાં કામ પડે છે. મનની અંદર વાસના કે વિકારોના સુક્ષ્મ સંસ્કાર ઊંડેઊંડે પણ રહી જાય છે. તે સ્વપ્ન દ્વારા કે અનુકૂળ વાસના કે વિકારનું વાતાવરણ મળતાં પાછા જાગ્રત થઈ પાંગરવા માંડે છે. ખૂબ ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ થાય ત્યાં લગી આ દશા ચાલુ રહે છે. માટે જ સાધકે સદાને માટે આત્મનિરીક્ષણ ચાલુ રાખવું ને પ્રતિકૂળ એવા વાસના ને વિકારજનક વાતાવરણથી દૂર રહેવું, એમ મહાપુરુષો કે અનુભવી સંતમહાત્માઓનું કહેવું છે.

છતાં વાસના, વિકાર કે મનનો સંપૂર્ણ જય અશક્ય નથી. સાચી રીતે પુરુષાર્થ કરવામાં આવે તો સંસારમાં કોઈયે વસ્તુની પ્રાપ્તિ અસંભવ નથી. ઈશ્વરની કૃપાથી ભક્તને ઈશ્વરનો પરમપ્રેમ પ્રાપ્ત થાય છે. ને ભક્તને એક ઈશ્વરમાં જ આનંદ લાગે છે. ઈશ્વરના મંગલમધુર રૂપનું તેને દર્શન પણ થાય છે. આ અવસ્થાની પ્રાપ્તિ થાય તે પછી વિષયવાસના કે વિકાર સ્વપ્નમાં પણ થતા નથી, વિષયસુખની લગીર જેટલી રસવૃત્તિ પણ-જે સુક્ષ્મ મનમાં બારીક અંકુરરૂપે રહી હોય છે તે પણ-આ અવસ્થા પ્રાપ્ત થતાં સદાને માટે દૂર થઈ જાય છે. પછી તો સ્વપ્નમાં પણ કે ભૂલેચૂકે પણ ઈશ્વરને છોડીને મન ક્યાંય જતું નથી.

ઈશ્વરદર્શન ને ઈશ્વરની પૂર્ણ કૃપાની પ્રાપ્તિ પછી આ પ્રમાણે મનની ચંચલતા, અધમતા કે મલિનતા ને સુષુપ્ત બુરી વાસનાથી ડરવાનું કોઈયે કારણ રહેતું નથી. ઈશ્વરદર્શન કરી ચુકેલા માણસને સંસારમાં કોઈનોયે ડર, કોઈથીયે ભય, શોક કે રાગદ્વેષ રહેતો નથી. સંસારમાં બધે તે એક ઈશ્વરનું જ દર્શન કરે છે. એવો માણસ કોની સાથે વેર કે પ્રીત કરે? કોનાથી તે ભય કરે? રાગ ને દ્વેષ કે ભય કરવા લાયક ઈશ્વરથી ભિન્ન એવો કોઈ પદાર્થ જ તેને માટે ક્યાં છે? તે તો સદાયે પરમ આનંદ ને પરમ સુખશાંતિમાં મસ્ત રહે છે. ઈશ્વરમાં જ તેનું ઉત્તમમાં ઉત્તમ એવું સ્વર્ગ, વૈકુંઠ ને ઈશ્વરમાં જ તેની મુક્તિ, સિદ્ધિ, પૂર્ણતા કે સર્વકાંઈ સમાઈ જાય છે. પછી તો તેવા મહાપુરુષ દ્વારા ભ્રાંતિથી પણ અનીતિપૂર્ણ કોઈ કામ થતું નથી. કોઈ વાસના તેને સ્વપ્નમાં પણ સતાવતી નથી; કોઈ ભૂલ થઈ, ખરાબ કામ થઈ ગયું, એમ તેને માટે બનતું જ નથી: એટલે તે માટે સાધારણ માણસની જેમ પશ્ચાતાપ કરવાનો તેને માટે સમય કે પ્રસંગ જ આવતો નથી. એક ધન્ય, પૂર્ણ ને કૃતકામ માણસની જેમ તે આ સંસારમાં પૂર્ણ શાંતિથી જીવે છે.

એટલે જીવનની આ ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ માટે શરૂઆતમાં મુશ્કેલી પડે તો પણ એક ઈશ્વર પર આધાર રાખીને જ સાધકે આગળ ચાલવું પડે છે. પૂર્ણતા પછી તો એ અવસ્થા આવશે કે જીવનમાં કદી વિષાદ, મુંઝવણ કે અંધકારનો અનુભવ નહિ થાય. સદાયે પ્રસન્નતા, સ્પષ્ટતા ને પ્રકાશ હૃદયમાં પથરાયેલો રહેશે. ભારતના મહાન ઋષિવરોએ જે શ્રેષ્ઠ આત્મિક સાધના નિર્માણ કરી છે, તેની આ પૂર્ણ ને અંતિમ અવસ્થા છે. ભારતના દિવ્ય ઋષિવરો, નદી ને પર્વત તેમજ મેદાનોમાં વસતા તપ:પૂત મહાત્માઓ આ ઉચ્ચ અવસ્થાએ પહોંચ્યા હતા. માટે જ પોતાના અનુભવશબ્દો બીજાની પ્રેરણા માટે તે મૂકી ગયા છે. તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું છે કે ભારતના દિવ્ય મહાપુરુષોએ પોતાના આવા અનુભવવચન વિશ્વના તમામ મનુષ્યોને સંભળાવવાં ને શીખવવાં, જેથી આધ્યાત્મિક માર્ગે ચાલી, ઈશ્વરના પ્યારા બાળક બની માનવ માત્ર આ પૂર્ણતા ને મુક્તિ મેળવી શકે.

ઈશ્વરના ચરણના દાસ બનીને નમ્રપણે જીવવાથી મનની મલિનતા ને ચંચલતા ટળી જાય છે, ને પછી મનમાં એકાગ્ર થવાની શક્તિ પણ આવે છે. મનની મલિનતા, ચંચલતા ને અસ્થિરતાનો ખૂબ નિકટનો -જનેતા ને બાળક જેવો- સંબંધ છે. એટલે ક્રમે ક્રમે મનને વશ કરવાનો યત્ન કરવો જોઈએ.

આ યત્ન કરતાં કોઈવાર પાછા પડાય, ભૂલ થાય કે વિક્ષેપ આવે, તો બેચેન કે નાહિંમત બની જવું નહિ. પણ ઈશ્વરને કાકલૂદીભરી પ્રાર્થના કરવી. પ્રાર્થના દ્વારા ઈશ્વરની સહાયતા માગવી. ઈશ્વરની કૃપા જે માગે છે તેના પર તે કૃપા જરૂર વરસે છે. ઈશ્વરની કૃપાથી જ સાધક કે ભક્તની મુંઝવણો ટળે છે, નિર્બળતાનો નાશ થાય છે, ને જીવનની અનન્ય પ્રેમભક્તિ પ્રાપ્ત થાય છે. આવી અનન્ય ભક્તિ પ્રાપ્ત થયા પછી ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે, ને પછી કંઈ જ કરવાનું રહેતું નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૧. લૌકિક કર્મો

ઈશ્વરના સાક્ષાત્કારનો માર્ગ ઘણો વિકટ છે. તે માર્ગે ચાલવામાં ઘણી કઠિનતા આવે છે. શિયાળાની ખૂબ કડકડતી ઠંડી હોય, સવારનો પહોર હોય, ને નદીમાં ન્હાવાનું હોય, ત્યારે કેવી ભયંકર ઠંડીનો અનુભવ થાય છે! પણ થોડા જ વખતમાં સૂર્ય દેવતાનો ઉદય થાય, ને પ્રકાશના પાવન કિરણો આખાય અંગ પર ફરી વળે, ત્યારે બધી જ ઠંડી ઉડી જાય છે, ને કેટલો આનંદ થાય છે! નદીએ જવાને માટે જે કષ્ટ વેઠ્યું તે સફળ થયું એવો અનુભવ થાય છે. તે જ પ્રમાણે પ્રભુના પ્રેમનું છે. એ માર્ગે જવામાં શરૂઆતમાં તો મુશ્કેલી લાગે છે, અંતરાય પણ આવે છે, ને પરિશ્રમ પણ ઘણો પડે છે. પણ પ્રભુની કૃપાના પાવન કિરણ જ્યાં શરીર પર પડવા માંડે એટલે બધો જ પરિશ્રમ સફળ થાય છે, મહેનત ફળી લાગે છે, ને સંકટ સુખમાં પરિણમે છે. જે આ સત્ય સમજે છે તે તો સદાય ઈશ્વરને વળગી રહે છે, પ્રેમમાર્ગનો પથિક બની આગળ વધે છે, ને ઈશ્વરની કૃપા મેળવ્યા વિના અટકતો નથી.

ઈશ્વરનો આવો ઉત્તમ પ્રેમી ભક્ત કાંઈ અજગરની જેમ તદ્દન આળસુ થઈને બેસી રહેતો નથી. તે તો ક્ષણેક્ષણ ક્રિયાશીલ રહે છે. ઈશ્વરકૃપાની પ્રાપ્તિ માટેનો તેનો પુરુષાર્થ સાગર તરફ દિનરાત વહી જતી નદીની જેમ સતતપણે ને એકધારો ચાલુ જ હોય છે. બહારથી જોતાં, શરીરની દૃષ્ટિએ, આવો ભક્ત કેટલીકવાર ક્રિયાશીલ ના દેખાય, છતાં તેની માનસિક પ્રક્રિયા સદાયે ચાલુ જ હોય છે. તેલની અખંડ ધારાની જેમ ભક્તપુરુષનું મન ઈશ્વરના ચિંતનમાં અખંડપણે લાગેલું હોય છે. મસ્ત એવા સાગરમાં ભરતી ને ઓટ આવ્યા કરે છે, પણ ઈશ્વરના પ્રેમી મહાપુરુષના હૃદયના ભવસાગરમાં સદાય ભરતી જ હોય છે; ત્યાં તો હંમેશા વસંત ઋતુનું જ સામ્રાજ્ય હોય છે. જે સાધારણ ઓટ કે ગ્રીષ્મઋતુનો અનુભવ ભક્તને થાય છે, તે પણ નવી ભાવભરતીને માટે જ છે. બાહ્ય રીતે ભક્ત સિંધુ જેવો શાંત ને ગંભીર લાગે છતાં પણ તેના હૃદયમાં અખંડ ને અનંગ ભાવતરંગ ઉછાળા માર્યા કરતાં હોય છે; ઈશ્વરના રાગની રાગરાગિણી તેની હૃદય વીણા પર દિનરાત ચાલી રહી હોય છે, ને તેની આંખ ને તેના અંતરમાં વિરાટ વિશ્વવ્યાપક પ્રભુની આરતિ ઉતર્યા કરે છે.

પ્રેમના માર્ગમાં આવી અવસ્થા પછી કે પહેલાં પણ ભક્તો લૌકિક કર્મો કરે છે. તેમજ શાસ્ત્રને અનુસરીને વિધિ પ્રમાણે વર્તે છે. પરંતુ ઈશ્વરવિમુખ સાધારણ માણસોનાં કર્મ ને આવા મહાન પુરુષોનાં કર્મમાં આભ-જમીનનો ફેર હોય છે. સાધારણ માણસો મનમાં આવે તેમ, ધર્મ ને અધર્મ, નીતિ ને અનીતિ ને યોગ્યાયોગ્યનો વિચાર છોડી દઈને કર્મ કરે છે. પરંતુ મહાપુરુષના પડદા પાછળ કે જાહેરમાં થનારાં કર્મ પણ સ્વાર્થ, મમતા, દ્વેષ કે અનીતિની દુર્ગંધવાળાં નથી હોતાં. તે કર્મો સૌના મંગલ માટે જ હોય છે. વળી તે અહંબુદ્ધિથી પર હોય છે. એટલે કે મહાપુરુષ ઈશ્વરની પ્રેરણા પ્રમાણે કામ કરતો હોવાથી, અમુક કામ મેં કર્યું એવી કર્તાબુદ્ધિ ધારણ કરતો નથી. સારા કર્મ કે સારા ફળનું અભિમાન પણ તેને હોતું નથી. સુખ કે દુઃખ, સારા કે નરસા ફળની પ્રાપ્તિમાં, તે સ્થિરતા રાખે છે, પ્રસન્ન જ રહે છે, ને શોક કે મોહને ધારણ કરતો નથી. જે કર્મ તે કરે છે તેને ઈશ્વરાર્પણ કરી દે છે. એટલે તે કર્મ તેને બાંધી શકતાં નથી. ઈશ્વરથી વિમુખ કરે તેવાં કર્મ ભક્ત કદી પણ કરતો નથી. આવી રીતે કર્મ કર્યા છતાં ભક્તનું જીવન પૂર્ણ, મુક્ત ને ઉજ્જવળ બની

જાય છે. સાધારણ માણસનાં કર્મોનું કોઈ ખાસ લક્ષ્ય હોતું નથી; પરંતુ મહાપુરુષનાં નાનાં મોટાં બધાં જ કર્મ પૂર્ણતા કે પરમેશ્વરની પ્રાપ્તિ માટે ને પરમાત્માની કૃપા વધારે ને વધારે પ્રમાણમાં પ્રાપ્ત કરવા માટે હોય છે એ ભૂલવાનું નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૨. કષ્ટસહન નકામું નથી

પ્રભુ કે પ્રભુની કૃપાની પ્રાપ્તિ કાંઈ સહેજમાં થઈ શકે છે? એટલું જ નહિ, પ્રભુને ને પ્રભુની કૃપાને મેળવવાનો તલસાટ જાગવો પણ સહેલો છે? મનના મેલને ધોવા, મનની ચંચલતાને દૂર કરી દઈ મનના સ્વામી બનવા ને અહંકાર ને આસક્તિ તેમજ મમતાનાં બંધનથી મુક્ત થઈ પૂર્ણતા, શાંતિ ને પરમાનંદ પ્રાપ્ત કરવા આકરી આરાધનાની જરૂર પડે છે. દિવસ રાતના કઠીન પરિશ્રમ પછી જેમ લોભી ધનને જમા કરી લે છે, મધમાખી સતત જહેમત ઉઠાવી આખરે મધપૂડો તૈયાર કરે છે, ને દૂધને મેળવી કાળજીથી સંભાળી, જેમ અનેક પ્રક્રીયામાંથી તેને પસાર કરી અંતે માખણ તૈયાર કરવામાં આવે છે, તેમ ઈશ્વરની પ્રાપ્તિ માટે ક્ષણેક્ષણનો હિસાબ રાખી આગળ વધવું પડે છે, પ્રેમ અને ભક્તિરૂપી સિક્કાવાળું આત્મધન એકઠું કરવું પડે છે, ને ગુણગ્રાહી બની બને ત્યાંથી મધસંચય કરી, જીવવું પડે છે. મનને ઈશ્વરના પ્રેમભાવમાં રંગી દઈ, ઈશ્વરમાં તરબોળ ને મસ્ત બની, આ સંસારના વિરાટ મંગલ મંદિરમાં રહેવું પડે છે. એમ કરવાથી આખરે મુક્તિરૂપી માખણ હાથ લાગી શકે છે.

પ્રભુની કૃપા મેળવવા કેવો પ્રખર પુરુષાર્થ કરવો પડે છે તે વાત પહેલાના મહાન ઈશ્વરાનુરાગી સંત કે ભક્ત પુરુષોના જીવન દ્વારા સમજી શકાય છે. તે મહાપુરુષોએ સંસારના વેરઝેર ને દુષ્ટ કૃત્યોથી મુક્ત થઈ, અહંતા ને મમતાની હોળી કરી, એકાંત પ્રદેશોનો આશ્રય લઈ, ઈશ્વરને માટે આકરી તપશ્ચર્યા કરી હતી. ઈશ્વરને માટે તેમણે શરીરને ગાળી નાખ્યું હતું ને કેટકેટલા કષ્ટો સહી, સંસારની બીજી બધી જ લાલસાઓને લાત મારી, એક ઈશ્વરને જ પ્રાપ્ત કરવા કમર કસી હતી. આજે પણ જે બડભાગી મહામાનવો ઈશ્વરની કૃપાને મેળવવા કૃતનિશ્ચય થયા હશે, ને તેને મેળવી પણ ચુક્યા હશે, તે બધા જ આ પ્રમાણે ઈશ્વર પાછળ ભેખ ધારણ કરીને, ઈશ્વરી પ્રેમની ભસ્મથી શરીર, મન ને અંતરને શણગારીને, ઈશ્વરને માટે એકાંતમાં રડ્યા હશે, તપ્યા હશે, પ્રાર્થના કરી ચૂક્યા હશે, ને ઈશ્વરને જ ગમે તે ભોગે મેળવી લેવાનું વ્રત લઈ શ્વાસોશ્વાસે તે માટે પુરુષાર્થ કરતા હશે. ને હવે પછી પણ જે બડભાગી માનવો ઈશ્વર પ્રાપ્તિના આ પવિત્ર માર્ગે વળશે, તેમણે એવી જ આકરી આરાધનામાંથી પસાર થવું પડશે. ઈશ્વરને માટે હાડકાંની હોળી કરી સર્વસમર્પણ કરવું પડશે ને ઈશ્વરને માટે જ ભેખ ધારણ કરવો પડશે.

નદીના પ્રવાહને બાંધવો તે કેવું કઠીન કામ છે! તેવી જ કઠીનતા મનની ચંચલ વૃત્તિઓને બાંધવામાં એટલે કે વશ કરવામાં ને ઈશ્વરમાં જોડવામાં છે. પણ ઈશ્વરને મેળવી લઈ પરમ શાંતિ પ્રાપ્ત કરવા તલસનાર માણસ મનને વશ કરવાનું કઠીન કામ પણ કરી લે છે, ને ઈશ્વરની કૃપાથી તેમાં સફળ થાય છે. એવરેસ્ટ શિખરને ઓળંગવાનું કામ કેટલું કઠિન છે! પણ અંહતા ને મમતાના મોહપર્વતને પાર કરવાનું કામ આલ્પ્સ કે એવરેસ્ટ પર્વતને ઓળંગવાના કામ કરતાં પણ વધારે કઠિન છે. છતાં પણ મહાપુરુષો આ કષ્ટસાધ્ય કામમાં વિજયી થાય છે, ને તેથી યે દુષ્કર એવા ઈશ્વરપ્રાપ્તિના કામમાં પણ સફળ નીવડે છે. આ માટે જે ભોગ આપવો પડે છે, જે ત્યાગ કરવો પડે છે, ને યાતના સહેવી પડે છે, તેનાથી મહાપુરુષ ડરતો નથી. પોતાના પ્રાણપ્રિય પરમાત્માને માટે ગમે તેવો મોટામાં મોટો ભોગ પણ આપવા માટે સદાય તૈયાર રહે છે. ને તેમ કરતાં જે કષ્ટ તેને સહેવું પડે છે, તેને તે હસતાં હસતાં સહન કરે છે.

આ કષ્ટસહન કાંઈ નકામું નથી. ભક્ત સારી પેઠે સમજે છે કે રાત્રી પછી દિવસ જરૂર આવે છે, તેમ કષ્ટ કે દુ:ખ પછી સંપૂર્ણ સુખ પણ તેને જરૂર મળશે. ઈશ્વરને માટે ગમે તે સહન કરવામાં પણ તેને આનંદ જ આવે છે ને સુખ જ સુખ લાગે છે. ઈશ્વર પ્રાપ્તિના પરમ સાફલ્ય, આનંદ ને સુખની આગળ સંસારનાં ગમે તેવા કષ્ટ પણ કૈં વિસાતમાં નથી, એમ માનીને ભક્ત ઈશ્વરપ્રાપ્તિની સાધનામાં સદાય તત્પર રહે છે. સુખમાં કે દુ:ખમાં, અનુકૂળતા કે પ્રતિકૂળતામાં, કષ્ટ, યાતના, વિપત્તિ કે વિલાસ ને સલામતીમાં, ઈશ્વરને મેળવી લેવાની ભક્તની ઝંખના કાયમ જ રહે છે, ને ભક્ત ઈશ્વરના પ્રેમમાં સ્નાન કર્યા કરે છે.

ઈશ્વરી પ્રેમમાં સ્નાન કરવાનો આ આનંદ, ઈશ્વરને માટે ત્યાગ કરવાની ને ગમે તે વસ્તુનો ભોગ આપવાની આ શક્તિ, ઈશ્વરને માટેની તીવ્ર ને અખંડ આરાધનાની આ લગની, ભક્તના દિલમાં કેવી રીતે જાગે છે? આ બધાનું પ્રેરણાત્મક બળ-મૂળ ઉદ્દભવસ્થાન કયું છે? જો કે ઈશ્વરની કૃપા વિના તો કાંઈ જ બનતું નથી, છતાં પણ આ દિવ્ય પ્રેમના મૂળમાં ચોક્કસ એવી સમજ અથવા વિવેકશક્તિ રહેલી છે. ભક્તને એવો દૃઢ નિશ્ચય થઈ ગયો હોય છે કે આ પરિવર્તનશીલ સંસારમાં માનવજીવન દ્વારા એક ઈશ્વર જ મેળવવા યોગ્ય, ને ભજવા યોગ્ય છે. સંસારની વિનાશશીલ વસ્તુ કે વ્યક્તિઓમાં પ્રેમ કરી, તેમને સેવીને બરબાદ થઈ જવા કરતાં પૂર્ણતાને પ્રદાન કરનાર ઈશ્વરને જ પ્રેમ કરવો, ઈશ્વરનું જ સેવન કરવું વધારે ડહાપણભર્યું છે. સંસાર તો ઈશ્વરની છાયા-ઈશ્વરના વિરાટ સુખ ને શાંતિસાગરનો અંશમાત્ર છે. તો પછી સુખ ને શાંતિની પ્રાપ્તિ ચાહતા માનવે તેના પરમ મૂળ સ્વરૂપ એવા ઈશ્વરને જ પ્રેમ કરવો જોઈએ ને ઈશ્વરને જ મેળવવા તલસવું જોઈએ. જેમ ધૂળમાંથી તેલ નીકળે નહીં, લોઢું સુગંધ ને લાકડાની ગાય દૂધ આપે નહીં, ને કાગળ પર ગમે તેવી સુંદર ને આકર્ષક રીતે આલેખેલી ગંગામાં પણ ન્હાઈ શકાય નહીં, તેમ સંસારના પદાર્થોથી, તેના પરિગ્રહ ને ભોગથી માનવની તરસ છીપે નહીં; સુખ, શાંતિ ને મુક્તિ કે પૂર્ણતાની ભૂખ ભાગે નહીં, ને અમૃતપદ મળે નહીં. ભારતના પ્રાચીન ઋષિઓએ આ અનુભવવચન ઉચ્ચાર્યા છે, ને કેટલાય અર્વાચીન ઋષિઓએ તેને સમર્થન આપ્યું છે. અનુભવથી આ સત્ય સમજી શકાય એમ છે. આનો અર્થ એમ નથી કે સંસારના પદાર્થોને તિરસ્કાર દ્રષ્ટિથી જોવા. તેમનું યથાયોગ્ય મહત્વ જરૂર માનવું, પણ જીવનના પૂર્ણ વિકાસમાં તેમનું સ્થાન પણ સમજી લેવું.

સાચો ભક્ત આ બધું સમજે છે, ને સંસારમાં રહીને પણ ધર્મની મર્યાદા પ્રમાણે ચાલે છે, શાસ્ત્રો ને મહાપુરુષોના વચનોને સદાય નજર સામે રાખે છે, ને જ્યાં મુશ્કેલી કે ગુંચવણ ઊભી થાય ત્યાં તેમનો આધાર લે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૩. શાસ્ત્રોની મર્યાદા

શાસ્ત્રો કે મહાપુરુષનાં વચન હંમેશા નજર સામે રાખવાનું શું કારણ છે? કારણ એ જ કે શાસ્ત્રો અનુભવસિદ્ધ મહાપુરુષોનાં પ્રત્યક્ષ વચન છે એટલે તેમાં પ્રેરણા, બળ ને સત્યતા રહેલી છે. તેનું વારંવાર ચિંતન, શ્રવણ કે મનન કરવાથી માણસને પ્રેરણા મળે છે, બળ પણ સાંપડે છે, ને સત્ય માર્ગનું સદાય ધ્યાન રહે છે. માણસ જ્યારે વિપથગામી થવાની કે પથભ્રાંત થવાની અણી પર હોય છે, ત્યારે શાસ્ત્રો કે જીવંત મહાપુરુષોનાં સોનેરી વચન તેને જાગ્રત કરે છે, પ્રકાશ આપે છે, ને સત્યની સાધનાને માર્ગે સહીસલામત લઈ જાય છે. એટલે ભક્ત કે મહાપુરુષ શાસ્ત્રવચનને હંમેશા માનની દ્રષ્ટિએ જુએ છે. બધે જ વખતે ને બધા જ વિષયોમાં માણસની બુદ્ધિ સાચો ઉકેલ શોધી શકે છે એમ કહી શકાશે ખરું ? વારંવાર તે સત્ય વસ્તુનો નિર્ણય કરવામાં પાછળ પડે છે કે મુશ્કેલી અનુભવે છે. આવે વખતે શાસ્ત્રવચન તેને માટે પથપ્રદર્શક થઈ પડે છે.

આ તો સાધારણ રીતે વાત કરી. પણ જેને ઈશ્વરી પ્રેમ ને કૃપાની પ્રાપ્તિ થઈ ચુકી છે, અથવા ઈશ્વરદર્શન દ્વારા જીવનની પૂર્ણતા ને સફળતા જેમને મળી ચુકી છે તેવા શ્રેષ્ઠ ને સિદ્ધ પુરુષોએ પણ શાસ્ત્રમર્યાદાને ઉલ્લંઘી ફાવે તેમ વર્તવું નહીં. ઈશ્વરપ્રાપ્ત પુરૂષ તો પૂર્ણ પવિત્ર છે. સંસારની મોહજાળ ને બંધનની સાંકળમાંથી તે મુક્ત થયો હોય છે. એટલે બાહ્યદૃષ્ટિએ તે ગમે તેમ જીવન જીવે, છતાં તેનું હૃદય તો ઈશ્વર સાથે એક જ થયેલું હોય છે. એ વસ્તુ સામાન્ય રીતે સાચી છે. તેને માનવામાં કાંઈ હરકત પણ નથી. પરંતુ એ વાત પણ સાચી છે કે ઈશ્વરપ્રાપ્ત મહાપુરૂષનાં નાનાં કે મોટાં- જાહેર કે ગુપ્ત બધાં જ કર્મ અનીતિ કે અધર્મથી પર હોય છે. જીવનમાં પ્રતિક્ષણ તે લોકહિતની ભાવનાનો ખ્યાલ રાખે છે, ને લોકહિતને માટે, લોકો જેમાંથી પ્રેરણા મેળવી શકે, જેને આદર્શ તરીકે સ્વીકારે, તેવા જ કર્મ કર્યા કરે છે. ઈશ્વરના પરમ પ્રેમમાં ડુબેલા, ઈશ્વરતુલ્ય મહાપુરૂષનાં કર્મનું આ રહસ્ય છે.

જેમ મનમાં ફાવે તેમ કર્મ કરતા રહેવાથી પતન થવાનો ભય જરૂર રહે છે, માણસ જ્યાં લગી પૂર્ણતા ના મેળવે કે ઈશ્વરપ્રાપ્તિ ના કરે, ત્યાં લગી તેના મનની પ્રેરણા હંમેશા સાચી હોતી નથી. કાચું મન ઈશ્વરની પ્રેરણા ઝીલવા જેટલું શક્તિમાન થયું હોતું નથી. મનની અંદર સૂક્ષ્મરૂપે સુતેલા વાસનાના સંસ્કાર કેટલીક વાર માણસને પ્રવૃત્તિમાં પ્રેરે છે. આ સંસ્કારોની વાસનાને ઈશ્વરની આજ્ઞા કે અંતઃપ્રેરણા માની લેવી બરાબર નથી. માણસે એ અવસ્થા પર પહોંચવું પડે છે જ્યારે તે ઈશ્વરી પ્રેરણા ને મલિન મનની ઈચ્છાને અલગ રીતે ઓળખી શકે. ઈશ્વરી પ્રેરણાનો પવિત્ર પ્રકાશ તો પવિત્ર ને વિકારરહિત મનમાં જ થઈ શકે છે.

આ ઉપરાંત, ઈશ્વરદર્શન કરી ચુકેલ મહાપુરુષ ઈશ્વર સાથે એકરૂપ થઈ ગયો હોવાથી ઈશ્વરી આદેશને તે બરાબર ઝીલી શકે છે. આ અવસ્થા કષ્ટસાધ્ય છે. તે મળે નહીં ત્યાં સુધી સાધકે સત્યાસત્યનો વિચાર કરીને પ્રત્યેક કામ કરવું. વિવેકને તિલાંજલિ આપવી નહીં. એક સંસ્કૃત વચન સાચું જ કહે છે કે- વિદ્વદ્ભિઃસેવિતઃસદ્ભિર્નિત્યમદ્વેષરાગિભિઃ । હૃદયેનાભ્યનુજ્ઞાતો યો ધર્મસ્તં નિબોધત ॥

"સત્યપરાયણ ને રાગદ્વેષથી રહિત એવા વિદ્વાનોએ જેનું સેવન કર્યું હોય, તે હૃદય જેની સાથે સત્યા સત્યના નિર્ણય પછી સંમત થાય, તેવા ધર્મને સમજી તેનું પાલન કરવું." તે સાચું જ છે.

## ૧૪. શરીરની ઉપેક્ષા ના કરવી

ઈશ્વરપ્રેમમાં ચકચૂર ને મસ્ત થઈ જવાય, ઈશ્વર વિના જીવનમાં કોઈ પ્રેય કે શ્રેય રહે નહીં, ને કલકલ નિનાદે વહેતા કોઈ હિમગિરીના ઝરણાંની જેમ જીવન એક ઈશ્વરને રાગે રંગાઈને ઈશ્વર તરફ જ વહેવા માંડે; પ્રેમ કે ભક્તિની એવી મહાન વિકાસ દશા પ્રાપ્ત થઈ જાય, તે પછી કે તે પહેલાં પણ ભક્તે શરીરની ઉપેક્ષા કરવી નહીં એમ શ્રેષ્ઠ ઈશ્વરદર્શી મહાપુરુષોનું કહેવું છે. જ્યારે જગતમાં સર્વત્ર એક ઈશ્વર જ રહેલા છે, ને જડ ને ચેતનનાં જુદાંજુદાં નામને રૂપમાં તે જ મૂર્ત થયા છે, ત્યારે ભક્તને માટે કયા પદાર્થનો તિરસ્કાર કરવો બાકી રહે છે ? સાચો ભક્ત પોતાના શરીરનો પણ તિરસ્કાર કરતો નથી. શરીરને તે ઈશ્વરનું મંદિર માને છે. ને મંદિરની જેમ શરીરને પણ શુદ્ધ, સુંદર ને પવિત્ર રાખે છે. શરીરના વિલાસ ને કૃત્રિમ શણગાર કે ભોગમાં તે ફસાતો નથી. પણ સમજપૂર્વક નિર્લેપ રહીને શરીરને તે સુંદર ને સ્વચ્છ તથા સુદૃઢ કરવાનું કામ જીવનના અંત સુધી કર્યા જ કરે છે.

આજે ભક્તિ, યોગ ને અદ્વૈત જ્ઞાનને નામે કેટલાય સાધકો શરીરને અનાદર ને ઉપેક્ષાની દૃષ્ટિએ જુએ છે, ને શરીરને અસ્વચ્છ રાખવામાં, જીર્ણ કે દુર્બળ બનાવવામાં ને બેડોળ કરવામાં ગૌરવ લે છે. પ્રજાનો કેટલોક વર્ગ પણ આવી માન્યતા ધરાવતા લોકોને સાચા સંત કે સિદ્ધ ગણી પૂજે છે, ને શરીરને સ્વચ્છ કે સુંદર રાખનાર સુદૃઢ સંત કે સાધકો તરફ શંકા ને અશ્રદ્ધાની નજરે જુએ છે. કેટલાક સાધકો તો શરીરને પરસ્પર કે મુક્તિના અંતિમ આદર્શમાં બાધારૂપ માની મૃત્યુની વહેલામાં વહેલી તકે રાહ જોતા જીવનયાપન કરે છે, ને ના છૂટકે થોડો ઘણો તદ્દન પરિમિત આહાર લઈ શરીરને પોષે છે. સાધક કે સંતપુરુષોની આ બધી વૃત્તિ કે ટેવો એકાંગી છે, ને તેથી જ તે અનુકરણીય બિલકુલ નથી. શરીરને સ્વચ્છ મંદિર જેવું રાખવા વિશે તો આગળ વિચાર્યું છે, તે જ પ્રમાણે શરીરને સુદૃઢ રાખવાની પણ ખૂબ જ જરૂર છે. તન ને મનના નિર્બલ માણસો ઈશ્વર પ્રાપ્તિ કે ઉત્તમ પ્રકારની સાધના કદાપિ કરી શકતા નથી. આકરી સાધના ને તપશ્ચર્યા માટે શરીર સશક્ત હોવું ખૂબ જ જરૂરી છે તે જ પ્રમાણે દીર્ઘજીવનનું છે.

શરીર મુક્તિ કે પૂર્ણતાની પ્રાપ્તિમાં બાધારૂપ છે એ વિચાર ભૂલભરેલો ને ભ્રામક છે. સાચી વાત તો એમ છે કે મુક્તિ કે પૂર્ણતા શરીર દ્વારા જ પુરુષાર્થ કરીને પ્રાપ્ત કરવા જેવી વસ્તુઓ છે. સાધનાના ઊંચામાં ઊંચા શક્યાતિશક્ય પ્રાપ્તવ્યને માટે શરીર જ એક શ્રેષ્ઠ સાધન છે. કેટલીક અનુભૂતિઓ મન ને મનની પણ પારના પ્રદેશમાં થાય છે એ વાત સાચી છે. પરંતુ શરીર ધારણની અવસ્થામાં જ તે શક્ય બને છે એ પણ સાચું છે. એટલે શરીરનું મહત્વ તો રહે છે જ. માટે શરીરનો વહેલામાં વહેલી તકે અંત આણવાનો વિચાર નકામો છે એ સ્વીકારવું જ રહે છે. વળી શરીર લાંબો વખત રહે એથી ડરવાનું કારણ પણ શું છે? આ માનવશરીર કાંઈ વારંવાર મળતું નથી. તે મળ્યું જ છે તો તેને વધારેમાં વધારે વખત રાખીને બને તેટલું વધારે ઈશ્વરપ્રેમ ને પૂર્ણતાનું ધન એકઠું કરી લેવું જોઈએ. પોતે પૂર્ણ ને પ્રશાંત થયા પછી બીજા અનેક અપૂર્ણ ને અશાંત જીવોને મદદરૂપ થવા પુરુષાર્થ કરવો જોઈએ, ઈશ્વરનો મહિમા બધે વધારે ને વધારે વધે એ માટે કોશીશ કરવી જોઈએ. માટે જ હરિના સાચા ભક્તો જલદી મૃત્યુને વશ થવાની ઉતાવળમાં પડતા નથી.

પૂર્ણ ઈશ્વરદર્શી પુરુષોએ તો મૃત્યુને પણ મારી નાખ્યું હોય છે. જેને ઈશ્વરદર્શન થઈ ગયાં કે પૂર્ણ સત્ય મળી ગયું તેને મૃત્યુ કેવી રીતે સ્પર્શી શકે? તે તો મૃત્યુંજય છે. યોગસાધના દ્વારા પણ મૃત્યુંજય બનવાનું લક્ષ્ય સિદ્ધ થઈ શકે છે એમ યોગદર્શન કહે છે, ને યોગના સાધક પ્રવાસીઓને માટે આ મૃત્યુંજયપણાના આદર્શને રજૂ કરે છે. જ્ઞાનમાર્ગ પણ અમૃતમય બનવાના આદર્શનો સ્વીકાર કરે છે. મૃત્યુંજયપણાનો આદર્શ ભારતીય સંસ્કૃતિનો વિશેષ આદર્શ છે. આમ જે સાધના ને સંસ્કૃતિ મૃત્યુના બંધનને તોડી નાખી માનવને દીર્ઘ જીવન ને છેવટે અમરજીવન પ્રાપ્ત કરવાનું શીખવે તે બનતી વ્હેલી તકે મરવાનો ને શરીરને નગણ્ય ગણી તિરસ્કારવાનો ઉપદેશ કેવી રીતે આપી શકે? શરીરને માટે તો અનેક પ્રકારની સાધના પદ્ધતિ ને ઔષધિશાસ્ત્ર-આયુર્વેદનું નિર્માણ થયું છે ને ભારતીય ઋષિવરોએ ગાયું છે કે ‘શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્’ - એટલે કે ધર્મસાધનાને માટે શરીર જ મૂળ સાધન છે.

આ દૃષ્ટિકોણને ધ્યાનમાં રાખી, વિચારના વિરાટ પ્રદેશની બીજી આડીઅવળી ભ્રમણાને છોડી દઈ, ભક્તે શરીરની સંભાળ રાખવી ને શરીરને સુદૃઢ બનાવી તે દ્વારા પૂર્ણ ને મૃત્યુંજય બનવાની સાધના કરવી. ભોજનાદિ શરીર માટેનાં જરૂરી કર્મ પણ જરૂર કરવાં. યાદ રાખવું કે કર્મ ખરાબ નથી, પણ કર્મની અસરથી મન મલિન ને ચંચલ થાય તેમજ ઈશ્વર પ્રાપ્તિની દિશામાંથી ભ્રાંત થવાય તે જ ખરાબ છે. આ સાથે એ પણ યાદ રાખવું કે જેને ઈશ્વરદર્શન ને વ્હેલામાં વ્હેલી તકે ઈશ્વરદર્શન કરવું છે, તે વિના આ સંસારમાં બીજી કોઈયે વસ્તુમાં જેને રસ નથી: જેનું હૃદય ઈશ્વરની અલૌકિક રૂપસુધાના આનંદને અનુભવીને ધન્ય થવા હંમેશા તલસ્યા કરે છે, ને જેના જીવનની એક માત્ર સાધના પૂર્ણતા, ઈશ્વરની પૂર્ણ કૃપાની પ્રાપ્તિ ને મુક્તિ છે, તેને જ માટે જેણે સંકલ્પ ને સર્વસમર્પણ કર્યું છે, તેણે વધારે લૌકિક પ્રવૃત્તિ કે કર્મમાં પડવાની જરૂર નથી. તેણે શરીર કે આજીવિકા માટે ન છૂટકે જ કર્મ કરવું, ને બધોય વખત ઈશ્વરને મેળવવા માટે ગાળવો. જીવન ખૂબ ચંચલ છે. તે વહી જાય તે પહેલાં જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરી લેવાનું ઈશ્વરપ્રેમી ભક્તે ભૂલવું નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય: ૨ પ્રેમભક્તિના વિવિધ લક્ષણ
## ૧૫. ભક્તિની વ્યાખ્યા

ભક્તિ એટલે શું? અથવા તો ભક્તિ કોને કહેવી?

આ પ્રશ્ન કાંઈ આજકાલનો નથી. સૃષ્ટિની શરૂઆતથી જ, જ્યારથી માનવનું શુદ્ધ કે પરિષ્કૃત મન ઈશ્વર વિશે ને ઈશ્વરને મેળવવાનાં માર્ગ વિશે વિચાર કરતું થયું હશે, ત્યારથી જ આ પ્રશ્ન ઉદ્દભવેલો છે, ને આજ લગી જુદી જુદી રીતે માનવે તેના ઉત્તર પણ આપ્યા છે. સંસારના બધા જ પદાર્થો પરિવર્તનશીલ, મૃત્યુગામી ને અલ્પ સુખ આપનારા છે એમ ભારતીય ઋષિવરોનું કહેવું છે. આ પદાર્થોના ઉપભોગ કે સેવનથી પૂર્ણ સુખ કે શાંતિની માણસની અભિલાષા પૂરી થઈ શકતી નથી. આ ઉપરાંત, માણસને જીવનમાં ડગલે ને પગલે જે અપૂર્ણ જ્ઞાન ને મર્યાદિત શક્તિનો અનુભવ થાય છે, તેથી તેના અંતરમાં એક પ્રકારની અસંતોષની અગ્નિજ્વાલા ને પૂર્ણ જ્ઞાન ને શક્તિની પ્રાપ્તિ દ્વારા તેને શાંત કરવાની લાલસા જાગે છે. આ લાલસાની તૃપ્તિ સંસારના પદાર્થ કે વ્યવહારથી થઈ શકતી નથી એવો માણસને જુગજૂનો અનુભવ છે. માણસ પ્રકૃતિથી બંધાયેલો છે, પ્રકૃતિનો દાસ છે, એટલું જ નહિ, પણ પોતાના મન ને ઈન્દ્રિયોનો પણ ગુલામ છે. કાળ, અવસ્થા ને સ્વભાવના બંધનથી માણસ પૂરી રીતે જકડાયેલો છે. કોઈ અદૃષ્ટ શક્તિના હાથમાં તે રમકડું બની રમી રહ્યો હોય એવું તેને ભાન થયા કરે છે. આવો માણસ જે કરવા ધારે છે તે બધું જ કરી શકતો નથી. કોઈ ગરીબી, કંગાલિયત, શત્રુ, રોગ કે વાર્ધક્ય ને મૃત્યુને ઈચ્છતું નથી. છતાં તેની ઉપસ્થિતિ આગળ માણસનું કાંઈ જ ચાલતું નથી એ અનુભવસિદ્ધ વાત છે. આ દશામાં પૂર્ણ સલામતી, શાંતિ કે સુખ ક્યાંથી હોઈ શકે?

જે પદાર્થો પોતે જ સલામત નથી, ઘડીમાં પ્રગટે છે ને ઘડીમાં વિનાશ પામે છે, ને જેમની સુખશાંતિની મૂડી નગણ્ય કે અલ્પ અથવા તદ્દન તુચ્છ છે, તે બીજાને પૂર્ણ સુખ કે શાંતિ કેવી રીતે આપી શકે, અથવા અમૃતપદની પ્રાપ્તિ કરી મૃત્યુને મારવાની ઝંખના પણ કેવી રીતે મટાડી શકે? જે સંપૂર્ણ છે, સલામત છે, કાળ ને અવસ્થા કે વિકારથી રહિત સંપૂર્ણ સુખ ને શાંતિ છે, તેના જ સેવનથી માણસને સંપૂર્ણ સુખ શાંતિ, અમરતા ને પૂર્ણતા મળી શકે. એ દેખીતું જ છે.

તો પછી એવી વસ્તુ કયી છે? ઋષિઓએ આ માટે વિવિધ સાધનોનો અમલ કરી શોધ કરી. શોધ દ્વારા પૂર્ણ સત્ય, પૂર્ણ સુખ ને શાંતિમય તત્વનું તેમને દર્શન થયું. આને તેમણે બ્રહ્મ, ઈશ્વર એવા વિવિધ નામથી સંબોધ્યું ને જાહેર કર્યું. આ ઈશ્વરી તત્વને પ્રાપ્ત કરવાના અનુભવાત્મક માર્ગ પણ તેમણે જાહેર કર્યા. એ માર્ગે વિકાસ કરવાથી બીજા પણ કેટલાય માનવો ઈશ્વરતત્વને મેળવી ચુક્યા. આવો જ એક માર્ગ ભક્તિ છે. એટલે કે જે સાધન દ્વારા પૂર્ણ સુખ ને શાંતિના ધામરૂપ ઈશ્વરની પ્રાપ્તિ થાય ને તેના પરિણામરૂપ માનવને પૂર્ણતા, શાંતિ ને બંધનોથી મુક્તિ મળે તે સાધનનું નામ ભક્તિ એમ કહી શકાય.

અલબત્ત, આ વ્યાખ્યામાં સુખશાંતિ માટે સંસારની બીજી કોઈ યે વસ્તુને નહિ, પણ ઈશ્વરને જ સેવવાનો ને ભજવાનો ભાવ આવી જ જાય છે. તે વિના ભક્તિનું આ સાધ્ય સિદ્ધ થઈ શકે જ નહિ. તેનો વિચાર પણ આપણે યથાક્રમ કરીશું. હાલ તો એટલું જ કહીશું કે આ એક જ વસ્તુથી ભક્તિની વ્યાખ્યા જુદા

જુદા ભક્તિમાર્ગના આચાર્યોએ જુદી જુદી રીતે આપી છે, તે બધી જ સાચી છે. જેને જે માર્ગનો વિશેષ આશ્રય લેવાથી ઈશ્વર પ્રાપ્તિ થઈ તેણે તે જ સાધન કે માર્ગને ભક્તિ એમ ગણ્યું છે. તે બધા જ સાધનોને સાચાં સમજી તે સાધનો ઈશ્વરપ્રાપ્તિને માટે છે એ સત્યને ભક્તે ભુલવું ના જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૬. વ્યાસના વિચાર

ભક્તિ માર્ગના ઉત્તમ આચાર્ય ને તત્વેત્તા મહર્ષિ વ્યાસના વિચાર ભક્તિ વિશે જાણવા જેવા છે. વ્યાસ કહે છે કે ભક્તિનો ઉદય થાય એટલે પ્રભુની સેવા ને પૂજામાં ભક્તને અપાર આનંદ આવે છે. સંસારના પદાર્થોની સેવા ને પૂજા કરીને તે થાકી ગયો હોય છે. છતાં તેના હાથમાં કૈં આવ્યું નથી હોતું. અંતરની અશાંતિ ને પરવશતા હજી એવી જ કાયમ છે. મૃત્યુ પણ અવશ્યંભાવિ છે, ને શકરા બાજની જેમ તે છાપો મારીને ક્યારે ઝડપી લેશે તે કહેવું કઠીન છે. આ દશામાં વ્હેલામાં વ્હેલી તકે ઈશ્વરની સેવા-પૂજામાં રાગ કરવો એ જ સાધન ભક્તને માટે શેષ રહે છે.

આ માનવ જીવન એક અણમોલ રતન છે. તે દ્વારા જો ઈશ્વરપ્રાપ્તિ થઈ ગઈ તો તો ઠીક થયું, નહિ તો સંસારચક્રમાં ફરનારા માણસને જન્મ ને મરણની આવૃત્તિમાં હજી અપૂર્ણ ને ગુલામ પામર જંતુની જેમ ફરવાનું જ બાકી રહે છે. આ વિચાર ભક્તના દિલમાં દૃઢ થઈ ગયો હોય છે. એટલે જીવનનો છેલ્લો શ્વાસ પૂરો થાય તેની પહેલાં જ બનતી વહેલી તકે પ્રખર પુરુષાર્થ કરીને તે ઈશ્વરદર્શન ને તે દ્વારા જીવનની પૂર્ણતા મેળવી લેવાના કામમાં ગુંથાઈ જાય છે. પ્રભુને મેળવવા માટે ભક્ત પ્રભુની સેવા ને પૂજામાં મન લગાડી દે છે, ને બીજું બધું જ ભૂલી જઈ તેમાં તન્મય થઈ જાય છે.

અલબત્ત, સેવા કે પૂજા ઈશ્વરના કોઈ મનમાન્યા વિગ્રહની જ કરવાની હોય છે. એટલે મૂર્તિપૂજાનો આમાં ઉલ્લેખ આવી જ જાય છે. મૂર્તિપૂજાના આદર્શ પ્રત્યે કોઈએ તિરસ્કારની દૃષ્ટિ કેળવવાની જરૂર નથી. ઈશ્વરને મેળવવા માગનાર શરૂઆતના સાધકને માટે પ્રતિમા, છબી કે મૂર્તિપૂજાનું મહત્વ ઘણું વધારે છે. તે દ્વારા ભક્ત સાચી દિશામાં વિકાસ કરી શકે છે. ધ્યાન રાખવાની વાત માત્ર એટલી જ છે કે પ્રતિમાની બાહ્ય સેવાપૂજામાં રાગ થાય એટલાથી જ ભક્તે સંતોષ માનીને બેસી જવાનું નથી. પરંતુ પ્રતિમા પૂજાનું ધ્યેય ઈશ્વરના ચરણોમાં ઉત્કટ પ્રેમ ને તે દ્વારા ઈશ્વરનું સાક્ષાત્ દર્શન છે એ સદાયે યાદ રાખીને ઈશ્વરને માટે અપાર પ્રેમને જગાવવા પ્રયાસ કરવો જોઈએ.

હાથથી ઈશ્વરની સેવા કે આરતી કરવી એ હાથની પૂજા છે: આંખથી સદા ઈશ્વરના મનમોહન વિરાટ મંગલ રૂપને જ જોવાની ટેવ પાડવી: શત્રુ ને મિત્રના ભેદભાવને તજી દઈ એક ઈશ્વરની જ મૂર્તિને જડચેતનમાં બધે જ નિહાળવી: ઈશ્વરનાં પ્રેમાશ્રુ ને પ્રેમતરંગથી આંખને ભરપૂર રાખવી એ આંખ દ્વારા ઈશ્વરની પૂજા છે: સદાયે સંતમહાત્માઓનાં ઉત્તમ વચન ને કથાકીર્તનના જ શ્રવણમાં મસ્ત રહેવું ને તેવાં સ્થાનના પવિત્ર પરમાણુ જ લેવા તૈયાર રહેવું, બીજાં મલિન વાતાવરણવાળાં સ્થાનોને ના સેવવાં, તેમજ ઈશ્વરના અંગની અલૌકિક ને મસ્ત કરી દેનારી સુવાસનો આસ્વાદ લેવા આતુર આતુર થઈ જવું- બીજી બધી જ ગંધ તેની પાસે ફીકી લાગવી, તે નાક દ્વારા થતી ઈશ્વરની પૂજા છે. ને ઈશ્વર વિના બીજું કોઈયે નામ મધુર ના લાગવું, બીજા કોઈયે વિનાશી સંસારી રૂપથી મન મોહિત ના થવું ને બીજા કોઈનાં યે ગુણગાન ગાવા મન ના થવું; એક ઈશ્વરના જ મંગલ રૂપ પાછળ પાગલ થઈ તેના જ ગુણગાન ગાયા કરવાં ને તેના જ મહિમામાં મસ્ત રહેવું: મધુર ને સત્ય તેમજ મિતભાષી થઈ એક ઈશ્વરના જ જપમાં જીભ કે વાણીને લગાડી દેવી એ વાણી દ્વારા થનારી પૂજા છે.

આ ઉપરાંત હૃદયની પૂજા: હૃદયમાં એક ઈશ્વરની જ સ્થાપના કે પ્રતિષ્ઠા કરી, ઈશ્વરના જ રાગની પવિત્ર રાગરાગિણીથી તેને ભરી દેવું: ઈશ્વર વિના સંસારના બીજા કોઈયે પદાર્થને હૃદયમાં સ્થાન ના દેવું. ગમે તેવી ખૂબસુરત હોય તો યે વૃદ્ધાવસ્થાને વશ થનારી ને એક વાર મૃત્યુને અવશ્ય શરણ થનારી, આકાશમાં ચમકીને અનંત અવકાશમાં એકાએક સમાઈ જનારી ચપલા જેવું ચંચલ જેનું રૂપ કે સૌંદર્ય છે એવી હાડમાંસ ને મળની મઢેલી કોઈયે સ્ત્રી, ને સ્ત્રીને માટે તેવો કોઈયે પુરુષ ઈશ્વરના આસન પર બેસનારો ના હોવો જોઈએ. ઈશ્વરને બદલે તેમાં ભક્તે કદી આસક્ત ના થવું જોઈએ. ને ધનની લિપ્સા, ધનને એકઠું કરવાની અનીતિપૂર્ણ નીતિરીતિ ને કીર્તિની લાલસાને ભક્તે ઠોકરે મારવી જોઈએ. વર્ષાના વાદળમાં જેમ પાણી જ પાણી હોય, તેમ ભક્તના અંતરમાં એક ઈશ્વર જ ઈશ્વર, ઈશ્વરનો જ રાગ ને ઈશ્વરને ભેટવાની જ લાલસા હોવી જોઈએ. સંસારની બીજી કોઈપણ વ્યક્તિ, વસ્તુ કે વાસનાને ત્યાં સ્થાન નથી. ભક્તનું મન ચક્રવાક કે ચકોર પક્ષી જેવું છે. પ્રિયતમ ઈશ્વર તેનાથી જ્યાં લગી દૂર છે ત્યાં લગી સંસારની ભયંકર છતાં બીજાને સુખદ લાગતી વિષય રાત્રીમાં ભક્તરૂપી ચક્રવાકને આરામ નથી, ચેન નથી, નિદ્રા નથી ને શાંતિ યે નથી. ચકોર પક્ષીને જેમ ચંદ્રમાં તેમ એક ઈશ્વરમાં જ ભક્તને પ્રીતિ છે. તે પ્રીતિથી પ્રેરાઈને જ તે ઈશ્વરની સેવા પૂજા કર્યા કરે છે.

મૂર્તિપૂજા કે બાહ્ય સેવા દ્વારા ભક્ત જેમ જેમ વિકાસ કરે છે, તેમ તેમ વિકાસની આ બધી અવસ્થાનો તેને અનુભવ થાય છે. પ્રેમનો ખૂબ જ ઉદય થાય પછી તેને માટે મૂર્તિપૂજાનું બંધન રહેતું નથી. પછી તેની ઈચ્છા હોય તો તે મૂર્તિપૂજા કરે ને ન હોય તો ના કરે. તેમાં તેને કાંઈ ખોવાનું કે મેળવાનું નથી. પ્રેમનો ઉદય થાય પછી તો સેવાપૂજાનો પ્રકાર કંઈક જુદો જ બની જાય છે. તે વિશે આગળ પર વિચાર કરીશું. હાલ તો એટલું જ કહેવાનું કે પ્રેમી ભક્તના દિલમાં ઈશ્વરી પ્રેમનો દીપ અખંડપણે જલ્યા કરે છે: ભાવનાની આરતી થાય છે: સર્વસમર્પણના પાયા પર ઈશ્વરી પ્રેમનું મંદિર ભક્તે રચ્યું હોય છે: ઈશ્વરને માટેની પ્રાર્થના ને પ્રેમાશ્રુની ભેટ ભક્તનાં ઈશ્વરને ચઢાવવાના પુષ્પો છે: ને અખંડ આરાધના, ઈશ્વરને માટેનો સતત તરવરાટ તે ધૂપ કે અગરબત્તી છે. રોમેરોમમાંથી જે અખંડ ઈશ્વરી નાદ ચાલ્યા કરે છે, ઈશ્વરની સતત યાદ જે પ્રત્યેક પરિસ્થિતિમાં અંતરને આવરી લે છે તે ઈશ્વરની સ્તુતિ છે: ને આ બધામાંથી પ્રગટ થતી પ્રસન્નતા એ પ્રસાદ છે.

પણ પૂજા ને સેવાની આ અવસ્થા તો ખૂબ વિકાસ પછી આવશે. તેના સાધન તરીકે સૌથી પહેલાં તો બાહ્ય સેવા કે મૂર્તિપૂજામાં મન લગાડવું પડશે. તેમાં મન લાગે ને ખૂબ પ્રેમ થાય-તે કર્યા વિના રહેવાય જ નહિ, ત્યારે ભક્તિ થઈ એમ કહી શકાય. ભગવાન વ્યાસનો આ અભિપ્રાય છે.

અત્યારે જે પ્રકારની સેવા ને પૂજાની પરિપાટી ચાલે છે, તેમાં રાગ જેવું ભાગ્યે જ જોવા મળે છે. પ્રેમ વિના રાગ થઈ શકતો નથી. ને સંસારી પદાર્થોની નશ્વરતા ને શાંતિ સુખ આપવાની અશક્તિ સમજ્યા વિના સંસારમાંથી મન ઉપરામ કરી ઈશ્વર માટેની ભૂખ જગાડ્યા વિના સાચો પ્રેમ પણ પ્રકટતો નથી. તે વિનાની સેવા કે પૂજા નીરસ ને જડ ક્રિયા જ બની જાય છે. આજે તો અમુક કામ કરવાને ખાતર જ માણસ કરે છે: તેનો ઉદ્દેશ તે વધારે ભાગે ભુલી જ જાય છે. આ દશાને ટાળી, હૃદયને શુદ્ધ કરવાની સાધના કરતાં કરતાં,

ઈશ્વરના પ્રેમથી પાવન થવા ને ઈશ્વરદર્શન કરી પૂર્ણ ને મુક્ત થવા માટે જ સેવા પૂજારૂપી ભક્તિ કરવી જોઈએ. તો જ તેનો હેતુ સચવાઈને સરી શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૭. કથાકીર્તનનો આનંદ

સંસારના વિષય ને સંસારની વાતોમાં માણસને કેટલો રસ છે? સંસારની વાતોનાં પુરાણ પ્રકરણ ઉકેલતાં માણસ થાકતો નથી. આવા માણસને જ્યારે ભૂલેચૂકે પણ કોઈ એવા વાતાવરણમાં આવવાનું બને જ્યાં ઈશ્વર વિષયક વાતો થતી હોય, ત્યારે તે કંટાળી જાય છે: નીરસતા અનુભવે છે, ને વ્હેલામાં વ્હેલી તકે ત્યાંથી બીજા વાતાવરણમાં જવા કોશીશ કરે છે. આ બાબતમાં સંસારના રસિયા માણસોની સરખામણી ભક્તની જેમ જ માછલી સાથે થઈ શકે. માછલી પાણી વિના જીવી શકતી જ નથી. પાણી જ તેનો પ્રાણ છે, ને પાણીમાંથી તેને બહાર કાઢો ના કાઢો ત્યાં તો તે તરફડવા ને મરવા માંડે છે, ને આખરે એ દશામાં વધુ વાર રહેતાં પ્રાણ પણ ત્યાગે છે. તેવી જ રીતે સંસારના રસિયા માણસો સંસારના ક્ષુલ્લક રસમાં જ આનંદ માણે છે, જીવે છે, ને તેમાંથી બહાર ઈશ્વરપ્રેમના પાવન વાતાવરણમાં આવતાં જ ગુંગળાય છે, વ્યાકુળ બની જાય છે ને છેવટે નિસ્તેજ ને નિષ્પ્રાણ પણ બની જાય છે. વાસના ને વિષયરસ, કામ ને ક્રોધ તેમજ અહંતા ને મમતાનાં પડળ તેમના દિલમાં જામેલાં હોય છે. જેમ પત્થરી જમીનમાં નદીનાં પાણી ઊંડે ઊતરી શકતાં નથી, તેમ તેવા સંસારી માણસોના પત્થરી હૃદયપ્રદેશમાં ઈશ્વરી ભાવ ને પ્રેમનાં પાણી પણ પ્રવેશી શકતાં નથી. આવા માણસો ઈશ્વરના રસની મજા કેવી રીતે જાણી ને માણી શકે? ઈશ્વરની કથા ને વાર્તા અથવા કીર્તનમાં તેમને આનંદ કેવી રીતે આવે? સત્સંગની ખૂબી પણ તે શું જાણે?

ક્ષણવારના સત્સંગને પણ મહાપુરુષોએ સંસાર સાગરમાં તરવાની નાવની ઉપમા આપી છે: પણ તે તો અધિકારી ઈશ્વરાભિમુખ માણસોને માટે જ છે. સંસારમાં રાતદિન રચ્યાપચ્યા રહેલા, સ્ત્રીપુત્રો ને ધનકીર્તિની વાસનામાં જ ગળાડૂબ ડૂબેલા, અભિમાન ને ઈર્ષા તેમજ અનીતિમાં મત્ત એવા સંસારી જીવોને સત્સંગનો આ મહિમા નહિ સમજાય, ન તો તેમાંથી કાંઈ લાભ ઉઠાવી શકશે. સંસારમાં ડૂબેલા માણસો તો ઘુવડ જેમ દિવસે અંધ હોય છે તેમ સત્સંગથી સદાય દૂર અંધ જેવા જીવ્યા કરે છે. કદીક સત્સંગ મળે તો પણ તે પોતાની જ રામકહાની ને પુરાણકથા લઈને ત્યાં જાય છે, ને જરાક સમય મળતાં પાછા એનાં જ કથાપ્રકરણ ઉકેલવા માંડે છે. આવા જીવો ઈશ્વરની કૃપાને કેવી રીતે મેળવી શકે?

પણ ઈશ્વરના પ્રેમી ભક્તોની વાત એથી ઉલટી જ છે. જેમ કોઈ માણસ પર આકર્ષણ ને મમતા થતાં પછી તેના વિશે વધારે ને વધારે વાતો સાંભળવાનું મન થાય છે, ને પછી તો દિવસરાત એની જ યાદમાં મશગુલ રહેવાનું ગમે છે; જેમ કોઈ રૂપમયી સ્ત્રીના મોહમાં પડેલો માણસ તે સ્ત્રીની ગુણગાથાને વધારે ને વધારે સાંભળવામાં આનંદ લે છે, ને સ્વપ્નમાં પણ તે સ્ત્રીના જ દર્શન, સ્પર્શન ને મનનમાં આનંદ માને છે, તે વિના બીજા કોઈ જ વિષય કે બીજી કોઈ વ્યક્તિમાં તેનું મન લાગતું નથી; તેમ ઈશ્વરના મહિમાથી મોહિત થયેલો ભક્ત તેથી યે વધારે પ્રખરપણે ઈશ્વરમાં આસક્ત થાય છે: ઈશ્વરના ગુણાનુવાદ વધારે ને વધારે પ્રમાણમાં સાંભળવાની તેને લગની લાગે છે: જેમ જેમ તે ઈશ્વરની કથાવાર્તાને સાંભળે છે તેમ તેમ ઈશ્વર જ એક ભજવા ને મેળવવા યોગ્ય છે એ વિચાર તેના દિલમાં દૃઢ બને છે, ને ઈશ્વરનો પ્રેમ વધે છે.

આ પ્રેમ વધવાથી તેની દશા અજબ થઈ જાય છે. ઈશ્વરના પ્રેમજલમાં જીવતી એક માછલીની જેમ તે માનવ જીવી રહે છે. એક ઈશ્વર વિના બીજા કોઈનીય વાત કરવી કે સાંભળવી તેને ગમતી નથી. ઈશ્વરની

કથાવાર્તા ને કીર્તનમાં જ તેને સુખ લાગે છે. બીજી વાતો તેને સ્વપ્નેય ગમતી નથી. તેવા ભક્તને માટે તો એક ઈશ્વર જ પોતાના પ્રિયતમ, ઉપાસ્ય, દેવ ને પ્રાપ્તવ્ય છે. તેના જ ચિંતન ને મનનમાં મશગુલ રહેવાનું તેને ગમે છે. ઈશ્વરનું ચિંતન ને મનન જ્યાં વિશેષરૂપે થઈ શકતું હોય તેવા સત્સંગ કે સંતસમાગમમાં ભક્તને સ્વર્ગસુખ લાગે છે. ત્યાંથી એક ક્ષણવાર પણ હઠવાનું ભક્તને ગમતું નથી. જેમ સાકરનો સ્વાદ ચાખ્યા પછી લીમડાના રસમાં મન લાગતું નથી, તેમ ઈશ્વરની કથાવાર્તાના રસનો સ્વાદ લેશ પણ જે ચાખી લે છે, તેને બીજી કોઈ જ વાતમાં મન લગાડવાનું ફાવતું નથી. આવા અલૌકિક સત્સંગના સુખ આગળ ભક્તને સમસ્ત બ્રહ્માંડનું ઐશ્વર્ય, લક્ષ્મી ને સ્ત્રીનું વિનાશશીલ ને ક્ષણિક સુખ ને ઈન્દ્ર કે કુબેરનું સુખ પણ ફીકું લાગે છે. આ સુખમાં ભક્ત ડુબી જાય છે, ને તેને વધારતો રહી જીવનને ઉત્સવમય બનાવી દે છે.

કથા ને કીર્તનનું આ સુખ ખરેખર અદ્દભુત છે. જગતનાં સમસ્ત સુખ પણ તેની બરાબરી કરી શકતાં નથી. કથા ને કીર્તનના આ સુખનું ધ્યેય ઈશ્વર વિનાના બીજા બધા જ પદાર્થોમાં ચિત્તની અરૂચિ ને ઈશ્વરમાં જ રૂચિ, તન્મયતા કે આસક્તિ છે. ઈશ્વરની લીલા સાંભળતાં કે યાદ કરતાં ભક્ત ગદ્દગદ્દ થઈ જાય છે, ને ઈશ્વરનું નામસંકીર્તન કરતાં, ઈશ્વરની સ્તુતિ કે લીલા ગાતાં, તે આનંદવિભોર બની નાચી ઊઠે છે. ઈશ્વરના પવિત્ર નામમાં એક જાતનું જાદુ છે. જે તેના પ્રભાવમાં આવી જાય છે, તે મસ્ત બની જાય છે, કપટ દંભ ને અભિમાન જેવા મેલા વિકારોથી રહિત થઈ જાય છે, ને ઈશ્વરી ભાવથી તેનું તનમન ભરાઈ જાય છે. ઈશ્વરના નામને રસપૂર્વક જે જપે છે ને તેનું જે કીર્તન કરે છે, તેનાં બધાં યે વાન ફરી જાય છે તેના જીવનની જડતા દૂર થાય છે, ને પ્રેમ ને પ્રસન્નતા, નૈતિક બળ ને નમ્રતા તેના મુખમંડલ પર ફરી વળે છે.

કથા ને કીર્તનનો આ આનંદ ઘણા માણસોની વચ્ચે કે સાથે જ માણી શકાય છે એમ નથી. તે તો એકાંતમાં પણ લઈ શકાય છે. આ અવસ્થા ઘણી ઊંચી છે ને ઘણા વિકાસ પછી તે પ્રાપ્ત થઈ શકે છે. આ પ્રેમની અવસ્થા આવતાં ભક્ત પોતાની મેળે જ પોતાનો સત્સંગ કરી લે છે, દિવસરાત ઈશ્વરના મહિમા ને પ્રેમનાં જ ગાન કર્યા કરે છે, ને ઈશ્વરનું જ ચિંતન મનન કર્યા કરે છે. કથા ને કીર્તનની આ બંને અવસ્થાઓ જરૂરી છે. કથા ને કીર્તનમાં જ્યારે ખૂબ પ્રેમ થાય ત્યારે ભક્તિ થઈ એમ કેટલાક ભક્તો ને આચાર્યો કહે છે. શ્રી ગર્ગાચાર્યનો પણ એ જ અભિપ્રાય છે.

આજે જે જાતનાં કથાકીર્તન થઈ રહ્યાં છે તેમાં પ્રેમભક્તિમાં ગણાવી શકાય એવાં ઓછાં જ હશે. આજે તો ભાગવત કે રામાયણની કથા કરનાર વિશેષે પૈસા તરફ જ દ્રષ્ટિ રાખીને કામ કરે છે: તેમ કરવામાં તેનો હેતુ ઈશ્વરનો પ્રેમ વધારી ઈશ્વરને ખુશ કરવાનો નહિ, પણ પોતાની વિદ્યાનું પ્રદર્શન કરી શ્રોતાજનોનું મનોરંજન કરવાનો જ હોય છે. કથા કરનારના શબ્દ અંતરના ઊંડાણમાંથી કે અનુભવના આનંદમાંથી આવે છે એમ ભાગ્યે જ બને છે: તે તો પુસ્તકમાં છે તે વાંચી ને સમજાવી જ જાય છે. કીર્તન પણ વધારે ભાગે પરિપાટી જાળવવા, સંગીતનો સાધારણ રસ કેળવવા જ થાય છે. કેટલાકે તો કથાકીર્તનને ચોક્કસ કીંમત રાખી દ્રવ્યપ્રાપ્તિનું સાધન જ બનાવી દીધું છે. આ લોકોને મુક્તિ કે ઈશ્વર સાથે કાંઈ જ લાગતું વળગતું નથી. જાહેરમાં કથા ને કીર્તન કરવાની ટેવ મોટા કહેવાતા પુરુષોને પણ પડી છે. સાંભળનાર પણ ઈશ્વરનો પાર પામવા કે જીવનને પલટાવવા કથાને ભાગ્યે જ સાંભળે છે. એટલે જ્ઞાની કવિ અખાના શબ્દોમાં કહીએ

તો ‘ઊંડો કુવાને ફાટી બોખ, શીખવ્યું સાંભળ્યું સર્વે ફોક’. એવું થાય છે ને કહેનારને માટે પણ ‘કહ્યું કરાવ્યું સર્વે ફોક’ જેવું થાય છે. આ સ્થિતિનો અંત લાવી, સંસારના વિષયોમાંથી મનને હઠાવી, એક ઈશ્વરને જ માટે, ઈશ્વરના પ્રેમથી પાવન થવા ને જીવનને મુક્તિ ને ઈશ્વરદર્શનના આનંદથી ભરી દેવા માટે જ કથાકીર્તન એકલા કે સમુહમાં રૂચિ પ્રમાણે થવાં જોઈએ, ને તેમાં ભાગ લેવો જોઈએ. તેને જ ગર્ગાચાર્ય જેવા ભક્તિમાર્ગના મહાન આચાર્ય ભક્તિ થઈ એમ કહીને ઓળખાવે છે. આમ ભક્તિ બજારુ વસ્તુ નથી, શિરસટોસટનો સોદો છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૮. કથાકીર્તન વિશે વધારે

કુદરતની પ્રત્યેક વસ્તુ ને ક્રિયામાં કંઈને કંઈ રહસ્ય રહેલું હોય છે. તેમ કથા ને કીર્તનનું પણ રહસ્ય છે, ધ્યેય છે, ને તે ધ્યેય સદાયે દ્રષ્ટિ સમક્ષ રહેવું જોઈએ એ વાત આ પહેલાં કહેવામાં આવી છે. કથા ને કીર્તનના પ્રભાવથી પ્રભુના પરમપ્રેમને પ્રકટવાનો માર્ગ ખુલ્લો થાય છે, ને પછી પ્રભુના અનુરાગના અલૌકિક અખંડ ઝરણાં ભક્તના દિલમાંથી જાગ્રત થઈ વહેવા માંડે છે. આગળ ચાલતાં આ પ્રેમ કે ભાવ અત્યંત ગાઢ બને છે, ને વિરહવેદનાની સરિતા સાથે તેનો સંગમ થતાં તેનું સ્વરૂપ વધારે વિશાળ ને રસાલ બની જાય છે. ચોમાસાના પૂરથી ભરેલી નદી પાણીના શાંત છતાં ઊંડા, ગંભીર ને વિશાળ પ્રવાહ સાથે વહી જાય છે, ને લીલાછમ કિનારાથી વધારેને વધારે શોભી ઉઠી મનને પ્રસન્ન કરી દે, તેવી રીતે ભાવવિભોર ભક્તનું અંતરઆંગણું પ્રેમની પાવન સરિતાથી સદાય શોભી ઊઠે છે, ને તેના સંસર્ગમાં જે આવે છે તે પણ પ્રસન્નતા ને શાંતિ અનુભવે છે. બીજી નદીઓ પાપ કે મેલ ધોનારી ને મુક્તિ દેનારી હોય કે ના હોય, પણ પ્રભુના પ્રેમની નદી તો નાહવા પડનારના ગુપ્ત કે પ્રકટ બધા જ મેલ ધોઈ નાખે છે, ને મુક્તિ તેમ જ પૂર્ણતાના પરમ પદ પર પ્રતિષ્ઠા કરાવી દઈ જીવનની ધન્યતા બક્ષે છે. કીર્તન કે કથા દ્વારા ભક્ત જાણે છે કે પ્રભુ ખૂબ કૃપાળુ ને પતિતપાવન છેઃ પોતાના અસંખ્ય ભક્તોનાં કામ કરીને તેમને તેણે કેવી રીતે તાર્યા છે તે વાતનું જ્ઞાન ભક્તને જુદા જુદા કથાપ્રસંગ દ્વારા થઈ જાય છે. એટલે પ્રભુમાં તેની શ્રદ્ધા ને પ્રીતિ વધે છે.

પ્રભુએ ગજ ને અજામિલનો ઉદ્ધાર કર્યોઃ શબરી ને વાલ્મિકી પણ તે પરમપિતા પરમાત્માનો આશ્રય લઈ તરી ગયાંઃ મીરાંના ઝેરને પ્રભુએ અમૃતમાં પલટાવ્યું, ને નરસી તથા વિભીષણ, તુલસી ને સૂર જેવા હજારો ભક્તોને ને જટાયુ જેવાને પણ શાંતિ ને મુક્તિ-દુઃખ, યાતના ને પરિતાપથી મુક્તિ આપી. તો પછી હે મારા મન, તું પણ તે પ્રભુને શરણે જા તો ધન્ય થઈ જશે; શાંતિ ને પૂર્ણતાનો વરસાદ તારા પર વરસી રહેશે, ને જીવનની સફળતા મેળવશે. આ રીતે કથા દ્વારા શિક્ષા લઈ ભક્ત એક ઈશ્વરના જ ચરણોમાં મનને જોડે છે, ને ઈશ્વરની પ્રસન્નતા માટે જ દિનરાત પરિશ્રમ કરી ઈશ્વરદર્શન કરવા આતુરઆતુર બની જીવી રહે છે.

કથા ને કીર્તનના ઈચ્છનીય વ્યસનનું આ જ ફળ છે. આ ફળ ના મળે, ઈશ્વરનો અખંડ ને અપાર અનુરાગ ના જાગે, ત્યાં સુધી કથાકીર્તન નિયમિત રીતે કરવું જ જોઈએ. પણ એક વાર આ અનુરાગ જાગ્યો, એટલે કથાકીર્તનના શ્રવણમનનમાંથી મનને વાળી લઈ કેવળ ઈશ્વરના અખંડ સ્મરણમાં-ઈશ્વરને માટેના વિરહમાં જ લાગવું જોઈએ.

આમાં કાંઈ મુશ્કેલી નથી. બળજબરી કરવાની પણ આમાં જરૂર નથી. આ ઘટના તો એક સ્વાભાવિક નિયમની જેમ બની રહેશે. એટલે કે પરમાત્માને માટે હૃદય આતુરઆતુર થઈ રોવા માંડશે એટલે બીજી બધી જ પ્રવૃત્તિમાંથી મન હઠી જશે, ઉપરામ પામી જશે, ને એક ઈશ્વર ને ઈશ્વરનો જ અનહદ નાદ અંતરમાંથી ઉઠ્યા કરશે. આ નાદમાં ઓતપ્રોત બની જઈ ઈશ્વરનું રટણ કર્યા કરવું, ઈશ્વરને જોવા વિરહ વેદનાથી ભરેલી આંખે આ વિશ્વના વૃંદાવનમાં વસી ને ઝંખી રહેવું, એ જ એક કર્તવ્ય પછી શેષ રહે છે.

આનો અર્થ એમ નથી કે ઉચ્ચકોટિના ભક્તે કથા કીર્તનને બિલકુલ મહત્વ ના આપવું. કથા ને કીર્તન શા માટે છે તે બતાવવા માટે જ આ વર્ણન કર્યું છે. બાકી ઉચ્ચ અવસ્થાવાળા ભક્તોને પણ કથા ને કીર્તન મદદકર્તા જ નીવડે છે. એટલે જ કેટલીક શ્રેષ્ઠ અવસ્થાના ભક્તો કે સંતો પણ કથાકીર્તનમાં રૂચિ રાખે છે, ને વધારે ધ્યાન ઈશ્વરના પ્રેમને વધારવા તરફ આપે છે. આ બધું એકંદરે ભક્તની રૂચિ પર અવલંબે છે.

કોઈ કહેશે કે કથા ને કીર્તન વિના ભક્ત આળસુ નહિ બની જાય, અથવા તો ઈશ્વરપ્રેમમાં પાછળથી વિધ્ન નહિ આવે? સાચા ભક્તને માટે આ ભય નથી. તે તો સદાય ઈશ્વરચિંતનમાં મગ્ન છે એટલે આળસને માટે કોઈ પ્રશ્ન જ નથી. વળી અગ્નિમાં તપીને શુદ્ધ થયેલું સોનું જેમ ફરી લોઢું થતું નથી, તેવી શંકા પણ તેને માટે રહેતી નથી, તેમ ભક્તના દિલમાં એક વાર પણ ઈશ્વરનો અનુરાગ જાગી ગયો એટલે તે લુપ્ત થવાની આશંકા રહેતી નથી. છતાં પણ ભક્તે સદાય સાવધ રહેવું: અભિમાન રહિત થઈને ગમે તે ઉપાયે ઈશ્વરપ્રેમની પ્રાપ્તિ, જાળવણી, વૃદ્ધિ ને સંસિદ્ધિ માટે પ્રયત્નશીલ રહેવું. ઈશ્વરનું સાક્ષાત દર્શન ના થાય ત્યાં લગી પોતાની નાનીમોટી બધી જ ત્રુટિઓ પ્રત્યે સભાન થવું ને તેને ખંખેરી નાખી ઈશ્વરના પ્યારા ભક્ત થવા સદાયે પ્રયાસ કરવો. એમાં જ તેનું હિત છે.

ટૂંકમાં, પ્રભુને માટેનો પરમ પ્રેમ હૃદયમાં ના જાગે ત્યાં સુધી કથા કીર્તનમાં ખૂબ રચ્યાપચ્યા રહેવું, ને પ્રેમ પ્રકટે તે પછી કેવળ ઈશ્વરને જોવા જ આતુર બનવું. આ અવસ્થાને ભક્તિ કહી શકાય, એવો શાંડિલ્ય ઋષિનો પણ અભિપ્રાય છે. આ ઋષિ ભક્તિમાર્ગના મહાન આચાર્ય થઈ ગયા છે ને ભક્તિ પર તેમણે સૂત્રો પણ લખ્યાં છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૧૯–૨૦. નારદનો મત

હવે નારદનો મત આવે છે. દેવર્ષિ નારદ કહે છે કે પ્રભુને સર્વસર્મપણ કરી દઈ તેનું અખંડ સ્મરણ કરવું ને પ્રભુનું લગીર પણ વિસ્મરણ થતાં આકુળ વ્યાકુળ થઈ જવું તે ભક્તિ છે.

ભક્તિની આ વ્યાખ્યામાં બે ભાવ સમાયેલા છે. એટલે કે બે ભાવમાં આ વ્યાખ્યા વહેંચાઈ જાય છે. પ્રથમ ભાવ એ છે કે ભક્ત પોતાનાં બધાં જ કર્મો પ્રભુને અર્પણ કરી દે છે. ઝાઝાં કર્મ કરવાની પંચાતમાં ભક્ત પડતો નથી. શરીરધારણને માટે આવશ્યક કર્મ કરીને બીજો બધો જ સમય ભક્ત ઈશ્વરપ્રાપ્તિ માટેના શક્યાતિશક્ય પુરૂષાર્થમાં જ ગાળે છે. શરીરધારણ માટેના તેનાં કર્મ પણ અહંતા ને અનીતિ કે અધર્મથી રહિત હોય છે. તેમજ ઈશ્વરાર્પણ બુદ્ધિથી તે કર્મ થતાં હોઈ તેના સારા કે માઠા પરિણામથી ભક્ત અલિપ્ત રહે છે. આ ઉપરાંત ગમે તેવા કર્મ કરતાં પણ ભક્ત ઈશ્વરમાં સંલગ્ન રહે છે, ઈશ્વરનું સ્મરણમનન કરે છે, ને ઈશ્વરને પ્રસન્ન કરવાની સાધનામાં મગ્ન રહે છે.

બીજો ભાવ પ્રભુને અખંડપણે યાદ કરવાનો ને તેની વિસ્મૃતિમાં ખૂબ વ્યાકુળ બનવાનો છે. આ વસ્તુનો મર્મ સમજી શકાય તેમ છે. જેમ એક માણસને અન્યમાં પ્રીતિ થાય એટલે આખો વખત તેનું મન જેમાં પ્રીતિ થઈ છે તેવા પુરૂષ કે તેવી સ્ત્રીમાં જ જાય છે, તેમ ભક્તને ભગવાનમાં પ્રીતિ થઈ એટલે તેના મનમાં ભગવાન વિના બીજા કોઈનું ય સ્મરણ ચાલતું નથી. ઈશ્વરના જ જપ ને ઈશ્વરના જ ધ્યાનમાં ભક્ત મશગુલ બની જાય છે. ઈશ્વરની લીલા કે ઈશ્વર વિશેની વાતો સાંભળવામાં ને ઈશ્વરપ્રાપ્તિને પોતાના જીવનનું ધ્યેય બનાવી ચુકેલા મહાપુરુષોનો સમાગમ સાધવામાં જ તેને આનંદ આવે છે. આ તેનો સ્વભાવ બની જાય છે. દીપની સ્થિર શિખાની જેમ તેની ચિત્તવૃત્તિ ઈશ્વરસ્મરણના આનંદમાં સ્થિર, અખંડ ને એકાકાર બની જાય છે. ઈશ્વર ઈશ્વર ને ઈશ્વરનો નાદ તેની દિલ દિલરૂબામાંથી આઠે પહોર ઉઠ્યા કરે છે. કોઈ એવું કામ આવી પડે કે જેમાં પડવાથી ભક્ત ઈશ્વરને થોડીવાર માટે પણ ભુલી જાય, તો તેથી તે ખૂબ શોકાતુર ને દુ:ખી બની જાય છે. ઈશ્વરસ્મરણમાં જ ભક્તની શાંતિ, ઈશ્વરમાં જ તેનો આનંદ ને ઈશ્વરસ્મરણ જ ભક્તના આશ્રયરૂપ છે.

કોઈ કહેશે કે બધાં જ કર્મ છોડીને ભક્ત એક ઈશ્વરસ્મરણનું જ કર્મ કરવા માંડશે તો પછી તેની આજીવિકા કેવી રીતે ચાલશે? પ્રેમભક્તિ વધે પછી તો ભક્ત આજીવિકા માટેના કર્મ પણ નથી કરતા: આ અવસ્થામાં તે કેવી રીતે જીવી શકશે? સંસારમાં જે ઈશ્વરપરાયણ જીવન જીવે તેમને માટે શાસ્ત્રો ભિક્ષાની પ્રથા સ્વીકારે છે, તેથી તો સમાજને કેટલાક આળસુ માણસોનો બોજ ઉપાડવો પડે એ શું સાચું નથી?

આનો પણ ઉત્તર છે. પહેલી યાદ રાખવાની વાત તો એ છે કે ભક્ત કે જ્ઞાની કર્મ છોડતો નથી, પણ ઈશ્વરપ્રેમ કે જ્ઞાનની ઉચ્ચ અવસ્થા આવતાં કેવળ ઈશ્વરને માટે જ પુરૂષાર્થ કરવાની વૃત્તિ ભક્તમાં જાગે છે, ને તે દશામાં તે ઈશ્વરસ્મરણ વિનાનાં બીજાં કર્મ કરી શકતો નથી, એટલે લૌકિક કર્મ કરી તેનાથી આપોઆપ છૂટી જાય છે. જેને એમ સમજાઈ ગયું કે એક ઈશ્વર જ મૂળ વસ્તુ છે, માનવજીવન દ્વારા પ્રાપ્ત કરવા યોગ્ય પણ એક ઈશ્વર જ છે ને ઈશ્વર પ્રાપ્તિ વિના ભય, શોક, અપૂર્ણતા, અજ્ઞાન, મૃત્યુ ને અશાંતિનો અંતિમ અંત

આવી શકે તેમ નથી, તો તો બીજી બધી જ નાનીમોટી વાતોને છોડી દઈ એક ઈશ્વરનો જ સાક્ષાત્કાર કરવા કમર કસશે, ને ઈશ્વર વિનાની બીજી બધી જ કામના, વસ્તુ કે વ્યક્તિ ને પ્રવૃત્તિને દિલમાંથી દેશવટો આપશે.

આવા પુરુષોને આળસુ કહેવા તે ઘોર અજ્ઞાનનું પ્રદર્શન માત્ર છે. શરીરથી કદાચ તે બહુ દોડાદોડ કે પ્રવૃત્તિ નહિ કરતા હોય, પણ કાળ કે ગતિની જેમ તેમના મનને લેશ પણ આરામ હોતો નથી. તેનું પ્રવૃત્તિચક્ર તો હંમેશા ચાલ્યા જ કરે છે. ઈશ્વરનું અખંડ સ્મરણમનન ઈશ્વરના ભાવસાગરમાં સદાયનું સ્નાન ને ઈશ્વરને માટેનું જ ધ્યાન તેમના મનમાં નિરંતર ચાલ્યા કરે છે. તેમના મનને એક ક્ષણનો પણ વિરામ નથી. આખા સંસારના બધા જ વ્યવસાયોમાં ઈશ્વરપ્રાપ્તિનો વ્યવસાય સૌથી શ્રેષ્ઠ છતાં કઠિનમાં કઠિન છે, ને લોહીનું પાણી કર્યા વિના, પરિશ્રમ ને પ્રસ્વેદ ઉતાર્યા વિના, તેમજ મનના અગમ્ય ક્ષીરસાગરનું મંથન કર્યા વિના, તે વ્યવસાયમાં સિદ્ધિ મળી શકતી નથી. એટલે ઈશ્વરપ્રાપ્તિનો પંથ મહાન કર્મપરાયણતા, પુરુષાર્થ, પ્રમાદ ને આળસની છેક જ ખામી ને દિનરાતની અખંડ છતાં અપાર આરાધના માગી લે છે. તે પંથે પગલા ભરનારા કે પ્રવાસ કરનારા પુરૂષો ભયંકર કર્મઠ ને પરિશ્રમી ના હોય તો પ્રવાસ સફળ થઈ શકે જ નહીં. એટલે આધ્યાત્મિક વિકાસની વાટે વળેલા માણસો કાંઈ આળસુ નથી.

આ ઉપરાંત જીવનનું ઉચ્ચોચ્ચ ધ્યેય શું છે તે પોતાના જીવન દ્વારા તે બતાવે છે. જે લોકો અધર્મ ને અનીતિને માર્ગે વળેલા છે, જીવનના ચોક્કસ ધ્યેય વિશે સંભ્રાંત છે, અથવા જે સત્ય, શિવ ને સુંદરના સાક્ષાત્કારને માર્ગે વળવા માગે છે, તેમને માટે આવા ભક્ત કે જ્ઞાનીનાં જીવન પ્રેરણારૂપ ને પ્રત્યક્ષ પુરાવારૂપ થઈ પડે છે. આધ્યાત્મિક ને નૈતિક મુલ્યો ને શાસ્ત્રીય જ્ઞાનવારસાની રક્ષા આવા મહાપુરુષો દ્વારા જ થઈ શકે છે. આવા ઉપકારક પુરુષોને બીજી બધી પ્રવૃત્તિથી મુક્ત રાખી, તેમના જીવનની જરૂરિયાતો પૂરી કરી, ઈશ્વરપ્રાપ્તિ માટે ઉત્સાહી કરવા ને બદલામાં તેમના આચારવિચારનો વારસો મેળવવો એ સંસ્કૃત સમાજની ફરજ છે. આ વિચારમાંથી જ આપણે ત્યાં ભિક્ષાની પ્રથા અમલમાં આવી છે.

છતાં જે એ પ્રથા પ્રમાણે ચાલવા તૈયાર નથી, ને પોતાના જીવનની જરૂરી આવશ્યકતા માટે એક ઈશ્વર પર જ આધાર રાખે છે, તેની ચિંતા પણ ઈશ્વર ઉપાડી લે છે, ને તેની આવશ્યકતા પૂરી પાડે છે. ‘જે મારા પર જ વિશ્વાસ રાખી, મારું જ શરણ લઈ, બીજી બધી જ ચિંતા મને સોંપી દઈ, આ વિનાશી ને દુઃખદર્દથી ભરેલા સંસારમાં એક મારી જ પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવાનું વ્રત લે છે, ને મારે માટે જ ભેખ ધારણ કરે છે, તેને આજીવિકાની કે બીજી વાતની ચિંતા કરવાની કોઈ જરૂર નથી. તેની સર્વ પ્રકારની સંભાળ હું રાખું છું એ નક્કી વાત છે. મારી આ પ્રકારની પ્રતિજ્ઞા કોઈ કાળે મિથ્યા થતી નથી.’ ગીતાજીમાં ભગવાને આ જાતના ભાવોદ્દગાર પોતાના અનન્ય ભક્તોને માટે કાઢ્યા છે. ને તેનું રહસ્ય આ માર્ગે પ્રવાસ કરનારા અનુભવી પુરૂષો જાણી શકે છે. તેવા પુરુષો બીજાં બધાં જ કર્મ પર પાણી ફેરવી વાળે છે, ને દિનરાત ઈશ્વરના જ સ્મરણમનનમાં મસ્ત રહે છે.

અને અનન્યભાવે થતા આ અખંડ ઈશ્વરસ્મરણમાંથી જ ઈશ્વર માટેની વ્યાકુળતા કે તીવ્ર વિરહવેદનાનો જન્મ થાય છે. જે ઈશ્વરના સ્મરણમાં ભક્ત મસ્ત છે તે ઈશ્વરને જોઈ લેવાની તલપાપડતા તેના દિલમાં એક ધન્ય ક્ષણે જાગી જાય છે. ઈશ્વરને જોવાની આતુરતામાં ભક્ત જીવ્યા કરે છે, ને એ

આતુરતા કે ઝંખના તેને નથી તો શાંતિ આપતી કે નથી ચેન પડવા દેતી. ગાયને માટે જેમ વાછરડું તલસે, કૂદે કે નાચે, માને માટે જેમ નાનું બાળક રોવે ને કકળાટ કરે, ને પંખીના નાના બચ્ચાં સાંજ પડતાં દૂરદૂર ગયેલી પોતાની માતાને ઝંખે, તેથીયે વધારે ઝંખના ને વેદનાથી ભક્ત ઈશ્વરને માટે પ્રાર્થે છે, રડે છે ને રાહ જુએ છે. ઈશ્વર વિના તેને સુખે ઊંઘ આવતી નથી. ઈશ્વર વિના તેને ક્યાંય ગમતું નથી, ને ઈશ્વરની પ્રાપ્તિ વહેલામાં વહેલી તકે ક્યારે થશે એ જ ચિંતામાં તે દિનરાત જલ્યા કરે છે. ઈશ્વરના અત્યંત પ્રેમમય, શાંતિ છલ્યા ને રૂપરૂપના અંબાર જેવા સ્વરૂપને જોવા તે બેચેન ને ઉત્સુક બની જાય છે. ધનના ભંડાર, કીર્તિના પુંજ કે રાજદરબાર ને ઈન્દ્ર કે કુબેરના વૈભવ પણ તેને તૃપ્ત કરી શકતા નથી. ચાતક પક્ષી જેમ બીજા બધાં જ જલને ગૌણ ગણી વર્ષાજલ પ્રત્યે જ જોઈ રહે છે, તેમ ભક્ત સંસારના બધા જ પદાર્થો પરથી મન હઠાવી લઈ એક ઈશ્વરની જ આરાધનામાં, ઈશ્વરની જ પ્રેમવર્ષાની પ્રતીક્ષામાં બેસી રહે છે. બહારથી તે ગમે ત્યાં રહે ને ગમે તે ફરે, છતાં ઈશ્વરપ્રાપ્તિનો તેનો તલસાટ તૂટતો કે કોઈ પ્રકારે શમી શકતો જ નથી. તે તો ત્યારે જ શમી શકે છે જ્યારે ભક્તનાં લોચન ઈશ્વરના અલૌકિક રૂપને જોઈને ધન્ય થાય છે, શ્રવણ ઈશ્વરના અલૌકિક સ્વરસંગીતને સાંભળીને પાવન બને છે, ને ઈશ્વરના દિવ્ય સ્પર્શથી સારૂંયે શરીર ને રોમરોમ પ્રસન્ન ને પુલકિત બની જાય છે.

જેના જીવનમાં આ વ્યાકુળતા જાગી ને વ્યાપી તે ધન્ય બની ગયો! ઈશ્વરદર્શનને પાવન પંથે તેણે તો ચોક્કસ પ્રવાસ આરંભી દીધો! તેનાથી ઈશ્વર હવે વધારે વાર દૂર રહી શકશે નહીં. ઈશ્વર તેની સત્વર સંભાળ લેશે. ઈશ્વરના વિસ્મરણમાં તો તે વ્યાકુળ થશે જ, પણ તેના વિશેષને વિશેષ સ્મરણથી પણ તે તેને મળવાની વ્યાકુળતાનો અનુભવ કરવા માંડશે. ને આ વ્યાકુળતા જ, ઈશ્વર માટેનો તીવ્ર તલસાટ જ, સર્વ પ્રકારના સાધનભજનનું ફળ છે: તેને માટે જ સાધનાની વિવિધ પ્રક્રિયા ને કેડીઓ છે. પૂજા સેવા વગેરેનો મહિમા સમજાવતી નવધા ભક્તિ પણ છેવટે તો આ પરમ પ્રેમમાંથી પ્રકટ થનારી વ્યાકુળતાને ઉત્પન્ન કરવા માટે જ છે.

હે પ્રભુ! વ્યાકુળતાના એ પવિત્ર પ્રેમાગ્નિને અમારા જીવનમાં જગવી દો! એ વ્યાકુળતા કે વિરહાવસ્થામાં અમારે વધારે વાર રહેવું ના પડે પણ જીવન તમારા દર્શન ને સહવાસથી સત્વર સફળ બને એવો આશીર્વાદ હે પ્રભુ, અમારા પર વરસાવો! - સાધક ભક્તના હૃદયમાં આ પ્રાર્થના રાતદિન ચાલુ રહેવી જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૧. વ્યાકુળતાની જરૂર

ઈશ્વરને માટેની વ્યાકુળતા ને તન્મયતાના આ પ્રકાર કોઈના જીવનમાં મૂર્ત થયેલા દેખાય છે ખરા? એવું એક પણ દ્રષ્ટાંત પ્રેમની આ પરમ ને અનન્ય અવસ્થાને સમજાવવા ને સ્પષ્ટ કરવા આપી શકાય છે ખરૂં? ગોપીઓનું દ્રષ્ટાંત આ પ્રશ્નના ઉત્તરરૂપ છે. ગોપીઓ પ્રેમમાર્ગની આચાર્યા છે. પ્રેમના પાવન ને કલ્યાણકારક મંદિરના સર્વોચ્ચ શિખરે તે પ્રતિષ્ઠિત થઈ છે. એમ કહો કે પ્રેમની જ તે પ્રતિમા છે: પ્રેમે જ પોતાના મહિમાનું પ્રદર્શન કરવા ભગવાન શ્રી કૃષ્ણ ને ગોપીઓના રૂપમાં જન્મ લીધો છે એમ કહી શકાય.

ગોપીઓને ભગવાન શ્રી કૃષ્ણમાં કેટલી બધી પ્રીતિ હતી! તે પોતે સંસારમાં રહેતી પણ તેમના મનમાં શ્રી કૃષ્ણના વિના કોઈનુંય સામ્રાજ્ય ન હતું. શ્રી કૃષ્ણના અદ્દભુત અનુરાગમાં તે આસક્ત હતી. ગોપીઓના જીવનની આ અનુરાગ વૃત્તિને સાચા અર્થમાં સમજવા માટે ગોપીઓના જેવું જ હૃદય જોઈએ: ભગવાન પર ગોપીઓ જેવો જ પ્રેમ જોઈએ. તે વિના ગોપીનું હૃદય સમજી શકાય નહીં.

મીરાં, તુલસી, સૂર ને નરસી તેમ જ ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ ને તુકારામ મહારાજનાં જીવન પણ ઈશ્વર પ્રેમ ને વ્યાકુળતાના અજોડ દ્રષ્ટાંત રૂપ છે. ઈશ્વરને માટે તેમના અંતર રાતદિવસ ઝંખતા ને રડતાં હતાં. ઈશ્વરના જ પ્રેમમાં તે મસ્ત થઈ ગયા હતાં, ને ઈશ્વરના જ રંગે રંગાઈ સંસારમાં એક ઈશ્વરને જ માટે તે જીવતાં હતાં. રામની નિશદિન રાહ જોતી શબરી ને વાલ્મિકી આ પ્રેમ ને વ્યાકુળતાના નમૂના હતા. ને આજે પણ એવા કોઈ કોઈ બડભાગી જીવો આ સંસારમાં છે ને ઈશ્વરના જ પ્રેમજલમાં મીન જેમ જીવે છે, ને ઈશ્વરમાં જ જેમની શાંતિ ને ઈશ્વરપ્રાપ્તિ જ જેમની એકમાત્ર લગન છે.

આ પ્રેમ કે વ્યાકુળતા કાંઈ એમનેમ આવતા નથી. હૃદયના મેલ દૂર થયા વિના, સંસારી વસ્તુઓની મમતા ને આસક્તિ મટ્યા વિના, ઈશ્વરપ્રેમની આ પ્રસાદી સહેજમાં મળી શકતી નથી. તે માટે આકરૂં તપ કરવું પડે છે, જીવનને સતત પુરૂષાર્થી બની ધોવું પડે છે, ને સત્યને વફાદાર રહી, ઈશ્વરપ્રાપ્તિને પંથે વળવાનું વ્રત લઈ, મૂંગોમૂંગો વિકાસ કરવો પડે છે. ધન, કીર્તિ ને સ્ત્રીની તૃષ્ણામાંથી મનને પાછું વાળી લઈ એક ઈશ્વરને માટે જ ભેખ ધારણ કરવો પડે છે, ને ઈશ્વરમાં જ આસક્ત બની, વાસના ને મેલી વૃત્તિઓની હોળી કરી, ઈશ્વરપ્રાપ્તિ ના થાય ત્યાં સુધી સાધનામાં તત્પર રહેવું પડે છે. આ શક્તિ બધામાં નથી હોતી એટલે પ્રેમ ને વ્યાકુળતાની આ અવસ્થા કો'કને જ પ્રાપ્ત થતી દેખાય છે. પણ એટલું સાચું છે કે ઈશ્વર ને ઈશ્વરના પ્રેમની પ્રાપ્તિ માનવનો જન્મસિદ્ધ અધિકાર છે. ને આજે નહિ તો કાલે-આ જન્મમાં નહિ તો બીજા જન્મમાં, તેથી સંપન્ન થવું જ પડશે. તે વિના માનવને શાંતિ, પૂર્ણતા, જીવનસાફલ્ય કે બંધનોથી મુક્તિ નહીં જ મળી શકે.

જેને ઈશ્વરી પ્રેમની પ્રાપ્તિ થઈ તેને વ્યાકુળતા પણ થવી જ જોઈએ એ નિયમ છે. જેમ યજ્ઞકુંડમાં ઘીની આહુતિ આપવાથી અગ્નિ વધારે ને વધારે પ્રજ્વલિત થાય છે, તેમ ભક્તની વાસનાની ભસ્મભૂમિમાં જાગેલા પવિત્ર ભાવનાના યજ્ઞકુંડમાં ઈશ્વરસ્મરણની આહુતિ જેમ જેમ અપાતી જાય છે તેમ તેમ ઈશ્વરપ્રેમ ને વિરહાગ્નિની પાવન જ્વાલા જાગતી જાય છે, જે ભક્તના તનમન ને સારાય વાયુમંડલને પવિત્ર કરે છે. આ વિરહવેદના કે વ્યાકુળતા જ ભક્તનું જીવન છે એમ કહીએ તો ખોટું નથી. પણ સાથે સાથે એ પણ યાદ

રાખવાનું છે કે વ્યાકુળતાને લાંબો વખત ટકાવી રાખવામાં જ આનંદ માનવાની વૃત્તિ બરાબર નથી. વ્યાકુળતા સાધ્ય નથી, પણ સાધન છે. માટે વ્યાકુળ થઈને બનતી વહેલી તકે ભક્તે ઈશ્વરના સાક્ષાત દર્શન કરી લેવા ને ઈશ્વર સાથે અખંડ ને પ્રત્યક્ષ સંપર્ક સાધવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. તે વિના પ્રેમ કે ભક્તિની સાધના શેષ રહે છે, પ્રેમભક્તિની પગદંડીએ થતી યાત્રા અપૂર્ણ જ રહી જાય છે!

☼ ☼ ☼ ☼ ☼

## ૨૨. પ્રેમભક્તિની પગદંડી

પ્રેમભક્તિની પગદંડી એવા મારા શબ્દ પ્રયોગથી કોઈએ આશ્ચર્ય પામવાની જરૂર નથી. પ્રેમભક્તિનો રાજમાર્ગ એ શબ્દો વાપરવાને બદલે પ્રેભક્તિની પગદંડી શબ્દો વાપરવાનું મને વધારે યોગ્ય લાગ્યું છે. હિમાલયમાં બદરીનાથ ને કાશ્મીરમાં અમરનાથ કે તિબેટમાં કૈલાસ માનસરોવરની યાત્રાનો માર્ગ પર્વતોની અંદરથી પસાર થતી પગદંડીનો જ છે. આ પગદંડી પર ચાલવાનું સહેલું હોતું નથી. પગદંડી પર્વતમાં કોરી કાઢેલી હોય છે. તેની એક બાજુ ઊંચાઊંચા પર્વત ને બીજી બાજુ હજારો ફૂટ નીચાઈ પર આવેલી ખીણ હોય છે. જો જરાક પણ ગફલત થઈ જાય તો પગ લપસતાં કે શરીરનું સમતોલપણું ખોઈ બેસતાં માણસ ઊંડી ખીણમાં જઈ પડે. આ ખીણમાં કેટલીક વાર તો ગંગાજી અથવા એવી જ કોઈ નદી વહેતી હોય છે. પર્વતમાં યાત્રી જેમ જેમ આગળ વધે તેમ તેમ પગદંડી આપોઆપ દેખાતી જાય છે. વળી માર્ગમાં ચઢાઈ ને ઉતરાઈ પણ આવે છે. માર્ગ સીધો ને સલામત હોય છે એમ જ કાંઈ નથી. પહેલાં તો એમ કહેવાતું કે બદરીનાથ કે કૈલાસ ને અમરનાથ જેવી યાત્રાએ જે જાય તે પાછા આવી શકે જ નહીં, જેની સંસાર યાત્રાની વાસના પૂરી થઈ ગઈ હોય તે જ તે યાત્રાએ નીકળે, ને નીકળતાં પહેલાં સગાં સ્નેહીથી આખરી વિદાય લઈ લે. આટલી વિકટ આ યાત્રા હતી. હવે તો પગદંડીનો પંથ હોવા છતાં ઘણા માણસો આ યાત્રાએ જાય છે, ને યાત્રાની તકલીફ પણ પ્રમાણમાં કૈંક ઓછી થઈ છે.

પ્રેમ કે ભક્તિનો માર્ગ એથી યે વિકટ છે. ઈશ્વરદર્શન અથવા પૂર્ણતા કે મુક્તિની યાત્રાએ નીકળેલા યાત્રીને એથી પણ કપરી મુસીબતોનો સામનો કરવો પડે છે. વિવેક ને વૈરાગ્યના અભેદ્ય પર્વત છે. તેમાં જ પ્રેમ અથવા ભક્તિની પવિત્ર એવી પગદંડી છે. પ્રેમપંથનો પ્રવાસી ત્યાંથી પસાર થાય છે. પણ પગદંડી ખૂબ જ વિકટ ને સુક્ષ્મ છે, એટલે ખૂબ જ સાવચેત બની સાધકે તે પર ચાલવું પડે છે. જો જરાક પણ ભૂલ કે ગફલત થાય, સંસારના પ્રલોભનો કે આકર્ષણના ભૂલેચૂકે પણ શિકાર થવાય, તો પતનની ઊંડી ગર્તામાં સાધકે પટકાવું પડે છે. અથવા તો આડમાર્ગે ચઢી જઈ મૂળ માર્ગને ભુલવાનો ને પથભ્રાંત થઈને ભટકવાનો ભય પણ રહે છે. વિવેક ને વૈરાગ્ય તેમજ ઈશ્વર પ્રેમનું ભાથું ભરી, સદ્દગુરૂ કે શાસ્ત્ર રૂપી ભોમિયાને સાથે લઈ, પોતાના રાઈના દાણા જેવા દુર્ગુણોને પણ પકડી પાડવાની ને બીજાના સુક્ષ્માતિ સુક્ષ્મ સદ્દગુણોને સત્કારવાની ને સમજવાની સદ્દવૃત્તિ લઈ, કડક વિવેચકની જેમ આંતર આંખને સદાય ઉઘાડી રાખી, પ્રેમ ને ભક્તિની આ પગદંડીએ પ્રવાસ કરવો પડે છે. ભક્તો ને મહાપુરુષોએ આ પગદંડીએ પ્રવાસ કર્યો છે. ઈશ્વર કે વિશ્વનાથનાં દર્શન પણ તેમણે કર્યાં છે. તેમના અનુભવોદ્દગાર ને તેમનાં જીવન પ્રેરણા બનીને આજે પણ ઉભાં છે. એટલે નવા સાધક પ્રવાસીઓને માટે આ પ્રવાસ પ્રમાણમાં સહેલો જ છે. કઠિન હોય તો પણ તેને સહેલો ને સરલ કરી સંપૂર્ણ કર્યા સિવાય છૂટકો નથી.

આ પગદંડીએ પ્રયાસ પણ કોણ કરી શકે છે? જેણે સંસારના સુખોને અપૂર્ણ ને નશ્વર સમજી એક ઈશ્વરને જ મેળવવાનો સંકલ્પ કર્યો છે: વેર ઝેર ને કામક્રોધની ઝેરજ્વાલામાંથી સહીસલામત બહાર નીકળી પ્રેમ ને માધુર્યના મંગલ પ્રદેશમાં જેણે પ્રાણની પ્રતિક્ષા કરી છે: ને જે મૃત્યુંજય બનવા, ઈશ્વરમય થવા તલસી રહ્યો છે, તે વીર પુરૂષ કે સ્ત્રી જ આ માર્ગનાં પ્રવાસી થઈ શકે. ભક્તિ કાંઈ કાયરને માટે નથી.

મજબૂત તન ને મનના, ઉત્તમ વિચાર ને ભાવનાના, ઉછળતા ઉત્સાહવાળા વીર્યવાન માણસોની એ તો ઉપાસ્ય દેવી છે. નીડર ને અડગ છતાં પ્રેમાર્દ્ર ને પવિત્ર મનના બહાદુર માનવોની એ તો મિલ્કત છે. સતત પુરુષાર્થ કરનારા, કષ્ટ, નિરાશા કે નિષ્ફળતાથી કદાપિ નહીં ડગનારા કે નહીં ડરનારા, વજ્જર હૃદયના વીરોની એ તો આરાધ્યદેવી છે. ધીરજ, સત્ય ને પ્રેમનો પવિત્ર ને પ્રખર વારસો જેમની પાસે હોય તે જ પ્રેમભક્તિની આ યાત્રામાં સફળ થઈ શકે ને ઈશ્વરને મેળવી લે છે.

ઈશ્વરપ્રેમના પાવન ઝરણાં જે બડભાગીના દિલમાં જાગી ઉઠે છે ને વહેવા માંડે છે, તેનું જીવન સંવાદી બની જાય છે. ખીલી ઉઠતા ફૂલ જેવું તેનું અંતર ઈશ્વરની ભાવનારૂપી સૌરભથી શોભી ઉઠે છે. ઉત્તમ વિચાર ને ઊર્મીની હરિયાળીથી તેની વાણી ને તેનું વર્તન દીપી ઉઠે છે. જેમ રડતા બાળકને તેને મનપસંદ એવું ખાવાનું આપવાથી તે તરત પ્રસન્ન થઈ જાય છે, રોવાનું ભૂલી જાય છે, ને સ્વર્ગસુખ અનુભવી બીજી બધી જ પ્રવૃત્તિને ભુલી જાય છે, તેમ દીન ને દુ:ખી તેમજ અસહાય જેવા માનવને ઈશ્વરપ્રેમની જરા જેટલી પણ પ્રસાદી મળતાં તે પ્રસન્નપ્રસન્ન થઈ જાય છે; તેના સંતાપ શમી જાય છે, ને તેનું સર્વ પ્રકારનું દુ:ખ-તેના મૂળ કારણ સાથે જ દૂર થઈ જાય છે. ઈશ્વરપ્રેમના સાકરગાંગડાના સ્વાદમાં ભક્ત એટલો તો મસ્ત ને ખુશ થઈ જાય છે કે પ્રેમના સ્વાદ વિના બીજી બધી જ વસ્તુને તે ભુલી જાય છે.

એક સાધારણ સંસારી સ્ત્રીમાં પણ મોહ થવાથી માણસ બીજું બધું જ ભુલી જાય છે ને તે સ્ત્રીના જ વિચાર કર્યા કરે છે, તો પછી સારાયે સંસારનું સમસ્ત રૂપ ને સૌન્દર્ય જેના રૂપ ને સૌન્દર્યના એક સહસ્ત્રાંશથી પણ છેક અલ્પ છે, જેના પ્રેમ પાસે કોઈનોય પ્રેમ પ્રેમ કહેવાને લાયક નથી, ને જેને સેવવાથી પણ શાંતિ, સુખ ને મુક્તિ જેવું મહાન ફળ મળે છે, તે ઈશ્વરમાં જેને પ્રીતિ થાય છે તે તો એક ઈશ્વરના જ વિચાર કર્યા કરે, ને એક ઈશ્વરમાં જ આસક્ત થાય એમાં શું અચરજ છે? કોણ જાણે કેટલાંય જન્મોથી આ જીવ શાંતિ ને સુખની ઈચ્છા કરતો ને તે માટે પુરુષાર્થ કરતો આ ભવાટવીમાં ભમે છે. કોઈ જન્મમાં તેને અચાનક ઈશ્વરપ્રેમની પ્રાપ્તિ થાય તો આના વિના બીજું શું થાય? ધનના લોભીયાને અચાનક પારસ પત્થર હાથ આવે કે સોના, હીરા ને માણેકની ખાણ જડે, ને કેટલાય દિવસના ભુખ્યા- અનાજ માટે ઝંખતા માણસને પકવાનનો ભંડાર મળે, તો તેની શી દશા થાય એ કલ્પી શકાય તેમ છે. આનંદના અતિરેકમાં બીજી બધી જ વસ્તુ ત્યારે ભુલાઈ જાય છે. ભક્ત પણ ભક્તિની પરિપક્વતા થતાં ખૂબ આનંદમાં આવી જાય છે, અંતરની ભૂખ શમાવવા અધીર બની જાય છે, ને એક ઈશ્વરમાં જ તન્મય બને છે. ઈશ્વર વિના તેના મન કે અંતરમાં બીજું કૈયે નથી રહેતું.

ઈશ્વરને ભુલવામાં તો ભક્તનો આત્મઘાત છે. ઈશ્વરના મહિમાનો વારંવાર વિચાર કરીને તો તે જીવે છે ને ભક્તિભાવને વધારે છે. એટલે બીજું બધું ભૂલે છતાં જીવન ને સાધનાના મૂળ આધારરૂપ ઈશ્વરના મહિમાને ઈશ્વરના જ્ઞાનવિચારને ભુલતો નથી, ભૂલવાનો વિચાર કરતો નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૩. જ્ઞાન વિનાની ભક્તિ જડ છે

સૂર્યના કિરણથી સાગરના પાણીની વરાળ થાય છે. તેમાંથી વાદળ બંધાય છે, ને એ રીતે જગતના જીવન જેવી વર્ષા પણ વરસે છે. ભક્તના હૃદયને જો સાગરની સાથે સરખાવીએ તો એમ કહી શકાય કે ઈશ્વરનાં પ્રેમકિરણ પડવાથી આ સાગરમાં ઉષ્મા ઉત્પન્ન થાય છેઃ એટલે કે ઈશ્વરના પ્રેમથી ભક્તનું હૃદય ભાવભીનું બને છે ને તેમાં ભાવનાના તરંગ ઉઠે છે. આ ભાવનાનું સમીકરણ ને ઘનીકરણ થાય છે, ને છેવટે તે સંસારને સંજીવન ને ધન્યતા આપનારૂં નીવડે છે. ભક્તના જીવનનો મહિમા ખરે જ અપાર છે. પણ ઈશ્વરનો મહિમા તેથીયે મહાન છે એ ભક્ત સારી પેઠે જાણે છે. ઈશ્વરની પ્રાપ્તિ વિના જીવન સાફલ્ય થઈ શકશે નહીં, ઈશ્વર વિના શાંતિ ને મુક્તિની ભૂખ કદાપિ મટી શકશે નહીં એ ભક્ત ખાત્રીપૂર્વક જાણે છે. તેથી તે ઈશ્વરને ભજવા યોગ્ય ને પ્રિયતમ તરીકે સ્વીકારે છે, ને ભક્તિમાં આઠેપહોર મસ્ત રહે છે. આમ ભક્તિના મૂળમાં દ્રઢ ને ચોક્કસ વિવેકજ્ઞાન રહેલું છે. કોઈપણ ક્રિયા જ્યારે સમજપૂર્વક ને ચોક્કસ ધ્યેયના જ્ઞાન સાથે થાય છે, ત્યારે તે વધારે સફળ ને રસપ્રદ બને છે. જ્ઞાન વિનાની જડ ક્રિયા આનંદ પ્રકટાવવામાં પાછી પડે છે. એટલે ભક્તિ જડ ક્રિયા છે એમ માનનારે પોતાની ભૂલ સુધારવી જોઈએ. ભક્તિ કરનારે પણ ભક્તિના ધ્યેય- ઈશ્વરપ્રાપ્તિને સદા નજર સમક્ષ રાખી ઉત્સાહપૂર્વક ભક્તિ કરવી જોઈએ. તો જ ભક્તિ યથાર્થ ફળ ને સાધનાનો આનંદ આપી જીવનવિકાસમાં યોગ્ય ફાળો આપી શકે.

જીવનના ચોક્કસ ધ્યેયનો નિર્ણય કર્યા પછી, ઈશ્વરને મેળવવાની જરૂર સમજી, માણસ ભક્તિને માર્ગે વળે છે ત્યારે તેને ઓર રસ અનુભવવા મળે છે. ઉષાના રંગ ને નદી ને પર્વતોની તથા ફૂલની શોભા દિવસેદિવસે જેમ અવનવા રંગ ધારણ કરે છે, ને વધારે ને વધારે રમણીયતા ધારે છે, તેમ ભક્તિમાર્ગનો યાત્રી હંમેશાં આનંદમાં રહે છે, ને નિત્યનૂતન રસનો અનુભવ કરે છે. ધન કે ઐશ્વર્ય ને સત્તાના સિંહાસનમાં જે નથી મળતી તે શાંતિ ને ધન્યતા ઈશ્વરના ચરણોમાં સર્વસમર્પણ કરવાથી ભક્તને મળે છે. શરૂઆતમાં આનો અનુભવ હરેકને એટલો જલદી ના પણ થાય છતાં ભક્તિનો વધારે ને વધારે અનુભવ કરવાથી રસ ને આનંદની પણ વૃદ્ધિ થાય છે. ભક્તિનો એ નિયમ છે.

પવિત્ર ગંગા ને જમના બંનેનો જ્યાં જન્મ થાય છે ત્યાં ગોમુખ ને જમનોત્રીનાં પર્વતીય સ્થાનોમાં પાણીનો પ્રવાહ અત્યંત સુક્ષ્મ હોય છે. બરફના પર્વતમાંથી નીકળતું પાણી સાપના લીટા જેટલું પાતળું ને સાધારણ હોય છે. પણ એ જ પાણીમાં આગળ જતાં કેટલાય નવા જલપ્રવાહો મળે છે, ને તેનો આકાર વધારે ને વધારે સ્થૂલ કે વિશાળ બનતો જાય છે. જેમ જેમ તે નદી આગળ વધે છે તેમ તેમ જાણે તે પ્રસન્ન બની ફૂલતી ને ફાલતી હોય એમ લાગે છે ને આખરે જ્યાં તેમનો વ્યક્તિગત અંત આવવાનો વખત થાય છે ત્યાં પ્રયાગરાજ ને ગંગાસાગર પાસે તો આ નદીનો પટ એટલો વિશાળ થઈ જાય છે કે જોનારને ઘડીભર તો વિસ્મય જ થઈ જાય. તે વિચાર કરવા માંડે કે જમ્નોત્રી ને ગોમુખની દુબળી પાતળી ગંગા જમના શું આજ હશે!

ભક્તિ કે પ્રેમની ગંગા જમના જે ભક્તના દિલમાંથી વહે છે તેના સંબંધમાં પણ આવું જ સમજવાનું છે. શરૂઆતમાં પ્રેમ કે ભક્તિનો આ પ્રવાહ અત્યંત સુક્ષ્મ હોય છે. પણ વિકાસની ઉચ્ચોચ્ચ અવસ્થાએ

પહોંચતાં, ઈશ્વરરૂપી સાગરમાં મળવાની તૈયારી કરતાં, એની કેટલીય કાયાપલટ થઈ જાય છે, ને મત્ત પણે વહેતી, પૃથ્વીને પાવન કરતી એ ભાવનદી વહ્યા કરે છે. ઈશ્વરને માટેનો પ્રેમ જેમજેમ વધે તેમતેમ ભક્તની ભાવસરિતા વિશાળ સાગર જેવી થતી જાય છે. ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ, મીરાં ને તુકારામ તેમજ નરસી ને તુલસી જેવા પ્રાતઃસ્મરણીય મહાત્મા ને ભક્તોની ભાવસરિતાની આ જ દશા હતી. ઈશ્વરના પ્રેમમાં તે સદા માટે મગ્ન હતા. તેમની દશાનો ખ્યાલ સાધારણ શબ્દોમાં કેવી રીતે આપી શકાય? ગાયને ધાવતા વાછરડાને ગોવાળ જ્યારે દોરી પકડી ખેંચે છે તે વખતનું દૃશ્ય તમે જોયું છે? ગોવાળ ખૂબ જોર કરે છે, વાછરડું પણ બનતા બળથી માના તરફ દોડી જઈ તેને ધાવવા તલસે છે; પણ આખરે ગોવાળના બળ પાસે તેનું કાંઈ ચાલતું નથી. તે નિરાશ થાય છે, વ્યાકુળ થાય છે, ને માથી છૂટું પડવું પડે છે એટલે મરણતુલ્ય દશાની વેદના અનુભવે છે. ભક્તની પણ આ જ દશા થાય છે. ઈશ્વરમાં પ્રેમ થયા પછી, પોતાની ને વિશ્વની સાચી માને જાણ્યા પછી ભક્ત તેને મળવા તલપાપડ થઈ જાય છે. પ્રારબ્ધકર્મ કે કર્મસંસ્કાર તેને ઈશ્વરથી દૂર રાખે છે. છતાં ઈશ્વરના લગીર જેટલા વિરહ કે ક્ષણવારના પણ વિસ્મરણને ભક્ત સહી શકતો નથી! તેથી તે આકુળવ્યાકુળ થઈ જાય છે. ખરેખર, મા વિનાના બાળકની જેમ ભક્ત ઈશ્વર વિના બેચેન ને અસહાય બની જાય છે, ને પ્રેમ હોવા છતાં અસંતોષની આગ લઈ જગતમાં જીવવું જ પડે છે માટે જીવે છે.

તે જ વાછરડાને જો ગોવાળ છૂટું મુકી દે તો તે કેટલા અપાર પ્રેમ ને ઉત્સાહથી ગાયમાતા તરફ દોડે છે ને માતાને વળગી દૂધ પીવા માંડે છે! ત્યારે તેના મુખ પર સંતોષની કેવી છાયા ફરી વળે છે! એ તો જેણે જોયું હોય તેને જ ખબર પડે. ઈશ્વરના ભક્તો પણ ઈશ્વરને મળવા અનંત ઉત્સાહથી થાક કે વિશ્રામ વગર સાધના કરે છે, ને ઈશ્વરના પ્રેમમાં બીજું બધું જ ભુલી જઈ તન્મય બની જાય છે. આવા પ્રેમી ભક્તોને ઈશ્વર જરૂર મળે છે કેમ કે બાળકથી મા લાંબો વખત જુદી રહી શકતી નથી એ પ્રસિદ્ધ જ છે. સંસારમાં તે નિયમનો કદાચ ભંગ થાય તો પણ ઈશ્વરની સૃષ્ટિમાં તો તે નિયમ અફર જ છે. જ્યારે ભક્ત પોતાની મા જેવા ઈશ્વરને મેળવી લે છે ત્યારે તે કૃતકૃત્ય બની જાય છે: તેનાં બધાં જ દુઃખ દૂર થાય છે, ને ઈશ્વરની કૃપા દ્વારા તેનામાં ઈશ્વરી શક્તિઓનો પણ ઈચ્છાથી કે આપોઆપ ઉદય થાય છે.

આ પ્રેમ કે ઈશ્વર વિશેની સમજ વિનાની ભક્તિ થાય છે તે ભક્તિ જડ છે, અપૂર્ણ છે ને વ્યભિચારી. તેવી ધન કે કીર્તિની વાસનાવાળી, ધ્યેયહીન, ઈશ્વરથી દૂર ને દૂર પતનની ગર્તાને માર્ગે લઈ જનારી ભક્તિથી સાવધ રહેવું. તેને ભક્તિ જેવું પવિત્ર નામ પણ કેમ આપી શકાય?

☼ ☼ ☼ ☼ ☼

## ૨૪. સાચા ભક્તની દશા

કોઈને પ્રશ્ન થશે કે પ્રેમ કે ઈશ્વર વિશેની ચોક્કસ સમજ વિના ભક્તિ થઈ શકે? આ પ્રશ્નનો ઉત્તર હકારમાં જ આપવો પડશે. એટલે કે પરમ પ્રેમ કે અનુરાગ જાગ્યા વિના અથવા તો ઈશ્વરના મહિમાનું ચોક્કસ જ્ઞાન હૃદયમાં પ્રકટ્યા વિના પણ માણસ ઈશ્વરની ભક્તિ કરે છે પણ મારા અભિપ્રાય પ્રમાણે તેને ભક્તિ નહિ પણ ઉપાસના કહેવી જોઈએ. આવી ઉપાસનાનું ધ્યેય ધનપ્રાપ્તિ, સ્ત્રી, કીર્તિ કે એવા જ કોઈ સંસારી પદાર્થની ઉપલબ્ધિ વગેરે હોય છે. તેને ઈશ્વરપ્રાપ્તિના ધ્યેય સાથે વધારે લાગતું વળગતું નથી. આ ઉપાસનાની સિદ્ધિ વધારે ભાગે મંત્ર ને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન પર અવલંબે છે. કેવળ પ્રેમ પર તેનો આધાર રહેતો નથી. મંત્ર કે અનુષ્ઠાનની પ્રક્રિયામાં લેશ પણ ક્ષતિ થાય તો સિદ્ધિ મળી શકતી નથી. ભક્તિના આ સ્વરૂપને જ ગીતાએ આર્ત ને અર્થાર્થી ભક્તની ભક્તિ કરીને વર્ણવ્યું છે. જેમ કોઈ વેપારી સોદો કરતો હોય તેમ ભક્ત કે ઉપાસક દુન્વયી લાભ માટે ભક્તિ કે ઉપાસનાનો સોદો કરે છે. જો કે એ રીતે પણ ઈશ્વરને ભજવામાં કૈં ખોટું નથી. છતાં ઈશ્વરપ્રેમ વિનાની તેવી ઉપાસનાને મહાન પુરૂષોએ સાધારણ ભક્તિ કહી છે. આવા ઉપાસકો જીતેન્દ્રિય કે દૈવી સંપત્તિથી વિભૂષિત હોય જ છે એમ નથી. પ્રેમ કે ભક્તિ દ્વારા થતી ઈશ્વરપ્રાપ્તિની સાધનામાં હૃદયશુદ્ધિ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. એટલે સુધી કે તે વિના ઈશ્વરપ્રાપ્તિ થઈ શકે જ નહિ: પરંતુ ઉપાસના દ્વારા પ્રાપ્ત થતી સિદ્ધિ ક્રિયા કે મંત્રના બળ પર જ મુખ્યત્વે અવલંબે છે. આ જ કારણથી કેટલીક વાર ઉપાસકો ઉગ્ર સ્વભાવના કે તમોગુણી માલૂમ પડે છે. પણ ભક્તો સદાયે સત્વગુણી ને શાંત હોય છે. તમોગુણને દૂર કરી, રજોગુણને પણ વશ કરી, સત્વગુણમાં પ્રતિષ્ઠિત થયા વિના ઈશ્વર માટેનો અનન્ય પ્રેમ પ્રકટી શકતો નથી ને તે વિના ભક્તિની યાત્રા પૂરી થઈ ઈશ્વરદર્શન પણ થઈ શકતું નથી.

ભક્તના દિલમાં એક ઈશ્વર વિના બીજી કોઈયે વસ્તુને મેળવવાની લાલસા હોતી નથી. તેને જ માટે તે દિનરાત ઝંખ્યા કરે છે. અઢળક ધનના ભંડાર મળે, ખૂબ જમીન ને સારીયે સૃષ્ટિનું રાજ્ય મળે, દીર્ઘ કે અમર જીવન મળે, પૃથ્વીના પટ પર જે કદી સ્વપ્નમાં પણ જોવા ન મળે તેવી સુંદર જરા ને વ્યાધિથી રહિત અપ્સરા જેવી સ્ત્રી મળે, ને જે પણ કલ્પી ને સમજી ન શકાય તે ભોગપદાર્થ પણ પ્રાપ્ત થાય, છતાં પણ ભક્તના હૃદયની તરસ કદી છીપવાની નહીં: ઈશ્વરદર્શનની ભૂખ ને લાલસા મટવાની નહીં ને ઈશ્વર વિના ભક્તને શાંતિ મળવાની નહીં. દુન્વયી પ્રલોભનો ને સારાય સંસારના ભોગપદાર્થો પણ ભક્તને મોહમાં નાખી ઈશ્વરથી વિમુખ કરવા સમર્થ નથી. સંસારના વિનાશીપણાનો ને શરીરના અવશ્યંભાવિ મૃત્યુનો તેને દૃઢ નિશ્ચય થઈ ગયો હોય છે. તેની સાથે સાથે ઈશ્વરપ્રાપ્તિના ફળને પણ તે સારી પેઠે સમજતો હોય છે. એટલે તેનું અંતર ઈશ્વર માટે જ સદા તલસ્યા કરે છે. એમાં સંશય નથી.

આવો ભક્ત એક ઈશ્વરના જ રૂપને જોવા તલપાપડ બની જાય છે. સંસારના ગમે તેવા વાતાવરણમાં પણ તે ઈશ્વરને ભુલી શકાતો નથી. પ્રહ્લાદને રાજ્ય, ધન કે ઐશ્વર્યમાંથી કશાયની ક્યાં ખોટ હતી? મીરાં ક્યાં દરિદ્ર કે નિર્ધન હતી? પણ અંતરની શાંતિ માટેની તરસ છીપાવવાની શક્તિ રાજ્ય, ધન કે ઐશ્વર્યમાં નથી એ વાત તેમને સમજાઈ ગઈ હતી, ને તેથી જ તેમણે ઈશ્વરનાં ચરણોમાં પ્રીત બાંધી દીધી. સાચા ભક્તની વાત આવી જ હોય છે. 'ઈશ્વર ક્યારે મળશે ને કેવી રીતે મળશે' એ જ નાદ તેમના અંતરમાં

અખંડપણે ચાલતો હોય છે. તેના હૃદયના છૂપામાં છૂપા ખુણામાં પણ ઈશ્વર વિના કોઈ વસ્તુની કામના હોતી નથી. ઈશ્વરદર્શનની આ ચોક્કસ કસોટી છે. જ્યાં સુધી લૌકિક ઈચ્છા ને વાસના શેષ હોય ત્યાં સુધી ઈશ્વરદર્શન થવાની સંભાવના છે જ નહીં. કાળાં વાદળથી ઢંકાયેલો ચંદ્ર વાદળ ખસે નહીં ત્યાં લગી કેવી રીતે દેખાઈ શકે? તેવી જ રીતે કોઈ માણસે પોતાની આંખે પાટા બાંધ્યા હોય ને જગતને જોવા માગે તો કેવી રીતે જોવાય? આંખ આગળના પાટા પહેલાં દૂર કરવા જોઈએ. પછી જ જગતનું દર્શન થઈ શકે. તેવી જ રીતે મોહ, મમતા ને લૌકિક વાસનાના પાટાને દૂર કર્યા વિના પ્રિયતમ પ્રભુનાં દર્શન થઈ શકે નહીં.

ઈશ્વરદર્શન થયા પછી પોતાની કૃપાથી ઈશ્વર ગમે તેવાં વરદાન આપે અથવા ગમે તેવી કૃપા વરસાવી દે, પણ ભક્ત તો એક ઈશ્વરની જ આશા રાખી સાધના કરે છે. લૌકિક ઈચ્છાને બદલે બીજાનું મંગલ કરવાની ને એવી વ્યક્તિગત સાધનાસિદ્ધિની ઈચ્છા હોય તો તે ભક્તિના માર્ગમાં અંતરાયરૂપ બનતી નથી. એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે.

પરંતુ વેપારી ભક્ત કે ઉપાસકની વાત આથી જુદી છે. તે તો ધન કે પ્રતિષ્ઠા મેળવવા, રોગ કે દુઃખને દૂર કરવા કે એવી જ કોઈ ઈચ્છાથી પ્રેરાઈને ઉપાસના કરે છે. તે ઈચ્છા કોઈ રીતે પૂરી થતાં તેના ભાવતરંગ શમી જાય છે. ઈચ્છા પૂરી ના થાય તો કેટલીકવાર તે હતાશ ને નિરાશ પણ થઈ જાય છે, ને તેનો અતિરેક થતાં ઈશ્વર, ધર્મ ને ભક્તિ કે ઉપાસનામાંથી શ્રદ્ધા પણ ખોઈ બેસે છે. સાચા ભક્તને માટે આવું સ્વપ્ને પણ બનતું નથી. તેના દિલમાં તો ઈશ્વર માટેના પ્રેમ ને શ્રદ્ધાનાં અનંત ઝરણાં પ્રકટ થઈ વહી રહ્યાં હોય છે. અમર આશા ને સ્થિરતાથી તે વિભૂષિત હોય છે, ને દુઃખ પડે, સુખ આવે, રોગ કે કષ્ટ પડે કે દરિદ્ર ને નિર્ધન કે ધનિક બનવું પડે, તો પણ તે ઈશ્વરના સ્મરણને છોડી શકતો નથી. સર્વ કાળે ને સર્વસ્થળે તે ઈશ્વરને માટે જ મુગ્ધ ને ઈશ્વર પાછળ જ પાગલ થયો હોય છે.

માનવના જીવનમાં ઈશ્વરપ્રેમ કે ભક્તિનાં આ પાવન ઝરણાં ક્યારે પ્રકટશે? ઉચ્ચ ને ભવ્ય ભાવનાના તરંગથી તે ક્યારે શોભી ઊઠશે? ખરેખર, ઈશ્વરના પ્રેમ વિના જીવન પ્રશાંત નહિ બની શકે, ને ઈશ્વરદર્શન વિના પૂર્ણતા પણ નહિ મળે. માનવ, સમાજ, રાષ્ટ્ર કે સંસાર આ જેટલું વહેલું સમજીને ઈશ્વરપરાયણ બને તેટલું તેને માટે ઉપકારક થશે. સંસ્કૃતિ ને સુધારણાના ઉચ્ચોચ્ચ શિખરે તે પહોંચી જશે.

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય ૩ : ભક્તિની શ્રેષ્ઠતા/ભક્તિ ફળરૂપા છે

## ૨૫. ચાર સાધન

પૂર્ણતા અથવા પરમશાંતિની પ્રાપ્તિ માટે જ્ઞાન, યોગ, કર્મ ને ભક્તિ એવાં ચાર સાધન શાસ્ત્રો ને મહાપુરુષોએ બતાવ્યા છે. આ માર્ગો કે સાધનનો ટૂંકો વિચાર કરવાથી તે વિશે સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.

વિવેક ને વૈરાગ્યના ઉદય વિના આ ચારમાંથી એકે સાધન યથાર્થ આનંદ ને ફળ આપી શકતું નથી. વિવેક ને વૈરાગ્ય જાગ્યા પછી મન તેમ જ ઈન્દ્રિયોનો સંયમ જરૂરી બને છે. મન ને ઈન્દ્રિયોનો સાધારણ સંયમ પણ સધાતાં માનસિક સ્થિરતા ને પ્રસન્નતાની પ્રાપ્તિ થઈ જાય છે. આની સાથે સાથે બંધનોથી મુક્તિ મેળવવાની ને આત્મદર્શન કરી લેવાની તમન્ના જાગે છે. એને જ મુમુક્ષુત્વ કહે છે. આ પછી સાધકે કોઈ સદ્દગુરૂનો સંપર્ક સાધવાની જરૂર રહે છે. આ સદ્દગુરૂ આત્મદર્શન કરી બંધનથી મુક્ત થયેલા હોય તો વિશેષ લાભ થવાનો સંભવ રહે છે. માટે તેવા પૂર્ણ ને મુક્ત ગુરૂનો સમાગમ સાધવા સદાય પ્રયત્નશીલ રહેવું જોઈએ. આવા ગુરૂ દ્વારા આત્મવિષયક જ્ઞાનની પ્રાપ્તિ કરી તે જ્ઞાનમાં શ્રદ્ધા જગાવવી જોઈએ, ને તેટલેથી જ ના અટકતાં, તે જ્ઞાન ને જ્ઞાનના આદર્શ એવા આત્માના દર્શનાનુભવ માટે એકાંત ને શાંત સ્થાનમાં ધ્યાન પરાયણ થઈ સાધના કરવી જોઈએ. આ સાધનાની પરિપક્વતા થતાં સાધકને નિર્વિકલ્પ સમાધિનો અનુભવ થશે, ને તે વખતે પરમાત્મતત્વની અનુભૂતિ પણ થઈ જશે. આ અનુભવ દશા પછી જીવનમાં કદી ભેદભાવ, અજ્ઞાન, મમતા ને દુઃખ કે વિષયાસક્તિને સ્થાન નહિ રહે. સાધકને સર્વત્ર એક ઈશ્વરનું જ દર્શન થશે, ને જીવનમાં પૂર્ણ શાંતિ, અખંડ ને અનંત આનંદ ને પ્રેમનો પરમ પ્રવાહ ફરી વળશે. આ જ્ઞાન માર્ગની ટૂંકી સમીક્ષા છે.

પણ આ માર્ગમાં સદ્દગુરૂ મળવાનું કામ ખૂબ જ કપરૂં છે. અધિકાર જાગતાં તેવા ગુરૂની પ્રાપ્તિ થઈ જાય છે એ સાચું. બાકી ઈશ્વરકૃપા વિના તેવા ગુરૂ મળવા અત્યંત કઠિન છે. વળી જ્ઞાન દ્વારા પોતે પરમાત્મસ્વરૂપ છે એવો નિશ્ચિય સાધકને થઈ ગયા પછી પણ તેના પ્રત્યક્ષ અનુભવ માટે ધ્યાનાદિની કઠિન સાધના કરવી શેષ જ રહે છે. એટલે કરોડો શાસ્ત્રજ્ઞ પુરૂષોમાંથી અનુભવસંપન્ન બ્રહ્મદર્શી મહાપુરૂષ એકાદ બે જ થાય છે. બીજું આ કામ વૃદ્ધ, નિર્બળ કે રોગી માણસોનું નથી. જેની બુદ્ધિ મંદ હોય તે પણ આ માર્ગે વિકાસ કરી પોતાનો પ્રવાસ પૂરો કરી શકે નહીં.

યોગનો માર્ગ પણ એવો જ-બલ્કે એથીય વિશેષ જટિલ છે. યોગી યમ ને નિયમનું પહેલાં પાલન કરી સત્વગુણી બને છે. પછી ધ્યાનના સતત ને તીવ્ર અભ્યાસથી સમાધિ મેળવી તે અવસ્થામાં ઈશ્વરદર્શન કરે છે, અથવા પોતાના શુદ્ધ સચ્ચિદાનંદ સ્વરૂપ પુરૂષભાવમાં પ્રતિષ્ઠિત થાય છે. આ સાધના કરતાં કરતાં કે કરી રહ્યા પછી તેને વિવિધ પ્રકારની શક્તિની પ્રાપ્તિ થાય છે. તે સિદ્ધિ કહેવાય છે. યોગમાં પૂર્ણતા મળતાં સાધક સિદ્ધ બને છે. પ્રકૃતિ, મન ને શરીરનો સ્વામી બને છે. તેના ભય શોક ને ક્લેશ ટળી જાય છે, ને ઈશ્વર જેમ સર્વશક્તિમાન બની તે મૃત્યનો સ્વામી થઈ ઈચ્છાનુસાર સંસારમાં જીવે છે.

આ થઈ યોગની વાત. પણ આ સાધનાની યાત્રા પણ સરલ નથી. તેમાં ખાનપાન ને વ્યવહારના અનેક કઠિન નિયમો પાળવા પડે છે. વળી ઘણા જ લાંબા સમય સુધી-કેટલીક વાર તો વરસોનાં વરસો સુધી

કોઈ સિદ્ધ યોગી કે સદ્દગુરૂના શરણમાં રહી તેના પથદર્શન પ્રમાણે સાધના કરવી પડે છે. આ માર્ગમાં પણ વૃદ્ધ, નિર્બળ ને રોગી માણસો પ્રવેશ કરી શકતાં નથી. યોગનો આ માર્ગ જ્ઞાનના માર્ગ કરતાં પણ અત્યંત કષ્ટસાધ્ય છે.

આ પછી કર્મનો માર્ગ -કર્મયોગ. કર્મયોગી સાત્વિકતાની મૂર્તિ બની સંસારમાં કર્મ કરે છે. પણ કર્મમાં અહંભાવ કે કર્તાપણાનો ભાવ રાખતો નથી. આ ઉપરાંત તેના કર્મ રાગદ્વેષથી મુક્ત રહીને થતાં હોય છે. કર્મનાં સારાં કે માઠાં ફળથી તે માનસિક સ્થિરતા ને પ્રસન્નતા ગુમાવતો નથી. ને જગતમાં એક ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માગે છે. સાથે સાથે તે ઈશ્વરપરાયણતા પણ કેળવે છે. તે દૃઢ થતાં અથવા કર્મની સાથે ધ્યાનાદિનો આશ્રય લેતાં સાધક પર ઈશ્વરની કૃપા વરસે છે, ને તેને ઈશ્વરદર્શન થઈ જાય છે. આ માર્ગે સર્વ કોઈ જઈ શકે છે. પણ ઊંડા આત્મનિરીક્ષણ ને સતત જાગૃતિ વિના આ માર્ગની સાધના અપૂર્ણ જ રહી જાય છે. ધન ને કીર્તિ તેમ જ સ્ત્રીના મોહમાં ફસાયા વિના, લોકોની વાહવાહ કે નિંદાની પરવા કર્યા વિના આ બધાં સાધન કરવાં પડે છે, ને સિદ્ધિ ના મળે ત્યાં સુધી થાક ખાવા બેઠા વિના એકધારો પરિશ્રમ કરવો રહે છે.

આ સાથે જે ભક્તિ કે પ્રેમનો માર્ગ છે તેનું વિવેચન તો આપણે અહીં કરી રહ્યા જ છીએ. એટલે તે વિશે અહીં વિશેષ નહિં કહું તો ચાલશે. ભક્તિમાર્ગની સાધના દ્વારા માનવ ઈશ્વરનો પ્યારો બની ઈશ્વરદર્શન કરી લે છે ને કેવી રીતે પૂર્ણ ને મુક્ત થાય છે તે વાતનું વિવેચન આપણે અહીં જ કરી રહ્યા છીએ. આ ભક્તિનો માર્ગ ખૂબ સરળ છે. અધિકારની અપેક્ષા વિના બધા જ માનવો આ માર્ગે વિકાસ કરી શકે છે એ વાત મેં આગળ પર કહી જ છે. વધારામાં, ઈશ્વરના દર્શનની દ્રષ્ટિએ ભક્તને જેનો સ્પષ્ટ દર્શનાનુભવ થાય છે તેવો બીજા કોઈને થતો નથી. એટલે ભક્તિની મહત્તા વિશેષ છે એમ મહાપુરુષોનું કહેવું છે. તે કથન સંપૂર્ણપણે સાચું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૬. ભક્તિની શ્રેષ્ઠતા

જેમ દૂઝણી ગાયને ઘેર બાંધવાથી દૂધ મળે છે ને આંબાને રોપી તેનું સારી પેઠે રક્ષણ કરવાથી છેવટે કેરી પણ મળે છે; જેમ વૃક્ષની પાસે જવાથી તાપે તપેલા માણસને શાંતિ કે છાયાની પ્રાપ્તિ થાય છે, ને તરસ્યાને નદી મળવાથી તરસ છીપાવવાનું સાધન જલ પણ મળી રહે છે; તેમ ભક્તિને માર્ગે માણસ પ્રવાસ કરે એટલે જેને માટે તે ઝંખે છે તે પ્રેમરૂપી પયની તેને પ્રાપ્તિ થાય છે, ને છેવટે પ્રેમના પરિપૂર્ણ પ્રતીક એવા પરમેશ્વર પણ તેને મળી જાય છે. ભક્તિરૂપી વૃક્ષને માણસે પોતાના હૃદયઆંગણે રોપ્યું એટલે શાંતિરૂપી છાયા મેળવી લેવાની ઈશ્વર પાસેથી તેણે મંજૂરી મેળવી લીધી: તેના ત્રિતાપ હવે શમી જ જવાના એ નક્કી સમજી લેવું. ક્રિયાસિદ્ધિને શક્તિ ને યોગ્યતા પ્રમાણે થોડીઘણી વાર લાગે તો ભલે, પણ તે સફળ થઈ જશે એ ચોક્કસ છે. પ્રેમ અથવા ભક્તિની પાવન ગંગાને માર્ગે જે કોઈપણ વળે તેને તે ગંગા જરૂર મળવાની ને તેના દર્શન, સ્પર્શન ને આચમન કે સ્નાનથી તે કૃતકૃત્ય થઈ જવાનો એમાં સંદેહ નથી. ઈશ્વર સાથે સંબંધ બાંધવાનો વિચાર જે પણ કરે છે, તેનો બધો જ ભાર ઈશ્વર ઉપાડી લે છે, ને તે પ્રામાણિક ને સત્યશીલ હોય તો તેના માર્ગના અંતરાય દૂર કરી ઈશ્વર તેને પોતાનો પ્યારો પ્રેમી બનાવી દે છે.

ભક્ત ઈશ્વરના ચોક્કસ જ્ઞાન સાથે જ ભક્તિ શરૂ કરે છે, અથવા ભક્તિની વૃદ્ધિ થતાં ઈશ્વર સંબંધી જ્ઞાન પણ તેને મળતું જાય છે: એટલે ભક્તને જ્ઞાનપ્રાપ્તિ તો થાય છે જ. જ્ઞાન વિના તેને ચાલતું જ નથી; પણ તે જ્ઞાન ભક્તિ કરતાં કરતાં પ્રભુની કૃપાની પ્રસાદીરૂપે ભક્તના પવિત્ર થતા જતા હૃદયમાંથી આપોઆપ સ્ફુરે છે. તે જ્ઞાન માટે તેણે પુસ્તકો વાંચવા જ જોઈએ કે વ્યાકરણ ને શાસ્ત્રચર્ચામાં પારંગત થવું જ જોઈએ એમ નથી. ભક્ત લૌકિક રીતે ભલે નિરક્ષર હોય, પણ જે ઈશ્વર મૂંગાને પણ વાણી આપે છે તે ભક્તની અંદર જ્ઞાન બનીને પ્રકટ થાય છે, ને તેવા ભક્તની વાણી પંડિતોને પણ માર્ગદર્શક ને સૌને પ્રેરણાદાયી નીવડે છે. ભકતે ઈશ્વરદર્શન કર્યું હોય છે અથવા તો તે માર્ગે તે ચાક્કસ પ્રયાણ કરતો હોય છે, એટલે તેના હૃદયમાંથી જે ભાષા બહાર આવે છે તે અનુભવની ભાષા છે. ને વિચાર કરતાં સમજાશે કે શાસ્ત્ર એ મહાપુરુષોની અનુભવની ભાષા જ છે. અનુભવી મહાપુરુષ એટલા માટે જ જીવંત શાસ્ત્ર છે ને તે જે કહે છે તે યથાર્થ હોઈ વેદવાક્ય બરાબર થઈ જાય છે.

ઈશ્વરના સ્મરણમનનમાં ભક્ત મસ્ત બની જાય, 'મા'થી છૂટું પડેલું બાળક 'મા'ને માટે રડે તેમ ઈશ્વરને માટે ભક્ત આક્રંદ કરે, એટલે તેના ચિત્તમાં એક ઈશ્વર વિના કંઈ જ બાકી રહેતું નથી. તેના ચિત્તની બધી જ વૃત્તિ એકાગ્ર ને એકાકાર થઈને એક ઈશ્વર તરફ જ વહેવા માંડે છે. પછી તો ઈશ્વરનું સાક્ષાત દર્શન થતાં ભક્ત ઈશ્વરના મનમોહન મંગલ રૂપને જોઈ મુગ્ધ બની જાય છે, ને આનંદના અતિરેકમાં તે નથી તો બોલી શકતો, નથી ચાલી શકતો. શરીરનું ભાન પણ આ દશામાં ભક્ત કેટલીકવાર ભુલી જાય છે. યોગની છેલ્લી દશા સમાધિ આમ ભક્તને ભક્તિ દ્વારા આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. તે માટે તેને પ્રાણાયામ ને મુદ્રાની કઠોર કસરત કરવાની જરૂર રહેતી નથી. ભક્ત પ્રેમની પરાકાષ્ટાએ પહોંચી ભગવાનની કૃપાથી ભગવાન સાથે યોગ સાધે છે ને પોતે ઈશ્વરથી અભિન્ન છે એમ અનુભવે છે. જ્ઞાન ને યોગના અંતિમ આદર્શ આ પ્રમાણે ભક્તને કેવળ ભક્તિની સાધનાથી પ્રાપ્ત થઈ જાય છે. શ્વાસોશ્વાસે ભક્ત ઈશ્વરના નામને જપે છે

ને મનને તે જપમાં જોડે છે. આ ભક્તનો પ્રાણાયામ છે. મનની ચંચલ વૃત્તિ જે સંસારના પદાર્થોમાં જ દોડવા ને રમવા ટેવાયેલી છે તેને સંયમમાં લાવી, પાછી વાળી, ભક્ત ઈશ્વરના સ્મરણ ને ધ્યાનમાં જોડવા કોશીશ કરે છે; એ ભક્તનો પ્રત્યાહાર છે, ને શુદ્ધ મનથી ખાતાંપીતાં સુતાં, ઉઠતાં કે બેસતાં સર્વ અવસ્થામાં ભક્ત ઈશ્વરને ભુલતો નથી. જેમ પ્રવાસે નીકળેલો લોભિયો પ્રવાસમાં પણ ક્યાંથી ધન મળશે એ જ વિચારમાં મસ્ત રહે છે, ને નવા નવા ઉપાય યોજી ધન ભેગું કરે છે; ધન પ્રાપ્ત કરવાનો એકપણ અવસર તે ચૂકતો નથી, તેમ ભક્ત પણ ઈશ્વરપ્રેમનું ધન ભેગું કરવાનું કદી ચૂકતો નથી, તેના શરીરને ગમે ત્યાં મૂકો, તેનું મન તો સદા ઈશ્વરમાં જ રમ્યા કરે છે. આ તેનું ધ્યાન છે. જ્ઞાનમાર્ગનું મનન ને નિદિધ્યાસન પણ આમાં સમાઈ જાય છે.

એટલે યોગ કે જ્ઞાનની લેશ પણ ચિંતા કર્યા વિના ભક્ત તો ભક્તિમાં જ મશગુલ રહે છે. જેમ કામધેનુને સેવવાથી બધી જ ઈચ્છા પૂરી થાય છે તેમ ભક્તિનું સેવન કરવાથી બધી જ સાધનાનાં ફળ આપોઆપ મળી જાય છે. પ્રભુનો પરમ પ્રેમ તો એક વિરાટ સાગર સમાન છે, ને તેમાં જ્ઞાન, યોગ ને કર્મ કે ઉપાસનાનાં નાનાંમોટાં અનેક મોજાં-નદી ને નાળાં સમાઈ જાય છે. આ વિચારીને ભક્તે તો ભક્તિમાં જ મનને જોડી દેવું. ઈશ્વરના દર્શન માટે જ તેણે તો તલપાપડ થઈ જવું. એથી બધા જ હેતુ સરી રહેશે. ભક્તિરૂપી વૃક્ષને રોપવાથી ને ઉછેરવાથી બધી જ જાતના ફળ મળી રહે છે. ભક્તિનો એવો મહિમા છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૭. ભક્તિની વિશેષતા

જ્ઞાન કે યોગના માર્ગ પણ મહાન છે તેની ના પાડી શકાય તેમ નથી. પરંતુ તે માર્ગે આગળ વધનાર સાધકોને પોતાની મેળે જ આગળ વધવું પડે છે. પોતાની શક્તિ પર આધાર રાખી તે વિકાસ કરે છે, એટલે કેટલીય વાર તેવા સાધકોમાં અભિમાન વ્યક્તિપૂજાની અથવા પોતે પુજાવાની ભાવના પણ આવી જાય છે. તેમાં યે જ્ઞાની તો પોતે ઈશ્વરથી અભિન્ન-અરે ઈશ્વર જ છે એ વિચારની આસપાસ પોતાની ચિત્તવૃત્તિને કેન્દ્રિત કરે છે. એટલે સંપૂર્ણ હૃદયશુદ્ધિ વિના અહંભાવને દૂર કરવાનું કામ તેને માટે કઠિન થઈ જાય છે. યોગીને પણ સાધનાની વિકાસ દશામાં લાંબે ગાળે સિદ્ધિ કે વિભૂતિની પ્રાપ્તિ થાય છે, ત્યારે બહુ થોડા અધિકારી યોગી તે સિદ્ધિઓથી ચંચલ ને મોહવશ થયા વિના પોતાની સાધના ચાલુ રાખી શકે છે. બીજા તો સિદ્ધિથી ચલિત ને અભિમાની થઈ લૌકિક સુખ ને ઐશ્વર્યની ઈચ્છાથી સિદ્ધિના પ્રદર્શન ને ઉપયોગમાં જ લાગી જાય છે, ને પરમાત્વતત્વની સાથે યોગ સાધવાની મહત્વની વાત ભુલી જાય છે. જ્ઞાન ને યોગનાં આ ભયસ્થાન છે, ને અસાવધ સાધકને માટે તેના શિકાર થવાનો સંભવ વિશેષ રહે છે.

ભક્તને માટે આ ભય નથી. અલબત્ત, ભક્તિને નામે જે વેપાર કરનારા છે તેમને ભક્તના પવિત્ર નામથી સંબોધી શકાય જ નહીં. ભક્ત તો એક ઈશ્વરને જ ભજે છે. ઈશ્વર પ્રાપ્તિ એ જ તેના જીવનનો આદર્શ છે. ને તેને જ સિદ્ધ કરવા તે કર્મ કર્યા કરે છે. આવા ભક્તે ઈશ્વરને સર્વસર્મપણ કર્યું હોય છે; એટલે કે એક ઈશ્વર પર જ વિશ્વાસ રાખી, એક ઈશ્વરને જ પોતાનો માની, તન ને મનથી એક ઈશ્વરની જ ઉપાસના કે આરાધના તે કર્યા કરે છે. જેમ સારી પેઠે ચાલતાં ના શીખેલા બાળકનો બધો જ આધાર પોતાની મા પર હોય છે, ને જ્યાં જવું હોય ત્યાં 'મા' જ તેને તેડી કે આંગળી પકડીને લઈ જાય છે: જેમ તેને ભૂખતરસ લાગતાં 'મા' તેની ઈચ્છા સમજી લઈ તેને તરત પૂરી કરે છે; વળી ન્હવડાવે છે, વસ્ત્રો પણ પહેરાવે છે, ને યોગ્ય સમયે સુવડાવી પણ દે છે; એટલે કે બાળકનો બધો જ ભાર જેમ 'મા' ઉપાડી લે છે ને 'મા' જ તેની સંભાળ રાખે છે, તેમ ઈશ્વરને સર્વસર્મપણ કરીને એક ઈશ્વરના જ થઈ ચુકેલા ભક્તની બધી જ સંભાળ એક ઈશ્વર જ રાખે છે. તેના જીવનનો ભાર ઈશ્વર પોતાની જુગજૂની પ્રતિજ્ઞા પ્રમાણે આપોઆપ ઉપાડી લે છે. ભક્તના શરીરની જ નહિ, પણ તેની રક્ષાની ને તેના પતન કે વિકાસની ચિંતા પણ ઈશ્વર પોતે જ રાખે છે. સંસારના ઘોર જંગલમાં પ્રવાસે નીકળેલા ભક્તને સંસારને પાર કરી ગંતવ્ય સ્થાને પહોંચી પરમ શાંતિ ને મુક્તિ મેળવી લેવાના કામમાં ઈશ્વર જ મદદ કરે છે. એટલે ભક્તને પતન કે પ્રલોભનમાં પડવાનો ભય રહેતો જ નથી. તેની બધી જ સાધના પોતાની શક્તિ પર નહીં પરંતુ ઈશ્વરરૂપી 'મા'ની શક્તિ પર જ આધાર રાખીને થયા કરે છે.

આ દશામાં ભક્તને માટે અભિમાનને સ્થાન જ ક્યાં છે? અભિમાનને તદ્દન નિર્મૂળ કર્યા વિના મનની પૃથ્વીનો પાયો પત્થર જેવો પાકો ને સખત રહી જાય છે. આવા પાયા પર ઈશ્વરના પવિત્ર પ્રેમની ઈમારત સ્વપ્નમાં પણ થઈ શકતી નથી. આ વસ્તુ સાચી છે. ને તેથી જ ભક્તિમાર્ગમાં શરૂઆતથી જ અભિમાનને દૂર કરવાની સાધના શીખવવામાં આવે છે. એટલા માટે જ ભક્ત શરૂઆતથી જ પ્રાર્થના, ઈશ્વરપરાયણતા ને ઈશ્વરના સ્મરણનો આશ્રય લે છે. સંકટ કે દુ:ખ ને અંધકાર કે નિરાશાની સહાયતાની યાચના કરે છે. ઈશ્વરની

સહાયતા તેને મળે છે પણ ખરી, ને તેથી જ શક્તિશાળી બની સંસારની યાત્રામાં તે આગળ ને આગળ વધતો જાય છે. જે થાય છે તે ઈશ્વરની ઈચ્છાશક્તિથી જ થાય છે એવી ભક્તની દ્રઢ માન્યતા હોય છે. હે ઈશ્વર, મારી નહિ પણ તારી ઈચ્છા જ સફળ થજો એવી ભાવના ભક્તના દિલમાં ભરી હોય છે. અહંકારના સ્થાને 'તું તું'નો ધ્વનિ તેની રગરગમાં ચાલી રહ્યો હોય છે. તેનુ હૃદય ઘમંડ, દંભ, પાખંડ કે કપટથી રહિત ફૂલ જેવું કોમલ ને નમ્ર હોય છે. કલકલ સ્વરે વહેતા પાણીના રેલા જેવું તેનું જીવન સંપૂર્ણ પ્રેમ, આનંદ ને નમ્રતા ધારણ કરી ઈશ્વરની દિશામાં સદા વહ્યા જ કરે છે. આવો ભક્ત પોતે ભક્ત છે, ઈશ્વરનો મહાન પ્રેમી છે, એ વાતનો ગર્વ કદી કરતો નથી. ઈશ્વરના પ્રેમી થવામાં ગર્વ કેવો? તેમાં કયું મોટું કામ કરી નાખ્યું? તે તો માનવની મોટી ફરજ છે. તે ફરજના પાલનમાં ગર્વને બદલે નમ્ર આનંદ જ હોય. સંપૂર્ણ નમ્ર બની જ્યાં સુધી ઈશ્વરની પૂર્ણ કૃપા નથી થતી, ઈશ્વરની રૂપમયી મૂર્તિ જ્યાં સુધી સાક્ષાત્ નથી થતી, ત્યાં સુધી ભક્ત પોતાને પછાત જ માને છે, ને એકધારો પુરૂષાર્થ કર્યા કરે છે.

આનો અર્થ એમ નથી કે ભક્ત કાંઈ સ્વતંત્ર પુરુષાર્થ જ નથી કરતો. પુરુષાર્થ કરવાની શક્તિ ને બુદ્ધિ ઈશ્વર જ આપે છે એમ માનીને તે ઈશ્વરના હાથમાં પોતાને હથિયાર સમજી કાર્ય કરે છે. અધમતાના વિચારોથી તે હતવીર્ય થઈ જાય છે એમ પણ નથી, તેના વિચાર ઉત્સાહપ્રેરક, ઉચ્ચ ને મહાન હોય છે. ઈશ્વરપ્રેમના પાત્ર બનવામાં રહેલું સદભાગ્ય તે સારી પેઠે સમજે છે. છતાં તેવી સમજણથી તે અવિવેકી કે મોહાંધ થઈ જતો નથી. નમ્રભાવે પોતાના સદ્દભાગ્યને માટે પ્રસન્ન થતો તે જગતમાં બધે જ રહેલા ઈશ્વરને મેળવી લેવા તલપાપડ બની જાય છે.

આવો નમ્ર ભક્ત ઈશ્વરને સૌથી પ્રિય ના હોય એ બને જ કેમ? ફૂલ કોને પ્રિય નથી? મધની મીઠાશ ને સરિતાના સૌંદર્યથી કોનું મન મોહિત નથી થતું? મોરની કલા જોઈને નાનાંનાનાં પંખીના પ્રભાતકાલીન અવાજ સાંભળી કોણ હરખે નથી માતું? અને એવો પિતા પણ જગતમાં ઘેરઘેર છે જે પોતાના બાળકના પ્રેમને જોઈને તેમને પ્રેમ ના કરે? ઈશ્વર તો સારાયે સંસારની માતા છે, એવી માતા તો સંસારમાં નથી જ. 'મા'ના પ્રેમને તો સૌ કોઈ જાણે જ છે.

નમ્રતા ધારણ કરી, દુઃખ કે સુખ, સંકટ કે સલામતીના કોઈયે સમયે ભક્ત ઈશ્વરને પુકાર કરે છે એટલે ઈશ્વર તેની વહારે તરત દોડે છે એ નિયમ જ છે. દ્રૌપદીના ચીર ખેંચવામાં આવ્યાં ત્યારે ને ગજેન્દ્રના પગને મગરે પકડી લીધો ત્યારે, નરસૈંયા ને મીરાંની પ્રાર્થના વખતે ને એવા બીજા અનેક અવસરોએ પ્રભુએ તેમને મદદ કરી છે એ સૌ જાણે જ છે. આજે પણ જીવનમાં ઈશ્વરકૃપાનો ભેખ લઈ, ઈશ્વરપ્રેમને માર્ગે જે બડભાગી માણસો ચાલી રહ્યા છે, તેમને પણ ઈશ્વરની સહાયતા સમય પર જરૂર મળ્યા કરે છે એમાં સંદેહ નથી. માટે હે માનવ, સંકટ કે દુઃખથી ડર્યા વિના ઈશ્વરપરાયણ બન ને ઈશ્વરની સહાયતા મેળવી કૃતાર્થ થા એમ અનુભવી મહાપુરુષો આપણને કહી રહ્યા છે. તેમનાં વચનો સાંભળી, સમજી જીવનમાં ઉતારીશું તો સાચો આનંદ જરૂર મળશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૮. ભક્તનું જ્ઞાન

ભક્તિ કેવી રીતે જાગે છે? પરમાત્મામાં પરમપ્રેમ કયા સાધનથી જાગી ઉઠે છે? આ વિશે વિદ્વાનોમાં વિવિધ વિચાર કે અભિપ્રાય પ્રવર્તે છે. આ સંબંધમાં ટૂંકમાં એમ સમજવાનું છે કે જેને જે રીતે વિકાસ કરવાથી ભક્તિની પ્રાપ્તિ થઈ તેણે તે રીત પર સૌથી વધારે ભાર મૂક્યો છે, ને ભક્તિની પ્રાપ્તિ માટે તેને સૌથી મહત્વની માની છે. આવી કેટલીક વિચારધારાઓમાં એક વિચારસરણી એવી પણ છે કે જ્ઞાનથી જ ભક્તિ પ્રગટે છે.

આ વિચારસરણીનો બરાબર અભ્યાસ કરતાં એટલું તો જરૂર જણાઈ આવે છે કે ઈશ્વરપ્રાપ્તિ કરવાથી જે મહાન લાભ થવાનો છે તેના સમ્યક જ્ઞાન વિના કે ઈશ્વરની સાધારણ પણ સમજ વિના ભક્તિરસની જાગૃતિ તદ્દન અશક્ય છે. આ ઉપરાંત સંસારના વિનાશી પદાર્થોમાંથી મન ઉપરામ પામીને ઈશ્વરના ચરણોમાં જોડાય નહિ ત્યાં સુધી ભક્તિ થઈ એમ ના ગણાય. એટલે સંસારને બદલે ઈશ્વરને પોતાના ગણી પ્રેમ કરવા સંસારની અસારતાનું જ્ઞાન હોવું પણ જરૂરી છે. આવા જ્ઞાન વિના કોઈ ઈશ્વરસ્મરણને માર્ગે વળે તો પણ સંસારની મોહઆસક્તિ પૂરેપૂરી તૂટી શકવાની નહીં. મોહમય વાતાવરણમાં પડતાં માણસ ઈશ્વરને બદલે સ્ત્રી કે ધનને જ ભજવા માંડવાનો; ને એ રીતે ઈશ્વરનાં ચરણોમાં પ્રીત કરી તે સાચા અર્થમાં ભક્ત બની શકવાનો નહીં. વળી ભક્તિ શાને માટે છે તેનું એટલે કે ભક્તિના ઉદ્દેશનું જ્ઞાન જેને ના હોય તે માણસ ભક્તિના આત્મા પ્રેમને પહોંચવાનો પ્રયાસ કરવાને બદલે કેટલીક વાર જીવનભર ભક્તિનાં ઉપલકિયાં ગૌણ સાધનોમાં જ ઈતિકર્તવ્યતા માની અટકી પડે છે, ને જપ, કથાવાચન ને શ્રવણ કે સેવાપૂજાની વિધિમાં જ સંતોષ માની બેસી રહે છે.

એથી ઉલટું, જે માણસ એમ સમજે છે કે જપ, કથાકીર્તન ને સેવાપૂજા જેવા સર્વ સાધન હૃદયને પવિત્ર કરી, તેમાં ઈશ્વરનો પરમ પ્રેમ પ્રકટાવી, ઈશ્વરને માટે વ્યાકુળ થવા કે અધીરા બનવા ને ઝંખવા માટે છે, તે તો બાહ્ય સાધનોમાં ઈતિશ્રી માની બેસી રહેવાને બદલે ઈશ્વરને માટે પાગલ બનવા તરફ જ વધારે ધ્યાન આપશે: ને સાધનાને માર્ગે સહીસલામત રીતે પોતાના રથને આગળ ધકેલી ઈશ્વરદર્શનનો અલૌકિક આનંદ પણ મેળવી લેશે. જીવનમાં ગમે તેવાં પ્રલોભનો આવે તો પણ જ્ઞાની ને સદાયે સાવધાન રહેનારો સાધક લલચાશે કે પથચ્યુત થશે નહીં, ને ભયસ્થાનોમાં ના ફસાતાં પોતાની યાત્રા ચાલુ રાખશે. ઈશ્વરને માટે ગમે તેવી તપશ્ચર્યા પણ તે કરશે, ગમે તેવું કષ્ટ સહેવા પણ તૈયાર રહેશે, ને ગમે તેટલા લાંબા વખત લગી પણ ઈશ્વરને પ્રસન્ન કરવા દૃઢ ને પ્રખર પુરુષાર્થ કર્યા કરશે, કેમ કે તે સમજે છે કે ઈશ્વરના સુમધુર રૂપને જોવાનો અદ્દભુત અવસર આવતાં તેનું જીવન ધન્ય બની જશે; શાંતિ ને ધન્યતા કે આનંદનો પાર નહિ રહે ને તેનાં બધાં જ કષ્ટ ને બધી જ યાતના કે વેદનાનો સુખદ અંત આવી જશે. સુખદ ને ઉજ્જવલ ભાવિનો આ વિચાર જ ભક્તને દીર્ઘકાલ લગી ગમે તેવી સખત સાધના શાંતિ ને પ્રસન્નતા કે ઉત્સાહપૂર્વક કરવાનું બળ આપે છે.

એટલે ભક્તને માટે આવા જ્ઞાનની જરૂર તો છે જ. અલબત્ત, કેટલીક વાર તે ભક્તિ કરતાં કરતાં વધવા માંડે છે. છતાં જ્ઞાનનો અર્થ જુદાં જુદાં શાસ્ત્રો ને ભાષાનું જ્ઞાન એવો કોઈ કરતું હોય ને કહેતું હોય કે

તેવા જ્ઞાન વિના ભક્તિ થઈ શકે નહીં, તો તેવા માણસોને મારો એ જ જવાબ છે કે શાસ્ત્ર ને ભાષાના જ્ઞાનની ઈશ્વરપ્રેમ જગાડવામાં જરૂર પડે જ છે એમ નથી. ભક્ત શાસ્ત્ર કે ભાષાના જ્ઞાન વિના પણ ઈશ્વર સાથે પ્રીત બાંધી સફળ થઈ શકે છે. શાસ્ત્ર કે ભાષાનું જ્ઞાન ભેગું કરીને ભક્તે કાંઈ પંડિત બનવું નથી. તે તો ઈશ્વરના ચરણોની રજ થવા માગે છે. લૌકિક જ્ઞાનને અળગું કરી, ઈશ્વરપ્રેમની ભૂખ જગાવી, ઈશ્વરની કૃપા મેળવવા તત્પર થવામાં જ ભક્તનો આનંદ છે, પુરૂષાર્થ છે. તે પુરૂષાર્થ સિદ્ધ થાય એટલે ભક્તનું કામ સહેલું બને છે. પછી ભલે ને તે પોતાનું નામ પણ લખી જાણતો ના હોય કે શાસ્ત્રના અભ્યાસથી તદ્દન રહિત હોય.

શાસ્ત્રનો સાર શું છે? મનુષ્ય શરીર ખૂબ કીમતી છે ને તે દ્વારા ઈશ્વરની પ્રાપ્તિ કરી વહેલામાં વહેલી તકે પૂર્ણ ને મુક્ત બની જવું ને પોતાની રહીસહી શક્તિ બીજાના મંગલ માટે કામે લગાડી દેવી એમ શાસ્ત્રો શીખવે છે. શાસ્ત્રોનો એ સાર સમજી લઈ ભક્ત એક ઈશ્વરમાં જ મન જોડે છે ને પ્રીતિ કરી લે છે. ઈશ્વરના નામમાં તે તન્મય બને છે. ઈશ્વરના રૂપના ધ્યાનમાં બધું ય ભુલી એકાગ્ર બને છે. આ જ ભક્તનું જ્ઞાન છે. જ્ઞાનનો આ સાર કે અર્ક તેણે જીવનમાં ઉતાર્યો હોય છે. બીજા બાહ્ય જ્ઞાનની તેને જરૂર નથી. તે તરફ તે ધ્યાન આપે તો પણ ભલે; ના આપે તો પણ ભલે. તેમાં તેને કંઈ મેળવવાનું કે ગુમાવવાનું નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૨૯. બીજી વિચારસરણી

હવે એક બીજા અભિપ્રાયનો વિચાર કરીએ. ભક્તિ વિશે એક બીજી વિચારસરણી એવી છે કે ભક્તિ ને જ્ઞાન એકમેકનાં પૂરક છે.

એટલું તો સાચું છે કે જે તદ્દન અજ્ઞાની ને જડ હોય, વાસના ને વિકાર ને અભિમાનથી અલંકૃત હોય, તેમના દિલમાં ઈશ્વરનો અલૌકિક પ્રેમ જાગી શકતો નથી. સંસારના આકર્ષણ ને વિષયરસથી મલિન થયેલા મનમાં ઈશ્વરની ભુખ જાગવી અત્યંત મુશ્કેલ છે. સંસારના બધા પદાર્થો ભેગા મળીને પણ માનવને પૂર્ણ શાંતિ ને મુક્તિ આપી શકે તેમ નથી એ જ્ઞાન પ્રકટે એટલે માનવ ઈશ્વરને મેળવવાનો નિશ્ચય કરે છે.

ભક્તને માટે ઈશ્વરને મેળવવાના નિશ્ચયનું મહત્વ ઘણું છે. ઈશ્વરને મેળવવાનો નિશ્ચય કર્યા પછી તેના સાધનરૂપ જે ભક્તિ થાય તે જ ભક્તિ સાચી ભક્તિ છે. ભક્તિ કેવળ જડ ક્રિયા નથીઃ સૂકી ઉપાસના કે અર્થ વિનાની આરાધના નથી. તે તો ઈશ્વરને પ્રસન્ન કરવા માટેનો પુરૂષાર્થ છે. તે પુરૂષાર્થ કરનાર ભક્ત ઈશ્વરને તન ને મનથી વરી ચૂક્યો હોય છે. ઈશ્વરની અખંડ આરાધનામાં તે મગ્ન હોય છે. ઈશ્વરના પ્રેમથી તેના હૃદયપ્રદેશમાં આનંદ ને શાંતિ ને નવજીવનની પ્રેરણાના પ્રવાહ વહી રહ્યા હોય છે. જે ભક્તિ જપ કીર્તન જેવી બાહ્ય ક્રિયા પર જ આધાર રાખે છે, ને હૃદયશુદ્ધિ, ઈશ્વરપ્રેમ, ઈશ્વરને માટેનો તનમનાટ કે વ્યાકુળતા તેમજ ઈશ્વરદર્શનને સિદ્ધ કરવા પુરુષાર્થ કરતી નથી, તે ભક્તિ બાહ્યરૂપથી ગમે તેવી આકર્ષક ને સુંદર લાગે, છતાં તે પામર ભક્તિ છે. તે લોકરંજન કરી શકે, વાહવાહ પણ મેળવી આપે, પણ મુક્તિ કે ઈશ્વરકૃપાનો ઈજારો મેળવી આપી પરમશાંતિની ઝંખનાને મટાડી શકે નહીં. ટૂંકમાં, એથી માનવનું પારમાર્થિક કલ્યાણ થવું મુશ્કેલ છે. એટલે ભક્તિ ઈશ્વરપ્રાપ્તિના ચોક્કસ હેતુ માટે જ થવી જોઈએ એમ અનુભવી ભક્તોનું કહેવું છે.

એકલું જ્ઞાન પણ શું કામનું? રસોઈ સંબંધી બધું જ્ઞાન હોય પણ તે જ્ઞાનનો અમલ કરી રસોઈ કરવામાં ને જમવામાં ના આવે ત્યાં સુધી ભૂખ ભાંગે નહીં. ઈશ્વરવિષયક જ્ઞાનનું પણ તેવું જ છે. જે જ્ઞાન કેવળ વાણીનો જ વિલાસ થઈ શોભે છે, ચર્ચા ઉપદેશ ને વ્યાખ્યાનના જ કામમાં આવે છે, પણ ઈશ્વરની પ્રાપ્તિ કરાવતું નથી તે આડંબરી ને સૂકા જ્ઞાનથી મુક્તિ ને પૂર્ણતા માટેની માનવની ભૂખ કદાપી શમતી નથી. ઈશ્વરના પ્રેમને જગાવી પ્રેમની પાવન ગંગામાં જે સ્નાન કરાવે, હૃદયના મળને ધોઈ કાઢી શુદ્ધ હૃદયમાં ઈશ્વરપ્રેમની પ્રતિષ્ઠા કરી જે ઈશ્વરની કૃપાને વરસાવી આપે, ને છેવટે જે ઈશ્વરની સાથે હસ્તમેળાપ કરાવી દઈ જીવ ને શિવની સાચી એકતા કરી દે, તે જ્ઞાન જ સાચું જ્ઞાન છે. આવું જ્ઞાન ભક્તિનું વિરોધી હોઈ શકે જ નહીં. જ્ઞાન તો ઈશ્વરના પરમ પ્રેમનું સંતાન છે. ઉપરાંત ઈશ્વરના ચરણોમાં પ્રેમ થવામાં જ્ઞાન મદદ પણ કરે છે. તેવું જ જ્ઞાન માનવને તારી શકે ને બંધનમુક્ત પણ કરી દે છે.

આમ જ્ઞાન ને ભક્તિ પરસ્પર વિરોધી નથી. બંનેનું કામ માનવને પૂર્ણતા, શાંતિ ને મુક્તિ આપવાનું છે. માનવને ઈશ્વર પાસે લઈ જવામાં બંને મદદરૂપ થાય છે. માટે તેમાંથી એકે સાધન તરફ ડાહ્યા માણસોએ ઉપેક્ષાની નજરે ના જોવું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૦. ભક્તિ ભક્તિથી જ મળે છે

પ્રેમભક્તિના અનુભવસંપન્ન મહાન ઋષિ તરીકે દેવર્ષિ નારદજી પ્રસિદ્ધ છે. ભક્તિમાર્ગના તે કેવળ આચાર્ય છે એમ જ નથી, પણ પ્રેમ કે ભક્તિની પ્રતિમા બની તેમણે ઈશ્વરદર્શન કર્યું છે એ તેમની વિશેષતા છે. નિત્યમુક્ત ને મૃત્યુંજય બની આજે પણ તે સંસારમાં વિચરે છે ને અધિકારી સાધકોને સમયસર પર દર્શન દે છે એમ કહેવાય છે. હાથમાં વીણા લઈ, ઈશ્વરનું અખંડ નામસ્મરણ કરતા, ઈશ્વરી પ્રેમમાં મસ્ત ને તન્મય બની પૃથ્વીને પાવન કરતા, ત્રિલોકને તારવાની શક્તિ રાખતા નારદજી સ્વેચ્છા પ્રમાણે પૃથ્વીમાં ફરે છે. ઈશ્વરના પ્રેમ વિના ઈશ્વરી ભાવસરિતાના સતત સ્નાન વિના બીજો કોઈ વ્યવસાય કે રસ તેમના જીવનમાં છે જ નહીં. ઈશ્વર જ તેમના પ્રિયતમ, પ્રાણ સર્વકાંઈ છે. એક રીતે કહીએ તો જીવભાવમાંથી શિવભાવને મેળવી ચૂકેલા તે જીવંત ઈશ્વર જ છે. તેમનું દર્શન, સ્પર્શન ને વચન જીવનને પ્રેરણા પાનારું, પલટાવી નાખનારું ને પવિત્ર તેમજ પ્રભુપરાયણ કરવાનું સામર્થ્ય રાખે છે. ધ્રુવના ઉપદેશક ગુરૂ તરીકે, વાલ્મિકીના આધ્યાત્મિક જન્મદાતા પિતા તરીકે ને વ્યાસને પરમશાંતિનો રાહ બતાવનાર મહાપુરૂષ તરીકે ને એમ અનેક રીતે નારદજી પ્રસિદ્ધ છે. દેવતા પણ તેમને માન આપે છે ને દાનવ પણ તેમને સત્કારી તેમના ઉપદેશને સાંભળે છે. સામાન્ય માનવ, ભક્ત, યોગી, જ્ઞાની ને રાજાઓ પણ તેમને અત્યંત પૂજ્યબુદ્ધિ ને આદરભાવથી જુએ છે. આવો છે તેમનો મહિમા. આ દેવર્ષિએ ભક્તિનાં પોતાનાં અનુભવવચન સૂત્રરૂપે સંસારને વારસામાં આપ્યાં. એ નારદજીનો અભિપ્રાય ભક્તિ વિશે જાણવા જેવો છે.

નારદજી કહે છે કે ભક્તિની પ્રાપ્તિ ભક્તિથી જ થાય છે. ઈશ્વરપ્રેમ કે ભક્તિનું બીજું કોઈ જ સાધન નથી. એટલે માણસે બીજાં બધાં જ સાધન છોડીને એક ભક્તિમાં જ મન પરોવી દેવું જોઈએ. જેમ આંબાનો ગોટલો જમીનમાં ઉગાડીએ તેમાંથી કાળક્રમે કેરી મળે છે-કેળાંની આશા તેમાંથી રાખવી વ્યર્થ છે, તેમ ભક્તિનું બીજ જે પોતાના અંતરમાં વાવી દે છે, ને પ્રભુના નિરંતર નામસ્મરણના જલથી જે તેને સીંચ્યા કરે છે, તેમજ સંયમ ને શુદ્ધિની તેની આસપાસ વાડ કરી જે ધીરજ, ખંત ને હિંમત રાખી પુરુષાર્થ કરે છે, તેને તેમાંથી પરમપ્રેમ કે પરાભક્તિની પ્રાપ્તિ પણ થઈ રહે છે, એ નિયમ જ છે. કથાકીર્તન, પૂજન વગેરે અપરા ભક્તિના પ્રકારોનું સેવન કરવાથી ધીરે ધીરે હૃદયશુદ્ધિ થાય છે, ને શુદ્ધ થયેલું હૃદય પછી આપોઆપ ઈશ્વરને માટે છટપટાવા માંડે છે. પ્રેમની આ ઉચ્ચ દશા તે જ પરાભક્તિ છે. ભક્તિના ગૌણ સાધનનો આશ્રય લઈને જીવનમાં જે ચાલે છે, તેને વિકાસની પરિપક્વ દશામાં પ્રેમની દિવ્ય દશા પણ પ્રાપ્ત થઈ જાય છે.

મીરાં ને નરસિંહ જેવા ભક્તાત્માની જીવનકથા આના પુરાવારૂપ છે. તેમણે શરૂઆતમાં સંત સમાગમ ને કથાશ્રવણ જેવાં સાધન દ્વારા ઈશ્વરના નામમાં રૂચિ કેળવી. પછી નામજપ ને કીર્તન કે પ્રાર્થનાનો આધાર લઈ તેમાં રસવૃત્તિને ગાઢ બનાવી. ઈશ્વરના નામને જ તેમણે પકડી લીધું. શાસ્ત્રજ્ઞાનની પ્રાપ્તિ કે યોગમાર્ગના જટિલ સાધનને તેમણે બાજુ પર રાખ્યું. છતાં ઈશ્વરની કૃપાથી તેનાં રહસ્યો તેમના અંતરમાં આપોઆપ આવિર્ભાવ પામ્યાં. આ નામસ્મરણના નિત્ય નિયમમાંથી જ તેમને ઈશ્વર પ્રત્યે વિશ્વાસ, સમર્પણભાવ ને તીવ્ર પ્રેમ થવા માંડ્યો એટલે કે ભક્તિની ઉત્તમોત્તમ કક્ષાએ તે પહોંચી ગયાં. પરિણામે

તેમને ઈશ્વરદર્શન પણ થઈ ગયું. એટલે પ્રેમની ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ માટે પણ ભક્તિ વિના બીજા કોઈ જ સાધનની જરૂર નથી એમ દેવર્ષિ નારદનું કહેવું છે.

ઈશ્વરદર્શન કે પ્રેમની પ્રાપ્તિ સિવાયની કોઈ બીજી લૌકિક ઈચ્છા હોય તો પણ ભક્ત પુરુષે ભક્તિના સાધનને છોડવાની જરૂર નથી. ભક્તિ તો કામધેનુ છે. તેને મેળવવાથી બધી જ ઈચ્છા પૂરી થાય છે. દૂઝણી ગાયને ઘેર બાંધવાથી દૂધ તો મળી જ રહે છે, વધુમાં દહીં, ઘી ને માખણ પણ મળી રહે છે: એટલું જ નહિં, તેની દ્વારા ગોબર ને રોગનાશક ગોમૂત્ર પણ પ્રાપ્ત થાય છે; તે જ પ્રમાણે ભક્તિરૂપી ગૌમાતાનું સેવન કરવાથી ઈશ્વરનો અલૌકિક પ્રેમ તો સાંપડે જ છે, પણ સાથે સાથે સર્વ પ્રકારની લૌકિક ઈચ્છા ને જ્ઞાનાનુભવ, યોગની સમાધિદશા ને મુક્તિ, સિદ્ધિ તથા શાંતિની પ્રાપ્તિ જેવી પરમાર્થિક ઈચ્છાઓ પણ પૂરી થાય છે. ઈશ્વરના મંગલ મોહક રૂપને નિહાળવાનો લ્હાવો તો લોચનને મળી જ જાય છે. એ વિશે કાંઈ કહેવાનું રહેતું જ નથી. ભક્તિમાર્ગે વળેલો સાધક જો નિષ્કપટ ને સત્યપરાયણ હશે તો તેને ડરવાનું કાંઈ કારણ નથી. તે માર્ગ ભૂલવાની અણી પર હશે, માર્ગ કદાચ ભુલશે ને હતાશ કે નિરાશ બનશે, તો પણ ઈશ્વર તેના પર કૃપા કરી તેને સાચો માર્ગ બતાવશે, તેની નિરાશા ને જડતા દૂર કરશે, ને ખૂબ જ સંભાળપૂર્વક તેની આંગળી પકડી તેને સાધનાની છેવટની અવસ્થા સુધી આગળ ને આગળ વધારશે.

એટલા જ માટે, આપણે આગળ પણ કહ્યું છે કે ભક્તિના માર્ગે ચાલનારને મુક્તિ કે પૂર્ણતા માટે બીજા કોઈપણ માર્ગે ચાલવાની જરૂર નથી. જીવનની પૂર્ણતા કે શાંતિ માટે ભક્તિ પોતે જ એક સ્વતંત્ર ને સરળ તથા સીધો રાજમાર્ગ છે. ભારત ને સંસારના શ્રેષ્ઠ સાધકો ને ઋષિવરો આ જ માર્ગે ચાલ્યા છે. ઈશ્વરના સાક્ષાત્કારને માટે તેમણે આ જ પગદંડીની પવિત્ર યાત્રાને પસંદ કરી છે. આજે પણ આ માર્ગ સંસારના સાધકોને માટે ઉઘાડો છે. એટલે ઈશ્વરને મેળવવા માટે કૃતનિશ્ચય થયેલા સાધકોએ તો પોતાનું બધું જ ધ્યાન એક ઈશ્વરના નામસ્મરણમાં જ કેન્દ્રિત કરવું: અખંડ નામસ્મરણ દ્વારા મનની બધી જ વૃત્તિને એક ઈશ્વરમાં જ એકાગ્ર કરવી. ઈશ્વરના જ અલૌકિક અમૃત ઝરતા રૂપને જોવા માટે તેના ધ્યાનમાં જ મનને લગાડવું. સ્ત્રી, ધન કે લોકેષણાના ધ્યાનને સદાને માટે છોડી દેવું ને પાણીમાં નાખેલો સાકરનો ગાંગડો જેમ વધારે ને વધારે ઓગળી અંતે પાણી સાથે એકરૂપ ને અભિન્ન થાય, તેમ ઈશ્વરના પ્રેમરસમાં અહંકારને ધોઈ નાંખી, ઓગાળી દઈ, પ્રેમથી તરબોળ બની જઈ, ઈશ્વરને માટે આકુળવ્યાકુળ થઈ, ઈશ્વરદર્શનના આસ્વાદ માટે એક ઈશ્વર તરફ મીટ માંડીને બેસી રહેવું.

"આજે પણ ઈશ્વરની કૃપા ના થઈ, હજી પણ ઈશ્વરની કૃપા ક્યારે થશે, જીવન તો ઈશ્વરના દર્શન ને મિલનના આનંદ વિના એમનેમ વહ્યું જ જાય છે! મીરાં, ગોપી ને નરસી તથા ચૈતન્ય ને રામકૃષ્ણ પરમહંસ તથા શુકદેવ ને નારદ જેવી પ્રેમાવસ્થા ક્યારે પ્રાપ્ત થશે? ક્યારે જીવન સફળ સુખી ને શાંત બનશે? સંસારમાં સર્વને આનંદ હોય એમ લાગે છે. કોઈ ધન ને વિલાસમાં આનંદમગ્ન દેખાય છે, તો કોઈ સ્ત્રી સંતાન ને પ્રતિષ્ઠામાં: પણ તેમને હજી સાચા આનંદની પ્રાપ્તિ થઈ નથી. સાચો ને સદાયે રહેનારો આનંદ તો એક ઈશ્વરની પ્રાપ્તિમાં જ છે, સ્વરૂપના સાક્ષાત્કારમાં જ છે. તે આનંદ દ્વારા મારું જીવન કાયમને માટે ક્યારે ધન્ય બનશે? મૃત્યુ પોતાના પાશમાં સારાય સંસારને લઈ રહ્યું છે. મને પણ તે પોતાના પાશમાં લઈ

લે તે પહેલાં જ બનતી વહેલી તકે મને ઈશ્વરનું દર્શન ક્યારે થશે? તે દર્શન ઈશ્વરને માટે તલપાપડ બનવાથી ને ઈશ્વરની કૃપાથી જ થઈ શકશે. તલપાપડતા પણ ઈશ્વરની કૃપાથી જ મળશે. એ કૃપા મારા પર ક્યારે વરસશે?" - એ જ ભાવ ને ચિંતામાં ભક્તે રાતદિન તરબોળ રહેવું. આ જાતના પ્રેમભક્તિના સાધનથી તેના બધાં જ દુ:ખદર્દ મટી જશે, ને છેવટે તેની ચિંતાનો અંત પણ આવી જશે એ નક્કી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૧. ભક્તિનું સ્વરૂપ

હિમાલયના આકાશને અડવા મથતા પર્વતોમાંથી પ્રકટ થઈ પૃથ્વી પર પ્રસન્નપણે વહેનારી ગંગા ને જમના બંને નદી કેવી પવિત્ર મનાય છે? જો કે નદી માત્ર, પછી તે નાની હોય કે મોટી, પવિત્ર જ છે. પરંતુ ગંગા જમનાએ જૂદું જ સ્થાન જમાવ્યું છે. હજારો ગાઉ દૂરથી લોકો તેમના દર્શને આવે છે, ને તેમાં સ્નાન કરી અપાર આનંદ અનુભવે છે. મરણપથારીએ પડેલો માણસ ગંગાજમનાના આચમન કે પાન માટે સદાયે ઝંખે છે, ને તે મળી જતાં પોતાને કૃતાર્થ માને છે. ગંગા ને જમના બંનેએ લોકહૃદયમાં માતાનું સ્થાન જમાવ્યું છે. બીજી મહત્વની વાત એ છે કે ગંગા ને જમનાનું નામ ને તે બંને નદીઓનો તટવર્તી પ્રદેશ ભારતીય સંસ્કૃતિ સાથે ખૂબ જ સંકળાયલો છે. ભારતીય સંસ્કૃતિ ત્યાં ફાલી છે ને ફૂલી છે. આજે પણ આ બંને પવિત્ર નદીઓના તટ પર કેટલાયે સાધકો, વીતરાગ મહાપુરુષો નિવાસ કરે છે. તેથી તેમનો મહિમા વધ્યો છે. બાળક જેમ 'મા'ની પાસે દોડી જાય, તેમ અખંડ પ્રેમધારામાં વહ્યા કરતી આ માતાની પાસે આધ્યાત્મિક ચેતનાના પ્રદેશમાં જાગેલાં બાળકો દોડી જાય છે, ને તેના સેવનથી શાંતિ અનુભવે છે. આ બંને નદી પતિતપાવની છે. ને ગમે તેવો જડ માણસ પણ તેમના સુંદર જલપ્રવાહનું દર્શન કરી ઈશ્વરપરાયણ બનવાનો સંકલ્પ કરે છે. તેના સેવનથી ગમે તેવા પતિત માણસનો પણ ઉદ્ધાર થઈ જાય છે. આવી અલૌકિક નદીઓનાં ગુણગાન ગાતા ભક્તો, કવિઓ કે પંડિતો થાકતા નથી એમાં શું આશ્ચર્ય છે?

ગંગા ને જમનાની જેમ પ્રેમ ને ભક્તિની દૈવી નદી પણ ખૂબ જ મહિમાવંતી છે. તે પણ પતિતપાવની છે. આ નદીઓમાં સ્નાન કરવા ભારતના ડાહ્યા માણસો સદા ઝંખે છે. પ્રેમ કે ભક્તિના અમુલખ રસનું એક બિંદુ પણ પોતાને મળી જાય તો જીવન કૃતકૃત્ય થઈ જાય છે, ને દુઃખદર્દ તેમજ ત્રિતાપથી છૂટી જાય છે. પ્રેમ ને ભક્તિની ભાવસરિતાના પ્રભાવથી જીવનમાં ઈશ્વરદર્શનનો અમુલખ લ્હાવો મળે એ પ્રત્યેક સાધક કે પરમાર્થના પ્રવાસીનું ખૂબ ખૂબ મીઠું સ્વપ્ન હોય છે. તે સ્વપ્નને સિદ્ધ કરવા તે બનતો પુરુષાર્થ કરે છે. ઈશ્વરના પ્રેમમાં સ્નાન કરી, ઈશ્વરના પ્રેમનું આચમન કે પાન કરી, કેટકેટલા પતિત પણ પાવન થઈ ગયા ! સુખ, શાંતિ ને જીવનના કલ્યાણના સાચા માર્ગથી જે પતિત થઈ આમતેમ ભટકતા હતા, તેવા કેટકેટલા માણસો જીવનના વિકાસને સાચે માર્ગે વળી ગયા! એનો સાચો ખ્યાલ તે દશામાંથી જે પસાર થયા હોય તેને જ આવી શકે.

પ્રેમ કે ભક્તિના સ્વરૂપ વિશે કહી પણ કોણ શકે? ઈશ્વર ને તેના મિલનની સાધનાનો સાચો ખ્યાલ પણ કોણ આપી શકે ? ભક્તિ ને ભગવાનના મહિમાને યથાર્થરૂપે કોણ રજૂ કરી શકે? કૂવાના દેડકાની વાત ખૂબ પ્રસિદ્ધ છે. સાગરના દેડકાએ ખૂબખૂબ સમજાવ્યા છતાં સાગરના વિસ્તારનો ખ્યાલ તેને ના જ આવી શક્યો. માણસોમાંના વધારે ભાગની દશા આ દેડકાના જેવી છે. સંસારના સાંકડા કૂવામાં જીવીને તેમાં જ આનંદ માનીને તે જીવન પૂરું કરે છે. સંસારના પદાર્થોથી તેમને સંતોષ છે. ઈશ્વર કે પૂર્ણ જીવનની ભૂખ તેમના દિલમાં લાગી નથી. આ અવસ્થામાં ઈશ્વર કે પ્રેમભક્તિ વિશેના તેમના વિચાર કે ખ્યાલ પાંગળા જ હોય એ દેખીતું છે. આ સંસાર રાવણની લંકા જેવો છે. ઈન્દ્રિયસુખો ને ભૌતિક ઉત્કર્ષ માટે જીવનારા માણસો જ તેમાં વધારે છે. એ લંકાપુરીમાં વિભીષણ જેવા ધર્માત્મા કોઈક જ નીકળી આવે છે. તે તો રામના ચરણમાં

જ પ્રીતિ કરે છે, ન્યાય ને નીતિનો પક્ષ લે છે, ને રામના જ દર્શન માટે જીવન ધારે છે. તેમને રામ મળી જાય છે એ પણ નક્કી છે. મોતીની ઈચ્છાવાળા પુરુષાર્થી મરજીવાને મોતી ના મળે એમ બની શકે ? મોતીનો વાસ સાગરમાં છે તે ખરું, પણ તેટલું જાણી જે સાગરને પ્રસન્ન કરવા ધૂપદીપ ને નૈવેદ્ય ધરે તેમજ તેનાં સ્તોત્ર પણ ગાય, તેને મોતી મળે ખરાં ? મોતી માટે તો જીવનને હથેળીમાં લઈને સાગરમાં ખૂબ ઊંડે ઉતરવું જોઈએ ને મૃત્યુનો ડર છોડવો જોઈએ. તેવી રીતે ઈશ્વર આ સંસારમાં ને માણસના હૃદયમાં જ છે. પ્રેમ કે ભક્તિનાં પાવન ઝરણાં પણ ત્યાં વહ્યા કરે છે, પણ જે ઉપર ઉપરથી આ સંસારને જુએ છે, તેને તે હાથ લાગતાં નથી. તેને માટે તો ખૂબ ઊંડે ઉતરવું જોઈએ. અંતરનું મંથન કરવું જોઈએ. ઈશ્વરને માટે ધ્યાન, ધારણા ને સાધનામાં તન્મય બનવું જોઈએ. વળી વિભીષણની જેમ સંસારની લંકાપુરીમાં રહ્યાં છતાં મન ને અંતરથી ઈશ્વરના ધામમાં જ વસી રહેવું જોઈએ. ઈશ્વરના પ્રેમરસમાં મગ્ન ને તરબોળ બની જવું જોઈએ. જેને ઈશ્વર વિના સ્વપ્ને પણ કાંઈ ગમતું નથી, તરસ્યાને પાણી વિના ને ભૂખ્યાને અન્ન વિના ચેન પડતું નથી, તેમ જેના મનને ઈશ્વર વિના ક્યાંય પણ સુખ લાગતું નથી; જેના અંતરના બધા જ તારો 'ઈશ્વર ઈશ્વર'ના પોકારથી તપી ઉઠ્યા છે, ને લોભિયાની જેમ ભક્તિરૂપી ધન ભેગું કરવા જે રાતદિવસ ઈશ્વરસ્મરણરૂપી સાધનાનો પરિશ્રમ કરે છે, તેને જ પ્રેમભક્તિરૂપી અક્ષય ધનની ને ઈશ્વરરૂપી મુક્તામણિ-ચિંતામણિની પ્રાપ્તિ થાય છે. તે જ ઈશ્વર ને પ્રેમ વિશે કૈંક યથાર્થ એવું કહી શકે છે. બાકી બીજા તેની સમજ નહીં આપી શકે. ને ના આપે તે જ સારું છે કેમ કે અનધિકાર ચેષ્ટાથી તે ઈશ્વર ને ભક્તિના વિષયને અન્યાય કરી બેસશે.

આજે તો પ્રત્યેક પુરુષ પોતાને આ વિષયમાં સિદ્ધહસ્ત સમજે છે, ને ઈશ્વર કે તેના પ્રેમની વાત આવતાં પોતાનો અભિપ્રાય આપી જ્ઞાનનું પ્રદર્શન પણ કરે છે. પણ પ્રેમ કે ભક્તિ એટલી સહેલી વસ્તુ નથી. તે તો પ્રીતમદાસના શબ્દોમાં કહીએ તો 'શૂરાનો મારગ છે'. ભક્ત કવિ ધીરાના શબ્દોમાં 'અગમ ખેલ' છે. આદિ શંકરાચાર્ય તેને પોતાના મૂળ સ્વરૂપ ઈશ્વરમાં સતત અનુસંધાન કહે છે. તે અનુસંધાન સિદ્ધ ના થાય, કાયરતાને છોડી દઈ શૂરા સિપાહીની જેમ આ માર્ગે પ્રયાણ ના થાય, ત્યાં લગી પ્રેમ ને ભક્તિ કે ઈશ્વરને તેના સંસારના અગમ ખેલનો પાર કેવી રીતે પામી શકાય? પતંગિયું તો પ્રકાશ કે દીવાની જ્યોતમાં પડવાથી ભસ્મીભૂત થઈ જાય છે: પણ ભક્તને માટે તેવો ભય નથી. ઈશ્વરના પ્રેમપ્રકાશમાં પડનાર ભક્તની સર્વ વાસના ને મમતા બળી જાય છે, ને તે સંપૂર્ણ રીતે ઈશ્વરમય બની જાય છે. આવો ભક્ત જ ઈશ્વરના પ્રેમનો સાચો પરિચય પામી ને આપી શકે. આ વિના પ્રેમ કે ભક્તિના મર્મને સમજવો મુશ્કેલ છે. ગમે તેવો પંડિત હોય, ક્રિયાપરાયણ યોગી કે સાધક હોય, છતાં તે પ્રેમના પ્રકાશમાં આવા પતંગિયાની જેમ પાગલ થઈ પડ્યા વિના પ્રેમ કે ભક્તિને નહીં સમજી શકે.

આજે ભક્તિ વિશે જે અનેક ઉટપટાંગ ખ્યાલ ફેલાયા છે તેનું કારણ આવા અનધિકારી માણસોના વ્યર્થ અભિપ્રાય કે પ્રલાપ છે. માટે અનુભવ વિનાના માણસોએ અનુભવ વિનાના વચન બોલવાનું બંધ કરવું જોઈએ. પ્રાચીન ભારતમાં તો જે વિષયનું જેને જ્ઞાન હોય તે જ ઋષિ તે વિષય વિશે પોતાના વિચાર

પ્રદર્શિત કરતાં. બાકી 'અમે આ વિષે આટલું જ જાણીએ છીએ.' એમ સ્પષ્ટ કહી દેતાં ને મૌન રાખતા. આ પરિપાટીમાંથી ઘણું શીખવા જેવું છે.

ધનમાં કેટલો આનંદ છે-સુખ કે દુઃખ છે તેમજ પકવાનમાં શો રસ છે તેનો સાચો ખ્યાલ તો પકવાન ખાનારને કે ધનિકને જ આવી શકે. તે જ પ્રમાણે જે ભક્તિના રંગથી રંગાય જાય છે તે જ ભક્તિના રહસ્યને સમજી શકે છે. કીડીથી માંડીને કુંજર સુધી ને માનવથી માંડીને ઈન્દ્ર સુધી સર્વે માયાના રંગથી રંગાયેલા છે: એટલે કે ભય, શોક, સ્વાદ, મોહ, મત્સર ને તૃષ્ણા બધાંને વ્યાપેલા છે. જીવભાવના અહંકારમાં અને તેમાંથી થતી મમતામાં સૌ બંધાયેલા છે. આ દશામાં મુક્તિ, શાંતિ કે પૂર્ણતા ક્યાંથી મળી શકે? કોઈ અપવાદરૂપ માનવ જ મોહ ને મમતાના પાશમાંથી મુક્ત થઈ ઈશ્વરને માટે ભેખ ધારણ કરે છે ને પ્રેમમાં પાગલ બની ઈશ્વરને વરે છે. જેમ ઘેર ઘેર પતિવ્રતા સ્ત્રી હોતી નથી: વન તો ઘણાં છે, પણ પેલા સંસ્કૃત કવિ કહે છે તેમ પ્રત્યેક વનમાં ચંદન હોતા નથી: ને જેમ અનેક સાપમાં મણિધર સાપ તો કોઈક જ હોય છે: તેમ સંસારના અનેક પ્રકારના શરીરોમાં જે માનવશરીરની મહત્તા સૌથી વિશેષ છે તેમાં પણ દૈવી ગુણથી સંપન્ન ને ઈશ્વરમાં સાચી ને અનન્ય પ્રીતિ કરનાર મનુષ્ય વિરલ જ હોય છે. આવા મનુષ્ય બગીચામાં જેમ સુવાસિત ફૂલ શોભી ઉઠે તેમ આ સંસારમાં શોભે છે ને સંસારને પણ સુશોભિત કરે છે. પોતાના વિચાર ને વર્તનરૂપી પરાગથી તે અનેક મનુષ્યોના મનને પ્રસન્ન કરે છે, ને તેમને પ્રેરણાનું પીયૂષ પાઈ ઈશ્વરની કૃપા પામવામાં મદદ કરે છે. આવા ઈશ્વરપરાયણ મહામાનવોથી જ આ દુનિયા ગૌરવવંતી બનેલી છે. તે જ મહાપુરુષો ભક્તિ કે પ્રેમ ને તેના પરમ મૂળ સ્વરૂપ પરમાત્માના રહસ્યને જાણી શકે છે અને તે પણ પ્રભુની કૃપાથી જ તેમાં સંદેહ નથી. 'તમારી કૃપા વિના ના કોઈ પામ્યું ભેદ તમારો ભારી.' એ સાચું જ કહ્યું છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૨. ભક્તિનો લાભ

ભક્તિનું શું કામ છે? ભક્તિથી શો લાભ છે? પ્રભુનું નામ લેવાથી અને કેવળ પ્રભુપરાયણ બનવાથી ભગવાન ભક્તનો બધો ભાર ઉપાડી લે છે, ને તેને સિદ્ધિ, મુક્તિ કે પૂર્ણતા પણ આપે છેઃ ભક્તના બધા જ કષ્ટ પ્રભુની કૃપાથી દૂર થાય છે ને તેના બધા જ કામ પ્રભુ સિદ્ધ કરે છેઃ એ બધી વાતો શું સાચી હશે? એવા એવાં તર્ક કેટલાક માણસો કરે છે. તર્ક પૂરતાં તે બરાબર છે પણ પ્રશ્નનો સાચો ઉકેલ તેથી જડતો નથી. નદીમાં ન્હાવાથી શો લાભ છે તે જાણવા માંગનાર એક વાર પણ જો નદીમાં નાહી લે તો તેને પ્રત્યક્ષ અનુભવ થઈ જાય છે. ન્હાવાના લાભ કે ગેરલાભ પણ તે દ્વારા તેને સમજાય છે. તે પ્રમાણે ભક્તિના લાભ કે ગેરલાભ જાણવા માટે ને ઈશ્વરની કૃપા કે શક્તિની જરૂરી સમજ માટે ભક્તિ કરવાની ને ઈશ્વરની કૃપાના ચાતક બનવાની જરૂર છે. અનુભવ વિના આ વિષય સમજી શકાશે નહીં. તર્ક તેનો થોડો ઘણો ખ્યાલ મેળવવામાં મદદ કરી શકશે પણ સાચું ને સાંગોપાંગ જ્ઞાન તો ભક્તિના પ્રયોગ, અભ્યાસ કે અનુભવથી જ મળશે. માટે વિચારના વ્યર્થ વમળમાં અટવાઈ પડીને મુંઝાવા કરતાં આચારના માર્ગે વળવું વધારે ઈચ્છવા યોગ્ય છે.

ઘણા માણસો આ સત્યને સમજતાં નથી ને ભક્તિ કે સાધનાને માર્ગે વળ્યાં વિના જ, તે માર્ગમાં અમુક ચોક્કસ વિકાસ કર્યા વિના જ સાધના, ભક્તિ કે આધ્યાત્મિકતા વિષે અમુક ખ્યાલ બાંધી દે છે, અને વધારે આશ્ચર્ય તો એ છે કે તેને જ સાચા માની લે છે ને મનાવવાનો પ્રયાસ કરે છે. આથી વધારે મૂર્ખતા બીજી કઈ હોય? આવા તર્કશાસ્ત્રી કે વાક્પંડિતો ભક્તિસાધનાનો સાચો સાર પામી શકશે નહીં. ભક્તિ તો અનુભવની વસ્તુ છે. પ્રત્યક્ષ પ્રયોગને માટે તેના દ્વાર સર્વ કોઈને સારું ખુલ્લા છે. તેવા પ્રયોગ પછી જ તેને માટે અભિપ્રાય ઉચ્ચારવો એ ડાહ્યા માણસની ફરજ છે. ઈશ્વરની કૃપાનો આસ્વાદ લેવો હોય તેને ઈશ્વરને સર્વ પ્રકારે પ્રેમ કરી તેને માટે લાયક બનવું. આજ લગી એ જ રીતે ઈશ્વરની કૃપાનો અનુભવ ભક્તોને થયો છે ને હવે પછી ભવિષ્યમાં પણ તે જ રીતે થઈ શકશે એ નક્કી છે.

કેવળ વિચારથી કે ઈશ્વર વિશે જ્ઞાન મેળવવાથી કોની ભૂખ શમી છે? જ્ઞાની જો સાચો હશે તો તો જ્ઞાન વધવાની સાથે તેનો અસંતોષ પણ વધશે. તેનું કારણ સ્પષ્ટ જ છેઃ જ્ઞાન દ્વારા તે સમજશે કે તે ઈશ્વરનું સ્વરૂપ છે. ઈશ્વર છે, છતાં વાસ્તવિકતાની દૃષ્ટિએ જોતાં તેનામાં ઈશ્વર કરતાં ઉલટી જ અવસ્થા દેખાશે. શરીર, મન અને પ્રાણ તેમજ કાળ ને અવસ્થાના ગુણધર્મો પર તેને વિજય નહીં જ મળ્યો હોય. તે ઉપરાંત ઈશ્વરની જેમ તે સર્વશક્તિમાન કે સર્વજ્ઞ પણ ભાગ્યે જ હશે. આ દશામાં પોતાની અપૂર્ણતા સારું અસંતોષ થાય એ સ્વાભાવિક જ છે. આ અસંતોષથી પ્રેરાઈને તે સાચા અર્થમાં ઈશ્વરમય બનવા ને પોતાની ક્ષતિઓ નિવારવા સંકલ્પ કરશે, ને તે પ્રમાણે દૃઢ પુરુષાર્થ કરવાનું વ્રત લેશે, ભક્તના સંબંધમાં પણ આ જ વાત લાગુ પડે છે. ઈશ્વર ખૂબ કૃપાળુ છે, પતિતપાવન છે. તેમનું રૂપ અલૌકિક અને સુંદર છે. તેમને મેળવી લેવાથી દુઃખ દર્દ દૂર થાય છે, ને પરમાનંદ તેમ જ પરમશાંતિમાં મન ન્હાવા માંડે છે.

ઈશ્વરની કૃપાથી ભક્ત સારાયે સંસારનો સ્વામી થઈ જાય છે ને તે ઈશ્વરને વહેલામાં વહેલી તકે મેળવી લઈ જીવનને સફળ કરવા તલપાપડ બને છે. એ જ્ઞાન થયા પછી ભક્ત ખૂબ જ અશાંત બની જાય

છે. અનુભવના મહાન પ્રદેશમાં આગળ વધવા તર્ક તેને મદદ કરે છે. જેમ હંસ પાસેથી નળરાજાના ગુણગાન સાંભળીને ભીમકની પુત્રી દમંયતીએ નળને વરવાનો સંકલ્પ કર્યો ને વહેલામાં વહેલી તકે નળને મળવાની એ રાહ જોવા માંડી: ઉષાએ દૂર બેઠા બેઠાં અનિરુદ્ધને સ્વપ્નમાં જોયો ને તેના રૂપથી મોહિત થઈ મનોમન તેને જ વરી ચૂકી: તેમ ભક્ત પણ ઈશ્વરનો મહિમા જાણે એટલે એક ઈશ્વરને જ વરે છે, ને જેમ બને તેમ જલ્દી ઈશ્વર મળી જાય તે માટે ખૂબ પુરુષાર્થ કરે છે. ધ્રુવ ને પાર્વતીનો પુરુષાર્થ આ જ પ્રકારનો હતો. ઈશ્વરનું જ્ઞાન થયા પછી તેમણે ઈશ્વરને મેળવવા આકરામાં આકરી તપશ્ચર્યા કરી. ભક્તિ કે તપથી ભક્ત જ્યારે ઈશ્વરને મેળવી લે ત્યારે જ તેને શાંતિ મળે છે. ઈશ્વર વિશેના કેવળ તર્ક કે ઈશ્વરની સમજ તેને શાંતિ આપી શકતી નથી.

રાંધણકળાની ચોપડીમાં અનેક પ્રકારના ખાદ્ય પદાર્થો ને પકવાન બનાવવાની માહિતી હોય છે. પણ તે માહિતી મેળવવાથી જ કોઈને ઓડકાર આવે છે કે પકવાનનો સ્વાદ પણ મળે છે? તે તો તે પ્રમાણે ખાદ્ય પદાર્થ કે પકવાન બનાવીને તેને ખાવાથી જ મળી શકે છે. તે જ પ્રમાણે સંત મહાત્મા, શાસ્ત્રો ને ગ્રંથોમાં ઈશ્વરનો મહિમા સમાયેલો છે. તે બધા ઈશ્વર વિશે અલૌકિક અને અવનવી વાતો પણ કહે છે. છતાં માણસ તે બધાનો ઉપયોગ કરી હૃદયમાં કામને બદલે પ્રેમ પ્રગટાવી ઈશ્વરની ભક્તિ કે સાધના ના કરે તો ભક્તિ કે ઈશ્વરનો અનુભવ તેને થઈ શકે નહીં. મહેલને જોવાથી કે તેના ગુણગાન સાંભળવાથી જ કાંઈ રાજા બની જવાતું નથી કે મહેલમાં રહેવાનો આનંદ મળતો નથી. તે માટે તો રાજ્ય સિંહાસન પર બેસવું ને મહેલમાં રહેવું જોઈએ. કમળમાં શો સ્વાદ છે તે ભ્રમર બન્યા વિના કેવી રીતે સમજાય? તે જ પ્રમાણે ભક્તિ કે ભગવાનનો મહિમા કર્મપરાયણ ને પવિત્ર હૃદયના ભક્તો જ જાણી શકે છે, તે જ ભગવાનને મેળવી પણ શકે છે. માટે શાસ્ત્રો ને મહાપુરુષો એકી અવાજે કહે છે કે હે સંસારના રસમાં ડૂબેલા માણસો! ભક્તિના વિચાર કરી બેસી રહેવાને બદલે તેના રંગમાં રંગાય જાવ. ઈશ્વરના રૂપમાધુર્યથી મોહિત થઈ ઈશ્વરને મેળવવા માટે સતત પુરુષાર્થ કરો. ઈશ્વરના નામસ્મરણ ને કીર્તનમાં મસ્ત બની જાવ. ઈશ્વરના ભાવમાં નિશદિન ડૂબેલા રહો. આ જ ઈશ્વર ને તેની ભક્તિને જાણવાનો સાચો માર્ગ છે.

☼ ☼ ☼ ☼ ☼

## 33. કર્તવ્યનું ભાન

મનુષ્યજીવન ઘણું જ ટૂંકુ છે. પાણીના રેલાની પેઠે તે રાતદિન વહ્યા કરે છે. તે ક્યારે ચાલ્યું જશે તે કહી શકાય તેમ નથી. ને તે ચાલ્યું જશે એ પણ નક્કી છે. આ ધરતી પર અવતરનારું કોઈયે વિષયી કે સાધારણ પ્રાણી અમર રહ્યું નથી. ભલભલા રાજા મહારાજા, છત્ર ને ચામરધારી, પૃથ્વીને ધ્રુજાવનારા વીર ને મહાબળિયા શૂરવીરો આજે રહ્યા નથી. ભલભલા જ્ઞાની ને વિરાગી કે રાગી, સ્ત્રી, ધન સત્તા ને કીર્તિમાં મદોન્મત્ત એવાં કેટલાંય સ્ત્રીપુરુષો આ સંસારમાંથી વિદાય લઈ ગયાં. વ્યાસ ને વાલ્મિકી જેવા દેવપુરૂષો, પતંજલિ જેવા યોગીઓના પણ યોગી, રામ ને કૃષ્ણ, ઈશુ, મહમ્મદ ને જરથુસ્ત, સિકંદર ને ચંદ્રગુપ્ત મૌર્ય, વીર વિક્રમ ને અશોક, સોક્રેટિસ ને ગાંધી-કોઈ આ સંસારમાં કાયમ માટે રહી શક્યું નથી. જે આવે છે તે જાય છે જ એવો સૃષ્ટિનો નક્કી નિયમ છે.

વ્યાસ ને વાલ્મિકી જેવા મહાયોગી પુરૂષવરો આ નિયમથી પર છે. કેમ કે તેમણે મૃત્યુને મારી નાખ્યું છે. તે ઈશ્વર જેવા મહાન બની ચૂક્યા છે. તે આવતા ને જતા લાગે છે કેમ કે કુદરતના કાનૂનને તોડવા તે ભાગ્યે જ માગતા હોય છે. પોતાની ઈચ્છાનુસાર તે શરીર છોડે છે અથવા ધારણ કરે છે, ને સંસારમાં ધર્મ ને ઈશ્વરના મહિમાને ફેલાવે છે. પરંતુ પ્રાકૃત જીવોને માટે આનાથી જુદી જ પરિસ્થિતિ છે. તે તો મૃત્યુના દાસ છે. તેમની ઈચ્છા આ સંસારમાં યાવચ્ચંદ્ર દિવાકરૌ જીવવાની ને ભોગ ભોગવવાની હોય તો પણ કાળ તેમને છોડતો નથી. તેમને તે સ્વાહા કરી જાય છે. તેમનું જન્મવા મરવાનું પણ તદ્દન પરાધીન હોય છે. અલબત્ત, જીવન અનંત છે. ને જ્યાં લગી પૂર્ણતા પ્રાપ્ત નહિ થાય ત્યાં લગી જીવન ને મરણમાંથી કોઈ છૂટી શકવાનું નથી. એટલે આ જીવનના અંતથી કોઈએ ડરવાનું કારણ નથી. પરંતુ આની સાથે સાથે એ પણ સાચું છે કે વર્તમાન જીવનની મહત્તા ને ક્ષણેક્ષણના મુલ્યને પણ માણસે સારી રીતે સમજવાનું છે. જીવન ખૂબ ખૂબ મુલ્યવાન છે એ સત્યને સમજનાર કોઈ પણ માણસ પ્રમાદ ધારણ કરી જીવનને વ્યર્થ વેડફી નાખશે નહીં, પરંતુ જીવનનો ઉત્તમોત્તમ ઉપયોગ કરવા સદાય પ્રયત્નશીલ રહેશે.

અને પૂર્ણતા વિના જીવનનો ઉત્તમોત્તમ ઉપયોગ બીજો કયો હોઈ શકે? મનુષ્યજીવન પૂર્ણતા મેળવવા માટે જ છે. ચાહે માણસને તેનું જ્ઞાન કે ભાન હોય કે ના હોય, છતાં જીવનનો આ આદર્શ નક્કી છે. આ આદર્શને સદાય નજર સામે રાખી પરિપૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં જ બુદ્ધિમાની છે. આ પૂર્ણતાનું જ બીજું નામ ઈશ્વર છે એટલે ઈશ્વરને મેળવ્યા વિના પૂર્ણતાની પ્રાપ્તિ તદ્દન અસંભવ છે. જ્ઞાન ભક્તિ કે યોગ ગમે તે મનગમતા માર્ગ દ્વારા ઈશ્વરની પ્રાપ્તિ કરવી એ જ બુદ્ધિમાન માણસનું કર્તવ્ય છે.

આ કર્તવ્યનું ભાન ભક્તને હંમેશા રહ્યા કરે છે, ને તેથી જ તે ઈશ્વરના સ્મરણ મનનમાં મસ્ત બની જાય છે. બીજા માણસોની જેમ સંસારનાં ક્ષણિક સુખોમાં તે લપેટાતો નથી, પરંતુ પોતાનું બધું જ ધ્યાન ઈશ્વરને મેળવવાની સાધનામાં કેન્દ્રિત કરે છે. ઈશ્વરને પ્રસન્ન કરવા તે તલપાપડ બને છે અને આભજમીન એક કરે છે. 'જીવન અનંત છે માટે ઈશ્વરને તો કોઈને કોઈ જન્મમાં મેળવી લેવાશે. આજ જન્મમાં મેળવી લેવાની ઉતાવળ કરવાની શી જરૂર છે?' એવી પોપટ વિદ્યાની સૂકી વાણી તેને સંતોષ આપી શકતી નથી. તે તો કહે છે કે 'જીવન અનંત છે એટલે જ જે જીવન આજે મળ્યું છે તેનો ઉત્તમમાં ઉત્તમ ઉપયોગ કરી લેવો

જોઈએ. જીવન અનંત છે માટે જ તેને વ્યર્થ વેડફી દેવાય નહીં. બનતી વહેલી તકે તે જીવન દ્વારા પૂર્ણતા મેળવી લઈ બાકીના જીવનના ગુલામ મટી સ્વામી બની જવું જોઈએ.'

એટલે જીવનની ક્ષણેક્ષણને મુલ્યવાન માનીને ભક્ત ઈશ્વરના પ્રેમમાં સ્નાન કર્યા કરે છે. ઈશ્વરને બનતી વહેલી તકે જોઈ લેવા તે અધીરો બને છે. તન ને મનથી તે એક ઈશ્વરને જ વરે છે ને ઈશ્વરને જ પ્રેમ કરે છે. જેમ સૂર્યના શરીરમાં ક્યાંય અંધારાનું આવરણ સરખું હોતું નથી, તેમ ભક્ત બીજી બધી વાતોને બાજુએ મૂકી દે છે, બીજા બધા જ વ્યવસાયોમાંથી મનને પાછું વાળી લે છે, ને એક ઈશ્વરને જ મેળવવાના વ્યવસાયમાં મનને પરોવે છે. તે લગ્ન પણ કોની સાથે કરે? શરીર ને પ્રાણને જેમ ખુબ નિકટની સગાઈ છે, તેમ ઈશ્વરની સાથે તે ગાઢ પ્રીતિને દોરે બંધાઈ ગયો હોય છે. એટલે ઈશ્વર વિના કોઈના રૂપમાં, કોઈના ગુણ કે ઐશ્વર્યમાં તેનું મન ચોંટતું જ નથી. સંસારના અપૂર્ણ, અસ્વચ્છ ને મરણધર્મી માણસોને હૃદય વેચવું તેને ગમતું નથી. તે તો સંસારમાં આવતાવેંત ગાઈ ઉઠે છે કે 'તારી મારી પ્રીત પુરાતન, કેમ કરી બંધાઉ, જગમાં કેમ કરી બંધાઉ?' તે તો ઈશ્વર કે ગોવિંદને જ પોતાનો પ્રાણ માને છે ને તેના વિના જગતનો દરિયો તેને ખારો લાગે છે.

'પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ના'વે વારો રે મોહન પ્યારા!'

એ ગીત ગાનારી મીરાંની જેમ તે તો એક ઈશ્વરને જ પોતાનો પ્રીતમ માને છે ને હૃદય વેચે છે. કામ, ક્રોધ, દંભ ને કપટને કાયમ માટે કાઢી નાખી, પ્રેમ ને દયા તેમજ સત્ય ને સરળતાને અપનાવીને ઈશ્વરને મેળવવાની પ્રતિજ્ઞા કરી ભક્ત આ જગતમાં જીવે છે. જેને પણ ઈશ્વરની પ્રાપ્તિ કરી આ જ જીવન દરમ્યાન સુખી ને સફળ બનવું હોય તેણે આ પ્રકારનું જીવન જીવ્યા વિના છૂટકો નથી. આ વાતને સાચા ભક્તોએ સદાય ધ્યાનમાં રાખવી.

કોઈ કહેશે ત્યારે શું એક જ જન્મમાં ઈશ્વરપ્રાપ્તિ થઈ શકે? આ જ જીવનમાં માણસ પૂર્ણ બની શકે? તેનો ઉત્તર હામાં જ આવશે. જે દૃઢ નિશ્ચયી ને મજબૂત મનોબળવાળા માણસો છે, ને રાતદિવસ વિશ્રાંતિ કે થાક વગર બનતા પવિત્ર ને ધ્યેયપરાયણ રહીને જ પરિશ્રમ કરે છે, તેને માટે આ જ જીવનમાં ઈશ્વરપ્રાપ્તિ કરવાનું કામ કપરું છે પણ અશક્ય નથી જ. પણ જે પ્રમાદી, ચંચલ ને મલિન મનના છે, ઈશ્વરને મેળવવા માટે જેમનું રોમરોમ રડતું નથી, ને જેમને કેવળ ઈશ્વરનાં ચરણોમાં રાગ નથી, તેવા માણસો કેટલા જન્મમાં ઈશ્વરને મેળવી શકશે તે કહેવું કઠિન છે. પણ સાચા ભક્તે આ બધા વિચારમાં પડવાની જરૂર નથી. તેણે તો આ જ જન્મમાં ઈશ્વરને મેળવવા સંકલ્પ કરવો, ને ઈશ્વર મળશે જ મળશે એવો વિશ્વાસ રાખી ઈશ્વરની કૃપા મેળવવા પુરુષાર્થ કરવો. જે પુરુષાર્થ કરે છે તેના પર ઈશ્વરની કૃપા જરૂર જરૂર ઉતરે છે.

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય : ૪ ભક્તિનાં સાધન ને સત્સંગનો મહિમા

## ૩૪. સાધન વિશે

પાયાના ચણતરનું જ્ઞાન સારી પેઠે ના હોય તો મકાનની રચના કરવી મુશ્કેલ છે. તે જ રીતે પ્રવાસના વચગાળાના માર્ગની સમજ પણ હોવી જરૂરી છે. તે વિના ગંતવ્ય સ્થાને જવામાં મુશ્કેલી પડે એ દેખીતું જ છે. તે પ્રમાણે સાધનાનું પણ સમજવાનું છે. સાધનાના મૂળ પાયારૂપ પ્રારંભિક સાધન પ્રક્રિયાને સારી પેઠે જાણી લેવાથી સાધકનું કામ ઘણું સરળ બની જાય છે. ઉપરાંત સાધનનો પાયો ખૂબ મજબૂત બને છે, ને તેવા મજબૂત પાયા પર સાધનાની ઈમારત પણ સુદૃઢ ને અતૂટ થઈ જાય છે. સાધનાનું કામ કાંઈ નાનુંસૂનું નથી. એક બે દિવસમાં તેનો અંત પણ આવતો નથી. તેની પાછળ તો માણસે પોતાની સમગ્ર શક્તિ લગાડી દેવી પડે છે ને ખૂબ ખંત, હિંમત ને લગનીપૂર્વક સતત પરિશ્રમ કરવો પડે છે. આ છતાં અમુક જ સમયમાં સિદ્ધિ સાંપડી જશે એમ કાંઈ કહી શકાતું નથી. સિદ્ધિ ક્યારે મળશે તેનું નિશ્ચિત પ્રમાણ નથી. માનવનો પુરુષાર્થ ને ઈશ્વરની કૃપા એ બંને જ્યારે ભેગા મળે ત્યારે સિદ્ધિનાં સોનેરી કિરણ સાધનાના આકાશ પર દેખાવા માંડે છે. કેટલીક વાર તો સાધનાની ઈપ્સિત સિદ્ધિ માટે કેટલાંક વરસ ને જન્મ પણ ઓછા પડે છે. ત્યારે ઘણીવાર એક જ જન્મમાં સાધક ઈશ્વરની કૃપાનો પૂરેપૂરો અધિકારી થઈ ઈશ્વર જેમ પૂર્ણ ને સર્વસમર્થ થઈ જાય છે. કર્મ ને ઈશ્વરની કૃપાના રહસ્યનો સાચો ને પૂરો ઉકેલ પામવો સાધારણ માણસને માટે ખૂબ મુશ્કેલ છે. તેનો પાર તો પૂર્ણ કે ઈશ્વરના સાનિધ્યને પ્રાપ્ત કરી ચૂકેલો પુરુષ જ પામી શકે. બીજા માણસોએ તો રહસ્યોને ઉકેલવાનો વ્યર્થ પરિશ્રમ કર્યા વિના બનતી શક્તિથી સ્વભાવને યોગ્ય એવી સાધના જ કરવી. આ સાધના સારી પેઠે ને સત્વર થાય તે માટે તેના માર્ગને નિષ્કંટક કરવો જરૂરી છે. એટલે કે સાધનાના માર્ગનાં ભયસ્થાનોને સમજી લઈ તેમનાથી સદા સાવધ રહેવું જોઈએ. આ ઉપરાંત સાધનામાં મદદ કે બળ પહોંચાડનારા બળોને જાણી લઈ તેમને વધારે ને વધારે પ્રમાણમાં જીવનમાં ઉતારવાં પણ જોઈએ. આ બંને પ્રકારની ટેવ સાધનામાં ખૂબ મહત્વની છે.

પ્રભુનો પરમ પ્રેમ કાંઈ એક દિવસમાં પ્રકટી જતો નથી. કેટલાય જન્મોથી માનવનું મન પોતાના મૂળ સ્વરૂપ ઈશ્વરને ભુલીને સંસારના સ્વલ્પ સુખ આપનારા પદાર્થોમાં જ દોડે છે ને રસ માણે છે. આવા મનને પાછું વાળી લઈ ઈશ્વરપરાયણ કરવું સહેલું નથી. માનવની વધારે ભાગની શક્તિ મનને વશ કરવાના ને તેને ઈશ્વરમાં રસ લેતું કરવાના ખૂબ જ કપરા કાર્યમાં ખરચાઈ જાય છે. છતાં ઈશ્વરના પ્રેમ કે ભક્તિને પ્રકટાવવાનાં કેટલાંક સાધન મહાપુરુષોએ બતાવ્યાં છે. બધા જ કાળને માટે તે ઉપયોગી છે. તેવાં કેટલાંક સાધનનો વિચાર હવે પછી આપણે કરીશું.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૫. ભક્ત સંયમી હોય છે.

બંધ બારીબારણાવાળા મકાનમાં સૂર્યનો પરમપવિત્ર પ્રકાશ આવી શકે ખરો? પ્રકાશને પૂર્ણપણે આવવા દેવા માટે તો ઘરનાં બારીબારણાંને સંપૂર્ણપણે ઉઘાડી નાખવા જોઈએ. તે વિના અંધારામાં અટવાવાનું જ બાકી રહે. તે જ પ્રમાણે ઈશ્વરના પવિત્ર પ્રેમને મેળવવા માટે માણસે પોતાના મન ને હૃદયનાં બારીબારણાંને ઉઘાડી નાંખવા જોઈએ. એટલે કે મન ને હૃદયને ઈશ્વરના પવિત્ર પ્રેમભાવથી ભરી દેવા પ્રયાસ કરવો જોઈએ. આ માટે મન ને હૃદયમાં સંસારની મમતા, બુદ્ધિ, ને આસક્તિ છે, તેને દૂર કરવાની ખાસ જરૂર છે. જ્યાં સુધી સંસારમાં મન બંધાયલું છે ત્યાં સુધી ઈશ્વરના ચરણોના રસમાં રંગાવાનું કામ તેને માટે કઠિન છે. એટલે સંસારના પદાર્થોની આસક્તિમાંથી મનને પાછું વાળી લેવાનું કામ ખૂબ ખૂબ મહત્વનું છે. સંસારના બધા જ પદાર્થો વિનાશી છે; પરમ શાંતિ ને મુક્તિની માનવમનની ઝંખનાને તેના સંપૂર્ણ ઉપભોગથી પણ શાંતિ મળી શકે તેમ નથી. ઈશ્વર જ સંસારનું એક માત્ર સારતત્વ છે, ને તેની પ્રાપ્તિ માટેનો પુરુષાર્થ એ જ જીવનનું ઉત્તમોત્તમ કર્તવ્ય છે, એ વિચારધારા હૃદયમાં ખૂબ ખૂબ ઊંડે ઉતરી જવી જોઈએ જેથી તે કોઈયે સંજોગોમાં નિર્મૂળ ના થાય. તો જ સંસારના સુખો તુચ્છ લાગે ને ઈશ્વરને મેળવવાની તીવ્ર ઈચ્છા જાગી જાય.

વિચાર કરતાં તરત જણાય છે કે માણસ મન ને ઈન્દ્રિયોથી બંધાયેલો છે. મન પર માણસનો સંપૂર્ણ કાબૂ નથી. માણસ જે કરવા ધારે છે તે સદાય કરી શકતો નથી. અમુક નિયમ પ્રમાણે ચાલવાનો તે મજબૂત નિર્ણય કરે, છતાં વારંવાર મન તેની સામે બળવો કરે છે, ને પ્રલોભન આવતાં મન પોતાનો નિર્ણય ફેરવી વાળે છે. મનની ચંચલતા ને નબળાઈના શિકાર થયેલાં માણસો સંસારમાં ઘણાં છે. આ સ્થિતિનો ભક્તે અંત લાવવો રહે છે. મનને મજબૂત કરવાની સાથે સાથે ભક્ત મનને શુદ્ધ પણ કરે છે. એટલે કે મનની દુષ્ટ વૃત્તિ ને વાસનાને વશ કરી તેની જગાએ ઉત્તમ વૃત્તિ ને ભાવનાને ભક્ત વહેતી મૂકે છે. મન જેમ કહે તે પ્રમાણે ભક્ત કદી કરતો નથી, પણ જે સત્ય હોય તે જ કરે છે.

ઈન્દ્રિયોના રસાસ્વાદ પર પણ ભક્તપુરુષ સંયમ કરે છે. જીભને અનેક પ્રકારના સ્વાદની ટેવ પડી છે. તે ના મળતાં તેને ચેન પડતું નથી. આ સ્વાદ પર ભક્ત કાબૂ મેળવે છે. ઘણા માણસો જીભના સ્વાદને જીતવા ભેગું કરીને ખાય છે. અથવા સૂકું, ને લૂખું અનાજ જ ખાય છે. આ રીત બધાએ અજમાવવી જોઈએ એવી ભલામણ આપણે કરી શકતા નથી. માણસ ભલે અનેક પ્રકારના ખાદ્ય પદાર્થો ખાય, પણ તે ના મળતાં ચેન ના પડે, દુઃખ થાય કે ખોરાક ને જીવન નીરસ લાગે, એટલી હદે તેણે સ્વાદના ગુલામ બનવું જોઈએ નહીં. આ ઉપરાંત જે પદાર્થોનું આરોગ્યની દૃષ્ટિએ ખાસ કે લગીરે મહત્વ નથી, છતાં પણ જે જીભને ઉત્તેજવા સારુ ખવાય છે, તેવા પદાર્થોને સદંતર છોડી દેવા જોઈએ. ખોરાકનો ઉપયોગ યોગ્ય રીતે જ થવો જોઈએ. જ્યારે ખોરાક લેવાની જરૂર હોય ત્યારે જ, જેટલો લેવાની જરૂર હોય તેટલો જ ને જે ખોરાક આરોગ્યની દૃષ્ટિએ લેવાનું બરાબર હોય તે જ ખોરાક લેવો જોઈએ.

ઈશ્વરનો ભક્ત તો જે ખોરાક લે છે તે ઈશ્વરનો પ્રસાદ માનીને જ આરોગે છે. ખોરાક લેવામાં તે સ્વાદને ધ્યાનમાં રાખતો નથી, પણ શરીરધારણ આવશ્યકતાને જ ધ્યાનમાં રાખે છે. છતાં ભક્તિને નામે

કેટલાક લોકોમાં જે એવા ખ્યાલ ફેલાયા છે કે 'ભક્તિ કરનાર માણસ તો લૂખુંસૂકું અન્ન જ ખાય, ને ના જ ખાય તો તો વળી ઘણું સારું. ભક્તે ઘી તેમજ દૂધ ને મિષ્ટ પદાર્થ ને ફળફૂલ ખાવાની જરૂર જ નથી. તે તો વિલાસ છે, સ્વાદ છે, ને ભક્તિની વિરૂદ્ધ છે.' - તે ખ્યાલને સાચા માનવા બરાબર નથી. જ્યારે એક સાધારણ માણસ પણ શરીરના પોષણ સારું દૂધ ઘી ને ફળફૂલને મહત્વનાં માની સેવે છે, ને આરોગ્યશાસ્ત્ર પણ તેને શરીરને માટે મહત્વનાં માને છે, ત્યારે તેની ઉપયોગિતા પ્રમાણે ભક્તપુરુષ પણ તેનું સેવન કરે તેમાં ખોટું શું છે? ઉલટું, તેનું સેવન નહીં કરવામાં જ ભૂલ છે એમ કહેવું જોઈએ. અનુકૂળતા ન હોવાથી તેવા પોષક પદાર્થ ખોરાકમાં ના લેવાય તે જુદી વાત છે, પરંતુ અનુકૂળતા હોવા છતાં તેને ના લેવા ને વધારામાં તેમની તરફ તિરસ્કાર બુદ્ધિથી જોવું તે તો અજ્ઞાન જ છે. ને તેનો કોઈયે રીતે બચાવ થઈ શકે તેમ નથી. એક સાધારણ માણસ કરતાં ભક્તનું શરીર ખૂબ કીમતી છે. તે તો સારાયે સમાજની સંપત્તિ છે. સમાજનો આધ્યાત્મિક વારસો બની તેના મંગલને માટે તે સચવાય ને સમૃદ્ધ થઈ ચિરંજીવ રહે તે ખૂબ જરૂરી છે. તે માટે તેને યોગ્ય રીતે પોષવું જ જોઈએ. તેને પોષવા કે સમૃદ્ધ બનાવવાથી ભક્તિમાં કે સાધનામાં કોઈયે પ્રકારની રૂકાવટ થતી નથી. બલ્કે વધારે ભાગે તો મદદ જ મળે છે. કેમ કે આવશ્યક જીવનતત્વો ઉત્તમ ખોરાક દ્વારા મળી રહેતાં ભક્તને માનસિક મદદ પણ મળે છે. શરીર ને મનને ખૂબ નિકટનો સંબંધ છે એ જાણીતું જ છે.

વાણીનો સંયમ ખોરાક પછી તરત આવે છે ને ભક્તે તે પણ સાધવો રહે છે. ભક્ત હંમેશા ખપ જેટલું જ બોલે છે, સાચું બોલે છે, ને મધુરતા તેમજ શાંતિપૂર્વક બોલે છે. અનર્થકારી ને અશ્લીલ ભાષણ ભક્ત કદી કરતો નથી. આમ જીભની ઈન્દ્રિયના વિષયને જીતવા ભક્ત બનતું બધું જ કરે છે, ને ઈશ્વરની કૃપાથી તે કપરા કામમાં સફળ પણ થાય છે.

કાન દ્વારા ભક્ત કોઈની નિંદા સાંભળતો નથી, ને કોઈ વાર સાંભળવાનો પ્રસંગ આવે છે તો ન્યાયને પક્ષે ઊભો રહી તેનો ઉચિત એવો ઉત્તર આપે છે. કથા કીર્તન ને ઈશ્વરના ગુણાનુવાદ સાંભળવા ને ગાવામાં તે અપાર આનંદ માને છે. અખંડ નામસ્મરણ કરવાની જીભને ટેવ પાડે છે. તેમાં તેને સ્વર્ગસુખ લાગે છે.

બ્રહ્મચર્યનું પાલન ભક્તનું પ્રિયમાં પ્રિય વ્રત હોય છે. તે વ્રતમાંથી ચલિત ના થવાય તેનું તે સારી પેઠે ધ્યાન રાખે છે. આગળ પર વિકાસ કરતાં તો ભક્તને એ દશા પ્રાપ્ત થાય છે કે બ્રહ્મચર્યનું પાલન તેને માટે સ્વાભાવિક થઈ જાય છે. આ બ્રહ્મચર્ય ફક્ત શરીરનું જ નહિ પણ મનનું યે છે. ભગવાનમાં જેમ જેમ પ્રેમ વધતો જાય છે તેમ તેમ મન નિર્મળ બને છે, ને સ્ત્રી કે સંસારના કોઈયે પદાર્થથી મોહાઈ ભક્ત ઈશ્વરને ભૂલતો નથી. તે તો એક ઈશ્વરથી જ મોહાય છે, ને ઈશ્વરને જ મેળવવા મહેનત કરે છે.

વિષયોમાં કૈં જ સનાતન સુખ નથી. તેના ભોગથી તન ને મનની શક્તિ હણાઈ જાય છે, એ વાત સમજાઈ જાય તો વિષયોમાંથી મન પાછું વાળવામાં ખૂબ જ મદદ મળશે. મનના આવા સંયમ વિના સાચી ભક્તિ ને તે દ્વારા ઈશ્વરપ્રાપ્તિ શક્ય નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૬. સંયમની અવસ્થા

મન તેમજ ઈન્દ્રિયોને વશ કરવાનું કઠિન કામ પણ ભક્ત ઈશ્વરની પરમકૃપાથી પૂરું કરે છે. આ કામ કરવામાં સંગ કે વાતાવરણ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. મીઠાઈના બજારમાં કોઈ જાય ને ખિસ્સામાં પૈસા હોય તેમજ મીઠાઈ ખાવાની આદત પણ હોય એટલે સહેજે મીઠાઈ ખાવાનું મન થવાનું. એ જ પ્રમાણે વિષયસુખને ભોગવવાની માણસના હૃદયમાં રહેલી રસવૃત્તિ વિષયી પદાર્થો જોતાં ઉશ્કેરાય છે, આકર્ષણ અનુભવે છે, ને પછી માણસને પરવશ કરીને વિષયભોગમાં વહેતો મૂકે છે. સંસારમાં વધારે ભાગે તો આ જ દર્શન દેખાય છે. કોઈ વિવેકી પુરુષો વિવેકના બળથી પ્રતિકૂળ સંજોગો હોવા છતાં વિષયી પદાર્થના આકર્ષણ સામે ટકવાની હિંમત કરે છે, કેટલેક અંશે ટકે છે પણ ખરા; પરંતુ તેમાંયે બહુ જ થોડા આખર સુધી વિજયી થઈ બહાર આવે છે. આ માટે મહાપુરુષો ને શાસ્ત્રો ઈશ્વરપરાયણતાનો માર્ગ બતાવે છે.

માણસ જો ઈશ્વરપરાયણ થાય તો તેનું મન સંસારના પદાર્થોને બદલે ઈશ્વર તરફ વળવા માંડે છે. ઈશ્વરમાં આનંદ અને સુખ મેળવવા માંડે છે ને તેને પરિણામે ક્ષુલ્લક વિષયોમાંની રસવૃત્તિ આપોઆપ હળવી બને છે. છતાં ઈશ્વરનો ભક્ત કદી ગાફેલ રહેતો નથી. વિવેક ને વૈરાગ્યની ઢાલ લઈ મનની નિર્બળતા સામે તે સદાય લડે છે, ને જાગ્રત રહે છે. આ દશા પૂર્ણતા લગી એટલે કે ઈશ્વરદર્શન સુધી ચાલુ જ રહે છે. જ્યાં લગી માણસ અપૂર્ણ છે, ઈશ્વરથી દૂર છે, ને મનનો સંપૂર્ણ સ્વામી થયો નથી ત્યાં લગી તેને પૂર્ણ પવિત્ર અને જિતેન્દ્રિય થયાનું અભિમાન કરવા જેવું નથી. ત્યાં સુધી તો તેણે અત્યંત નમ્ર બનીને પોતાની જાતને તપાસતાં રહેવું જોઈએ. હૃદય શુદ્ધિની દિશામાં જેનો વિકાસ વધારે ને જેનો વિવેક પણ વધારે હશે તેનો પક્ષ તેટલો વધારે સમર્થ ને સલામત બનશે એ નક્કી છે, છતાં ઈશ્વરના દર્શન બાદ જે પરિપૂર્ણ પવિત્રતા ને ઈન્દ્રિયજય પ્રાપ્ત થાય છે તેની જરૂર તેવા પુરુષને માટે પણ રહે છે જ, એ વાતનો ઈન્કાર કરી શકાય તેમ નથી. ભક્તિ જેમ જેમ વધશે તેમ તેમ મનોબળ પણ વધશે, ને ઈશ્વરદર્શન પછી તો સાધક ગમે તેવા પ્રતિકૂળ વાતાવરણમાં રહેશે તો પણ તેનું મન ડગશે કે ભ્રમિત થશે નહીં.

આ પૂર્ણ પવિત્ર અવસ્થાની પ્રાપ્તિ કરવામાં જ જીવનું મહત્વ રહેલું છે. ભક્તિ દ્વારા તે અવસ્થા આપોઆપ આવશે. એટલે કે પોતાની નબળાઈઓને માટે ભક્તે સાચા દિલથી ઈશ્વરને પ્રાર્થવું કે પોકારવું જોઈએ : ઈશ્વરની અપાર કૃપાની ભીખ માંગવી જોઈએ. ઈશ્વરની કૃપાનો વરસાદ વરસતા ભક્તના મનની મલિનતા સાફ થઈ જશે ને ચંચળતા ધોવાશે. આ માર્ગ પ્રાર્થનાનો છે, ને ભક્તે હૃદયશુદ્ધિ માટે તેનો આશ્રય જરૂર લેવો.

આગળ આપણે મીઠાઈના બજારનો પ્રસંગ લખ્યો છે. તેના જ અનુસંધાનમાં એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે. મીઠાઈના શોખવાળો માણસ મીઠાઈથી દૂર જ રહેવાનો નિર્ણય કરે તો તેનું પરિણામ શું આવે ? પુરાણી રસવૃત્તિની ટેવને લીધે શરૂઆતમાં તો મનને મીઠાઈ યાદ આવે, તે વિના કડવું પણ લાગે, પણ વખત જતાં – માણસની ઈચ્છા ખરેખર મીઠાઈની ટેવને છોડવાની જ હોય તો – તેનું મન મીઠાઈમાંથી જરૂર હઠી જાય. પછી તો લાંબા અભ્યાસને લીધે મીઠાઈની ઈચ્છા પણ તેને નહીં થાય અને મીઠાઈ મળશે તો પણ તેનું મન લલચાય નહીં. મન જો કાચું હશે તો કોઈકવાર પણ અનુકૂળ સમય ને

સંજોગ ઉપસ્થિત થતાં નિયમ તૂટશે. પણ નિયમનું પાલન સમજપૂર્વક થતું હશે તો તેવું બનવાનો સંભવ પણ નહીં રહે એ નક્કી છે.

એ જ વાત પ્રત્યેક વિષયને લાગુ પડે છે. જે વિષય પર આકર્ષણ હોય તેનાથી લાંબો વખત દૂર રહેવાથી તે આકર્ષણ ઓછું ને પછી તદ્દન નિર્મૂળ પણ થઈ શકે છે. શરત એટલી જ છે કે વિવેક દ્વારા મનને દૂર રહીને પણ સદા કેળવતા રહેવું જોઈએ. સ્ત્રીના મોહમાં ડૂબેલા વિષયાસક્ત માણસોના સંબંધમાં પણ આ વસ્તુ સાચી જણાય છે. કેટલીકવાર તે સ્ત્રીથી દૂર રહેવાને લીધે માણસનું બાહ્ય આકર્ષણ આપોઆપ દૂર થયું હોય છે. જે પદાર્થમાં મન ડૂબેલું હોય તેના અવગુણનો ને વિનાશી પરિણામનો વિચાર કરવાથી આમાં ખૂબ મદદ મળે છે. સ્ત્રીમાં પુરુષને કે પુરુષના શરીરમાં સ્ત્રીને મોહ મમતા હોય તો મનને સમજાવવું જોઈએ કે હે મન, જેને તું ખૂબ જ આકર્ષક ને સુંદર કહે છે તે શરીર પણ આખરે તો શું છે? મળ ને માંસ ને લોહી તથા રક્તવાહિની સિવાય બીજું કાંઈ તેમાં છે? તેના પર ચામડી મઢી લેવામાં આવી છે એટલે તે જોવું પણ ગમે છે. વળી તેને વસ્ત્રથી શણગારવામાં આવ્યું છે એટલે તે આકર્ષક લાગે છે પણ તેના મૂળ સ્વરૂપને ખુલ્લું કરવામાં આવે તો તો ચીતરી જ ચડે ને જોવાનું મન પણ ના થાય. છતાં કેવું આશ્ચર્ય છે કે માણસ ચામડીના મોહમાં બંધાયો છે! ભલભલા પંડિત, શાસ્ત્રી, કવિ કે લેખક, ડૉકટર ને વકીલ, રાજા મહારાજા, ગરીબ તથા અમીર – માનવ ને પશુ બધાં જ આ શરીરના રૂપરંગમાં બંધાયા છે, ને પુરુષ સ્ત્રીમાં તથા સ્ત્રી પુરુષના શરીરમાં આસકત છે! તેની અંદર જે આત્માનો પ્રકાશ છે તેને કોણ જુએ છે? તેનું દર્શન જો માનવને થાય તો તો બાહ્ય આકર્ષણ ને શરીરની આસક્તિ ટકી જ કેમ શકે? આવી રીતે વિચાર કરી ભક્ત તો શરીરમાં રહેલાં ઈશ્વરી પ્રકાશનું જ સદા દર્શન કરે છે, તેને પૂજે છે, ને ખૂબ સાવધ બની ઈશ્વરી પ્રકાશની પૂજાને નામે સમય જતાં શરીરનાં જ ભોગવિલાસમાં ડૂબી ન જવાય તેનું ધ્યાન રાખે છે.

ઈશ્વરદર્શન થયા પછી તો ભક્તનું મન જ બદલાય જાય છે. જેમ સાગરમાં મીઠાશ દેખાતી નથી, મધમાં કડવાશ કે અગ્નિમાં ઠંડક નથી તેમ ઈશ્વરપ્રાપ્ત ભક્તના મનમાં શરીરના જડ વિલાસ કે આકર્ષણનો ભાવ સ્વપ્ને પણ જાગી શકતો નથી. સ્ત્રી કે પુરુષ, જડ ને ચેતનમાં તે એક ઈશ્વરને જુએ છે, તેથી તેને ઈશ્વર વિના કોઈથી મોહાવાનું, કોઈમાં આસક્ત થવાનું કે લપટાવવાનું રહેતું નથી.

પણ આ અવસ્થા તો બહુ મોડી આવશે. તેને માટે શરૂઆતમાં તો સાધકે વિષયી પદાર્થોથી દૂર એટલે અસંગ રહેવું જોઈએ. એકાંતમાં જોવાના ને સાંભળવાના પદાર્થો બહુ જ ઓછા હોય છે. વળી બાહ્ય પ્રવૃત્તિ પણ ભાગ્યે જ હોય છે. મનને શુદ્ધ, સ્થિર ને એકાગ્ર કરવા માટે તે મદદ કરે છે. મન શુદ્ધ, સ્થિર ને એકાગ્ર થવા માંડે તે પછી જ ભક્તિનો સાચો આનંદ મળી શકે છે. જ્યાં સુધી દુર્ગુણો જીવનમાં ભર્યા હોય, સંસારના વિષયી પદાર્થોમાં અમીટ ભૂખતરસ લઈને મન સદા ભટકતું જ રહેતું હોય ને કામ, ક્રોધ ને અભિમાનમાં માણસ મત્ત હોય, ત્યાં સુધી ઈશ્વરનો સાચો પ્રેમ પ્રકટી શકતો નથી.

આ સાથે સાધકે પોતાની વિદ્યા, શક્તિ કે યોગ્યતાનું અભિમાન તો કરવું જ નહીં. સાચો સાધક કે ભક્ત ફૂલ જેવો કોમળ ને નમ્ર હોય છે. તે સદાયે એમ જ માને છે કે જ્યાં સુધી ઈશ્વરદર્શન થયું નથી ત્યાં સુધી હું પામર જ છું. ઈશ્વરદર્શન થયાં પછી તો તે તદ્દન નિરભિમાની બની જાય છે. તેનો સ્વભાવ એક

નાના બાળક જેવો સરળ, નિષ્કપટ ને આનંદી બની જાય છે. એટલે જેનામાં અભિમાન છે તેને સાચો ભક્ત કહી શકાય જ નહીં. સામાન્ય માણસોમાંથી પણ જે અભિમાન કરે છે તે મૂર્ખ જ છે. આ સંસારમાં માણસને માટે અભિમાનને સ્થાન જ ક્યાં છે. આ સંસારમાં એકેકથી ચઢિયાતા વિદ્વાનો, પંડિતો, વીરો, વહીવટકારો, વૈદ્ય કે ડૉકટરો, મહાત્મા ને ભક્તો, ગાયકો ને લેખકો તેમજ સુંદર ને ગુણવાન સ્ત્રીપુરુષો છે. તો પછી માણસે પોતાના રૂપ, ગુણ કે ધન ઐશ્વર્ય ને જ્ઞાનનું અભિમાન કરવું બરાબર છે? પછી મનુષ્ય શરીર જેવું ઉત્તમ શરીર મેળવીને પણ બીજાના ભલા માટે કે ઈશ્વરદર્શન ને પૂર્ણતા માટે માણસ ભાગ્યે જ પરિશ્રમ કરે છે. આ દશામાં તો તેને માટે શરમાવવાનું જ બાકી રહે છે. માણસ ગમે તેવો મહાન કહેવાય, વિદ્વાન કે ધની બને, છતાં હૃદયશુદ્ધિ દ્વારા ઉત્તમ માનવ બનવાનો ને અંતે આત્મસાક્ષાત્કાર કે ઈશ્વરદર્શન કરી પૂર્ણ બનવાનો ને બીજાનું યથાશક્તિ હિત કરવાનો આદર્શ ભૂલે, તો તેના જીવનનો કંઈ જ અર્થ નથી. તેને મહાન કહેવો તે પણ બરાબર નથી. તેવો માણસ મોટાઈનો ગર્વ ધારણ કરે તે મૂર્ખતા નહીં તો બીજું શું છે? એટલે સમજુ માણસ તો ગર્વ છોડે છે ને જેમ જેમ મહત્તા મેળવે છે તેમ તેમ પાકતાં જતાં ફળની જેમ નમ્ર ને મધુર બને છે. આવા જ માણસને પ્રભુનો પ્રેમ સાંપડી શકે છે.

પ્રભુનો પ્રેમ કાંઈ એક દિવસમાં પ્રાપ્ત થઈ જાય છે? ચૈતન્ય મહાપ્રભુ ને રામકૃષ્ણ પરમહંસ તથા મીરાં ને ગોપી જેવો ઈશ્વરી ઉન્માદ કંઈ એમનેમ મળી જાય છે કે? ભક્તિ કે પ્રેમ કોઈ જાદુગરી વિદ્યા નથી કે ચપટી વગાડતાં કે લાકડી હલાવતાં મળી જાય. તેને માટે તો અખંડ તપ કરવું પડે છે. અપાર આરાધના કરવી પડે છે. એક સાધારણ બીને જમીનમાં નાંખતા પહેલાં કેટકેટલી ક્રિયા કરવી પડે છે? જમીનને ખેડીને પહેલાં તો સમૃદ્ધ બનાવવી પડે છે. પછી પ્રતીક્ષા કરવી પડે છે. વરસાદ વરસતાં તેમાંથી અંકુર ફુટે છે. ને છેવટે લાંબા વખતની સાચવણી પછી ઘઉં કે ડાંગર તૈયાર થાય છે. તે જ પ્રમાણે ભક્તિ કાંઈ એક જ દિવસમાં ફલવતી ના બને. તેને માટે સાધકે સૌથી પહેલાં તો પોતાના મન ને તનને શુદ્ધ કરી નમ્ર બનવું પડે છે : દુર્ગુણને દૂર કરી દઈ સદ્દગુણનું ખાતર જીવનમાં ભરવું પડે છે. પછી ઈશ્વરના નામના બીને હૃદયમાં રોપી દઈ તેના સ્મરણમાં મસ્ત બનવું રહે છે. પ્રતિકૂળ વાતાતવરણથી તેનો નાશ ના થાય તે માટે સદાયે સાવધ રહી તેની રક્ષા કરવી પડે છે. આ પછી સત્સંગના પ્રભાવથી ને પ્રભુની કૃપાથી અદૃષ્ટ અમૃતની વર્ષા વરસવા માંડશે, એટલે તેમાંથી પ્રેમભક્તિના અંકુર ફુટશે, ને આખરે તે ફલવતી થતાં ઈશ્વરદર્શનના આનંદમાં ભક્ત ડૂબી જશે.

બીજમાંથી ફળ થતાં જેમ વાર લાગે છે તેમ ભક્તિ દ્વારા ભગવાન મળતાં પણ શક્તિ પ્રમાણે વાર લાગે છે. ક્રિયાકાંડ, મંત્રજપ કે પૂજા સેવા દ્વારા ઈશ્વરનો અનન્ય પ્રેમ જાગતા પણ વાર લાગે છે. જેની જેવી શક્તિ તે પ્રમાણે ફળ મેળવવામાં વખત પણ થાય છે. પણ આ માટે ધીરજ જોઈએ, ઉત્સાહ જોઈએ, ખંત, હિંમત ને પુરુષાર્થ જોઈએ. અતૂટ થનગનાટ ને અમર આશા જોઈએ. મજબૂત મનોબળ જોઈએ, તો જ સિદ્ધિ સાંપડી શકે. આજે ને આજે જ બી વાવ્યું ને કાલે જ ફળ માટે જે જમીનને ખોતરવા માંડે તેને ફળ તો ના જ મળે, ને કરેલો પરિશ્રમ પણ વ્યર્થ થાય, તે જ પ્રમાણે અમુક જપ કર્યા, તપ કર્યું, પરિશ્રમ પણ કર્યો ને છતાં ઈશ્વરદર્શન ના થયું કે સાધનાનો આનંદ કે માનસિક શાંતિ પણ ના મળી એટલે 'સાધનામાં કાંઈ જ નથી,

ઈશ્વરદર્શન, મુક્તિ કે સિદ્ધિ બધું જ ધતીંગ છે, એક પ્રકારનો માનસિક ભ્રમ છે.' એમ જે માનવા માંડે ને બીજાને પણ મનાવે તે પોતાના પગ પર તો કુહાડો મારે જ છે, સાથે સાથે બીજાના સરળ માર્ગને પણ પૂર્વગ્રહના કંટકોથી ભરી દઈ વધારે મુશ્કેલ બનાવે છે.

અસલના ભક્તોને ઈશ્વરદર્શન ને ઈશ્વરપ્રેમની પ્રાપ્તિ માટે કેટલો સમય લાગ્યો છે તે ઈતિહાસ દ્વારા જાણી શકાય છે. તેનાથી થોડોક શ્રમ ને સમય તો બીજાને લાગે જ એમ માની સાધકે હિંમત ને શ્રદ્ધા ધારણ કરી સાધનાનો માર્ગ કાપવો જોઈએ. આને જ નિરંતર કે અખંડ ભજન સાધન કહે છે. જેમ રોજ રોજ એકનો એક ખોરાક ખાવાથી કંટાળો આવતો નથી, એકની એક સંધ્યા ને ઉષા જોવાથી કુદરતપ્રેમી માણસને થાક લાગતો નથી, ને એકનું એક આકાશ રોજ રોજ એટલું જ આકર્ષક લાગે છે, નદી ને ફૂલની શોભા એક છતાં અનેક રંગો ધારણ કરે છે, તેમ ઈશ્વરપ્રાપ્તિનો પુરુષાર્થ સદાયે નવીન રસ દેનારો બનવો જોઈએ, રોજ નવાનવા આકર્ષણથી સભર થવો જોઈએ ને તેથી થાક કે કંટાળો ના આવવાં જોઈએ. નદી જેમ અખંડપણે વહ્યે જાય છે, કુદરત ને કાળ પોતાનું કામ કર્યે જાય છે, ને પ્રકાશના કિરણ પોતાની વિશ્વવ્યાપક સફર અતૂટ રીતે કર્યા કરે છે, તેમ ભક્તે ઈશ્વર માટેની સાધના કર્યા જ કરવી. બંધનથી મુક્ત થવાની આરાધના ચાલુ જ રાખવી ને અપૂર્ણતાનો નાશ કરી પૂર્ણતાના પાવન ફળને પ્રકટાવવાના સાધનયજ્ઞની આહુતિ પર આહુતિ પણ ચાલુ જ રાખવી. એવા સતત પુરુષાર્થ કે નિરંતર ભજનસાધનથી એક ધન્ય ક્ષણે ઈશ્વર માટેનો પ્રેમ પ્રકટી જશે. ને તેને પરિણામે જીવની જુગજૂની ઝંખના ઈશ્વરદર્શન, મુક્તિ કે પૂર્ણતા પણ પ્રાપ્ત થઈ જશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૭. યજ્ઞનો વિચાર

મને મારા વિવિધ પ્રવાસ દરમ્યાન કેટલાક માણસો દ્વારા પુછવામાં આવે છે કે યજ્ઞ વિશે મારો શો અભિપ્રાય છે આજે જે લાખો કે હજારો રૂપિયાને ખર્ચે જુદા જુદા યજ્ઞો થાય છે તે બાબતમાં મારો શો મત છે. મારી સમજ પ્રમાણે હું તેમને ઉત્તર આપું છું ને કહું છું કે પ્રાચીન કાળમાં થતા ને આજે પણ કેટલીક વાર સંત સાધુ કે ગૃહસ્થી દ્વારા કરાવાતા મોટા પાયા પરના યજ્ઞો આજને માટે જરૂરી નથી. આ યજ્ઞોમાં હજારો મણ અનાજ તથા ઘી હોમી દેવામાં આવે છે ને લાખો લાકડાંની નકામી ભસ્મ બની જાય છે. યજ્ઞોમાં આપવામાં આવતી દક્ષિણા દ્વારા હજારો રૂપિયા નકામા જાય છે, ને તે પછી તે દરમ્યાન થતાં મિષ્ટાન્નોનો વ્યર્થ વ્યય તો જુદો. આખરે આ યજ્ઞોનું પરિણામ પણ શું છે? વિશ્વશાંતિ માટે યજ્ઞો ઘણાં થાય છે, પણ તેના પરિણામે ઉત્તરોત્તર અશાંતિ જ વધતી જાય છે. યજ્ઞો કરનારામાં નિષ્કામ બુદ્ધિ કે ઈશ્વરપરાયણતા ક્યાં છે? આજે તો નામના ને વાહવાહ કે દ્રવ્યને માટે જ યજ્ઞો થાય છે.

અસલના ઋષિઓ યજ્ઞની શરૂઆતમાં મંત્ર દ્વારા અગ્નિદેવનું આવાહન કરતા. આજે એવા પુરૂષો છે? ને હોય તો કેટલા? આ બધાની સાથે યજ્ઞને નામે કરોડો કે લાખો મણ ઘી ને અનાજનો થતો વ્યય આજના કપરા કાળમાં ઈચ્છવાયોગ્ય છે ખરો? યજ્ઞને નામે લાખો રૂપિયાની આ રીતે બરબાદી કરવા કરતાં કોઈ બીજે વધારે સારા માર્ગે તે રૂપિયાને ના ખરચી શકાય? યજ્ઞ જો શાંતિ, આત્મિક શક્તિ કે સિદ્ધિ માટે હોય તો તે બધાની પ્રાપ્તિનો કોઈ સરળ, ઓછો ખર્ચાળ ને બુદ્ધિગમ્ય માર્ગ નથી કે યજ્ઞના જ માર્ગનો તે માટે આધાર લેવો પડે? આ બધા પ્રશ્નોનો બરાબર વિચાર કર્યા પછી હું કહું છું કે પ્રાચીન કાળમાં યજ્ઞનું સ્વરૂપ ગમે તે હોય, દાન પણ તે સમયે ગમે તેવું અપાતું હોય, આજે તો યજ્ઞ ને દાનના પ્રકારોમાં સમય પ્રમાણે ફેરફાર થવા જ જોઈએ.

દુનિયામાં હજારો માણસો દરિદ્ર છે, ભુખે ટળવળે છે ને ઘરબ્હાર વિના ફરે છે. હજારો વિધવાઓને ભણવું છે પણ પૂરતી આર્થિક મદદ વિના ભણી શકતા નથી. કેટલાક તો આશ્રય વિનાના ને અનાથની જેમ ફરે છે ને પાછળથી ચોરી જેવા અનેક ગુનાઓ શીખે છે. ગરીબાઈ તેમજ અજ્ઞાન ને છૂપી પાપવૃત્તિને લીધે લાખો બેનોના વેપાર થાય છે, ને તેમની પવિત્રતા નષ્ટ કરવામાં આવે છે. તેવી કેટલીય બેનો ઉઘાડે છોગે દુકાનો માંડીને ભારત ને વિશ્વનાં નાનાંમોટા શહેરોમાં બેઠી છે. કેટલીક દિવાલો પાછળની ગંદી દુનિયામાં ચિત્કાર ને આહ નાખતી બેઠી છે. બેકાર ને મજુરી શોધતા હજારો માણસો કોઈ કામની આશામાં રખડે છે. દાંત ને આંખ તેમજ છાતીના રોગથી કેટલીય પીડાય છે. પેટ ને આંતરડાનાં દર્દોથી પણ રીબાય છે. ગામડાંની કેટલીય પ્રજા દવા વિના એમનેમ બેસી રહી છે. લોકોમાં સાચા જ્ઞાનની કૈંક ભૂખ છે પણ તેમને યોગ્ય આધાર મળતો નથી. કાનનાં દર્દો ને બીજાં ભયંકર દર્દો પણ કેટલાય માણસોને ઘેરી વળ્યાં છે. ગરીબ જનતા આનો યોગ્ય ઉપચાર પણ કરાવી શકતી નથી. આ બધામાંથી કોઈયે એક હેતુને પરિપૂર્ણ કરવા માટે, કોઈપણ એક અથવા અનેક માણસોને તમે તન, મન કે ધનથી મદદ કરી શકો.

એટલા જ માટે આજે તો દાંતના રોગીની મફત સારવાર કરવા માટે દંતયજ્ઞો, નેત્રયજ્ઞો, પેટ ને છાતીના દર્દયજ્ઞો, કર્ણયજ્ઞો નવસ્ત્રાને માટે વસ્ત્ર ને ભુખ્યાંને સારૂ અન્નયજ્ઞો, ઉઘાડાં પગવાળાને માટે

ચંપલયજ્ઞો, મધ્યમ વર્ગવાળાને માટે ઓછા ભાડાંવાળા મકાનના યજ્ઞો, અનાથાશ્રમ, વિધવાસહાય ને વેશ્યાઓના ઉદ્ધાર યજ્ઞો, દવાખાનાં ને પુસ્તકાલયો ને પ્રસુતિગૃહના યજ્ઞો, કથા ને કીર્તન દ્વારા ઉચ્ચ જ્ઞાનના પ્રચારયજ્ઞો, ગામડાં ને શહેરની સામુહિક સફાઈના યજ્ઞો, કરોડો એકર રસકસ વિનાની થઈ પડેલી જમીન માટેના નહેરયજ્ઞો, જમીન વિનાનાને માટેના જમીન યજ્ઞો ને એવા એવા પ્રત્યક્ષ ફળ દેનારા, ખૂબ જ આવશ્યક ને મનુષ્યો ને પશુપંખીના રૂપમાં જીવતાજાગતા યજ્ઞનારાયણની સેવાસહાયતાના વિરાટ યજ્ઞો થવા જોઈએ. ધનવાન ને પ્રતિષ્ઠિત લોકોએ ખુલ્લા દિલથી આવા યજ્ઞોમાં બનતી બધી જ મદદ કરવી જોઈએ. આજે અંદરઅંદર કેટલું વેરઝેર, કેટલા ભેદભાવ ને પક્ષાપક્ષી તેમજ સ્વાર્થખોરી ફેલાઈ છે? આ બધાને જીવન ને સમાજમાંથી દૂર કરવા માટે માણસે ચારિત્ર્યયજ્ઞ કરવો જોઈએ. આવા આવા યજ્ઞો દેશ ને દુનિયાની સૂરત બદલી નાખવા માટે ખૂબ જ જરૂરી છે. તે તરફ લોકોનું જેટલું લક્ષ દોરાશે તેટલું થોડું જ છે.

જીવનની શાંતિ માટે પણ ઈશ્વરસ્મરણનો યજ્ઞ તદ્દન જરૂરી છે. ઈશ્વરની કૃપા દ્વારા બધી જ કામના પૂરી થાય છે, ને સર્વ પ્રકારના ફળ મળે છે. તે માટે માણસે બનતો બધો જ પ્રયાસ કરવો જોઈએ. યજ્ઞના ધુમાડા કાઢવાની ઈશ્વરના સાચા ભક્તને કાંઈ જ જરૂર નથી, તેના દિલમાં તો ઈશ્વરના વિરહનો અગ્નિ દિવસરાત જલ્યા જ કરે છે. એટલે ઈશ્વરના પ્રેમાગ્નિથી છવાયેલું ભક્તનું દિલ એક પ્રકારની યજ્ઞવેદી જ છે. ઈશ્વરની સતત સ્મૃતિ, પ્રખર પ્રાર્થના ને વ્યાકુળતાની અખંડ આહુતિ આ યજ્ઞમાં અપાય છે. દુષ્કર્મનો નાશ થયા વિના, પવિત્રતા ને દૈવી સંપત્તિને પંથે વળ્યા વિના, ને ઈશ્વરપ્રાપ્તિનો નિશ્ચય થયા વિના આ મહાન યજ્ઞ થઈ શકતો નથી. આમાં નથી હોમવા પડતા તલ કે નથી નાખવા પડતા જવ, ઘીની જરૂર પણ આમાં છે નહીં. ઈશ્વરપ્રેમના યજ્ઞમાં તો મમતા ને અહંતા તેમજ મન ને ઈન્દ્રિયોની પરવશતાનો જ હોમ કરવો પડે છે, ને છેવટે ઈશ્વરના દૈવી રૂપના દર્શનથી સાધક કે યજ્ઞકર્તાએ પ્રસન્ન ને ધન્ય થવાનું રહે છે. નાત કે જાતના ને બીજા દુન્યવી ભેદભાવ વિના કોઈયે પુરૂષ કે સ્ત્રી આ યજ્ઞનાં અધિકારી થઈ શકે છે. ને ગમે ત્યારે, દિવસે રાતે કે કોઈયે દશામાં આ યજ્ઞ કરી શકે છે.

ઈશ્વરસ્મરણનો આ યજ્ઞ એકલા કે સમૂહમાં થઈ શકે છે. કથા ને કીર્તન દ્વારા ઈશ્વરપ્રેમમાં ભક્ત તરબોળ બની સ્નાન કરે છે ને બીજાને પણ કરાવે છે. આ એક પ્રકારનો યજ્ઞ છે. પણ તેનો ઉદ્દેશ લોકોનું મનરંજન કરવાનો કે વાહવાહ મેળવવાનો ને ધનસંગ્રહ જ કરવાનો ના હોવો જોઈએ. તે તો ઈશ્વરના પ્રેમની વધારે ને વધારે પ્રાપ્તિ માટે જ થવો જોઈએ. તે દ્વારા ઈશ્વરની વધારે ને વધારે પાસે પહોંચવાની ને છેવટે ઈશ્વરદર્શન કરી ધન્ય થવાની જ ભક્તની નેમ હોવી જોઈએ. આવા કીર્તનયજ્ઞો સાંભળનારાના હૃદય પર ઊંડી અસર કરી જાય છે, ને કેટલાયનું જીવન પરિવર્તન પણ કરી દે છે. કીર્તનનો આ યજ્ઞ એકાંતમાં કરવાથી પણ ઓર રંગ મળે છે. ઈશ્વરની પ્રાર્થના ને ગુણસ્તુતિ કરવાથી ને તેના મહિમાના મધુર પ્રસંગો પર વિચાર કરવાથી છેવટે ઈશ્વરનો અનન્ય પ્રેમ મળી જાય છે, ને ઈશ્વર વિના કોઈયે પદાર્થમાં મન લાગતું નથી. આ યજ્ઞની આગળ બીજા દ્રવ્યમય યજ્ઞોની કીંમત કૈં જ નથી. માણસ જો આ જ યજ્ઞને જીવનમાં ઉતારે તો શાંતિ, સિદ્ધિ ને તેના સ્વામી ઈશ્વરની પ્રાપ્તિ તેને જરૂર થઈ શકે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૮. સંતકૃપાથી ભક્તિની પ્રાપ્તિ

ભગવાનની પરમકૃપા અથવા તો ભગવાનનાં દર્શન કરી ચૂકેલા સંત કે મહાત્માની કૃપાથી પણ ભક્તિની પ્રાપ્તિ થઈ શકે છે એમ ભક્તિસૂત્રોના રચનાર નારદજીનું કહેવું છે. બીજા અનુભવી મહાપુરુષોનો પણ આ જ અભિપ્રાય છે.

સંત મહાત્માઓમાં શક્તિ અપાર છે. પણ સાચા સંત કોને કહેવા તે બાબત સારી રીતે સમજી લેવી જોઈએ. આજે સંત નામધારી પુરૂષો સંસારમાં ઘણા છે. પણ તેમના સાચા સ્વરૂપનો વિચાર માણસ ભાગ્યે જ કરે છે. જે માણસો પોતાના વસ્ત્રો બદલી નાખે તેમને શું સંત કહેવા? અથવા જે ભસ્મ ચોળે, જટા રાખે ને ગાંજા-ચલમ સેવે, જે ઘરબ્હાર ને કુટુંબકબીલાને છોડી એકાંતમાં રહે તેમને સંત ગણવા? અથવા જે માળા પહેરે, જપ ને તપ કરે તથા શાસ્ત્રોનું અધ્યયન કરે, દોરા ને ધાગા કરે તેમને સંતના ઉત્તમ નામથી સંબોધવા ને ઓળખવા ? મહાપુરૂષો કહે છે કે સંતને ઓળખવામાં આ લક્ષણો બહુ મદદ કરતાં નથી. સંતની યોગ્યતાની પારાશીશી આ બાહ્ય સાધનોથી ઘણી દૂર છે. સંતને ઓળખવાનો માપદંડ આથી વધારે મોટો ને મહાન છે. ઉપર કહ્યા તેવાં બાહ્ય લક્ષણોવાળો પુરૂષ કે તેવી સ્ત્રી સંત હોઈ પણ શકે ને ના પણ હોઈ શકે. કેમ કે સાચા સંતમાં આ લક્ષણો હોવાં જ જોઈએ એવો નિયમ નથી.

તો પછી સંત પુરૂષના મહત્વના લક્ષણો કયાં? એવી કયી ખાસિયત કે વિશેષતાને લીધે સંતપુરૂષ સંત કહી શકાય ને કયી યોગ્યતા ન હોવાથી તેને સંતનું ઉત્તમ નામ ના આપી શકાય? મધમાં જેમ મીઠાશ હોય જ છે, તે વિના મધને મધ કહી શકાતું નથી, સૂર્યમાં પ્રકાશ, અગ્નિમાં દાહકશક્તિ ને નદીમાં જલ જરૂર રહે છે, તેમ સંતપુરૂષમાં જરૂર રહેનારી એવી વસ્તુ કયી છે? તે વિશે કાંઈ કહી શકાય ખરૂ? જરૂર. એનો પણ ઉત્તર સંતશ્રેણીના મહાપુરૂષોએ આપેલો છે. તેનો વિચાર કરવાથી સંતપુરૂષોનાં લક્ષણનો ખ્યાલ આવી શકે છે.

સંતનું સૌથી મહત્વનું લક્ષણ હૃદયની પવિત્રતા, વિકારરહિતતા કે દૈવી સંપત્તિની પ્રાપ્તિ છે. હૃદયની શુદ્ધિ કે પવિત્રતા, વિકારરહિતતા ને દૈવી સંપત્તિની પ્રાપ્તિ ત્રણે એક જ સાથે રહેનારી વસ્તુઓ છે. તેમાં વધારે ફેર કે તફાવત નથી. જ્યાં એકની સિદ્ધિ થઈ એટલે બીજી વસ્તુ પણ આપોઆપ આવવી જ જોઈએ એ નિયમ છે. આ વસ્તુ કે યોગ્યતા વિના કોઈને સંત કહી શકાય નહી; સંતનું હૃદય આરસપહાણ જેવું સ્વચ્છ હોય છે: મેલ વિનાના દર્પણ જેવું પવિત્ર હોય છે: ને સદ્ગુણોની સુવાસથી ફૂલ જેવું સુવાસિત કે ફોરમદાર તેમજ વિશુદ્ધ એવી નદીના નીર જેવું નિર્મળ હોય છે. મધને તમે આગળ કે પાછળ, ઉપર કે નીચે-ગમે ત્યાંથી ચાખો તો પણ તે જેમ મીઠું જ લાગે છે; તેમાં ક્યાંય પણ ને જરી પણ કડવાશ જણાતી નથી, તેમ સંતપુરૂષના હૃદયમાં મધુરતા જ મધુરતા, પ્રેમ જ પ્રેમ ને પવિત્રતા જ પવિત્રતા હોય છે. એના મન કે અંતરના સૂક્ષ્માતિસૂક્ષ્મ ખુણામાં પણ ક્યાંય મલિનતા, કપટ, ભય, દ્વેષ, મમતા કે ક્ષુદ્ર વાસના ને ક્રોધનો વાસ હોતો નથી. સંતપુરૂષની આ સૌથી પહેલી ને મહત્વની યોગ્યતા છે.

કોઈ માણસ ગમે તેટલા જપ કરે, ગમે તેવું તપ કરે, તો પણ જો તે વાસનાનો દાસ હોય, અભિમાન ને કપટ કે દ્વેષમાં રમતો હોય ને સ્ત્રીના કટાક્ષથી મોહિત થઈ તેના શરીરની આસક્તિમાં સડતો હોય, તો

નક્કી માનજો કે તેનામાં ક્યાંય ભૂલ છે, કચાશ છે, ને તે સંત થવાના સાધનમાં લાગ્યો હશે તો પણ હજી સાચો સંત નથી. તે જ પ્રમાણે કોઈ માણસ ગમે તેટલા ટીલાટપકાં કરતો હોય, માળા ને ભસ્મથી સુશોભિત હોય, ને પોતાને સંત કહેવડાવતો હોય, છતાં જો તેનામાં સંસારના ક્ષણભંગુર પદાર્થોની પ્રીતિ હોય, દંભ કે પાખંડ હોય ને જો તે અવગુણોનો ભંડાર હોય, તો તેના સંત તરીકેના દાવાને ખોટો માનજો. કપડાં તો બદલ્યાં, નામ પણ બદલ્યું; પણ એટલાથી જ શું વળે? ઘરબ્હાર ને સગાંસ્નેહીને છોડવાથી પણ શું? શરીરની આસક્તિ ને મોહવૃત્તિ છોડી? નામ ને રૂપમાં રહેલા એકમાત્ર ઈશ્વરને મેળવી લેવા કમર કસી? રાજસી કે તામસી સ્વભાવને છોડી દઈ સાત્વિકતા ધારણ કરી? આ જ વસ્તુ સાચા અર્થમાં છોડવાની છે: પછી તે ઘરમાં રહીને છોડો કે વનમાં, ધોળાં વસ્ત્ર પહેરીને છોડો કે ભગવા, તેની સાથે વધારે નિસ્બત નથી. આ વસ્તુ છોડવાથી જ માણસ સંત બની શકે છે. આ વસ્તુ છોડીને માણસ જ્યાં પવિત્ર ને દૈવી ગુણથી સંપન્ન થવા માંડ્યો એટલે આપોઆપ સંત થાય છે. તે વિના કોઈને કે પોતાને સંત કહેવા માંડવું એ સંત જેવા ઉત્તમ કે શ્રેષ્ઠ શબ્દનું અપમાન કર્યા બરાબર છે.

સંતનું નામ ધારણ કરવા કોઈએ ઉતાવળ કરવાની જરૂર નથી. ઉતાવળ તો સંતની યોગ્યતા મેળવવા માટે જ કરવાની છે. તમારામાં યોગ્યતા આવશે એટલે બીજા તમને આપોઆપ સંત કે મહાત્મા તરીકે માનવા લાગશે. ને નહિ માને કે માને તો પણ શું? ઈશ્વરના દરબારમાં જ માણસે સંત થવાનું છે, માણસની પાસે નહીં. માણસો જેમને સંત કહેતા હશે તેવા કેટલાય માણસો ઈશ્વરના દરબારમાં અસંત તરીકે ઓળખાતા હશે, ને માણસોએ જેમને અસંત ગણી ઉપેક્ષાની દૃષ્ટિથી જોયા હશે તેવા કેટલાય માણસો ઈશ્વરની નોંધપોથીમાં સંત તરીકે લેખાયા હશે તેની કોને ખબર છે? એટલે માણસે ઈશ્વર ને પોતાના આત્માને વફાદાર રહીને સાચા સંત બનવાની કોશિશ કરવી.

સંતનું હૃદય શુદ્ધ થઈ ગયું હોય છે એટલે તેની વાણી અમૃત જેવી મીઠી, તેના વિચાર પણ પવિત્ર ને તેનાં નાનાંમોટાં બધા જ કર્મ પણ મંગલ ને મેલ વિનાનાં હોય છે. તે પ્રેમની મૂર્તિ હોય છે : દયાનો ભંડાર હોય છે: નમ્રતાનું સ્વરૂપ તેમજ શાંતિ ને નિર્ભયતાનો નમૂનો હોય છે. જેમ ચંદ્રને જોવાથી આંખને ઠંડક લાગે છે તેમ આવા સંતનો સમાગમ થવાથી તન, મન ને અંતરને શાંતિ મળે છે. જેમ રણના પ્રવાસીને ભરબપોરે કોઈ વનસ્થળ મળતાં છાંયા મળી જાય છે, તેમ સંસારના પ્રવાસી માનવને આવા સંતના દર્શનનો લાભ મળતાં અપાર આનંદ ને તૃપ્તિ થાય છે, ને તેના બધા જ તાપ, દુઃખ ને દર્દ દૂર થઈ જાય છે. નિર્ધનને હીરાની ખાણ મળવાથી જેમ તે ધનવાન બની જાય છે, તેમ આવા સાચા સંતની પ્રાપ્તિ થતાં માણસની બધી જ નિર્ધનતા ટળી જાય છે, ને વિચાર તેમ જ વાણી ને વર્તનમાં તે અમીર બની જાય છે. કેટલાય દિવસના જૂના રોગીને દેવોના વૈદ્ય અશ્વિનીકુમારનો અચાનક ભેટો થઈ જાય ને કંગાલને કામધેનુ મળી જાય તો તેની શી દશા થાય? સંસારના રોગથી પીડાતો જીવ પણ જ્યારે સંતને આશ્રયે આવે છે, કામધેનુ ને અશ્વિનીકુમાર જેવા સાચા સંતને મેળવે છે, ત્યારે સંપૂર્ણપણે રોગથી મુક્ત ને કૃતકૃત્ય બની જાય છે. આવા સંતોના સમાગમને જ શાસ્ત્રોએ સ્વર્ગતુલ્ય કહ્યો છે. અખાના શબ્દોમાં કહીએ તો આવા સંતો ધન હરતા નથી,

પણ ધોખાને હરે છે, ને માણસનું કલ્યાણ કરે છે. પણ તે વિશે વિશેષ વિચાર તો આપણે પછી કરીશું. હાલ તો આપણા વિષયના અનુસંધાનમાં જ આગળ વિચારીએ તે સારૂં છે.

ત્યારે હૃદયશુદ્ધિ પછીનું સંતનું બીજું મહત્વનું લક્ષણ કયું? એક જ વાક્યમાં કહેવું હોય તો કહી શકાય કે સંતનું બીજું મહત્વનું લક્ષણ 'ઈશ્વરમાં પરમ પ્રેમ' છે. સાચા સંતને એક ઈશ્વરની જ લગની લાગી હોય છે. એક ઈશ્વરના જ રૂપને જોવા માટે સંતપુરૂષ દિવાનો બન્યો હોય છે. ઈશ્વરના જ મોહથી તે મોહાયો ને ઈશ્વરના જ પ્રેમદોરથી બંધાયો હોય છે. ઈશ્વરના પ્રેમરંગથી તેનું તન ને મન રંગાયું હોય છે. આ વિનાશી ને પરિવર્તનશીલ સંસારમાં એક ઈશ્વરને જ ભજવા તેણે સંકલ્પ કર્યો હોય છે, ને ઈશ્વરને જ મેળવવા તેનું અંતર અધીર બનીને દિનરાત રડતું હોય છે. ઈશ્વર વિના આ સંસારમાં તેનું કોઈ પ્રિય કે પ્રિયતમ છે નહી: ઈશ્વર જ તેના જીવનનો એકમાત્ર આધાર, શાંતિ ને આનંદનો આદર્શ ને પ્રાણ છે તેનું સમસ્ત જીવન એ ઈશ્વરને માટે જ સમર્પિત થયું હોય છે. ને ઈશ્વરના જ પ્રેમરસમાં તરબોળ ને મસ્ત બનીને જીવ્યા કરે છે. ઈશ્વર સાથેનો સંબંધ આ પ્રકારનો હોય છે.

ઈશ્વરને માટેનો આવો પ્રખર પ્રેમ કાંઈ એમનેમ જાગી શકતો નથી. એ પ્રેમ પ્રકટાવવા માટે ઈશ્વરના મહિમાનો ને સંસારના વિનાશીપણાનો સતત ખ્યાલ કરવો જોઈએ ને મનને 'શું જોઈને મોહાય છે ને સપડાય છે? સંસારમાં તું જે રૂપ, રસ ને આનંદ જોઈ રહ્યું છે તે તો સંસારને ઉત્પન્ન કરી શોભા દેનાર ઈશ્વરના રૂપ, રસ ને આનંદનો એક ક્ષુલ્લક અંશ માત્ર છે! સંસાર આટલો સુંદર ને સુખદ છે, તો પછી તેનો રચનાર ઈશ્વર-તેનો સ્વામી કેટલો સુંદર ને સુખદ હશે! તેની પાછળ તું પાગલ કેમ નથી થતું?' આ પ્રમાણે મનને સમજાવવા ઉપરાંત વિષય સુખમાં જે અલ્પતા ને નુકશાન છે તેનો પણ વારંવાર વિચાર કરવો જોઈએ. વિષયાભિમુખતા ઈશ્વરપ્રેમનો મુખ્ય અંતરાય છે. ને વિષયોનાં દૂષણ તેમજ ઈશ્વરપ્રેમનાં ભૂષણને મન જ્યાં સુધી નથી સમજતું ત્યાં સુધી જ તે વિષયમાં બંધાયેલું રહે છે. માટે ઈશ્વરના મહિમાનો વારંવાર વિચાર કરવો.

સંતપુરૂષો આવા વિચાર કરીને આગળ વધ્યા હોય છે. એટલે કે તેમણે સંસારના એકમાત્ર સાર એવા ઈશ્વરની સાથે પ્રીતિ કરી હોય છે. ઈશ્વર પ્રત્યેની આ પ્રીતિ સંતપુરૂષનું બીજું મહત્વનું લક્ષણ છે. આ પ્રીતિ થતાં મિથ્યા અહંભાવ ને તેમાંથી ઉત્પન્ન થતી સંસારના પદાર્થોની આસક્તિ તેમજ મમતાનો અંત આવે છે.

આ પ્રેમ વધતાં ઈશ્વરની કૃપાથી ઈશ્વરના પ્રેમી સંતને ઈશ્વરનું દર્શન સમય પર થઈ જાય છે, ને ત્યારે જ તેને પૂર્ણ શાંતિ તેમજ આનંદનો અનુભવ થાય છે. ઈશ્વરના આવા પ્રત્યક્ષ અનુભવ કે સાક્ષાત્ દર્શન વિના તેને ચેન પડતું નથી. ઈશ્વરદર્શન થયા પછી તો તે મહાપુરૂષ ઈશ્વર જેવો જ બની જાય છે. પછી તો તે સંપૂર્ણપણે પવિત્ર થઈ જાય છે. દોષ કે વિકાર અથવા ભય, અહંકાર ને વાસનાના રહ્યાસહ્યા સુક્ષ્મતમ અંકુર પણ તેના હૃદયમાંથી આ પછી દૂર થઈ જાય છે, ને શોક, મોહ, કે વિષાદ તેને સ્વપ્ને પણ વ્યાપતાં નથી. નિર્મળ નદી જેવું તેનું પવિત્ર જીવન સંસારમાં શોભી ઊઠે છે, ને અનેક માણસોને પ્રેરણા તથા ઈશ્વરપ્રેમનાં પિયૂષ પાય છે. આવો સંતપુરૂષ જ સાચો સંત છે, ને તેને સેવવાથી સર્વ હેતુ સરી રહે છે. આવા સંતને

સેવવાથી ઈશ્વરમાં પ્રીતિ થાય છે, ને પાપ કે અનિષ્ટકારક કર્મોથી મુક્ત થઈ માનવજીવન દ્વારા ઈશ્વરદર્શન કરી મુક્ત ને પૂર્ણ બનવાનો પુરૂષાર્થ કરવાની ઈચ્છા તીવ્રપણે જાગી ઊઠે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૩૯. સંતદર્શન દુર્લભ અને અમોઘ છે

સંતપુરૂષનાં સાચાં લક્ષણ વિશે ગયા પ્રકરણમાં આપણે ઉડતી સમીક્ષા કરી. પરંતુ તેવા સંતપુરૂષ કાંઈ સહેજમાં મળી જાય છે? સંસારમાં એવા મહાપુરૂષ છે ખરા, પણ તે મળે કેવી રીતે? તેમને ક્યાં ને કેવી રીતે શોધવા ? આ પ્રશ્નો જિજ્ઞાસુ માણસને આપોઆપ ઉઠશે. તેનો ઉત્તર પણ બહુ જ ટૂંકો જ છે. વાત એમ છે કે ઈશ્વરના પ્રેમી સંત કાંઈ હજારોની સંખ્યામાં પાકતા નથી. સંસારમાં પાણીની ખોટ છે? પૃથ્વીના લગભગ પોણા ભાગ પર પાણી જ પાણી છેઃ પણ જ્યાં જ્યાં પાણી છે ત્યાં ત્યાં કમળ થોડાં જ છે? કમળ તો કોઈક જ ઠેકાણે મળે. તે જ પ્રમાણે સરોવર ઘણાં છે, હંસ પણ હશે, પણ મોતીનો ચારો ચરનારા રાજહંસ કાંઈ પ્રત્યેક સરોવરે દેખાય છે? તે તો એકાદ માનસરોવરમાં જ મળે. વર્ષાઋતુમાં આકાશ વાદળથી જ છવાયેલું રહે છે. પણ વરસાદનાં વાદળ તો કો'ક જ હોય. તે જ વાદળમાંથી પૃથ્વીને પ્રાણ અર્પણ કરનારો વરસાદ વરસી રહે છે, ને પૃથ્વી તેનો સ્પર્શ પામી કૃતાર્થ બની જાય છે. તે જ પ્રમાણે ત્યાગી ને સાધુ કે યતિ ને સાધક તો ઘણા મળે, પણ જેમને જોતાંવેંત હૈયું ઠરે, તન, મન ને અંતર જેમના સંજીવની દેનારા સમાગમથી શાંત ને શીતલ તથા પ્રસન્ન બને, જે કેવળ ઈશ્વરના પ્રેમરસથી જ જીવતા હોય, સંસારના ઘાસચારા જેવા વિષયોમાંથી જેમણે મનને પાછું વાળી લઈ ઈશ્વરનાં ચરણોમાં જ પ્રીતિ કરી હોય, તેવા સાચા સંતપુરૂષો આ સંસારમાં ખરેખર થોડા છે. તેમનો તદ્દન અભાવ કોઈ કાળે થયો નથી, ને થઈ શકશે નહીં, પરંતુ તેમની સંખ્યા બહુ મર્યાદિત છે. તેનું કારણ સંત બનવા માટે કરવી પડતી પ્રખર તપસ્યામાં રહેલું છે.

દુર્ગુણો ને દુષ્કર્મોથી મુક્ત થયા વિના, સંસારના નાશવંત પદાર્થોની રાગવૃત્તિ ને મમતા તેમજ અહંતા છોડ્યા વિના કોઈ સાચા અર્થમાં સંત થઈ શકતું નથી. જીવનની આટલી વિશુદ્ધિ ખૂબ કસોટી ને શ્રમ માગી લે છે. તેમાંથી પસાર થનાર માણસો બહુ થોડા જ હોય છે. વધારે ભાગના માણસો તો સંસારના પ્રલોભનોને વશ થઈ ઈન્દ્રિયોના વિષયોમાં બરબાદ થઈ જાય છે. તેમને માટે સાચા સંત થવું ખૂબ મુશ્કેલ છે. સંતપુરૂષો તો આ સંસારના સરોવરમાં ઈશ્વરનું જ નિરંતર ધ્યાન કરનારા માનવકમળના રૂપમાં જીવે છે. સંસારના પ્રલોભન કે મલિન તત્વો તેમની ઈશ્વરનિષ્ઠાની આડે આવી શકતા નથી, કે નથી તેમના ને ઈશ્વર સાથેના સંબંધમાં કોઈ પ્રકારે ને લેશમાત્ર ભંગ કરી શકતા. સંત તો ઈશ્વરના દાસ છે, ગુલામ છે. જેમ ગુલામ જેને વેચાય તેનો દાસ થઈ જતો, તેમ આ સંસારના બજારમાં ભક્ત કે સંત ઈશ્વરને વેચાઈ ચુક્યો હોય છે. જન્મતાં કે સમજ આવતાંવેંત ઈશ્વરનો બની ગયો હોય છે. તેથી જીવનભર ને જન્મજન્માંતર સુધી તે પ્યારા ઈશ્વરની જ સેવા કરે છે.

આવા મહાન સંતોના દર્શન કાંઈ સહેલાં છે? મહાન પુરૂષોનું કહેવું છે કે ઈશ્વરની કૃપા વિના આવા સંતપુરૂષોનાં દર્શન થઈ શકતાં નથી. જેના પર ઈશ્વરની અસીમ કૃપા હોય છે તેને જ આવા સંતનો સમાગમ મળી શકે છે. ને એ પણ સાચું છે કે ઈશ્વરની કૃપા માટેની ભૂખ જેના દિલમાં ઉઠે છે તેને ઈશ્વરની કૃપા જરૂર જરૂર મળે છે. સંતપુરૂષોના દર્શન ને સમાગમ માટે ઘણા માણસો ઈચ્છા રાખે છે ને શ્રમ પણ કરે છે તો પણ બહુ થોડા જ માણસોને તેમાં સફળતા કે સંતોષ મળે છે. તેનું કારણ શું? તેનું કારણ સમજવા માટે કેટલાક

પ્રશ્નોનો વિચાર કરવો પડશે. શું તમારા દિલમાં ઈશ્વરના પ્રેમી સંતો માટે તીવ્ર ઈચ્છા કે તરસ જાગી ઉઠી છે? સંતના દર્શન ને સમાગમ માટે શું તમે બેચેન ને અધીરા બની ગયા છો? તમારું રોમેરોમ શું સંતપુરૂષોને માટે રડે છે? સંતના વિરહની કારમી જ્વાલામાં તમારો પ્રાણ શું દિન ને રાત જલ્યા કરે છે? સંતના દર્શન વિના શું તમને શાંતિ નહીં જ વળે? ઉનાળામાં ઉગ્રાતિઉગ્ર ઉકળાટથી જેમ ધરતી તપી ઊઠે છે, ને પશુ, પંખી ને માનવ તેમજ જડ પત્થર પણ વ્યાકુળ બને છે ને અકળાઈ ઊઠે છે, તેમ સંતના વિના તમારા મન ને અંતરની પ્રત્યેક વૃત્તિ તપી ઉઠી કે આકુળવ્યાકુળ બની ગઈ? જો આ પ્રશ્નોનો ઉત્તર હામાં મળે તો નક્કી માનજો કે તમે સંતપુરૂષોના દર્શન માટે સાચેસાચ યોગ્ય બન્યા છો, ને સંતની કૃપા તમારા પર જરૂર વરસી રહેશે. આકાશમાં અરૂણોદય થતાં પહેલાં જેમ અંધકારના અસંખ્ય પડળ કે આવરણ ઉતરી આવે છે, તેમ સાધકના દિલમાં પણ લગન ને અધીરાઈ ઉઠે છે પણ તે સનાતન નથી. આકાશનો અંધકાર દૂર થઈ જેમ અરૂણોદય ચોક્કસ રૂપે થઈ જાય છે, તેમ અધીર બનેલા સાધક પર ગુરૂ કે મહાન સંતની કૃપા પણ થાય છે જ. એટલે મહાપુરૂષોને મળવાની લગની જ્યાં લગી નથી લાગી, જ્યાં સુધી મન સંતપુરૂષોને માટે તલસવા નથી માંડ્યું, ત્યાં સુધી સંતના દર્શન મુશ્કેલ છે. કદાચ કોઈ કારણથી સંતનું દર્શન થઈ જાય તો પણ તેથી વિશેષ લાભ નહીં થવાનો. માટે સંતપુરૂષના દર્શન માટે જોઈતી યોગ્યતા જગાવવામાં જ સાધકનું બળ રહેલું છે. સાધક જો જોઈતી તૈયારી કરી સંતને માટે ઝંખવા માંડશે, તો તેને જોઈતા ગુરૂ જરૂર મળશે-ઈચ્છાનુસાર સંત જરૂર સાંપડશે એ વાતમાં સૌએ વિશ્વાસ રાખવો. કદાચ સાધકની ઈચ્છા પ્રમાણેના સંત સંસારમાં નહીં હોય તો પ્રભુ પોતે તેવા સંતનું સ્વરૂપ ધારણ કરીને સાધકની સામે પ્રકટ થશે, ને તેને શાંતિ આપી સર્વે પ્રકારે કૃતાર્થ કરશે. આજ સુધી કેટલાય સરળ મનના સાધકોએ આ રીતે સંતજનને મેળવ્યા છે, ને ભવિષ્યમાં પણ જેને દૈવી સંતના મિલનની ઈચ્છા થશે તે આ રીતે મેળવશે.

આવા સંતોને એક ઈશ્વર વિના સંસારના કોઈયે પદાર્થમાં આનંદ હોતો નથી. એક ઈશ્વર જ તેમના ઉપાસ્ય ને આરાધ્ય દેવ હોય છે. કામ ને ક્રોધ જેવા દુર્ગુણો તેમનામાંથી કાયમને માટે દૂર થયા હોય છે, ને પોતાનો બધો જ સમય ને સઘળી શક્તિ તે એક ઈશ્વરને જ પ્રસન્ન કરવા ગાળે છે. આવા સંતોના દર્શન સામાન્ય રીતે બહુ દુર્લભ છે એ વાત તદ્દન સાચી છે.

સંતોના દર્શન તો દુર્લભ છે પણ તેમને ઓળખવાનું કામ એથી યે કઠિન છે એ પણ જાણવા ને યાદ રાખવા જેવું છે. એક દિવસ કે ક્ષણની મુલાકાતથી સંતપુરૂષને પૂરા રૂપમાં ઓળખી શકાતા નથી. કેટલાક માણસો સંતોના દર્શને જાય છે, ને તેમની સાથેના લગીર જેટલા પ્રસંગ પરથી તેમને માટેના ચોક્કસ અભિપ્રાય બાંધી લે છે. પણ અભિપ્રાય બાંધવાની તે રીત પરિપૂર્ણ નથી. જ્યારે એક સાધારણ માણસને પણ સારી પેઠે સમજતાં વાર લાગે છે, ને પૂરા પરિચય પછી પણ તેના સંબંધમાં ગફલત થવાનો સંભવ રહે છે, ત્યારે મહાપુરૂષને યથાર્થ રીતે સમજવા માટે તો ઘણો સમય જોઈએ ને તે છતાં પણ તેને પૂરેપૂરી રીતે સમજી શકાય કે કેમ એ એક પ્રશ્ન જ રહે એ સ્વાભાવિક જ છે. છતાં પણ વિવેકી ને નિખાલસ હૃદયના સાચા પુરૂષો સંતપુરૂષને ઓળખી શકે છે, ને તેમનો લાભ લઈ કૃતાર્થ પણ બની જાય છે. મહાપુરૂષો કે સંતો કૃપા કરીને પોતાના સ્વરૂપનો પરિચય કરાવે ત્યારે જ બીજા માણસો તેમને કૈંક અંશે ઓળખી શકે છે. પોતાની

જાતને ઓળખાવનારા સંતપુરૂષો પણ બહુ થોડા જ હોય છે. બીજા તેમને ઓળખે કે ના ઓળખે, તે તો ઈશ્વરી પ્રેમમાં ને આત્માનંદમાં ડૂબેલા જ રહે છે. લોકોની વાહવાહ કે કીર્તિ, ધન ને બીજી કોઈ વસ્તુની કામના તેમના દિલમાં હોતી નથી. તેમની સેવા કરવાથી અથવા કોઈ રીતે તે પ્રસન્ન થવાથી તેમની યોગ્યતાનો અનુભવ થાય છે.

આવા મહાપુરૂષો પ્રસન્ન થઈ જાય, અથવા તેમનો પ્રેમ મળી જાય તો તેથી માણસનું પરમકલ્યાણ થઈ જાય છે. તેમના દર્શન, વચન ને ઉપદેશથી માણસને મહાન લાભ થાય છે. ભરબપોરે ઝાડીની પાસે જવાથી જેમ છાયા ને નદીની પાસે જવાથી નીર મળે છે, તેમ આવા સંતોનો સમાગમ જેને થાય તેના ત્રિવિધ તાપ ટળી જાય છે, ને અંતરની શાંતિ માટેની તરસ પણ છીપે છે. આવા સંત એક જાતનું જંગમ તીર્થ છે. તેમના પ્રભાવથી માણસ પવિત્ર ને મહિમાવાન બને છે. એવું કોઈ દુઃખ નથી જે આવા સંતપુરૂષના આશીર્વાદથી દૂર ના થઈ શકે. એવો કોઈ રોગ નથી જે આવા મહાપુરૂષોની કૃપાથી મટી ના શકે. અજ્ઞાન, ક્લેશ ને નિર્ધનતા આવા સંતને સેવવાથી ટળી જાય છે. વધુમાં ઈશ્વરદર્શન કે મુક્તિની ઈચ્છા પણ તૃપ્ત થાય છે. પારસ તો લોઢાનું સોનું જ બનાવે છે, પણ સંતપુરૂષ તો પોતાના પ્રભાવથી બીજાને પણ પોતાના જેવો જ મહિમા આપે છે. આવા સંત ખરે જ ઈશ્વર તુલ્ય છે, ને તેમને સેવવાથી સઘળી કામના પૂરી થાય છે. જો ઈશ્વરની કૃપાથી એવા સંતપુરૂષ મળી જાય તો તેમની ખૂબ સેવા કરવી, ને તેમના આદેશ પ્રમાણે ચાલીને જીવન સફળ કરવું. થોડા સમય તેમની સેવા કરવા છતાં ખાસ લાભ ના થાય તો પણ નિરાશ થવું નહિ. સેવા ચાલુ જ રાખવી. કયી ધન્ય ક્ષણે તેમની કૃપાનો વરસાદ વરસે ને જીવન ધન્ય બની જાય તે કહેવાય નહીં. માટે ધીરજ ને હિંમત તથા નમ્રતા ધારણ કરી સંતસેવાના પવિત્ર કામમાં મંડ્યા રહેવું.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૦. ટીકાની વૃત્તિનો ત્યાગ કરો

કેટલાક માણસોને સંતમહાત્માઓની ટીકા કે નિંદા કરવાની ટેવ હોય છે. આવા માણસો સંત મળે છતાં તેમનો પૂરો લાભ ઉઠાવી શકતા નથી. આ ટેવને છોડી દઈ સંતોના ગુણ તરફ નજર રાખવાની ટેવ કેળવવાની જરૂર છે. ગુણ ને અવગુણનું સંમિશ્રણ પ્રત્યેક માણસના સ્વભાવમાં રહેલું છે. ઈશ્વરપ્રાપ્તિ વિનાના સંતમાં પણ કોઈ કોઈ સ્વભાવના દોષ હોય તેની ના નથી; પણ ડાહ્યા માણસે આ સંસારમાં હંસની જેમ નીર-ક્ષીર વિવેક કરતાં શીખી, સારાને શોધી કાઢી ગ્રહણ કરવા માટે સદાય તત્પર રહેવું જોઈએ. આથી ઉલટું, જે બીજાના દોષ જુએ, દોષ જોવામાં આનંદે, ને ગુણ તરફ આંખમીંચામણાં જ કરે, તેને ડગલે ને પગલે લડવું પડવાનું, ઘર્ષણ કરતાં રહેવાનું ને છેવટે નિરાશ થવાનું જ વધારે ભાગે શેષ રહે છે. એટલે મહાપુરૂષોના ગુણદોષની ચર્ચામાં સમય ને શક્તિ વેડફી દેવા કરતાં તેમની સેવા કરી જે મળે તે લાભ બનતી વહેલી તકે લઈ લેવો એ જ ઉત્તમ છે.

ઈશ્વરની કૃપા હોય તો જ આવા લોકોત્તર મહાપુરૂષો મળી શકે છે, એ વાત આગળ પર કહેવાઈ ગઈ છે. તે ક્યારે મળે છે એ બાબતમાં કોઈ ચોક્કસ કાનુન નથી. કેટલીક વાર કલ્પના પણ ના હોય ત્યારે, તદ્દન આકસ્મિક રીતે મહાપુરૂષો મળી જાય છે, ને પોતાની પરમ નિસ્વાર્થ કૃપા દ્વારા સાધકને સહાયતા કરી વિદાય થાય છે. તેમનું બાહ્ય સ્વરૂપ સદા એકસરખું હોતું નથી. બાહ્ય રૂપ પરથી તેમને ઓળખવામાં મહાન મુશ્કેલી પડે છે. છતાં તેમના શરીરનાં લક્ષણો તો છૂપાં રહેતાં નથી જ. સૂર્ય પોતાને ગમે તેટલો છુપાવે, તો પણ જેમ તે પોતાના પ્રકાશથી ઓળખાઈ જ જાય, ને જીભની સ્વાભાવિક પરખશક્તિથી કડવા ને મીઠા સ્વાદની સમજ પણ અચૂક પડી જ જાય, તે જ રીતે સંતની યોગ્યાયોગ્યતા પણ ઈશ્વરના પ્રેમી સાધકજનથી છૂપી રહેતી નથી જ. સંતની આંખ અલૌકિક હોય છે. તેમાં રહેલી પવિત્રતા ને મીઠાશ હૃદયસ્પર્શી હોય છે. ઈશ્વરના પ્રેમાંજનથી પવિત્ર થયેલી તેમની આંખ ખૂબખૂબ કોમળ ને પ્રેમથી ભરપૂર હોય છે. આંખમાં વસી રહેલો તેમનો આત્મા તમારા દિલને દૃષ્ટિપાત કરતાં જ સ્પર્શી જાય ને હરી લે એવો પ્રબળ હોય છે. તેમની આંખ અવિનાશી ઈશ્વરની આસક્તિથી ઘેરાયેલી હોય છે, ને પ્રેમ ને આનંદ તેમજ કરુણાના કરોડો ઝરણાં જાણે એકીસાથે ભેગાં થઈને ને પ્રવાહ બનીને તેમાંથી નીતરતાં હોય છે.

તેમના મુખમંડળ પર ક્યાંય પણ વાસના, વિકાર કે અભિમાન ને દંભ કે કપટની છાયા દેખાતી નથી, કેમ કે અશુદ્ધ ને હલકા તત્વોનો તેમના અંતરમાં એકદમ અભાવ છે. તેમના મુખ પર ભારોભાર નમ્રતા, પવિત્રતા ને મધુરતા છવાયલી માલુમ પડે છે. તે જ પ્રમાણે તેમની વાણીનું પણ છે. સત્ય ને મધ કરતાં પણ મીઠી તેમની વાણી સદાયે બીજાનું મંગલ કરનારી હોય છે. સંતની વાણી કોઈવાર કોઈ કારણે જુસ્સાદાર હોય તો પણ તેનું ઉદ્દભવસ્થાન તો સંતનું પ્રશાંત હૃદય જ છે: ને તેથી તે બીજાની શાંતિ ને મંગલતાની ભાવનાથી પ્રેરાયલી હોય છે, એમાં શંકા નથી. સંતના કર્મનું પણ તેવું જ છે. એટલે કે સંતના કર્મ અનીતિ ને અધર્મથી સદાયે મુક્ત ને પવિત્ર, નિષ્કામ તેમજ કર્તાપણાના અભિમાનથી રહિત, ઈશ્વરની પ્રેરણા કે ઈચ્છાથી પ્રેરાયલાં ને બીજાનું હિત કરનારાં હોય છે. આ બધાં ને આવાં જ બીજાં બાહ્ય ચિન્હો કે

લક્ષણો સંતપુરૂષને ઓળખી કાઢવામાં મદદરૂપ થાય છે, ને સાચા સંતની સેવાની પ્રેરણા પ્રકટાવવામાં સાધારણ માણસને સહાયતા કરે છે.

ઈશ્વરને પ્રાપ્ત કરવાનો માર્ગ આવા સંતની કૃપાથી જરૂર મળે છે. વાલ્મિકી ને ધ્રુવજી તેમજ ઉમા ને નારદ જેવા મહાપુરૂષની કૃપાથી જ સાધનાનો માર્ગ મળ્યો હતો. આજે પણ એવાં ઉદાહરણ છે. આવા સંતોની કૃપા થઈ જાય તો શું બાકી રહે? તેમની કૃપાથી સંસારના તીવ્રાતિતીવ્ર બંધનો પણ તૂટી જાય છે, વાસના ને વિકાર શમે છે, ને જ્ઞાનબુદ્ધિની પ્રાપ્તિ થાય છે. ઈશ્વરની અનન્ય પ્રેમભક્તિ પણ આવા સંતોની દયાથી મળી શકે છે. માણસ ગમે તેટલો જડ હોય, છતાં સંતપુરૂષ તેને પ્રેમરસમાં તરબોળ પ્રભુની પાછળ પાગલ પ્રેમી બનાવી દે છે. તેમની લોકોત્તર શક્તિનો મહિમા એવો મોટો છે. દીવાને સળગાવવા માટે પહેલાં કેટલો શ્રમ કરવો પડે છે! પણ જ્યાં દીવો પ્રકાશિત થયો એટલે તે દ્વારા બીજા લાખો દીવા પણ પ્રકટાવી શકાય છે. તે જ પ્રમાણે સાધના દ્વારા મહામહેનતે શક્તિ મેળવનાર સિદ્ધપુરૂષ પાછળથી જો ચાહે તો અનેકનાં જીવન ઈશ્વરીપ્રેમનાં પ્રકાશથી પાવન કરી શકે છે. સંતની આસક્તિને નજર સામે રાખી સાચા સંતની સેવા કરવા સદાય તૈયાર રહેવું.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૧. સંતપુરૂષની પ્રાપ્તિ થઈ શકે છે

કોઈ કોઈ માણસો ફરિયાદ કરે છે કે અમે તો સાચા સંતની સેવા કરવા સદાય તૈયાર રહીએ છીએ, સેવા કરીએ પણ છીએ, છતાં કોઈ સાચા સંત અમને મળતા નથી. કેટલાક તો દંભી, પાખંડી ને વેશધારી તથા કેટલાક રૂઢિવાદી અધકચરા સાધુ જરૂર મળે છે. પણ તેથી તો ઉલટો સાધુજનો પ્રત્યે અનાદર ને અવિશ્વાસનો ભાવ ઉત્પન્ન થાય છે, ને છેવટે કાંઈ લાભ થતો નથી. કોઈ ઉત્તમ સંત પણ મળતા નથી, એટલે સેવા કરવાની શ્રદ્ધા પણ અમારામાં રહી નથી. આને માટે તમારે શું કહેવું છે?

તેવા માણસોને કહેવાની વાત સ્પષ્ટ છે. પહેલાં તો તેમને પૂછવું પડશે કે શું જગતમાં બધા જ માણસો નિરોગી ને યુવાન છે? શું રોગી ને વૃદ્ધ માણસો સંસારમાં નથી? કોઈ માણસ રોગી ને વૃદ્ધ માણસને જ જુએ, ને એમ માની બેસે કે તંદુરસ્તી ને યૌવન સંસારમાં છે કે હશે જ નહિ, તો તે માનવું શું બરાબર છે? અથવા તેથી જ શું યૌવન ને તંદુરસ્તી નથી એમ સાબિત થાય છે? જગતમાં રોગ છે તે જ બતાવે છે કે નિરોગીતા પણ હોવી જોઈએ, ને વૃદ્ધાવસ્થા મૃત્યુ ને યૌવનનો સંકેત કરે છે. પ્રકાશ ને અંધકાર, જીવન ને મરણ ને તાપ તથા છાયાની જેમ સારૂં ને નરસું આ સંસારમાં વિદ્યમાન છે જ. કોઈવાર એકનું જોર દેખાય એટલે બીજું નહિ જ હોય કે નથી જ એમ માનવાનું કોઈ કારણ નથી. એટલે સંત ને અસંત બંને આ પૃથ્વી પર શ્વાસ લે છે ને વિચરે છે. તમને કોઈ કારણથી અસંત જ મળતા હોય ને સાચા સંત ન મળતા હોય, તેથી સાચા સંત છે જ નહીં ને મળશે જ નહીં એવો અવિશ્વાસ કેળવી લેવાની ને સંતસાધુ પ્રત્યે અનાદર સેવવાની જરૂર નથી. મુખ્ય વસ્તુ એ છે કે તમને સંતના દર્શનમિલનની ઉત્કટ ઈચ્છા છે? ધગધગતા અંગારાથી ભરેલી સગડીના જેવું તમારૂં હૃદય ઈશ્વર કે તેના પ્રેમી સંતપુરૂષનું દર્શન કરવા નિરંતર તપ્યા ને તલસ્યા કરે છે? તો તમને સાચા સંતનું દર્શન જરૂર થઈ જશે. ઈશ્વર એવા મહાપુરૂષોનો પરિચય આપી તમને કૃતાર્થ કરી દેશે. ભલે હજારોની સંખ્યામાં તમને અસંત કે અધકચરા સંત મળતા હોય, છતાં પણ તમારી ઝંખના ને શ્રદ્ધાને કાયમ રાખી તમે સંત સમાગમ ને સેવા કરતા રહેશો તો કોઈ ધન્ય ઘડીએ તમારી મનોકામના પૂરી થશે. ઘણાને સેવશો તેમાંથી સાચા જવાહર જેવો સંત પણ મળી જશે, ને ત્યારે તમારૂં દીર્ઘ તપ, તમારી લાંબી પ્રતિક્ષા ને ધીરજ તથા સેવાવૃત્તિ સફળ બનશે.

આથી ઉલટું, જો તમે કોઈને જ મળતા નહિ હો કે કોઈની સેવા કરતા નહિ હો, ને સૌને અવિશ્વાસની નજરે જ જોતા હશો, તો કોઈવાર સાચા સંતને પણ ખોઈ બેસશો ને જેમ પેલા વાઘ ને ભરવાડના છોકરાની વાત આવે છે, તેમ કોઈવાર સાચા સંત આવશે તો પણ ખોટા હશે એમ માની તેનો લાભ નહિ લો. પરિણામે નુકશાન તમને જ થશે. એટલે જ હું કહું છું કે કેટલાક અધૂરા ઘડા જેવા કે લેભાગુ સાધુને જોઈ સાધુમાત્ર આવા જ હશે એવો અભિપ્રાય કાયમ માટે બાંધવાનું સાહસ કરવું અસ્થાને છે. સાચી વાત તો એ છે કે સંતપુરૂષ પ્રત્યે અપાર માનની લાગણી લઈ સાચા સંતોના દર્શન માટે પ્રયાસ કરો. સંત કે સાધુના અંચળા નીચે જે નામધારી, વેશધારી, કપટી ને અનીતિમાન મેલાં તત્વો સમાજમાં પ્રવેશ્યાં હોય, તેમને જાગ્રત રહી, કસોટીએ ચઢાવી, ઓળખી કાઢતાં શીખો. ઓળખી કાઢ્યા પછી તેમની સેવા કરી તેમને બીજાના હિત માટે જાહેર કરો, ને તેમની સેવા કરી તેમને પોષવાનું બિલકુલ બંધ કરો. આખરે આ તત્વો ટકે છે કોના આધાર

પર ? કોના જલસિંચનથી સમાજના શરીરને ફોલી ખાનારાં આ ઝેરી કીટાણું ફાલે ફુલે છે? જ્યાં વહેમ, અજ્ઞાન, દંભ ને અશ્રદ્ધા વિશેષ છે, જ્યાં તૃષ્ણા ને લોભનો સંચાર છે, ત્યાં જ આ ઝેરી તત્વોનો જમાવ વિશેષરૂપે થાય છે. એટલે લોકોની મદદથી જ આ તત્વો જીવી રહ્યાં છે. જો લોકો તેમને પારખી લે ને દૂર કરવા તૈયાર થાય, દ્રવ્યાદિથી તેમને પોષવાનું બંધ કરે તો તે અસહાય ને છેવટે નિર્જીવ બની મરણને શરણ થવાનાં એ ચોક્કસ. એટલે સૌથી પહેલાં તો આપણે સાચા સંત કોને કહેવા ને તેમને કેમ જાણવા કે ઓળખવા તે કળામાં પારંગત થવાનું છે.

આનો અર્થ એમ નથી કે જે પૂર્ણતાને પામ્યા ના હોય અથવા ઈશ્વરદર્શન કરી ચુક્યા ના હોય, તેવા પુરૂષને સંત ના કહેવા અથવા તો તેમની સેવા પણ ના કરવી. કેટલાક પુરૂષો સાધકાવસ્થામાં હોય છે, તેમને હજી પૂર્ણ સિદ્ધિ મળી નથી હોતી, છતાં તેમનો માર્ગ તે સ્પષ્ટપણે જોતા ને જાણતા હોય છે. જીવનમાં તેમને સાધનાનું ચોક્કસ ધ્યેય હોય છે. તેની પૂર્ણતા કે પૂર્તિ માટે તે પુરૂષાર્થ કરતા હોય છે. તેમનામાં સચ્ચાઈ, પ્રમાણિકતા ને પવિત્રતા, કપટ ને મોહનો અભાવ તેમજ સારા પ્રમાણમાં ભક્તિ, જ્ઞાન કે સાધનાની શક્તિ પણ હોય છે. જેમ ઉગતા છોડને રક્ષાની ને જલ સીંચવાની જરૂર છે, તેમ આવા સાચા સાધકોને પણ કેટલીકવાર વિવિધ પ્રકારની ભૌતિક સહાયતાની જરૂર હોય છે. તેમને સહાયતા કરવાથી તેમનો માર્ગ સરળ બને છે. આવા પુરૂષોની સેવા કરવા સંસારી માણસે સદાય તૈયાર રહેવું જોઈએ. સાચા સાધક પણ સંતમહાત્મા જ કહેવાય છે. તેમણે ઈશ્વરદર્શન નથી કર્યું કે પૂર્ણતા નથી મેળવી, માટે જ તેમને અસંત કહેવામાં ને તેમની સેવા ના કરવામાં ભૂલ છે. આગળ પણ આપણે સંતના જે થોડાંઘણાં મહત્વનાં લક્ષણો બતાવ્યાં છે તે થોડા પ્રમાણમાં પણ કોઈ ત્યાગી કે વિરક્ત પુરૂષમાં દેખાય, ને બીજાં લક્ષણો જીવનમાં ઉતારવા તે પ્રયત્નશીલ હોય, તો તેને સંત કહેવામાં ને સેવવામાં કાંઈ નુકશાન નથી.

સાગર ને સાગરના પાણીમાં જેમ ફેર નથી, તેમ ઈશ્વરદર્શી પૂર્ણ મહાપુરૂષ ને ઈશ્વરમાં કૈં જ ફેર નથી. મધ ને તેની મીઠાશ વચ્ચે જેવો અતૂટ સંબંધ છે, તેવો જ નિકટનો સંબંધ ઈશ્વર ને તેના સાચા સંતપુરૂષનો છે. તેજ ને છાયા જેમ એક સાથે રહે છે, તેમ ઈશ્વર ને તેના સંત અભિન્નપણે રહેતા હોય છે. જીવ ને કાયાની જેમ તે ઓતપ્રોત હોય છે. ફૂલ ને તેની ફોરમ – એ બંનેને જેમ પૃથક કરી ના શકાય, તેમ ઈશ્વર ને તેના પૂર્ણકામ પ્યારા પ્રેમી સંતોને અલગ કરવા અસંભવ જ છે. આવા સંતપુરૂષ સૃષ્ટિમાં સાકારરૂપે વસનારા જીવંત ઈશ્વર જ છે એમ કહેવામાં કૈં જ ખોટું નથી. ઈશ્વર જેમ સત્યમય હોય છે, તેમ આ મહાપુરૂષો પણ સત્ય સ્વરૂપ હોય છે : મૃત્યુના તે સ્વામી થયા હોય છે. એટલે તેમનો નાશ કરનાર કોઈ વસ્તુ સંસારમાં હોતી નથી. ઈશ્વર જેમ જ્ઞાનમય છે, તેમ આ મહાત્માઓ પણ ત્રિકાલદૃષ્ટા, આત્મજ્ઞાની ને સર્વજ્ઞ હોય છે. અજ્ઞાનનો અંધકાર તેમના અંતરમાંથી કાયમને માટે દૂર થયો હોય છે, ને ઈશ્વરી પ્રેમનો પવિત્ર પ્રકાશ તેમના રોમેરોમમાં પથરાયેલો માલુમ પડે છે. શોક, મોહ, ભય ને વિષાદ તો તેમને છે જ નહિ. અખંડ ને અનંત આનંદના પુણ્યપ્રવાહમાં તે સદા નાહ્યા કરે છે, એટલું જ નહિ, પણ તેમના સમાગમથી બીજાના શોક, મોહ, ભય ને વિષાદનો પણ અંત આવે છે.

ઈશ્વર જેમ પ્રેમ ને શાંતિના સાક્ષાત સ્વરૂપ છે, તેમ આવા મહાપુરૂષો પણ પ્રેમની પ્રકટ પ્રતિમા જેવા, પરમશાંતિથી ભરેલા ને નિજાનંદમાં મસ્ત હોય છે. તેમના સમાગમ ને કૃપાકટાક્ષથી પરમશાંતિ ને દિવ્યપ્રેમનું દાન મળે છે, વિષયભૂખ ને વાસના તેમજ અશાંતિનો છેક જ અંત આવે છે: ને સાધારણ માણસ પણ સમય પર મોટો મહાત્મા બની બેસે છે. જેમ ઈશ્વરને માટે તેમ ઈશ્વરના પ્રેમી મહાપુરૂષોને માટે કોઈપણ વસ્તુ કરવી અશક્ય નથી. તે ધારે તે કરી શકે છે. તે માગે તો પાણી પણ તેમને માર્ગ કરી આપે છે, ધારે તો અગ્નિ પણ તેમને માટે ફુલ જેવો થઈ જાય છે, ને એક સાથે અનેક રૂપમાં અનેક સ્થળે તે પ્રકટ થઈ અનેક પ્રકારનાં કર્મ પણ કરી શકે છે. તે અદૃશ્ય પણ થઈ શકે છે, જે કહે છે તે થઈ જાય છે, નાનામાં નાનું ને મોટામાં મોટું કે ઈચ્છાનુસાર સ્વરૂપ પણ ધારી શકે છે, ને આકાશમાર્ગે પણ જઈ શકે છે. મરેલાને સજીવન કરવાની શક્તિ પણ તે ધરાવે છે. ટુંકમાં, સિદ્ધ યોગીમાં જે શક્તિ હોય, ને પાતંજલ યોગદર્શનમાં જે વિભૂતિનું વર્ણન છે, તે બધી જ શક્તિ ને વિભૂતિ ઈશ્વરના સાચા પ્રેમી સંતમાં હોય છે - ચાહે તે તેને પ્રકટ કરે કે ના કરે. હા, જો સંતપુરૂષ આવી શક્તિ પ્રત્યે ઉદાસીનતા કે ઉપેક્ષા સેવતો હશે તો તે તેને નહિ મળે. બાકી જો તેની ઈચ્છા હશે, ને ઈશ્વરેચ્છા પણ તેમાં ભળશે (કારણ કે ઈશ્વર જેને યોગ્ય ધારે તેને જ વિશેષ શક્તિ આપે છે) તો તેને વધારે કે ઓછી શક્તિની પ્રાપ્તિ જરૂર થશે.

પણ આ વિષય જરા જુદો છે. અહીં તો એટલું જ કહેવાનું છે કે ઈશ્વર ને ઈશ્વરપ્રાપ્ત સંતપુરૂષોમાં કાંઈ જ ફેર નથી. તેમની કૃપાથી ઈશ્વરદર્શન પણ થઈ શકે છે. તેમના સમાગમથી માણસને શાંતિ મળે છે. સંત એક જીવતી જાગતી નદી છે, ગંગા છે; તેના દર્શન, સ્પર્શન ને વચનમાં સ્નાન કરી હજારો માણસો તૃપ્ત ને પવિત્ર તથા ધન્ય બને છે. એવા સંત મળે તો તેમના પૂર્ણપણે દાસ થઈ રહેવું ને તેમના માર્ગદર્શન પ્રમાણે વહેલામાં વહેલી તકે જીવનનું શ્રેય કરવું.

સંતપુરૂષોને ઉપર કહી તેવી લોકોત્તર શક્તિ કેવી રીતે પ્રાપ્ત થઈ હશે? અલબત્ત, ઈશ્વરને હૃદયપૂર્વક પ્રેમ કરવાથી અથવા ભજવાથી જ. સંતપુરૂષો સંસારની આશા ને તૃષ્ણા પર પાણી ફેરવી વાળે છે, ને તેના સર્વેશ્વર ને સ્વામી ઈશ્વરમાં જ મનને જોડી દે છે. એટલે જ ઈશ્વરની કૃપાથી તેમને ઈશ્વરીશક્તિ પણ મળી રહે છે. જેમ કોઈ રાજાને પ્રસન્ન કરવાથી તે પોતાનું ઐશ્વર્ય આપવા પણ તૈયાર થાય, તેમ ઈશ્વરને પ્રસન્ન કરવાથી તે ભક્તને પોતાનો બધો જ વૈભવ આપી દે છે, ને વધુમાં પોતાના મનમોહન રૂપનું પણ દર્શન કરાવે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૨. સંતો સાર્વજનિક છે

મન ખૂબ જ ચંચલ છે. જીવન ટૂંકું છે, પાણીના વેગમાન પ્રવાહની માફક વહ્યે જાય છે, ને મૃત્યુ બધાયના મસ્તક પર ભમ્યા જ કરે છે, છતાં પણ માણસ આ સત્યને ભાગ્યે જ સમજે છે. સંસારમાંથી જાણે છૂટા પડવાનું જ ના હોય, અજય ને અમર રહેવાનું હોય, તેમ વધારે ભાગના માણસો નિશ્ચિંતપણે જીવન જીવ્યા કરે છે. સંસારના પરિવર્તનશીલ ને અલ્પ સુખમય પદાર્થોમાં માણસ સુખની સંપૂર્ણતા માની મસ્ત બને છે, બંધાય છે, ને આખરે બરબાદ બને છે. ચંચલ જીવનની રહીસહી શક્તિ દ્વારા પરમાત્માને મેળવવાનો પુરૂષાર્થ કરી કાયમને માટે મુક્તિ, શાંતિ ને સમૃદ્ધિ મેળવવાનો વિચાર ભાગ્યે જ કોઈ કરે છે. વિષયોને ને તેમાં ભટકનાર મનને પોતાનું ગુલામ બનાવવાને બદલે માણસ વધારે ભાગે મન ને વિષયોનો જ ગુલામ બની નિર્બળ ને અસહાય દશામાં જીવન ગુજારે છે. આ કેવું આશ્ચર્ય છે!

માનવશરીર દ્વારા યોગ્ય પુરૂષાર્થ કરવાથી કેવી શક્તિ મળે છે ને કેવા લાભ થાય છે તેનો વિચાર આપણે આગળ પર કર્યો છે. આ પ્રમાણે વિચાર કરનાર કે જાણનાર માણસ તો એક ઈશ્વરનો જ ગુલામ બની જાય છે, ઈશ્વરને મેળવવા માટે પોતાની બધી જ શક્તિનો ઉપયોગ કરે છે, ને શરીર છોડવું પડે તે પહેલાં ઈશ્વરને મેળવી પણ લે છે. ઈશ્વરને મેળવવા સિવાયની બીજી બધી જ પ્રવૃત્તિમાંથી તે મનને પાછું વાળી લે છે. ઈશ્વરપ્રાપ્તિ એ જ તેના શરીરધારણનો હેતુ હોય છે. ગમે તે અવસ્થામાં ને ગમે તે સમયે તે એ જ હેતુની સિદ્ધિ માટે પુરૂષાર્થ કરે છે. એને તમે ભક્ત કહો, જ્ઞાની કહો, યોગી કહો, ગમે તે કહો, અથવા કૈં જ ના કહો: નામ સાથે તેને ઝાઝી નિસ્બત નથી. તેનું કામ એક જ છે. મસ્તપણે વહેતા સાગરમાં જેમ લાખો તરંગો ઉભરાયા કરે છે, સાગરનો એ સ્વભાવ જ છે, તેમ એવા માણસનું મન બીજા કોઈયે પદાર્થમાં સુખ કે રસવૃત્તિનો અનુભવ કરતું નથી.

ઈશ્વરના આવા પ્યારા ભક્તને સાધનાના માર્ગમાં અનેક પ્રકારની શક્તિ કે સિદ્ધિ મળે છે એ વાત આપણે ગયા પ્રકરણમાં કહેલી છે. છતાં એ યાદ રાખવાનું છે કે ઈશ્વરનો સાચો ભક્ત સિદ્ધિઓ મેળવવા માટે જ ઈશ્વરને ભજતો નથી. ઈશ્વરને તો તે એટલા માટે ભજે છે કે તેમ કર્યા વિના તે રહી શકતો જ નથી. ઈશ્વરના દૈવી રૂપને જોવાની તેને લગની લાગી હોય છે. ઈશ્વરનું દર્શન કરવા તે અધીરો બને છે ને તીવ્ર પુરૂષાર્થ પણ કરે છે. આ સાધનાના માર્ગમાં અથવા ઈશ્વરદર્શનની સાધના પૂરી થયે કેટલીક સિદ્ધિઓ ઈશ્વર કૃપાથી આપોઆપ મળે છે. એટલે સાચો ભક્ત તો એમ જ કહે છે કે હે માનવો, સંસારના મુલાધાર ઈશ્વરના જ દાસ બનો. તેની રૂપમાધુરીથી મોહિત બનો. તેની જ સાથે તન મન અંતરથી પ્રેમ કરો, ને તેનું દર્શન કરી સંપૂર્ણ શક્તિના સ્વામી બની જીવનને ધન્ય કરી દો. શાંતિ, સુખ ને સમૃદ્ધિ માટેનાં વ્યર્થ વલખાં શા માટે મારો છો? જેમ ધૂળને હજારો વાર જમાવવામાં આવે તો પણ તેમાંથી ઘી નીકળે નહીં, દૂધ કે પત્થર ફળ આપે નહીં, તેમ સંસારના સમગ્ર પદાર્થ પણ તમને મુક્તિ કે પૂર્ણતા આપી શકશે નહીં. તે પદાર્થોનું જીવનમાં ખપ જેટલું મહત્વ તો છે જ, તેમને તમારે તિરસ્કાર બુદ્ધિથી જોવાના નથી જ; પણ સાથે સાથે તેમની મર્યાદા પણ સમજી લઈ, જીવનના શ્રેય માટે ઈશ્વર ને તેની ભક્તિનું મહત્વ સ્વીકારી, તે પ્રમાણે જીવન જીવવાનું છે. સાચું સુખ કેવળ ઈશ્વરમાં છે. સંસારમાં જે સુખ દેખાય છે તે તો તેની છાયા જ છે. છાયા પાછળ દોડીને તમે

સાચા સુખની પ્રાપ્તિ નહીં કરી શકો. સાચા સુખને મેળવવા તો તમારે ઈશ્વર પાછળ જ પાગલ બનવું પડશે. ને તે પ્રમાણે પોતે ઈશ્વર પાછળ પાગલ થાય છે ને છેવટે ધન્ય બને છે.

ખરેખર, ભગવાન ને ભગવાનના પ્રેમી મહાપુરૂષોનો સમાગમ જ સંસારમાં કરવા જેવો છે. ભગવાન ને ભગવાનના પ્રેમી મહાપુરૂષોની કૃપા જ સંસારમાં મેળવવા જેવી છે. ભગવાન ને ભગવાનના પ્રેમી સંતો જ સૃષ્ટિમાં સારરૂપ છે. જેને જીવનનું શ્રેય સાધવું હોય તે ભગવાન ને ભગવાનના પ્રેમી સંતોને જ શરણે બેસી જાય, તેમની જ સેવામાં મસ્ત બને ને તેમની આજ્ઞા પ્રમાણે જીવન યાપન કરે. ઈશ્વરદર્શન ને શાંતિ તેમજ મુક્તિના માર્ગના ઠેકેદાર જેવા આ સંત ને તેમના સ્વામી ભગવાન કોઈ એક વિશેષ પંથ, સંપ્રદાય કે જાતિના નથી : તે તો સાર્જનિક મિલ્કત છે. સમસ્ત સંસાર-મનુષ્યોનો જ નહિ, પણ પશુ, પંખી, વનસ્પતિ સૌનો તેમના પર એક સરખો અધિકાર છે. જેમ સૂર્ય સૌનોય છે, આકાશ ને હવા બધાની મિલ્કત છે, તેમ ભગવાન ને ભગવાનના સંતો કે ભક્તો સારાય સંસારના છે. કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના ગમે તે તેનો લાભ લઈ શકે છે. નદી વહેતી હોય, તેનું પાન કરીને ને તેમાં સ્નાન કરીને કોઈયે પોતાની તરસ ને વેદના મટાડી શકે છે, તે જ પ્રમાણે મહાપુરૂષો ને ભગવાનની કૃપા કોઈયે મેળવી શકે છે ને ધન્ય બની શકે છે.

સંસારમાં તે જ માણસ બડભાગી છે જે ઈશ્વર ને તેના સાચા સંતને સેવે છે, સન્માને છે, ને તેમને માર્ગે ચાલી પોતે કૃતાર્થ બને છે. તે જ બહાદુર છે જે પોતાના મનને વશ કરે છે. ને ધન્ય પણ તે જ છે જે ઈશ્વરનું દર્શન મેળવી સર્વ પ્રકારનાં બંધનથી મુક્ત થાય છે. જીવન પણ તેનું જ સફળ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૩ : કુસંગનો ત્યાગ કરો

ભગવાનના સાચા સંતોનો સમાગમ જેમ સાધકે સદાય કરવો જોઈએ, તેમ ભગવાનથી વિમુખ ને દુષ્ટ પ્રકૃતિના માણસોનો સંગ છોડી દેવો જોઈએ. આ બંને વસ્તુ ખૂબ જ મહત્વની છે, ને પ્રેમભક્તિની પગદંડીના પ્રાથમિક પ્રવાસીએ આનું ખાસ ધ્યાન રાખવાનું છે. આધ્યાત્મિક માર્ગના પ્રવાસીને માટે શંકરાચાર્યે એક ઠેકાણે મહત્વનો શ્લોક લખ્યો છે. તે આ પ્રમાણે છેઃ-

अहिमिव जनयोग सर्वथा वर्जयेद्यः
कुणवमिव सुनारीं त्यक्तुकामो विरागी ।
विषमिव विषयान्यः मन्यमानो दुरन्ता
ज्जयति परमहंसो मुक्तिभावं समेति ॥

“સાપ જેમ એકલો રહે છે તેમ જે માણસ એકાંતમાં રહે છે, સારા કે નરસા બધા જ લોકોના સંબંધનો ત્યાગ કરે છે ને કોઈની સાથે પ્રીતિ કે દ્વેષ કરતો નથી; મડદાંને જોતાં જેમ કોઈ જાતની મમતા થતી નથી તેમ કોઈયે સુંદર-અસુંદર સ્ત્રીને જોઈને જેનું મન મમતા ને મોહથી ચલિત થતું નથી, ને વિષય સુખને વિષ જેવું માની, તેમાંથી મનને પાછું વાળી લઈ, જે એક ઈશ્વરમાં જ-આત્મતત્વમાં જ પ્રીતિ કરે છે, તે મહાપુરૂષ વિવેકી છેઃ સંસારમાં તે સફળ થઈ જાય છે, ને મુક્તિને મેળવી પરમ શાંતિ ને સિદ્ધિનો સ્વામી બની રહે છે.”

આ શ્લોકમાં બીજી અનેક વાતોની જેમ અસંગ રહેવાની વાત પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. આપણે એટલું તો કહીશું જ કે સર્વથા અસંગ ના રહેવાય તો ભલે. પરંતુ દુર્જનના સંગથી તો ભક્તે સદા દૂર જ રહેવું. સાપને તો મુખમાં કેથળી હોય છે, તેમાં ઝેર હોય છે, પણ દુર્જન માણસને તો રોમેરોમમાં ઝેર કોથળી હોય છે. એટલે કે દુષ્ટ માણસની આંખમાં ઝેર, વાણીમાં ઝેર, તેના મુખ પર ક્રોધ, દંભ ને અભિમાન તેમજ દ્વેષરૂપી ઝેર ને તેનાં કર્મમાં પણ ઝેર હોય છે. તેનાં કર્મો કપટ ને સ્વાર્થથી પ્રેરાયલાં ને અનીતિથી ભરાયલાં હોય છે. આવો માણસ પોતે તો ઝેરથી સડે છે, પણ તેના સમાગમમાં જે આવે છે તે પણ તેની ઝેરજ્વાળામાં બળીને ખાખ થાય છે. માટે જ તેવા માણસથી ચેતતા રહેવાનું ને દૂર રહેવાનું મહાપુરૂષોએ કહ્યું છે. જ્યાં લગી માણસનું મન પરિપક્વ નથી, વાતાવરણ તેના પર પ્રતિકૂળ કે અનુકૂળ અસર કર્યા કરે છે, ત્યાં લગી તેને માટે સંગથી સાવધ ને દૂર રહેવું ખૂબ જ જરૂરી છે. પછી મન મજબૂત ને સ્થિર બનતાં સંગ કે વાતાવરણની વિશેષ અસર તેના પર નહીં થાય. ઉલટું, તે વાતાવરણને પલટાવી શકશે એટલી શક્તિ તેને પ્રાપ્ત થશે. તેના પોતાના પ્રભાવ ને સંગથી કેટલાય દુર્જન માણસો સજ્જન બનશે, સન્માર્ગે વળશે, ને ઈશ્વરપ્રેમ કે આધ્યાત્મિકતાનો મહિમા સમજી ઈશ્વરપ્રાપ્તિ કરી કૃતાર્થ થશે.

પણ આ શક્તિ પ્રાપ્ત ના થાય ત્યાં સુધી તો સાધક સાવધ રહે તે જ સારૂં છે. એટલે સાધનાવસ્થામાં સાધકે ઈશ્વરપ્રેમી અથવા સંતપુરૂષોનો સંગ કરવો. જ્યાં કથાકીર્થન થતું હોય ત્યાં પ્રેમથી લાભ લેવો, પવિત્ર ને મંગલ તીર્થસ્થાનોમાં અનુકૂળતા પ્રમાણે વાસ કરવો, ને બીજી કોઈ અનુકૂળતા ના હોય તો છેવટે સદ્દગ્રંથોનું વાચન તેમ જ નામસ્મરણ ને ધ્યાનાદિ કરી પોતાનો સત્સંગ પોતાની મેળે જ કરી લેવો.

વ્યવહારમાં રહેતા ભક્તે દુર્જનોથી ખૂબ સાવધ રહેવા જેવું છે. કોઈ માણસે ભક્તિનો માર્ગ પકડ્યો એટલે કેટલાક માણસો તેની ટીકા કે નિંદા ને ઉપેક્ષા કરવાનું કામ શરૂ કરી દે છે. દુર્જન માણસોનો આવો સ્વભાવ વિશેષ રૂપે હોય છે. પણ ભગવાનના સાચા ભક્તે તેવા લોકોથી ડરવું નહિ, તેમ જ તેમની નિંદાને વશ થઈ લીધેલું કામ મૂકી દેવું નહિ. આળસુ કે અશક્તમાં ગણતરી થાય, નપુસક કે ભ્રાંત કહેવાય, છતાં પણ આ સંબંધી ખૂબ જ બહાદૂર બનવું જોઈએ. કાયર ને બીકણ મનોવૃત્તિના માણસો કદી ભક્તિ કરી ઈશ્વરની કૃપાને મેળવી શકશે નહીં. ઈશ્વરને મેળવવા માટે તો સાધકે ખૂબ ખૂબ મનોબળ ને પ્રેમ તથા નમ્રતા ધારણ કરવાં જોઈએ. ને વિશાળ વ્યોમ કે સાગરની જેમ તેનું હૃદય ખૂબખૂબ વિશાળ હોવું જોઈએ. જેમ સારાં ને નરસાં અનેક પ્રકારનાં પાણી નદી ને નાળાં તેમ જ ઝરણાં વાટે સાગરમાં પ્રવેશે છે, છતાં સાગર સદા શાંત ને મર્યાદામાં જ રહે છે; પોતાના સ્વાભાવિક રૂપરંગ ને સ્વાદને તે કાયમ જ રાખી બીજા જલપ્રવાહને પણ પોતાના જેવા જ કરે છે, તેમ ભક્તના હૃદયસાગરમાં સારા ને નરસા, નિંદા ને સ્તુતિના, માન કે અપમાનના પ્રવાહો જરા પણ ક્ષોભ કે અસ્થિરતા જગાવ્યા વિના મળી જાય છે. ભક્તનો આ સ્વભાવ જ છે ને હોવો જોઈએ. બીજા માણસો તેના પર ક્રોધ કરે કે વેર રાખે, તેને તિરસ્કારની નજરે જુએ કે કંગાલ ને હલકો ગણે, છતાં તે સદા પ્રસન્ન રહી ઈશ્વર પ્રેમમાં જ મસ્ત રહે છે. બીજા માણસ પર તે સામો ક્રોધ કરતો નથી કે વેરની ભાવના પણ રાખતો નથી.

તેનો અર્થ એમ નથી કે કોઈ તેને સતાવે કે પીડા કરે તો તે રજ માત્ર પણ ના બોલે. કેટલીક વાર ભક્ત જડભરતની જેમ જાન પર જોખમ હોય તો પણ કશું જ બોલતો નથી, ને કેટલીક વાર તે સાત્વિક છતાં જુસ્સાવશ થઈ અધર્મ ને અનીતિ તેમજ અત્યાચારનો સામનો કરે છે. આ બંને બાબતમાં કાંઈ દોષ નથી. જુદી જુદી મનોવૃત્તિ પ્રમાણે ભક્તોમાં વ્યવહારના આવા ઉપલક ભેદ દેખાય છે. તેથી તેમની આંતરિક મનોવૃત્તિ તેમજ ઈશ્વરપરાયણતામાં કાંઈ જ ફેર નથી પડતો.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૪ : કુસંગથી દૂર રહો

દરિયા પાસે જાવ એટલે જેમ ખારી હવા આવે જ, તેમ સારા કે નરસા સંગની અસર પણ માણસ પર થાય છે જ, એમાં સંદેહ નથી. દુષ્ટ માણસોના સંગથી મન ચંચલ બને છે, વિષયોમાં ભટકવાનું ને રસ લેવાનું શરૂ કરે છે, ને ઈશ્વર પરાયણતાથી ઉલટી દિશામાં વહેવા માંડે છે. આને લીધે અહંકાર તેમજ મમતા ને તેના સંતાન જેવા કામ ને ક્રોધ, ભય ને શોક, તેમજ ઈર્ષા ને લોભ પણ ઉત્પન્ન થાય છે.

ગીતાએ પણ કામમાંથી ક્રોધ, ક્રોધમાંથી મોહ, મોહમાંથી સ્મૃતિભ્રમ, સ્મૃતિભ્રમમાંથી બુદ્ધિ અથવા વિવેકશક્તિનો નાશ ને છેવટે સર્વનાશ એવો ક્રમ બતાવ્યો છે. આ ક્રમની શરૂઆતમાં જો 'દુર્જનના સંગ'ને મૂકી દઈએ તો એમ કહી શકાય કે દુષ્ટ સંગથી અનેક પ્રકારની સારી અથવા નરસી કામનાઓ ઉત્પન્ન થાય છે. તે કામના સારી પેઠે સિદ્ધ ના થતાં ક્રોધની લાગણી થવા માંડે છે : ક્રોધથી સારા ને નરસાના વિવેકની શક્તિ નષ્ટ થાય છે, ને માણસ મોહમાં પડે છે. મોહને લીધે તેની બુદ્ધિ ને વિચારશક્તિનો નાશ થાય છે ને વિચારશક્તિનો ને બુદ્ધિનો નાશ થતાં માણસમાં બીજું બાકી પણ શું રહે છે? બુદ્ધિ ને તેના ઉપયોગને લીધે જ માણસ બીજાં પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ ગણાય છે. તેનો નાશ થતાં માણસનું મુલ્ય પશુ જેટલું કે તેથી પણ ઓછું બની જાય છે.

એટલે ઈશ્વરના પ્રેમી ભક્તે એક ઈશ્વરના જ સંગને મેળવવા માટે તત્પર થઈ જવું. ઈશ્વરના જ સ્મરણ મનનમાં તેણે મનને એકાગ્ર કરી દેવું. યાદ રાખો કે ઈશ્વરના સ્મરણમનન ને ચિંતન વિનાની જે એકેક ક્ષણ વહી જાય છે તે સમયનો દુરપયોગ છે. જીવન આખું એવી અનેક ક્ષણોનું જ બનેલું છે. એટલે ક્ષણેક્ષણનો સદ્ઉપયોગ કરી, તેને આત્મોન્નતિના આવશ્યક કામમાં લગાડી સાચા ભક્તે તો બનતી વહેલી તકે પરમશાંતિ ને સિદ્ધિ મેળવી લેવી.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૫ : વિષયરસને જીતવાનો માર્ગ

પર્વતમાંથી પ્રકટ થનારાં ઝરણાં શરૂઆતમાં કેવા હોય છે? બરફથી છવાયેલા ઊંચા ઊંચા પર્વત પર સૂર્યનાં સોનેરી કિરણોથી ચમકે છે. તેમાંથી સાપના લીટા જેવાં કૃશકાય ઝરણાં ઉપરથી ઠેઠ નીચે તળેટી સુધી વહેતાં આવે છે. આ જ ઝરણાંને જ્યારે તમે પર્વતથી આગળના પ્રદેશમાં જુઓ ત્યારે તેમના શરીરમાં ભારે પરિવર્તન થયેલું તમને દેખાશે. માર્ગમાં બીજાં ઝરણાં મળી જવાથી તે પ્રચંડ બની જાય છે. તે જ પ્રમાણે નદીઓનું પણ સમજી લેવાનું છે. વિષય રસવૃત્તિને પણ આ જ નિયમ લાગુ પડે છે. વિષયરસને ભોગવવાની રસવૃત્તિ શરૂઆતમાં સુક્ષ્મરૂપે માનવના મનમાં રહેલી હોય છે. તે રસવૃત્તિ સંગ ને અનુકૂળ સમય કે વાતાવરણ મળતાં ધીરેધીરે ફાલવા કે વધવા માંડે છે ને છેવટે તેનું સ્વરૂપ સાગર જેવું વિશાળ, અગ્નિ જેમ સર્વભક્ષી ને વાવાઝોડા જેવું ભયંકર વિનાશક બની જાય છે. માટે ભક્તિમાર્ગનો સાધક દુષ્ટ સંગથી સદા દૂર ને દૂર રહે છે.

જેમ અગ્નિમાં ઘી નાખવાથી તે વધ્યા કરે, તેમ વિષયસુખનો વધારે ને વધારે સ્વાદ લેવાથી તેનો રસ પણ વધતો જ રહે છે, ને પરિણામે મન ઈશ્વરથી વધારે ને વધારે વિમુખ થતું જાય છે. વિષયોના ભોગ દ્વારા અંતે ચિત્ત તેમાંથી ઉપરામ થઈ જશે, એમ કેટલાક માણસોનું માનવું છે. તે માનવું તદ્દન ખોટું નથી, પણ બહુ જ દૃઢ મનોબળવાળા ને વિવેકી માણસોને તે વિધાન લાગુ પડે છે. તેવા માણસોએ પણ ખૂબ જ સાવચેત રહેવું પડે છે. નહિ તો વિષયરસના પ્રબળ પ્રવાહમાં તે ક્યારે હતબુદ્ધિ થઈને વિષયકીટ બની બેસશે તે કહેવું મુશ્કેલ છે. વિષયની વચ્ચે રહીને જે મનને સંયમી ને ઈશ્વરપરાયણ કરવા માગે છે તેનું કામ તો વળી વધારે કઠિન છે. તેણે તો વિષયસુખની અસારતા ને વિનાશકતાનો વારંવાર વિચાર કરવો પડે છે. તો જ તે વિષયની વચ્ચે રહ્યા છતાંયે તટસ્થ રહી શકે.

વિષયથી તદ્દન દૂર રહેવાનો માર્ગ પણ એટલો સહેલો નથી. તેમાંયે ખુબ મુશ્કેલી છે. કેવળ એકાંતમાં જઈને બેસી જવાથી વિષયરસના સુક્ષ્માતિસુક્ષ્મ સંસ્કાર જીતાઈ જતા નથી; થોડા વખત તે દબાઈ રહે તે ભલે, પણ અનુકૂળ વાતાવરણ મળતા તે પાછા પાંગરવા માંડે છે. એટલે એકાંતમાં રહેનાર માણસે પણ વિવેકશક્તિનો વિકાસ તો કરવો જ જોઈએ. સમજપૂર્વકની સાધના વિના મન કે ઈન્દ્રિયોને વશ કરવાનું કામ અત્યંત કપરૂં છે.

છતાં ભક્તિમાર્ગના સાધકે ડરવાનું નથી. હૃદયની શુદ્ધિ સાધવાનો પ્રયાસ કરવાની સાથે તેણે બને તેટલી ઉત્કટતા ને પ્રીતિથી ઈશ્વરસ્મરણ કરતા રહેવું ને ઈશ્વર પ્રાર્થનાનો આધાર લેવો. આ બે વસ્તુ ભક્તને માટે ખુબ જ સહાયક થશે. ઈશ્વરની પ્રાર્થના દ્વારા પોતાની નબળાઈઓને દૂર કરવામાં ભક્ત જરૂર સફળ બનશે. સાચા દિલથી કરાતી પ્રાર્થનામાં એવી શક્તિ રહેલી છે. પોતાની નબળાઈઓ પ્રત્યે આંખ મીંચામણા કરવાની નીતિનો ભક્તે સદાને માટે ત્યાગ કરવાનો છે. નબળાઈઓનો વારંવાર વિચાર કરીને તેણે વધારે ને વધારે નિર્બળ કે નિરાશ બનવાનું નથી પણ તેમને દૂર કરવા નિશ્ચયી થવાનું છે, તે માટે બનતો પુરૂષાર્થ કરવાનો છે. જે પોતાની ભૂલ કે ત્રુટિને દૂર કરવા સાચેસાચ ઝંખે છે, ને તે માટે ઈશ્વરની આગળ મોકળા મનથી રડે છે ને પ્રાર્થે છે, તેને ઈશ્વરની મદદ જરૂર મળે છે, ને તેની નબળાઈઓને દૂર કરવાનું કામ પણ

ઈશ્વર પોતે ઉપાડી લે છે એ નિર્વિવાદ છે. એટલે ભક્તને માટે તો ઈશ્વરના નામ ને તેની પ્રાર્થનાનો આધાર લેવાનું કામ જ બરાબર છે.

ઈશ્વરના નામસ્મરણમાં જેમ જેમ રસ જાગતો જશે, તેમ તેમ બીજા બધા જ પદાર્થોમાંથી મન પાછું વળવા માંડશે. સંસારના બધા જ વિષયો તેને ફીકા લાગશે. એક ઈશ્વરમાં જ તેને રસ ને સુખનો અનુભવ થશે. જેના મનમાં એક ઈશ્વરની જ પ્રીતિ ને ઈશ્વરની જ ભૂખ છે, તેને બીજા કયા પદાર્થમાં પ્રીતિ પણ થઈ શકે? તેને તો સંસારના બધા જ પદાર્થો ફીકા લાગે છે; બધા જ ભોગવૈભવ વૃથા, ઈન્દ્રિયોની શક્તિનો નાશ કરનારા ને પરમસુખથી રહિત લાગે છે. એક ઈશ્વરને જ મેળવવાથી પૂર્ણ શાંતિ, સનાતન સુખ ને પૂર્ણતા મળી શકશે, મૃત્યુંજય થઈ શકાશે, એમ તેના દિલમાં ઠસી ગયું હોય છે. એટલે એક ઈશ્વરને જ સેવવા તે તત્પર થાય છે. દુર્ગુણોને દૂર કરી અહંતા ને મમતાની મોહજાળમાંથી મુક્તિ મેળવી, ઈશ્વરને મેળવવા માટે તે અધીર બની જાય છે, ને ઈશ્વરના દર્શન પછી જ તેને શાંતિ વળે છે.

જેને ઈશ્વરદર્શન થઈ ગયું એને માટે ડરવાનું કોઈ કારણ રહેતું નથી. ઈશ્વરના અલૌકિક રૂપનું પાન કર્યા પછી મન ત્યાંથી બીજે ક્યાંય ભૂલેચૂકે પણ ભમતું નથી. વિષયી પદાર્થમાં આવું મન પછી ભટકી નહીં શકે ને વિષયરસમાં રમી પણ નહિ શકે એ ચોકક્સ છે.

☼ ☼ ☼ ☼ ☼



## ૪૬ : બ્રહ્મચર્યની જરૂર

જેને વહેલામાં વ્હેલી તકે ઈશ્વરપ્રાપ્તિ કરવી છે તેણે તો પૂર્ણપણે વિષયસુખથી દૂર જ રહેવું પડશે. સારૂં ને કામોત્તેજક ખાવુંપીવું ને પહેરવું ઓઢવું તેમ જ જોવું સાંભળવું તેણે છોડવું જ પડશે. વળી પૂર્ણ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા પણ તેણે લેવી જ પડશે. ઈશ્વરપ્રાપ્તિ જેવા ઉચ્ચતમ પુરૂષાર્થની સિદ્ધિ માટે માણસ સર્વ પ્રકારનાં બીજાં સાંસારિક બંધનોમાંથી મુક્ત થાય ને પોતાનું સમગ્ર મન ઈશ્વરના જ ચરણોમાં લગાડી દે એ ખૂબ જરૂરી છે. એટલા માટે વહેલામાં વ્હેલી તકે ઈશ્વરને મેળવવાની જેને ઝંખના હોય તેણે ઈશ્વરને જ વરી લેવું ને તન મન તેમજ અંતર એક ઈશ્વરને જ સમર્પિત કરી ઈશ્વરપ્રાપ્તિની સાધનામાં મશગુલ રહેવું.

ઈશ્વરના પ્યારા પ્રેમીને હૃદયશુદ્ધિનો અમુક વિકાસ કર્યા પછી બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લેવાની જરૂર રહેતી નથી. કેમ કે પવિત્રતા ને સંયમ તેનો સ્વભાવ થઈ જાય છે. કામવાસનાનો આવેગ તેના અંતરમાં ઉઠતો નથી, ને કોઈવાર ઉઠે તો તેના પર કાબૂ કરવા જેટલું તેનામાં સામર્થ્ય હોય છે. ઈશ્વરદર્શન કર્યા પછી તો ભક્તને ચરાચરમાં બધે એક ઈશ્વરની જ ઝાંખી થાય છે. એટલે ઈશ્વર સિવાય તેને માટે કાંઈ અસ્તિત્વ જ રહેતું નથી. આ દિશામાં સ્ત્રી ને પુરૂષના ભેદથી પણ તે પર થાય છે. આથી ઉલટું, જે સંસારમાં રહીને ઈશ્વર માટે સાધના કરે છે, તેણે પોતાની સ્ત્રીમાં પણ સંયમ કેળવ્યા વિના છૂટકો નથી. આને માટે ક્રમેક્રમે બ્રહ્મચર્યના નિયમમાં દૃઢતા કેળવવી પડે છે.

આજે તો બ્રહ્મચર્યની મહત્તા સમજી તેનું પાલન ભાગ્યે જ કરવામાં આવે છે. યુરોપ, અમેરિકામાં છુટથી પ્રચાર પામેલાં સંતતિનિયમનના સાધન ભારતમાં પણ હવે પ્રચાર પામવા માંડ્યા છે, ને સરકારી ધોરણ પર તેણે સમર્થન મળે છે. આ સાધનથી સંયમ વધવાને બદલે ઘટે છે ને સ્વચ્છંદ પોષાય છે. વળી માણસના ગંદા ચારિત્ર્યને માટે તે ઢાલરૂપ બની શકે છે. કેમ કે પાપ કરવા છતાં એ સાધનો દ્વારા તે જાહેર થતું નથી પણ વિલાસ ને સ્વચ્છંદતાથી શરીરનો જે નાશ થાય છે, શક્તિ ને બુદ્ધિનો હ્રાસ થાય છે, તે તો આ સાધનો વાપર્યા છતાં પણ થતો જ રહે છે, ને તેથી એકદંરે તો લાભને બદલે આરોગ્યની દૃષ્ટિએ પણ હાનિ જ છે. એટલે આ સાધનો સમાજ તેમજ વ્યક્તિને માટે નુકશાનરૂપ જ છે. સંતતિનિયમનનો એક જ સાચો માર્ગ છે અને તે સંયમ પ્રત્યે પ્રેમ પેદા કરી શારીરિક સંબંધથી ઈચ્છાપૂર્વક દૂર રહેવાનો. કેટલાક માણસોમાં આવી શક્તિ નથી એ સાચું, પણ તેને કેળવી શકાય છે એ પણ એટલું જ સાચું છે. નિર્બળ મનના માણસો તો સંતતિનિયમનના કુત્રિમ સાધનોનો પણ ભોગવિલાસ માટે ડર મૂકી ઉપયોગ કરશે ને એ રીતે વ્યભિચારને જ પોષશે. માટે તે સાધનોનો આધાર ના છૂટકે જ લેવાની અને સંયમમા મદદ મેળવવા માટે જ લેવાની જરૂર છે.

સંયમને માટે દેશના નવજુવાન સ્ત્રીપુરૂષોએ વ્રત લેવાં જોઈએ. કેટલાકે આજીવન બ્રહ્મચર્યનું વ્રત, ને કેટલાકે અમુક જ ઉંમર પછી પરણવાનું વ્રત, ને કેટલાક પરિણીત સ્ત્રીપુરૂષોએ અમુક સંતાનો થયા પછી કે અમુક ઉંમર પછી પૂર્ણ બ્રહ્મચર્ય પાળવાનું વ્રત લેવું જોઈએ. આપણે ત્યાં એવી પાંગળી માન્યતા છે કે સ્ત્રી તો એકલી રહી શકે જ નહીં ને સંયમ પણ પાળી શકે નહીં. આ માન્યતા તદ્દન ભ્રામક ને સ્ત્રીને શરમાવનારી ને સ્ત્રીને માટે અપમાનજનક છે. આ માન્યતાને દૂર કરવા સ્ત્રીઓએ બહાર પડવું જોઈએ.

સંસારમાં રહીને કોણ તરી જાય છે? કોનું જીવન સંસારમાં સફળ થાય છે? જે બ્રહ્મચર્ય પાળે છે, સંતજનોને સેવે છે, મમતાને મારીને જે ક્રોધ તથા અભિમાનથી પર થાય છે, તે જ માણસ આ સંસારને તરી જાય છે, ને દુઃખને જીતી અખંડ સુખ ને સનાતન શાંતિનો સ્વામી થાય છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૭: એકાંતની આવશ્યકતા

ભક્ત કે સાધકને માટે એકાંત ને શાંત સ્થાનમાં રહેવું ખૂબ જરૂરી છે. મનને બીજા બધા જ બાહ્ય પદાર્થોમાંથી પાછું વાળી લઈ ઈશ્વરમાં જોડવાનું જે કામ સાધક કરે છે તેની સફળતા માટે એકાંતવાસ એક ખૂબખૂબ આવશ્યક સાધન છે. એકાંતનો સૌથી પ્રથમ દેખીતો લાભ એ છે કે ત્યાં સંસારના બાહ્ય વ્યવહારો ને પદાર્થો ભાગ્યે જ હોય છે. એટલે તે વ્યવહાર કે પદાર્થમાં રમવાનું કામ મનને માટે રહેતું નથી. કેટલીકવાર એકાંતમાં રહેવા છતાં મન પોતાના પ્રિય પદાર્થોમાં વહેવા માંડે છે, અથવા તો પુરાણી રસવૃત્તિથી યાદ કરી માનસિક વ્યવહાર ઉત્પન્ન કરે છે છતાં પણ આ પ્રવૃત્તિ લાંબો વખત ટકતી નથી. ધીરે ધીરે મન પુરાણી રસવૃત્તિથી મુક્ત થવા માંડે છે. દૂર બેઠે બેઠે પણ પ્રિય પદાર્થોમાં રમવાનું બંધ કરે છે, ને જેના સહવાસથી વધારે આનંદ ને સુખશાંતિ મળે એવા પદાર્થની શોધ તરફ વળે છે એટલે કે સાધકનું મન ઈશ્વરપરાયણ ને તે માટે સાધના પરાયણ થવાના કામમાં લાગી જાય છે.

એવા કેટલાય પદાર્થ જેની મમતા કે આસક્તિથી સાધક બંધાઈ ગયો હશે, તે બધાના સાચા સ્વરૂપનો ને સારાસારનો ખ્યાલ તેને વ્યવહારમાં નહીં આવી શકે. વ્યવહારની વચ્ચે રહીને જીવનારો કાચો સાધક સ્થિરતા વિનાનો હોય છે. ગંગાના વાયુવેગી પ્રવાહમાં છૂટાં પડેલાં લાકડાં કેવી રીતે તણાય છે તે તમે જોયું છે? આ જ દશા વ્યવહારમાં રહેનારા માણસના મનની હોય છે. તેને વિચારવાનો ને વિચાર્યા પ્રમાણે વર્તવાનો અવકાશ ભાગ્યે જ હોય છે. તે જ લાકડાં જ્યારે કોઈ ભેખડ કે પત્થરને આધારે અટકી જાય અથવા પાસેના કિનારે સ્થિર થાય, ત્યારે તેની દશા જુદી હોય છે. તે દશા એકાંત કે શાંત વાતાવરણમાં વિરોજેલા માણસના જેવી છે. જે પ્રવાહમાં પોતે વહી રહ્યો છે અથવા વહેતો હતો તે પ્રવાહ કેવો છે, તેમાં વહેવું બરાબર છે, તેનો યથાર્થ નિર્ણય એકાંતની આ અવસ્થામાં માણસ વધારે સારી રીતે કરી શકે છે. તેનો નિર્ણય કરીને સાચો માણસ પોતાની ત્રુટી કે ભૂલોને સુધારી શકે છે, ને ખામીને પૂરી લે છે કે ભરપાઈ કરે છે. એકાંત કે શાંત વાતાવરણનો લાંબા વખત સુધી આશ્રય લઈને આ પ્રમાણે કેટલાય માણસો સુધરી ગયા છે, ચિંતન પરાયણ થયા છે, ને જે વ્યક્તિ કે વસ્તુમાં તેઓ નાગચૂડની જેમ બંધાયા હતા તેને મિથ્યા સમજી, તેના આકર્ષણ ને બંધનમાંથી મુક્ત થઈ, કોઈ ઉત્તમ ધ્યેય કે ઈશ્વરને માટે જીવતા થયા છે. આ રીતે એકાંત એક રસાયન છે, અલૌકિક ઔષધ છે, ને તેનો પ્રયોગ સમજુ માણસને માટે પાવનકારક નીવડે છે. ભક્તને માટે તો તે મદદરૂપ થાય જ એમાં આશ્ચર્ય નથી. પ્રારંભિક દશામાં તેનામાં રહેલી રહીસહી દોષવૃત્તિને મમતા એકાંતના સેવનથી ક્રમેક્રમે દૂર થઈ જશે.

મન જ્યાં સુધારણાને માર્ગે વળ્યું, નિર્મળ ને દોષરહિત થવા માંડ્યું, એટલે સ્થિર પણ થવા માંડશે એ નક્કી છે. મનની નિર્મળતા ને સ્થિરતાને તદ્દન નિકટનો સંબંધ છે એ વાત મેં આગળ પર પણ કરી છે. મનની સ્થિરતામાં એકાંતવાસ વધારે સહાયક થઈ પડે છે. કુદરતને ખોળે રહેનારો માણસ કુદરતની દુનિયામાં જ જીવતો હોય છે. પક્ષીઓના મધુર શબ્દ, વનસ્પતિની વિવિધતા, ઝરણાં, નદી કે સમુદ્રનું સૌંદર્ય, ખુલ્લા આકાશનો વૈભવ ને ફૂલની ફોરમ એ જ તેનાં સાથી હોય છે. વસ્તી સાથેનો તેનો સંપર્ક નહીં જેવો કે જરૂર પૂરતો જ હોય છે. કુદરતનાં આવા તત્વોની વચ્ચે રહેવાથી તેનું મન સ્થિર ને પ્રસન્ન તથા શાંતિમય

રહે છે. કુદરતની સાથેનું એકાંત જીવન જો સમજપૂર્વક ને જીવનની સાધનાના સહાયક સાધન તરીકે જીવવામાં આવે તો તે મન પર મંગલ અસર જરૂર પહોંચાડે છે. ખેડૂતો, મજુરો તથા પ્રવાસીઓ એકાંતમાં રહે છે પણ જીવન સુધારવાની દૃષ્ટિ તેમના હૃદયમાં નહિ હોવાથી તેની સુખદ અસર ભાગ્યે જ થાય છે. સાધક ને સામાન્ય માણસમાં આટલો જ ફેર છે. પોતાની આજુબાજુની દુનિયાનો ને પોતાના શરીર ને મનનો વિચાર સાધક પોતાના આત્મિક વિકાસ માટે જ કરે છે, ને તે માટે જ તેમની જરૂરી મદદ લે છે. આ પ્રમાણે સાધક ભક્તને એકાંત માનસિક સ્થિરતાની દૃષ્ટિએ પણ ખૂબ મદદરૂપ થાય છે.

ત્યારે જેનું મન નિર્મળ ને સ્થિર છે તેવા ભક્ત કે સાધકને તો એકાંત ખૂબ જ આનંદદાયક થઈ પડે એમાં સંદેહ ક્યાં છે? ભક્તનું મન એક ઈશ્વરમાં જ આસક્ત થઈ ગયું હોય છે, સમુદ્ર જેમ રાતદિવસ એક ઈશ્વરના જ પ્રેમ સંગીતથી તે સુશોભિત હોય છે. આવું મન એકાંતમાં અનેક ગણા આનંદ ને વેગથી ઈશ્વરની પ્રાપ્તિની સાધના કરવા માંડે છે. ઈશ્વર માટેની અખંડ આરાધનામાં તે મસ્ત થઈ જાય છે. કોઈ પ્રવાહની જુદી જુદી હજારો ધારા નીકળે, તેમ હજારો પ્રેમની ધારામાં તે વહેવા ને ઉછળવા માંડે છે, ને ઈશ્વરને મળવા અધીરૂં બની જાય છે. ઈશ્વર માટેના વિરહની વેદના તેમાં ખુબ તીવ્રપણે ઉત્પન્ન થાય છે, ને ઈશ્વર વિના બીજા કોઈયે ઉપાયથી શમતી નથી. જપ કરવામાં, ધ્યાન ધરવામાં, ચિંતન મનન ને પ્રાર્થના કરવામાં ભક્ત કે સાધકનો બધો જ સમય સારી પેઠે પસાર થઈ જાય છે. જેને ઈશ્વર સાથે પ્રીતિ થઈ છે ને ઈશ્વરની લગની લાગી છે, તેને સમય પસાર કરવાની ચિંતા ક્યાં છે? ઈશ્વરના વિરહમાં તેનાં રાત ને દિવસ ક્યારે પુરા થાય છે તેની તેને ખબર પડતી નથી. સંસારમાં આસક્ત થયેલા માણસોને જેમ જરાય ફુરસત મળતી નથી, પ્રભુએ રાત ના કરી હોત તો તે રાતે પણ જરૂર વ્યવસાય કરત, તેમ ઈશ્વરના પ્રેમીને ફુરસદ નથી, ચેન નથી, આરામ કે આળસ નથી, ને રાતે પણ નિદ્રા હોતી નથી. દિવસરાત તે એક ઈશ્વરને જ ઝંખ્યા કરે છે, ને ઈશ્વરને પ્રાપ્ત કરવાનો જ પુરૂષાર્થ કર્યા કરે છે. વન ને જંગલની શાંતિ તેમની વિરહ વેદનાને શાંત કરી શકતી નથી. ચંદ્ર ને તારાનું સૌન્દર્ય તેમના હૃદયમાં જોગેલી ઈશ્વરના સુંદરતમ રૂપની ભૂખને સમાવી નથી શકતું ને નદી કે ફૂલની મધુરતા માધુર્યની મૂળ મૂર્તિ એવા ઈશ્વરને જોવાની બેચેનીને શાંત કરવામાં તદ્દન અસફળ નીવડે છે.

પ્રકૃતિના સૌંદર્ય ને માધુર્ય તેમજ સુખને જોઈ તેમનું હૃદય ઈશ્વરને મળવા માટે વધારે ને વધારે છટપટાવા માંડે છે. તેમને થાય છે કે આ તારા ને ચંદ્રના સૌન્દર્ય કરતાં પ્યારા પ્રભુનું સૌન્દર્ય હજારોગણું વધારે છે. ફૂલ કે પંખીના શબ્દો ને નદીના જળની મધુરતા કરતાં ઈશ્વરના રૂપ ને સ્પર્શ તેમજ સ્વરનું માધુર્ય લાખોગણું વધારે છે. ને તે રૂપને જોવાનું સુખ ! તેમાં રહેલી શાંતિ ! સંસારમાં એ રૂપ, સુખ ને શાંતિ ક્યાંય નથી. તે તો પ્યારા પ્રભુની જ પોતાની અનોખી મિલ્કત છે, તે પ્રભુ ક્યારે મળશે? શરીર તેનો સ્પર્શ ક્યારે પામશે? કાન તેના મધુર સ્વરસંગીતને ક્યારે સાંભળશે? આંખ તેના મંગલ સૌન્દર્યને જોવામાં ક્યારે મસ્ત બનશે? ને પ્રાણ મન ને શરીરના વિવિધ પાત્રો દ્વારા એ ઈશ્વરની રૂપસુધાનું પાન કરવામાં એક લોભી માણસની જેમ, સંસારના તરસ્યા પ્રવાસીને રણમાં અચાનક વીરડી મળી જાય તેમ, ક્યારે આનંદ માનશે?

ચંદ્રનો ઉદય જેમ સાગરમાં ભાવનાની ભરતી ઉભી કરે છે, તેમ એકાંતમાં બેઠેલા ભક્ત કે સાધકના હૃદયમાં ઈશ્વરના પવિત્ર સ્મરણથી આ રીતે પ્રેમનાં ઝરણાં ઊઠ્યાં કરે છે. આવા ભક્તને ઈશ્વરની પૂર્ણ કૃપાનો લાભ જરૂર મળી જાય છે. ધ્યાન કે જ્ઞાનપરાયણ સાધકને પણ આ જ પ્રમાણે એકાંતવાસ ઉપયોગી થાય છે. એકાંતમાં સમય પસાર કરવાની ચિંતા આ રીતે ભક્તને છે જ નહીં. સાધારણ માણસને પણ જો વાચન મનન ને જપ ધ્યાનમાં રસ હોય તો એકાંત તેને સાલતું નથી જ.

ભક્તને માટે એકાંત સેવન ખૂબ જરૂરી છે એમાં શંકા નથી. એકાંતમાં ઈશ્વરપ્રેમ જગાવનાર માણસ સંસારને જરૂર તરી જાય છે. ઈશ્વરપ્રેમ વિના સાગર કરતાં યે ભયંકર આ સંસારને તરવાનું કોઈ સુંદર સાધન નથી. પણ માણસ ઈશ્વરપ્રેમને પંથે વળવા માંડે છે એટલે બીજા માણસો તેની ટીકા કરે છે તેનું શું? સાચો ભક્ત આવી ટીકાથી ડરતો નથી. ઈશ્વર વિના દુનિયામાં તેને બીજી કોઈયે વસ્તુ કે વ્યક્તિનો ડર નથી. લોકોના અભિપ્રાયોની લેશ પણ પરવા કર્યા વિના તેને જે સત્ય લાગે છે તે પ્રમાણે તે કર્યે જાય છે. લોકોનાં વખાણ કે નિંદા તેને ઈશ્વરપ્રાપ્તિના સત્ય માર્ગથી ચલિત કરી શકતાં નથી જ. પોતાના મન કે સ્વભાવને સાત્વિક કરી, લોકોને શું ગમશે ને શું નહિ ગમે તેનો વિચાર કરી ભક્ત પોતાના જીવનનું ઘડતર કર્યા કરે છે. ભક્તોને માટે આ જ માર્ગ છે.

આધ્યાત્મિક સાધનાનાં રહસ્યો સમજનારા માણસો સંસારમાં બહુ ઓછા છે. એટલે શરૂઆતમાં તો તેવા માણસો ભક્ત કે સાધકને તિરસ્કારની વૃત્તિથી જ જોશે. પણ તેથી શું થયું? લોકોની દયા પર જે જીવવા ને તેમની ઉપેક્ષાથી મરવા માગે છે તે કદાપિ ભક્ત, યોગી કે જ્ઞાની ના થઈ શકે, એટલું જ નહિ, કોઈ મહાન કાર્ય કરવાનું પણ તેને માટે મુશ્કેલ છે. સંસારમાં જે કેટલાક મહાપુરૂષો ને ભક્તો થયા છે તેમને શરૂઆતમાં લોકોએ ન સમજવાને લીધે ઉપેક્ષાની દૃષ્ટિએ જ જોયા હતા, છતાં તેમણે પોતાનું કાર્ય ચાલુ જ રાખ્યું. તો સમય પર લોકો તેમને માન આપતા, સમજતા ને પૂજતા પણ થયા. ભક્તના સંબંધમાં પણ તેવું બનશે. ને જીવનભર તેવું ના બને તો પણ શું? સંસારની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ કાંઈ ભક્તનું જીવન ધ્યેય નથી કે તેને માટે તેણે ચિંતા કરવી પડે. તેનું મનોબળ વજ્જર જેવું દૃઢ જોઈએ. હિમાલય જેવી ભવ્ય ને અચલ તેની આકાંક્ષા ને ભાવના જોઈએ. તેનો ઉત્સાહ સમુદ્ર જેવો વિરાટ ને ધીરજ અડગ જોઈએ. આવો પુરૂષ સંસાર રૂપી સાગરને તરીને ઈશ્વરની પ્રાપ્તિ જરૂર કરી લે છે.

પોતાના ખાનપાન ને શરીરની જરૂરિયાત માટે જે દિનરાત ચિંતા કરે છે, જે પોતાની આવશ્યકતા માટે બીજા માણસોના મોં સામું દીન ભાવે તાક્યા કરે છે, તે ભિખારી કે દીનહીન ને કંગાલ બનવાને ભલે વધારે લાયક હોય, ભક્ત બનવાની લાયકાત તેનામાં નથી એ નક્કી છે. ભક્ત તો પોતાની બધી જ જરૂરિયાતો માટે બાળક જેમ માને જ પોકારે છે, તેમ પોતાની બધી જ માગણી ભક્ત એક ઈશ્વરની આગળ રજૂ કરે છે, ને ઈશ્વર તે પૂરી પણ કરે છે. અરે, ચોક્કસ વિકાસ કર્યા પછી તો ભક્તને પોતાની માગણી પ્રદર્શિત કરવાની જરૂર પણ નથી પડતી. ઈશ્વર તે પહેલાં જ જાણી લે છે, ને તેનો યોગ્ય ઉત્તર પણ વાળે છે. પણ એનો અર્થ એમ નથી કે ભક્ત કે સાધક જે ચાહશે તે બધું જ ઈશ્વર પૂરું કરશે. ભક્તને માટે શું હિતકારક છે તે ઈશ્વર સારી પેઠે જાણે છે. એટલે હિતકારક વસ્તુ જ ઈશ્વર ભક્તને પૂરી પાડશે. ભક્ત જેને સારી ને

લાભકારક માનતો હોય, છતાં જે તેને માટે નુકશાનકારક ને અશુભ હોય, એવી ઈચ્છા ઈશ્વર કદાપિ પૂરી કરશે નહીં. એથી શરૂઆતમાં અજ્ઞાનને લીધે ભક્તને દુઃખ થાય તો ભલે, પણ સમય જતાં તેનું અજ્ઞાન ને દુઃખ ટકશે નહીં. ને સત્ય પરિસ્થિતિનું જ્ઞાન થતાં ઈશ્વરની અપાર દયાનો ખ્યાલ કરી તેના હૃદયમાં ઈશ્વરપ્રેમની વૃદ્ધિ થઈ જશે. પણ સાચો ભક્ત તો ઈશ્વર વિના બીજી કોઈ વસ્તુ કે વ્યક્તિને ચાહતો કે માગતો નથી. ઈશ્વરના જ પ્રેમરસથી તે જીવે છે ને સુખમાં, દુ:ખમાં, પતનમાં કે ઉન્નતિમાં, વ્યવહારમાં કે એકાંતમાં ઈશ્વરનો પ્રેમી બનીને જ રહે છે.

સંસારના દુસ્તર સાગરને આવો પુરૂષ જ તરી જાય છે : દુ:ખ, ભય ને શોકથી પર આવો પુરૂષ જ તરી જાય છે, ને તે મૃત્યુંજય પણ બની જાય છે. ઈશ્વરની કૃપા કે સ્વરૂપના સાક્ષાત્કાર વિના સંસારને તરવાનો, દુ:ખ કે અશાંતિથી હંમેશને માટે મુક્ત થવાનો ને અમર બનવાનો કોઈ જ માર્ગ નથી. માણસ પાસે ગમે તેટલું ધન ને ઐશ્વર્ય હોય, સારીયે સૃષ્ટિનું રાજ્ય હોય, સુંદર રૂપવાળું શરીર ને બળ હોય, બુદ્ધિનો વિશાળ વૈભવ ને ચારિત્ર્ય તેમજ સત્તા હોય, સ્ત્રી ને સંતાન તેમજ કીર્તિ હોય. કળાની પટુતા ને સંસારની સમગ્ર ભોગની સામગ્રી હોય, તો પણ તેટલાથી જ તે પૂર્ણ કે મૃત્યુંજય નહિ બની શકે, સર્વસમર્થ ને સુખી નહિ બની શકે, પ્રકૃતિનો સ્વામી બની ભય ને તેની માતા ભેદથી મુક્ત નહિ થઈ શકે. તે બધી વસ્તુઓને અવગણવાની જરૂર નથી, પણ તેમની મર્યાદા જાણવી પણ જરૂરી છે. અમૃતત્વની પ્રાપ્તિ તો એક ઈશ્વર પાછળ પાગલ બનવાથી, ઈશ્વરને મેળવવાથી જ થઈ શકશે. સુખ, શાંતિ, સિદ્ધિ, પૂર્ણતા, મૃત્યુંજયપણું એ બધાં ઈશ્વરનાં જ જુદાં જુદાં નામ છે. ઈશ્વરને મેળવી લેવાથી સંસારની સમૃદ્ધિ પણ મળી જશે. માટે હે માનવી, વ્યક્તિને છોડીને તું છાયા પાછળ દોડ નહિ. સંસારનાં પ્રલોભનોમાં ડૂબવાને બદલે, આસક્તિ ને મમતાનાં બધાં જ બંધન તોડી દઈ, સદ્દગુણની મૂર્તિ બની, ઈશ્વરને માટે રડ, પુકાર ને પ્રાર્થના કર. તે તને જરૂર મળશે. જીવનને સફળ કરવાનો આ એક જ માર્ગ છે.

ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરીને તું બીજાને પણ સારી પેઠે મદદરૂપ થઈ શકીશ. અત્યારે તો તારામાં શક્તિ જ શું છે? જે કુવો પોતે જ ખાલી હોય તે બીજા કુવાને ભરવા નીકળી પડે તેવી તારી સ્થિતિ છે. આ દશામાં તું બીજાની સેવા કરી તેમનું દળદર ક્યાંથી દૂર કરવાનો છે? પહેલાં તો આપવા જેવી કોઈ શક્તિ ઉત્પન્ન કર. તેની તૈયારી કર. ઈશ્વરની પૂર્ણ કૃપા મેળવ ને પૂર્ણ બન. પછી સેવા કરવા ભલે નીકળી પડ. એ વખતે તારી શક્તિ જુદી જ હશે. લોકોને તારો શબ્દ સાંભળવો જ પડશે. તું ધારશે તેમ કરી ને કરાવી શકશે. સમાજ, દેશ ને દુનિયામાં જાગૃતિની નવી લહરી પેદા કરી શકશે. માટે ધીરજ ધર, ઉતાવળો ના થા. ઈશ્વરની કૃપાનો ચાતક બન. ઈશ્વરને પહેલા મેળવી લે ને માનવ જીવનના ઉત્તમોત્તમ આદર્શને સિદ્ધ કર.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૮ : તે જ તરી શકશે

અખંડ પુરૂષાર્થ કરવામાં ભક્તનો આનંદ છે. બંધનથી મુક્ત થવાનાં, અંધકારમાંથી પ્રકાશમાં જવાનાં ને જગતનો આશ્રય લઈ પરમ સત્યમાં પ્રતિષ્ઠિત થવાના કર્મ ભક્તપુરૂષ કર્યા જ કરે છે. સાગર જેમ અવિરત ગર્જન ચાલુ રાખે છે, સૂર્ય ચંદ્ર ને તારા નિયમિત રીતે ઉગે છે ને આથમે છે, ને પૃથ્વી ને આકાશ પોતાની પ્રતિષ્ઠા ને ચિર સાધનામાં જેમ મક્કમપણે ઉભાં રહે છે, તેમ ભક્ત પણ પોતાની સાધનાની નિષ્ઠામાં મક્કમ હોય છે, ને ઈશ્વરને મેળવવાના પુરૂષાર્થમાં સદા મગ્ન રહે છે. આ ઉપરાંત ભક્ત જે વ્યવહારિક કર્મો કરે છે તે પણ ખૂબીવાળાં ને લાક્ષણિક હોય છે. ભક્તના બધાં જ કર્મ અહંકારથી મુક્ત હોય છે. તેનાં કર્મોનું પ્રેરક બળ તેનું મલિન કે ચંચલ મન નહિ, પણ ઈશ્વર પોતે હોય છે, ને તેનો તે અનુભવ કરે છે. આ માટે જ તેનાં કર્મો સચ્ચાઈ ને નીતિથી ભરેલાં હોય છે: તે કોઈના અમંગલને માટે નથી થતાં: ને તેથી ભક્તનો પોતાનો વિકાસ જ થાય છે, તેનું પતન થતું નથી, એટલે કે તે ઈશ્વર માટેની સાધનાના પંથથી ભ્રષ્ટ થતો નથી. મનની વિશુદ્ધિ થયા વિના અહંકારની નિવૃત્તિ કે સુક્ષ્મતા થવાનું કામ તદ્દન અશક્ય છે. સાધારણ માણસોનાં મન મલિન ને ચંચલ હોય છે તેથી તેમનો અહંકાર પણ ગાઢરૂપમાં હોય છે.

આ અહંકારને લીધે જ સાધારણ માણસો સુખી ને દુ:ખી પણ થયા કરે છે. કર્મના સારાનરસા ફળની અસર તેમના પર અવશ્ય થાય છે, ને તેથી તેમના જીવનમાં હર્ષ ને શોકની મિશ્રિત લાગણી ઉત્પન્ન થાય છે. ભક્ત કે મહાપુરૂષના સંબંધમાં આવું બનતું નથી. કર્મના સારા કે નરસા ફળમાં તેની માનસિક સ્થિરતા ટકી રહે છે. આ સ્થિરતાને ટકાવવામાં તેનો વિવેક પણ ભારે કામમાં આવે છે. લૌકિક કામોમાં જ નહિ પણ આધ્યાત્મિક કાર્યોમાં પણ તેના મનની સ્થિરતા કાયમ રહે છે. તેની ઈશ્વર માટેની સાધના સફળ થાય કે અસફળ થતી લાગે, છતાં હિંમત હાર્યા કે દુ:ખી કે સુખી થયા વિના તે ઈશ્વરપરાયણ રહે છે, ને પ્રત્યેક પરિસ્થિતિમાં ઈશ્વરનો વફાદાર સેવક બની રહે છે. સાધનાની નિષ્ફળતા કે લૌકિક પ્રસંગોનું દુ:ખ કે સુખ પણ તેને ભ્રાંત કરી શકતું નથી. સુખ ને દુઃખ બંને તેને માટે પાંખ જેવું સહાયક બળ થઈ જાય છે, ને તે દ્વારા ઈશ્વરી પ્રેમના પ્રદેશમાં તે આગળ ને આગળ વધ્યા કરે છે. ભક્તપુરૂષ સારી પેઠે સમજે છે કે ઈશ્વર વિના તેનું કોઈ જ નથી પછી તેને ઈશ્વર વિના બીજા કોઈ પદાર્થની મમતા કે આસક્તિમાં બંધાવાનું છે જ ક્યાં? ઈશ્વર વિના બીજી કોઈ વ્યક્તિ કે વસ્તુમાં તેને રાગ હોતો નથી. સંસારમાં તે નિવાસ કરે, સંસારના જટિલ વ્યવહારમાં ભલે ગળાબૂડ ડૂબેલો પણ રહે, પણ તેનું મન તો સદા ઈશ્વરમાં જ રહેવાનું. તેના હૃદયમાં એક ઈશ્વર વિના બીજા કોઈનું યે સામ્રાજ્ય નહીં હોવાનું. જેમ આખો દિવસ બહાર ઉડનારાં પંખી સાંજ પડતાં બધાં જ કામ પડતાં મૂકી પોતાના માળા તરફ પાછાં વળે છે, ને સૂર્યનાં કિરણો સૂર્યમાં મળી જાય છે, તેમ વ્યવહાર કે પ્રવૃત્તિમાં વહેંચાયેલી ભક્તની ચિત્તવૃત્તિ તેના મૂળ આધારસ્થાન ઈશ્વરમાં જ આખરે મળી જાય છે, ને ઈશ્વર તરફ જ વળ્યા કરે છે. પ્રવૃત્તિના ઝંઝાવાતની વચ્ચે રહ્યા છતાં પણ ભક્તનું મન મેલું થતું નથી.

આવા મનમાં દ્વેષ કે વેર ને કામ ક્રોધ કે ઈર્ષા કેવી રીતે જાગી શકે? ભય ને અભિમાન ને સ્વાર્થને માટે બીજાને ચૂસવાની ને બીજાના પર ઘા કરવાની મનોવૃત્તિ કેવી રીતે જન્મી શકે? જેના મનમાં દ્વેષ ને

ભય તેમજ શોક ને અભિમાનનું સામ્રાજ્ય હોય, જે અત્યાચારી, અધર્મી ને દુરાચારી હોય, તેને ભક્ત કહેવામાં ભક્ત શબ્દનું અપમાન જ રહેલું છે. તેવો માણસ ભક્ત હોવાનો દાવો કરે તો તેને ખોટો જ માનજો. તે પોતે પણ આ સંસારમાંથી તરી નહિ શકે ને બીજાને તો તારી શકશે જ ક્યાંથી? જેનામાં ભયને બદલે ત્યાગ ને સમભાવ ને સહકાર તેમજ દુન્યવી પદાર્થોની પ્રીતિને બદલે ઈશ્વરનાં જ ચરણોની જ પ્રીતિ હોય તે બહાદુર ને પવિત્ર માણસ જ ભક્તના મંગલ નામને પાત્ર થશે; તે જ આ સંસારરૂપી સાગરમાંથી તરી શકશે, ને બીજાને પણ સહીસલામત તરવાનો માર્ગ બતાવી શકશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૪૯ : શાસ્ત્રજ્ઞાન અનિવાર્ય નથી

કેટલાક માણસો વેદપાઠ ને વેદગાનમાં જ ઈતિકર્તવ્યતા માની બેસી રહે છે. વિવિધ રીતે વેદનો ઉચ્ચાર કરવામાં જ તેમને આનંદ આવે છે. વેદપાઠ કરવાથી જ સ્વર્ગ કે મુક્તિ મળવાની હોય તેમ બીજું બધું જ કર્તવ્ય છોડી દઈને એક વેદપાઠ તરફ જ તે ધ્યાન આપે છે. કેટલાક જુદાં જુદાં શાસ્ત્રોનું અધ્યયન કરે છે ને કરાવે છે. તેમના જીવનનું લક્ષ્ય જ આ હોય છે. શાસ્ત્રો વિશે વિસ્તારથી ચર્ચા કરવામાં તેમને આનંદ આવે છે. આને લીધે કેટલીક વાર તેમનામાં અહંકાર ને સંકુચિતતા અથવા કૂપમંડુકતા પણ પ્રવેશે છે. શાસ્ત્રજ્ઞાન વિના કોઈનો ઉદ્ધાર જ ના થઈ શકે, શાસ્ત્રજ્ઞાનના અટપટા પ્રશ્નોના ઉકેલ વિના મુક્તિ મળી જ ના શકે, ને તે મુક્તિ તો અમને પ્રાપ્ત થયેલી જ છે, શાસ્ત્રોનાં રહસ્યો અમારા કરતાં વધારે વિશદ રીતે કોઈ રજૂ કરી ના શકે, ને શાસ્ત્રોમાં જે કહ્યું છે તે જ સાચું છે, તે વિનાનું બધું ખોટું છે, એ વૃત્તિ એવા પુરૂષોમાં વધારે ભાગે આવે છે.

તટસ્થ રીતે વિચાર કરીએ તો જણાશે કે શાસ્ત્રજ્ઞાન ભક્તને માટે એક ઉપયોગી શરત નથી. જેમને ઉપયોગી હોય તેમને પણ એકલું શાસ્ત્રજ્ઞાન નહિ પણ શાસ્ત્રજ્ઞાનનું જરૂરી આચરણ જ વિશેષ ઉપયોગી છે. એટલે એકલું શાસ્ત્રજ્ઞાન શાંતિ, જીવનસાફલ્ય કે મુક્તિ આપી શકતું નથી. શાંતિ ને મુક્તિ માટે શાસ્ત્રોનું યથાર્થ આચરણ ખૂબ જરૂરી છે.

ભક્તને માટે તો પરિસ્થિતિ તદ્દન જુદી જ છે. શાસ્ત્રજ્ઞાન મેળવવામાં તેને કોઈ જાતની હરકત નથી; પણ ના મેળવવામાં કોઈ વિશેષ નુકશાન પણ નથી. શાસ્ત્રોના સારરૂપ ઈશ્વરમાં જ ભક્તને પ્રેમ હોય છે. શાસ્ત્રોનો સાર તે ટૂંકમાં સમજતો હોય છે. શાસ્ત્રોનો મુખ્ય સાર શું છે? બધાં જ શાસ્ત્રો તર્ક ને નિરૂપણની માનસિક કસરત કરીને આખરે તો એ જ નિર્ણય પર આવે છે. માણસનું ધ્યાન એ જ સિદ્ધાંત પ્રત્યે દોરે છે, કે માનવ શરીર ખૂબ જ દોહ્યલું છે. તેનો મહિમા ખૂબ જ મોટો છે. માનવજીવન મુક્તિનું બારણું છે. જીવનનો યથાર્થ ઉપયોગ કરવામાં આવે તો આ જ જીવનમાં માણસ મુક્તિ કે પૂર્ણતાને મેળવી શકે છે. કેવળ શરીર ને ઈન્દ્રિય કે મનના સુખોપભોગ એ જ આ જીવનનું ધ્યેય નથી.

બીજી મહત્વની વાત શાસ્ત્રો એ કહે છે કે સૃષ્ટિની અંદર જે ચૈતન્યશક્તિ છે તે માનવ તેમજ સૌની શરીરમાં પણ રહેલી છે. તે શક્તિ સર્વજ્ઞ ને સર્વશક્તિમાન છે. સત્યમય, પ્રેમમય ને પરમ આનંદમય છે. ફક્ત માણસને તેનો પરિચય નથી, એટલું જ નહિ, જીવનમાં તે પ્રવૃત્તિ પણ એવી કરે છે કે જેથી તે શક્તિથી તે દૂર ને દૂર જતો જાય છે. તે શક્તિનો સંપર્ક સાધવો ને તેને ઓળખવી એ પ્રત્યેક માનવને માટે જરૂરી છે. તે વિના શાંતિ કે મુક્તિ ને પૂર્ણતાની પ્રાપ્તિ થઈ શકતી નથી. તે જ શક્તિને બ્રહ્મ, ઈશ્વર, પરમાત્મા એવાં વિવિધ નામથી સંબોધવામાં આવી છે. જેમ પ્રાણ વિના જીવન ન થાય, સૂર્ય વિના પ્રકાશ ન મળે ને આંખ વિના અંધારૂ જ ફરી વળે, તેમ ઈશ્વરની પ્રાપ્તિ વિના જીવનનો કૈંજ અર્થ ના રહે. ઈશ્વરના સંપર્કથી જ જીવન ઉજ્જવલ ને આનંદમય તેમજ મુક્ત બની શકે. તે વિના માનવહૃદયની શાંતિ ને પૂર્ણતા માટેની ઉંડી ઝંખના, પ્રકાશને માટેની ચિર આરાધના ને મૃત્યુંજય થવાની અભિપ્સા અધૂરી જ રહી જશે. આ શાસ્ત્રોની બીજી મહત્વની શિક્ષા છે.

આ માટે મન ને ઈન્દ્રિયોનો સંયમ જરૂરી છે. શરીરની શુદ્ધિ આવશ્યક છે. મનના વિકારને ધોવાની ને મનને ચંચલતા રહિત કરી સ્થિર કરવાની જરૂર છે. આવું મન જ ઈશ્વર માટેની સાધનામાં મહત્વનો ને સફળ ફાળો આપી શકે. આ માટે શરીરને સ્વસ્થ ને શુદ્ધ એટલે રોગરહિત કરવાનું કામ ઓછા મહત્વનું લેખાવું ના જોઈએ. શરીર ને મન બંનેની વિશુદ્ધિ ને દૃઢતા આધ્યાત્મિક માર્ગના સાધકને માટે અનિવાર્ય છે. આ સાધન પ્રક્રિયાને ટૂંકમાં હૃદયશુદ્ધિના નામથી ઓળખવામાં આવી છે, ને શાસ્ત્રોએ તેના પર વારંવાર ભાર મુક્યો છે. જીવન વિકાસના એક મહત્વના બળ તરીકે હૃદયશુદ્ધિ કે મનોજયનું મુલ્ય ઘણું મોટું છે.

શાસ્ત્રોના વિવિધરંગી આદેશો બાદ કરીએ તો આ ત્રણ પ્રકારના ઉપદેશ વચનો શાસ્ત્રોના શરીરને ઘડવામાં બહુ મહત્વનો ભાગ ભજવે છે. કોઈપણ ધર્મ કે શાસ્ત્ર આ પ્રકારના ઉપદેશ સારની અવગણના કરે કે તેની વિરુદ્ધ જાય તો તે ઉત્તમ પ્રકારના ધર્મ કે શાસ્ત્ર તરીકે બંધ પડે છે.

ઈશ્વરના અનન્ય પ્રેમી ભક્તના જીવનમાં શાસ્ત્રોનો આ સાર સારી પેઠે સાકાર થયો હોય છે. શરીર ને સંસારને ચંચલ ને પરિવર્તનશીલ સમજી એક ઈશ્વરમાં જ પ્રીતિ કરે છે, ને મન તથા તનની શુદ્ધિ ને સ્થિરતાના વિવિધ નિયમો પાળી, ઈશ્વરને સાક્ષાત કરવા કે અનુભવવા પુરૂષાર્થ કરે છે. નીતિ ને ધર્મની મર્યાદા તેના જીવનમાં સ્પષ્ટ દેખાય છે, ને તેનું જીવન પ્રત્યક્ષ શાસ્ત્ર હોય એમ લાગે છે. તેનાં અનુભવસિદ્ધ વચનોમાં શાસ્ત્રોનો નીચોડ હોય છે.

આવો ભક્ત કોઈ રસવૃત્તિને લીધે કે જ્ઞાન પિપાસાને વશ થઈને શાસ્ત્રાધ્યયન કરે તે ભલે, પણ શાસ્ત્રાધ્યયન તેનું સાધ્ય નથી થઈ જતું. તેના સાધ્ય કે આરાધ્યદેવ તો એક ઈશ્વર જ છે, ને જ્ઞાન, ભક્તિ તેમજ કર્મ ને યોગ તે ઈશ્વરની પ્રાપ્તિ માટેના માર્ગો જ હોય છે. તેમાંથી કોઈ માર્ગ ઈશ્વરના આસન પર બેસી શકતો નથી. ભક્ત તો પૂર્ણ હૃદયથી એક ઈશ્વરને જ પ્રેમ કરે છે. સંસારમાં વિવેકી બની એક ઈશ્વરને જ પ્રાપ્ત કરવા કમર કસે છે, ને ઈશ્વરને મેળવીને જ સુખ કે શાંતિ ભોગવે છે. તે વિના કોઈપણ માર્ગે તેને પૂર્ણ શાંતિ મળી શકતી નથી.

ઈશ્વરપ્રેમની સલામત હોડી છે તેમાં ભક્ત બેસી જાય છે, ને હોડીનું સુકાન તે ઈશ્વરરૂપી નાવિકના હાથમાં આપી દે છે. જેનો નાવિક ઈશ્વર છે તેને સંસારના ભયસ્થાનોથી ડરવાનું કોઈ કારણ નથી. વિવેકરૂપી હોકાયંત્રથી આગળ વધતી આ હોડી ભક્તને મુક્તિ કે પૂર્ણતાના કિનારે પહોંચાડી દેશે એ નિર્વિવાદ છે. ઈશ્વરનું શરણ લઈ ભક્તપુરૂષ આ સંસારરૂપી સાગરને તરી જશે ને બીજાને પણ તારી શકશે. બીજો કોઈ માર્ગ સંસારને તરવાનો નથી એ નક્કી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૦ : બીજાના હિતનો વિચાર

કેવળ પોતે જ મુક્ત થઈને બેસી રહેવું બરાબર નથી. જેણે શાંતિ ને મુક્તિ મેળવવી હોય તેણે બીજા અશાંત ને બંધનમાં સપડાયલા માણસોને મદદ કરવી જોઈએ. સૂર્યનો પ્રકાશ જેમ સારાય સંસારને માટે છે, નદીનું નીર જેમ સૌને માટે વહી રહ્યું છે, ને પવન પણ જેમ સારીયે પૃથ્વીનો છે, તેમ જે મુક્ત કે પૂર્ણ થઈ ગયો તે પણ સમસ્ત સંસારનો છે. તેનો પ્રકાશ ને તેની શક્તિ સારાય સંસારને માટે છે. તેવો મહાપુરૂષ ઈચ્છાપૂર્વક બીજાને મદદ કરે, ને શોક, ભય, ભેદ ને અલ્પતામાંથી બહાર નીકળવાનો માર્ગ બીજાને બતાવે તે ખરેખર ઈચ્છવા જેવું છે. બીજાની પ્રત્યે જેને તિરસ્કાર છે, તેને મહાપુરૂષ કહી શકાય નહીં. જેનામાં કેવળ સ્વાર્થ છે, તેને પણ મહાપુરૂષ કહી શકાય નહીં. મહાપુરૂષ તો પ્રેમ ને પરોપકારની પ્રતિમા છે. તે પ્રેમથી પ્રેરાઈને જ બીજાને સહાય કરવાની તૈયારી બતાવે છે.

કેટલાક લોકો—મોટા કહેવાતા માણસો પણ સંસાર પ્રત્યે સૂગ ધરાવે છે, ને પ્રવૃત્તિ માત્રને પ્રપંચ માની તેથી દૂર રહે છે ને દૂર રહેવાનો ઉપદેશ પણ આપે છે. આ વસ્તુ બરાબર નથી. જે ખરેખર વિવેકી ને મહાન છે, તે સંસાર પ્રત્યે સૂગ કે તિરસ્કારની ભાવના કદાપિ નહીં કેળવે. કેમકે તે સમજે છે કે સંસારના વિવિધ નામ ને રૂપમાં એક ઈશ્વરી શક્તિ જ જુદા જુદા રૂપે રહેલી છે. તે શક્તિને ઓળખી સંસારની બાહ્ય ભેદ દશામાં અભેદભાવનું દર્શન કરવું તે જ બરાબર છે જેને આ અભેદભાવનું દર્શન થઈ ગયું છે, તે તો બધામાં એક ઈશ્વરનું દર્શન કરી સૌને પ્રેમની પવિત્ર નજરે જ નિહાળશે. પાપી કે દુષ્ટ માણસને પણ તે પ્રેમ જ કરશે. સંસારમાં તેને માટે તિરસ્કારવા યોગ્ય વસ્તુ કે વ્યક્તિ કોઈપણ નહીં રહે. દુઃખી માણસો પ્રત્યે તેને કરૂણા થશે, દીન ને હીનમાં શક્તિ ઉત્પન્ન થાય એવી લાગણી તેને જરૂર થશે, ને પોતપોતાની કૂપમંડુક વૃત્તિવાળી દુનિયામાંથી બહાર નીકળી લોકો વધારે વિશાળ, વધારે સુંદર ને સ્વચ્છ દુનિયામાં પ્રવેશ કરે એમ પણ તે ઈચ્છશે. કેવળ ઈચ્છીને જ બેસી નહિ રહે પણ તે ઈચ્છાને પરિપૂર્ણ કરવા બનતો પુરૂષાર્થ પણ કરશે. છતાં પુરૂષાર્થ કે કર્મની મેલી અસરથી તે મુક્ત જ રહેશે એટલે કે બીજાના હિત માટે જરૂરી કર્મ કરવા છતાં પણ તેની દશા સત્વગુણથી સુશોભિત, અહંતા ને મમતાથી પર, સ્વાર્થ અને મેલા વિકારોની દુનિયાથી દૂર દૂર વસનારા એકાદ કમળ જેવી જ હશે, જેની પ્રત્યેક પાંખડી એક ઈશ્વરની દિશામાં જ ઉઘડેલી હશે : જેના તન, મન ને અંતરમાં એક ઈશ્વરની જ માયા ને મમતા પથરાયલી હશે.

આવા મહાપુરૂષો કેટલીક વાર વરસો સુધી એકાંતમાં બેસી જાય છે, તપ કરે છે ને ઈશ્વરની સાથે અનુસંધાન સાધવા આકાશ પાતાળ એક કરે છે. કષ્ટ કે યાતનાને ગણકાર્યા વિના, સમય કે શક્તિની પ્રચુરતાનો ખ્યાલ કર્યા વિના, તેમનો પુરૂષાર્થ સદા ચાલુ જ રહે છે. નિષ્ફળતાથી તે ડગતા નથી, મુંઝવણથી નાહિંમત કે નિરાશ બનતા નથી, ને દુઃખથી ડરતા નથી. એક ઈશ્વર પર આધાર રાખી સાધનાના આકરા માર્ગ પર તે ચાલ્યા જાય છે. સંસારની તૃષ્ણા ને ભોગલાલસાને દૂર કરી, કાયરતા ને નામર્દાઈનો નાશ કરી, જીવનના ઉત્તમોત્તમ ધ્યેયની પ્રાપ્તિ સારૂ તે આત્મિક વિકાસને માર્ગે વળ્યા હોય છે. થોડા વખત સુધી તે સંસારથી અલગ થયા લાગે, પરંતુ તેમના દિલમાંથી પરહિતની ભાવના મરી શકતી નથી. ઈશ્વરની કૃપા પ્રાપ્ત કરવામાં જ તેમને જીવનનું સાચું સાફલ્ય દેખાય છે. એટલે તે કૃપાને મેળવવા તે પ્રખર પરિશ્રમ કર્યા

કરે છે. આ કૃપાની પ્રાપ્તિ થતાં તે બીજાને મદદ કરવા બહારના ક્ષેત્રમાં આવે છે. ને શક્તિ તેમ જ સમયને અનુસરીને લોકહિતનાં કામ પણ કરે છે. આવા મહાપુરૂષો સંસારને આધ્યાત્મિક ઉન્નતિનો માર્ગ બતાવે છે, એટલું જ નહિ, કૃષ્ણ, નાનક, વ્યાસ ને સમર્થ રામદાસની જેમ રાજ્યશાસનમાં પણ પ્રેરણા રેડે છે, ને કેટલીક વાર રાજ્યની ધુરા પણ હાથમાં પકડે છે. જેવો સમય ને જેવી ઈશ્વરની ઈચ્છા. કેટલાક પુરૂષો ઈશ્વરને મેળવવાની સાધના કરે છે, ને તેની સાથે સાથે લોકહિતનાં કામ પણ કરે છે. ગમે તેમ, પણ આવા મહાપુરૂષોના ઉપકાર માનવજાતિ પર ઘણા જ ભારે છે. આવા પુરૂષો ના હોત તો ધિક્કાર ને દ્વેષ તેમજ અશાંતિ વચ્ચે જલતી દુનિયાને શાંતિ ને પ્રેમનો માર્ગ કોણ બતાવત? સંસારના જડ પદાર્થોમાં રમી રહેલા લોકોને સંપ ને સેવા તેમજ સહકારનો મંત્ર શીખવી અમર જીવનનો માર્ગ કોણ સમજાવત? ને માનવ માત્રને માટે મુક્ત ને પૂર્ણ તથા મૃત્યુંજય બનવાના આદર્શની સ્થાપના પણ કોણ કરત? આપણા વિશ્વમાં આ મહાપુરૂષોનું કામ પ્રભુના પ્રેમપ્રકાશથી ભરેલા તેજસ્વી સૂરજ જેવું છે. માનવના રૂપમાં રહેલા લાખો નક્ષત્રો-તારા ને ગ્રહો તેથી પ્રકાશ મેળવે છે.

આવા પુરૂષો બીજાના હિત સાધનના વ્રતને ના છોડે તે જ ઈચ્છવાયોગ્ય છે. આવા પુરૂષો જો સંસાર પ્રત્યે વધારે ને વધારે ઉદાસીન ને તિરસ્કારવૃત્તિ કેળવશે, તો સંસાર વધારે ને વધારે ઈશ્વર વિમુખ ને સાચા ધર્મથી પર બનશે. કેમકે તેને સત્યનો પ્રકાશ નહિ મળે. અસત્ય ને દંભી ધર્માચાર્યોનું જોર વધશે, ને તેમના જ ઉપદેશને સાચો ધર્મ સમજી સંસારના સમજુ ને શિક્ષિત માનવો ધર્મ તરફ વધારે ને વધારે સૂગ કેળવતા થશે. એટલે ધર્મના સાચા પ્રકાશને ફેલાવવા, ઈશ્વરી કૃપાનો મહિમા સમજાવવા ને ઈશ્વરી માર્ગને બતાવવા તેમ જ સંસારને સહાયરૂપ થવા ઈશ્વરી કૃપાથી વિભૂષિત એવા મહાપુરૂષે લોકહિતને ધ્યાનમાં લઈ બહાર આવવાની ને પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરવાની જરૂર છે, તે કરશે તો બીજા અનેકને સંસારમાંથી મુક્ત કરી ઈશ્વરી કૃપાનો અનુભવ કરાવી શકશે.

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય ૫ : પરાભક્તિ કે પરમપ્રેમનું સ્વરૂપ

### ૫૧: ઈશ્વરપ્રેમનો પાર નથી પમાતો

ઈશ્વરના પ્રેમનું વર્ણન કરવાની શક્તિ માણસની સ્થૂળ વાણીમાં નથી. પ્રેમના વિવિધ પાસાનું પૂરેપૂરું વર્ણન કોણ કરી શકે? ઈશ્વરના પરમ પ્રેમનું સ્વરૂપ સાગર જેટલું વિશાળ ને ગહન તથા આકાશ જેવું અનંત છે. સાગરનો તાગ કાઢવો જેમ મુશ્કેલ ને આકાશનો અંત પણ એવો જ મુશ્કેલ, તેમ ઈશ્વરી પ્રેમનો પાર પામવાનું કામ મુશ્કેલ કે અતિશય કપરૂં છે.

જે નિયમ ઈશ્વરી પ્રેમના સંબંધમાં લાગુ પડે છે તે ઈશ્વર વિશે પણ બરાબર છે. એટલે કે ઈશ્વરના રહસ્યને પૂરેપૂરૂં વ્યકત કરવાની શક્તિ પણ માણસની સ્થૂળ વાણીમાં નથી. તો પણ પ્રેમ ને ઈશ્વર વિશે આજ સુધીમાં ઘણું ઘણું કહેવામાં આવ્યું છે. ઈશ્વરીપ્રેમના રંગમાં રંગાઈ જઈને તેમ જ ઈશ્વરનો સાક્ષાત્કાર કરીને ભક્તો આનંદમાં નાચી ઉઠ્યા છે, ને પ્રેમ તથા ઈશ્વર વિશે તેમણે અવારનાર ઉદ્દગારો પણ કાઢ્યા છે. ઈશ્વરપ્રેમનાં ને ઈશ્વર વિશેનાં અનેક પદો આ વાતની સાક્ષી પુરે છે. એ ઉપરાંત મહાપુરૂષોનાં વચનો પણ તેનાં પુરાવા રૂપ છે. છતાં તે દ્વારા પ્રેમ અથવા ઈશ્વર વિશે બધું જ કહેવા જેવું કહેવાઈ ગયું અથવા તે વિશે પરિપૂર્ણપણે વર્ણન થઈ ગયું એમ કહી શકાય નહીં. સાચી રીતે જોતાં તો આ વિષય જ એટલો અનંત છે કે સૃષ્ટિના સર્વ ભક્તો કે ઈશ્વરદર્શી સંતો એકઠા મળે તો પણ તેનો પાર પામી શકે નહીં. જેમ ઉષાના રંગ આકાશમાં એક જ ઠેકાણે ખીલવા છતાં રોજ રોજ વિવિધ ને અનેકરંગી લાગે છે, તેમ ઈશ્વરના પ્રેમનું સ્વરૂપ પળે પળે પલટાયા કરે છે, ને વધારે ને વધારે રસિક તેમ જ આકર્ષક લાગે છે. તે પ્રેમના રંગમાં ભક્ત કે સાધક જેમ જેમ વધારે ને વધારે રંગાતો જાય તેમ તેમ તેની આગળ નવાં નવાં રહસ્યોનો સ્ફોટ થતો જાય છે, ને નવા નવા ભાવો ને ભાષામાં તેની વાણી ઈશ્વરના પ્રેમ ને મહિમાને વ્યક્ત કરે છે.

એનો અર્થ એમ નથી કે જુદી જુદી અવસ્થા કે સાધન દશામાં અનુભવાયલા ભાવ ને તેને પરિણામે પ્રકટ થયેલા શબ્દો પ્રમાણભૂત કે સત્ય ના માનવા, તે તે અવસ્થા પૂરતા તે સાચા જ છે. વળી એક જ સત્યનાં તે ભિન્નભિન્ન પાસાં છે. ઈશ્વર તેમ જ ઈશ્વરી પ્રેમની વિવિધતાના ખ્યાલને માટે તે જરૂરી પણ છે. જેમ અનંત આકાશમાં એક બાજુ ઉડનારૂં પક્ષી ઉલ્લાસમાં આવી જઈને ગાઈ ઉઠે, ને સાગરની દિશામાં નીચે ઉતરી પોતાની પાંખ દ્વારા સાગરનો સ્પર્શ કરી, આનંદ પામી, પાછું ઉડવા માંડે, તેમ ભક્તના સંબંધમાં પણ સમજવાનું છે. ઈશ્વરી અનુભવના અનંત આકાશમાં ગતિ કરનારો ભક્ત પણ ઈશ્વરના પ્રેમસાગરમાં પાંખ બોળી આનંદ માને છે. કેટલીક વાર તે પ્રેમના પવિત્ર પાણીમાં પૂરૂં સ્નાન પણ કરે છે. તેટલા પૂરતો તેનો અનુભવ સાચો છે પણ તે સંપૂર્ણ નથી. અનુભવની સંપૂર્ણતા તો ઈશ્વરના સ્વરૂપ સાક્ષાત્કાર કે દર્શન પછી જ થઈ શકશે. આવા સંપૂર્ણ અનુભવથી સંપન્ન ભક્તની વાણી દ્વારા ઈશ્વરપ્રેમનું રહસ્ય વધારે સુંદર ને નક્કરપણે વ્યક્ત થશે. પણ તેવો મહાપુરૂષ પણ પોતાના ઈશ્વર વિષયક અનુભવનું પૂરૂં વર્ણન કરવા સમર્થ નહીં બને. વાણી દ્વારા તમારી બુદ્ધિમાં ઉતરે એ રીતે તે કેટલાંક સત્યોને સમજાવી શકશે એટલું જ. તેથી તમને સમાધાન જરૂર થશે, પણ આખરી સમાધાન ને શાંતિ માટે તો તમારે પોતે જ પ્રેમની પ્રતિમા બની ઈશ્વરનું દર્શન કરવું પડશે. તે વિના પ્રેમ કે ઈશ્વરનું સાચું રહસ્ય નહીં સમજાય. પુસ્તકો, ઉપદેશો કે તર્કો

તમારી છેવટની ભૂખ ભાગવામાં સમર્થ નહીં નીવડે. તે તમારા માર્ગ તેમજ દૃષ્ટિકોણને ચોક્ખો કરી દેશે. બાકી ઈશ્વર ને તેના પ્રેમના અંતિમ રહસ્યને સમજવા માટે તો તમારે અનુભવનો જ અંતિમ આધાર લેવો પડશે, એટલે કે સાધનાના ક્ષેત્રમાં પ્રવેશી ચોક્કસ વિકાસ કરવો પડશે.

☼ ☼ ☼ ☼ ☼

## પર: મૂંગાના સ્વાદની જેમ

ખરેખર ઈશ્વર ને તેનો પ્રેમ બંને અનુભવના જ વિષય છે. અનુભવ વિના આ વિષયની યથાર્થ ને પૂરી માહિતી મળવી અસંભવ છે. એટલે જેને ઈશ્વર ને તેના પ્રેમ કે ભક્તિ વિષે પ્રમાણભૂત એવું કાંઈ જાણવું હોય તેને માટે તો અનુભવનો માર્ગ જ બરાબર છે. ભક્તિના પાવન રંગથી રંગાઈ જઈ ઈશ્વરની કૃપા પામવા માટે પ્રયાસ કરવો એ જ કામ તેને માટે તો ઉત્તમ છે. આવા પ્રયાસ પછી જે અનુભવ મળશે તેના આધાર પર ભક્તપુરૂષ જે કાંઈ બોલશે કે કહેશે તે સાચું, સચોટ ને સર્વ સ્વીકાર્ય જેવું હશે. તે વિના જે બોલશે તે માત્ર પ્રલાપ કે અનુભવ વિનાની બુદ્ધિનું પ્રદર્શન માત્ર હશે. તેવા પ્રદર્શન માટેનો દુરાગ્રહ માણસ ના રાખે તે જ બરાબર છે. કેમ કે બુદ્ધિનું પ્રદર્શન કરવાની ઉતાવળવાળા તેવા માણસો ઈશ્વર ને પ્રેમભક્તિના વિષયને અન્યાય જ કરી બેસશે.

પ્રભુના પ્યારા ભક્તપુરૂષો પણ જે અનુભવની વાતો કહે છે તે પૂરેપૂરી હોતી નથી. એ વાતનો ઉલ્લેખ આપણે આગળ પર કર્યો જ છે. અનુભવની અનંત ભૂમિકામાં ઉભા રહીને તે તો અમુક શબ્દાભાસ જ રજૂ કરે છે. છતાં તેની પાછળ અનુભવ કે પ્રતીતિનું પીઠબળ હોય છે. એટલે તે સાચી ને અસરકારક રીતે રજૂ કરાય છે.

એક માણસ મૂંગો હોય, તેના મુખમાં ગોળ મુકવામાં આવે ને પછી પૂછવામાં આવે કે ગોળ કેવો છે, તો તે શું જવાબ દેશે? પોતાના અનુભવને વ્યક્ત કરવા તે બહુબહુ તો આંગળી ઉંચી કરશે, હાથ પહોળા કરીને નાચવા કે કૂદવા માંડશે ને હસશે, પરંતુ તેથી કાંઈ ગોળ ખરેખર કેવો ગળ્યો છે તેની સમજ નહીં પડે. બોલનારા માણસને પણ ધારો કે મધ ખવડાવવામાં આવે ને પછી તેને પૂછીએ કે મધ કેવું છે તો તે કહેશે કે મીઠું છે. પણ કેવું મીઠું છે એ પ્રશ્ન પૂછીએ તો તેનો સીધો ને વાસ્તવિક ઉત્તર તે ભાગ્યે જ આપી શકશે. બહુબહુ તો કહેશે કે મધ સાકર જેવું મીઠું છે. શેરડીના રસ જેવું મીઠું છે, પણ તેથી મધની સાચી મીઠાશનો ખ્યાલ નહિ જ આવી શકે. મધની ખરેખરી મીઠાશ કેવી હશે તે વિશે તો સાંભળનારે કલ્પના કરવાની જ રહેશે. અને કલ્પના દ્વારા કાંઈ સ્વાદનો સાચો ચિતાર આવી શકે? તેને બદલે પૂછનારના મુખમાં મધ આવે ને પછી કહેવામાં આવે કે જો મધ આવું મીઠું છે તો તે સમજવા માટે તેને તર્ક કે ઉપમા કે કલ્પનાની જરૂર રહેશે ? ત્યારે જ તે મધની સાચી મીઠાશ સમજી શકશે. પણ મીઠાશનું વર્ણન કરવાનું કહેવામાં આવશે તો તે માણસ પણ તેનું વર્ણન નહીં કરી શકે.

એ જ પ્રમાણે ઈશ્વરના અનુરાગ કે પ્રેમનું છે. તેને અનુભવવાનો આનંદ અજબ છે. તેનો સ્વાદ અનેરો છે. ઈશ્વરનું રૂપ ખૂબખૂબ અલૌકિક ને રસાળ છે. ઈશ્વરને જોવાનો આનંદ પણ અજબ છે. ઈશ્વરના દર્શનસુખ પાસે સ્વર્ગનું સુખ ને સંસારના સમસ્ત પદાર્થોનું સુખ પણ શુષ્ક જેવું ને અલ્પ છે. ઈશ્વરના વચનામૃતનું પાન કરવાનો ને ઈશ્વરને સ્પર્શ કરવાનો-ભેટવાનો આનંદ પણ કેટલો અનેરો છે ! આવાઆવા અનુભવના આનંદોદગાર ભક્તોના મુખમાંથી નીકળે છે, પણ તેટલાથી જ કાંઈ તેના સ્વાદ કે રહસ્યની ખબર પડતી નથી. ધર્મ કે ભક્તિ ને ઈશ્વર વિશેનાં રહસ્યો કેવળ બોલી બતાવવાનાં કે વર્ણવવાનાં જ રહસ્યો નથી. ફૂલને જેમ હાથમાં લઈને સુંઘી શકાય ને પાણીને પ્રેમપૂર્વક પ્રત્યક્ષ રીતે પી શકાય, તેમ તે પણ પ્રત્યક્ષ

અનુભવના વિષય છે. આ જ શરીરથી જાગૃતિ અવસ્થામાં અનુભવવનાં તે સત્યો છે. તેવા પ્રત્યક્ષ અનુભવને માટે જ જુદી જુદી જાતની સાધના ને ક્રિયાઓનું નિર્માણ થયેલું છે. ધર્મોનાં માળખાં પણ તેને જ માટે ઘડાયલા છે. એટલે ધર્મ કે સાધના દ્વારા માણસે ઉચ્ચ જીવનના સિદ્ધાંતોને પ્રત્યક્ષ અનુભવના પ્રદેશમાં ઉતારતાં શીખવાનું છે. તે વિનાં કેવળ ધર્મની ચર્ચાથી કે સાધનાની સમીક્ષાથી જ સંતોષ માનવાનું કામ સમજુ માણસને માટે બરાબર નથી. ભક્તિ વિશે પણ આવું જ છે. ભક્તિથી આવા આવા લાભ થાય છે માટે ભક્તિ કરવી જ જોઈએ. એવી કેવળ સમજથી કાંઈ નહિ વળે. ભક્તિમાર્ગની ભજન, પૂજન જેવી બાહ્ય ક્રિયાઓને પકડી રાખવાનો કાંઈ જ અર્થ નથી. તેથી ઉપર જઈ, તેમાંથી વિકાસ કરીને પ્રભુના પ્રેમમાં મસ્ત બની જવું સાચા ભક્તને માટે જરૂરી છે. તો જ ભક્તિ કે પ્રેમના રહસ્યનો સાચો ખ્યાલ આવી શકે ને જીવન સફળ થાય. દૂધમાં ઘી છે એટલું બોલીને બેસી રહેવાથી જ કાંઈ ઘી મળી જાય? એ માટે તો દૂધને જમાવી તેનું દહીં કરવું જોઈએ ને કેટલીક જરૂરી ક્રિયામાંથી તેને પસાર પણ કરવું જોઈએ. તે જ પ્રમાણે સાચા ભક્તે ભક્તિ ને ઈશ્વરના મહિમાને જાણ્યા પછી તે દ્વારા પરમ શાંતિ ને પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે ભક્તિના રંગમાં રંગાઈ જવું જોઈએ. તો જ ભક્તિના સ્વાદ ને સ્વરૂપનો સાચો ખ્યાલ આવી શકે.

એટલે તો આજે પણ આપણે જોઈએ છીએ કે જેના દિલમાં ઈશ્વરને મળવાની લગની લાગી ગઈ છે, ઈશ્વરને માટેની વ્યાકુળતા જેના દિલમાં ઘર કરી ગઈ છે, તેવાં મહાપુરૂષો બીજી વાતોને બાજુએ મૂકીને એક ઈશ્વરની જ કૃપા મેળવવા દિનરાત સાધના કરે છે, પ્રાર્થના કરે છે, ને ઈશ્વર ના મળે ત્યાં સુધી મૂંગે મોઢે, ધીરજ ને દૃઢતા ધારણ કરી પ્રેમભક્તિની પવિત્ર પગદંડીનો પ્રવાસ કર્યા કરે છે. તેવા પુરૂષો સફળ થાય છે એ પણ નક્કી.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૩ : ઈશ્વરપ્રેમની જાગૃતિ

પ્રભુના પરમ પ્રેમનું વર્ણન કરવું સહેલું નથી. એ વિશે આપણે વિચાર કરી ગયા. પણ પ્રભુનો પરમ પ્રેમ પ્રકટ થવો પણ શું સહેલો છે? તે પણ જેના તેના દિલમાં પ્રકટી શકતો નથી. જેના દિલમાં સંસારની વસ્તુઓ પ્રત્યેનું આકર્ષણ ભર્યું હોય, દુન્યવી પદાર્થોનાં મોહ ને મમતા જેના દિલમાં રમ્યા કરતાં હોય, કામ, ક્રોધ, ઈર્ષા ને અભિમાન તેમ જ છળ ને કપટ જેને વ્હાલાં હોય, જેના કર્મ અનીતિ ને અધર્મથી ભરેલાં હોય, ને જે માનવ નહિ પણ દાનવની જેમ જીવતો હોય, તેની અંદર પ્રભુના પરમ પ્રેમનો ઉદય કેવી રીતે થઈ શકે? પ્રભુના પ્રેમનાં પાવન ઝરણાં પ્રકટાવવા માટે તો શરૂઆતમાં દિલને ધોવું જોઈએ: સ્વચ્છ કરવાનો પુરૂષાર્થ કરવો જોઈએ. દુર્ગુણોને શોધી શોધીને દૂર કરવા જોઈએ. જે રાક્ષસી સેનાએ મન ને અંતરમાં અધિકાર જમાવ્યો છે તેને જીતીને દૂર કરવી જોઈએ. તેને સ્થાને સદ્દગુણોની સુદ્રઢ સેનાને સ્થાપવી જોઈએ. સંસારની પરિવર્તનશીલતા ને વિનાશકતાનો વિચાર કરવો જોઈએ. મનને સંસારી પદાર્થોના પાશથી ધીરે ધીરે પાછું વાળવું જોઈએ. ને પ્રભુને મેળવવાની જરૂર સમજી પ્રભુનો પ્રેમ પ્રકટ થાય એવી સાધના કરવી જોઈએ. તે વિના એક જ ઘડીમાં પ્રભુનો પરમ પ્રેમ કેવી રીતે પ્રકટી શકે? વાસણ મેલું હોય છે તેને ચોકખું કરવા ઉડકવું પડે છે. તે વિના તે ચળકતું નથી. તે જ રીતે માણસનું મન મેલું છે. તેને સાફ કરવાની જરૂર છે. તે પછી જ તે પવિત્ર પ્રેમના પ્રકાશથી શોભી ઉઠશે.

સંસારમાં પ્રભુના સાચા પ્રેમી પુરૂષો વધારે પ્રમાણમાં પાકતા કે દેખાતા નથી તેનું કારણ આ જ છે. માણસનું મન વધારે ભાગે રાગદ્વેષ ને મોહ મમતાથી ભરેલું હોય છે. સંસારી સુખ તેમને અતિશય પ્યારું લાગે છે. ઈશ્વર માટેની ભૂખ તેમના દિલમાં જાગ્રત થઈ નથી. આ અવસ્થામાં ઈશ્વરનો પ્રેમ કેવી રીતે જાગી શકે? સંસારમાં બધા જ માણસો સુખી નથી. હજારો માણસો દુઃખી, નિર્ધન ને કંગાલ પણ છે. છતાં આશ્ચર્ય એ છે કે તેવા માણસો પણ સંસારમાં એટલું જ સુખ માને છે જેટલું છાણનો કીડો છાણમાં. દુઃખી માણસો જો ઈશ્વરને શરણે જાય તો તેમનાં દુઃખ, દર્દ દૂર થઈ શકે છે: સંસારની આસક્તિને દૂર કરવામાં દુઃખ બહુ અગત્યનો ભાગ પણ ભજવી શકે છે. છતાં બહુ જ ઓછા દુઃખી માણસો પણ ઈશ્વરને દ્વારે પુકાર કરતા માલૂમ પડે છે. આનું કારણ શું? કારણ એ જ કે માણસને ઈશ્વરની આવશ્યકતા ને શક્તિનું હજી ભાન થયું નથી. વળી સુખ કે દુઃખ તો જીવનની સર્વવ્યાપક પરિસ્થિતિનાં પાસા છે. માનવના જીવન ઘડતરમાં તે મહત્વનો ભાગ ભજવે છે એ સાચું. બાકી સૌથી મહત્વની વસ્તુ તો માનવનું પોતાનું મન છે. તેની જાગૃતિ થઈ જાય તો સુખમાં કે દુઃખમાં-કોઈયે દશામાં માણસ ઈશ્વરનો પ્રેમી બની શકે છે.

એક જ દિવસમાં ઈશ્વરના પરમ પ્રેમની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે એ વાત મેં આગળ પર કહી જ છે. ઈશ્વર માટેની નિયમિત ને નિત્ય નિરંતર સાધના પછી જ ઈશ્વરનો પરમ પ્રેમ પ્રકટી શકે છે. માટે ઈશ્વર પ્રેમના ભિખારી સાધકે દૃઢ મનથી હિંમત, ધીરજ ને આશાને ધારણ કરી નિયમિત સાધના કરવી જોઈએ. ઈશ્વરની પ્રાર્થના પણ આમાં ખૂબ જ મહત્વનું સ્થાન ધરાવે છે. ઈશ્વરની પ્રાર્થના પ્રેમની જાગૃતિ કરાવી આપવામાં ખૂબ જ મદદરૂપ થાય છે.

કેટલાંક દૃષ્ટાંતમાં આપણે બાલપણથી જ ઈશ્વરપ્રેમની જાગૃતિ થયેલી જોઈએ છીએ. ધ્રુવ, પ્રહ્લાદ, ઉમા, મીરાં, એકનાથ આવાં જ દૃષ્ટાંત રૂપે ઈતિહાસમાં અમર છે. આજે પણ નાનપણથી ઈશ્વરપ્રેમી થયા હોય એવા સાધક તપસ્વી છે. આનું કારણ જન્માંતર સંસ્કારો છે. જીવન અનંત છે એ વાત ડાહ્યા પુરૂષો સારી પેઠે જાણે છે. એક જીવનની કમાઈ બીજા જીવનમાં વારસારૂપે મળે છે એ વાત પણ નવી નથી. એટલે આ દૃષ્ટાંતનો ખુલાસો સહેલાઈથી મળે છે.

જેના દિલમાં પ્રભુનો પરમ પ્રેમ જાગી જાય છે તે આ સંસારમાં સૌથી વધારે સુખી ને ભાગ્યશાળી છે. જો માણસ ધારે તો સમૃદ્ધ કે વૈભવી વાતાવરણની વચ્ચે રહીને પણ પ્રભુપ્રેમી થઈ શકે છે. સ્ત્રી, ધન, સંતાન, પ્રતિષ્ઠા, સૌથી વીંટળાયલો હોવા છતાં પણ માણસ ઈશ્વરપ્રેમી બની ઈશ્વરદર્શન કરી શકે છે પણ એવા માણસો સંસારમાં બહુ ઓછા હોય છે એ સાચું છે. હંસ ઘણા હોય પરંતુ રાજહંસ તો કોઈક જ મળે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૪: ઈશ્વરની પ્રાપ્તિ માટેનો પુરૂષાર્થ સ્વાર્થ છે?

ઈશ્વરનો પરમપ્રેમ શુદ્ધ સત્વગુણવાળા હૃદયમાં જ પ્રકટી શકે છે. એટલે ઈશ્વરના પ્રેમીના દિલમાં તમોગુણ કે રજોગુણનું પ્રાબલ્ય હોતું નથી. ક્રોધાદિ વિકારોથી તે પર હોય છે. જ્યારે જુઓ ત્યારે તેના દિલમાં શાંતિ જ શાંતિ હોય છે. તેના વચનમાં, વદનમાં ને કર્મમાં પ્રેમ ને પ્રેમ નીતરતો હોય છે. ઈશ્વર વિના બીજી કોઈ વ્યક્તિની કામના તેના દિલમાં હોતી નથી. એક ઈશ્વરને જ તે ચાહે છે ને મેળવવા પુરૂષાર્થ કરે છે.

ભક્ત ઈશ્વરને મેળવવા પુરૂષાર્થ કરે છે, એટલે કેટલાક માણસો માને છે કે તે એક પ્રકારનો સ્વાર્થ જ છે. વાત સાચી છે. સંસારમાં બધાં જ કર્મો સ્વાર્થથી પ્રેરાઈને જ થાય છે. પણ તેમાં ઘણો તફાવત હોય છે. કેટલાક સ્વાર્થ ઈચ્છવા જેવા હોય છે, ને કેટલાક ઈચ્છવા જેવા નથી હોતા. વળી કેટલાક સ્વાર્થનાં સાધન મલિન હોય છે, અનીતિથી પ્રેરિત ને બીજાને માટે નુકશાનકર્તા હોય છે, તો કેટલાંક શુદ્ધ ને નીતિમય તેમજ બીજાને માટે હિતકારક હોય છે. આવા છેલ્લા પ્રકારનાં સાધનો સારા કહેવામાં આવ્યાં છે. તેમાં એક પ્રકારનો સ્વાર્થ તો છે જ, કેમકે સ્વાર્થ વિના કોઈ ક્રિયા થતી નથી, પણ તે સ્વાર્થ ઈચ્છવા જેવો છે. ઈશ્વર પ્રાપ્તિનો સ્વાર્થ પણ એવો જ છે તે સ્વાર્થ તો છે જ, કેમકે તે વિના સાધકને ચેન પડતું નથીઃ તે વિના ભક્તને શાંતિ કે સુખ મળી શકતું નથી. પણ માનવજીવનના મૂળભૂત આદર્શ તરીકે-માનવની આવશ્યક ફરજ તરીકે, તે સ્વાર્થ સિદ્ધ કરવાનું કામ જરૂરી ને ડહાપણભર્યું છે. એટલે તે સ્વાર્થ હોવા છતાં દરેકે સાધવા જેવો સ્વાર્થ છે એમાં શંકા નથી.

એ જ પ્રમાણે બીજાની સેવા કે પરોપકારથી માણસને આનંદ ને સંતોષસુખ મળે છે. એટલે તેવા આનંદ ને સુખને મેળવવા અથવા બીજા પ્રત્યે જે દયાની લાગણી પોતાના દિલમાં જાગ્રત થઈ છે તેને શાંત કરવા માણસ સેવા કે દાન કરે છે. એ રીતે તે સ્વાર્થનું કામ તો છે જ. છતાં તેમાં કેવળ સ્વાર્થ રહેલો નથી એ પણ દેખીતું જ છે. તે ક્રિયાવિશેષથી બીજાને ફાયદો જરૂર થાય છે માટે તે ઈચ્છવા યોગ્ય સ્વાર્થ છે. પણ ચોર ચોરી કરે છે, ખૂની ખૂન ને લૂંટારા લુંટ ચલાવે છે કે કરે છે, તેમાં સ્વાર્થ તો છે જ, કેમ કે તેથી તેમને આનંદ થાય છે. પણ બીજાને તેથી નુકશાન જ થાય છે. વળી સ્વાર્થને સિદ્ધ કરવાનો તે માર્ગ પણ નીતિમય એટલે બરાબર નથી. તેથી તેનું સમર્થન થઈ શકે નહીં. વળી તેથી સમાજની વ્યવસ્થા જળવાતી નથી, લોકોમાં ભય ને દુઃખની લાગણી ફેલાય છે. આ બધો વિચાર કરતાં ચોરી કે લુંટ ને મારામારીના સ્વાર્થને આપણે ખરાબ એટલે અનિચ્છનીય સ્વાર્થ કહીએ છીએ.

આ પ્રમાણે વિવેક બુદ્ધિથી વિચારતાં ઈશ્વર પ્રાપ્તિ માટેની સાધના ને તે સાધનાને કરનાર સાધક કે ભક્ત સ્વાર્થી નથી. તેનો સ્વાર્થ સ્વાર્થ હોય તો પણ આદરપાત્ર ને અનુકરણીય છે.

ભક્તનો પ્રેમ અખંડ હોય છે. કલકલ સ્વર કરતું ઝરણું માર્ગમાં પથ્થર કે કાંકરા આવે તો પણ જેમ અટક્યા વિના વહ્યું જાય છે, તેમ ભક્તના હૃદયનો ભાવપ્રવાહ ઈશ્વરની દિશામાં સદાયે વહ્યો જાય છે. સંકટ, કષ્ટ કે યાતનાથી તે ઓછો થતો કે મરતો નથી. સુખ કે દુઃખમાં તે વહ્યા જ કરે છે, ને ભક્તને આનંદ આપે છે. પ્રભુના મહિમાના મહેરામણમાં ભક્ત જેમ જેમ વધારે ને વધારે સ્નાન કરે છે, તેમ તેમ તેના હૃદયકમળનાં અનુભવદલ ઉઘડતાં જાય છે, ને નવા નવા વિચાર તેમ જ ભરતીઓટ આવ્યા કરે છે. તેનું

સ્વરૂપ સદા એકધારું રહેતું નથી ને વધારે ભાગે તેનું આકર્ષણ શરૂઆતમાં ગાઢ ને પછી ધીમે ધીમે મંદ બનતું જાય છે. પરંતુ ઈશ્વરી પ્રેમમાં તેવું નથી. ઈશ્વરી પ્રેમનું બીજ જે સાધકના દિલમાં કોઈ ધન્ય કાળે પડે છે, તે દિવસે દિવસે નૂતન ને નૂતન બનતું જાય છે, ને અંકુરમાંથી છોડ ને છોડમાંથી વૃક્ષના રૂપમાં વધતું જ રહે છે કેમ કે તેનું મૂળ સીંચનબળ ભક્તના ભાવભરેલા હૃદયમાં રહેલું છે. જેમ પ્રત્યેક પ્રભાતે નદીનાં નીર ને સાગરના તરંગ ને પ્રત્યેક રાતે આકાશના તારા ને ચંદ્ર નવીનવી શોભા ધારે છે, તેમ ભક્તનો પ્રેમ પણ નવા દેહે જન્મે છે. તે પ્રેમનો નાશ ક્યાંથી હોય? જે કેવળ કોઈ વસ્તુની લાલસાથી ઈશ્વરને પ્રેમ કરે છે, ને લાલસા પૂરી થતાં પ્રેમ મુકી દે છે, અથવા જે સુખમાં જ ઈશ્વરને ભજે છે ને દુઃખ કે વિપત્તિમાં ભજવાનું છોડી દે છે, તે ભક્ત નહિ પણ વેપારી, કાયર કે તદ્દન સ્વાર્થી છે. ઈશ્વરના દર્શનને માટે તલસનારો ભક્ત આવા વેપારી માનસનો નથી હોતો. તે તો બધી જ સ્થિતિમાં ને બધે જ ઈશ્વરને પ્રેમ કર્યા કરે છે.

ઈશ્વરનો પ્રેમી ભક્ત ઈશ્વરના રૂપને જોવા તલસે છે. ઈશ્વરના દૈવી દેહને જોયા વિના તેને ચેન પડતું નથી. તેમાં શરીરનું આકર્ષણ તો છે જ. પણ આજે સંસારમાં પ્રેમને નામે શારીરિક રાગ અને આકર્ષણની જે અતિશયતા છે તેમાં ને તે પ્રેમમાં ઘણો ફેર છે. સંસારી સંબંધમાં શક્તિનો ક્ષય કે નાશ થાય છે. છતાં મનુષ્યને પૂર્ણ શાંતિ મળતી નથી. તે કેવળ શરીરમાં જ વપરાય છે ને આત્માના પ્રકાશને ઓળખતો નથી. તેમાં વધારે ભાગે સ્વાર્થ જ હોય છે, ને તેમાં છેવટે માનવનું પતન થાય છે. તેથી તેને મોહ કહેવામાં આવ્યો છે. માણસ જો સ્ત્રીમાં ને સ્ત્રી પુરૂષમાં ઈશ્વરી પ્રકાશનું દર્શન કરીને પરસ્પર આકર્ષાય કે ખેંચાય ને વિવેક તાજો રાખી એ દર્શનને કાયમ રાખે તો સ્ત્રીપુરૂષનો પ્રેમસંબંધ અલૌકિક બની શકે, ને તે ઈશ્વરી પ્રેમનો જ પ્રકાર કહી શકાય. આવા પ્રસંગમાં સ્ત્રીપુરૂષના મર્યાદિત પ્રેમના વાહન દ્વારા મનુષ્ય ઈશ્વર ને તેના વિરાટ પ્રેમને પહોંચવાનો પ્રયાસ કરે છે. પણ આ માર્ગ ઘણો કપરો છે. તે કોઈ વીરલા જ પાર કરી શકે છે. સાધારણ માણસે તો શરીરના સુખનો સ્વાદ લીધા છતાં તેથી મુક્ત થઈ ઈશ્વરના રૂપને મેળવવા કોશિશ કરવી. ઈશ્વરના દિવ્ય પ્રેમને નામે સાધકે પણ કોઈ સ્ત્રીપુરૂષના શારિરીક સુખોપભોગના મોહમાં સપડાવું નહીં. બધે ઈશ્વરી પ્રકાશ જોઈ તેના મૂળસ્વરૂપ ઈશ્વરને માટે તેણે પુરૂષાર્થ કરવો.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૫: ઈશ્વરના પ્રેમીની દશા

જેને ઈશ્વરનો અલૌકિક પ્રેમ પ્રાપ્ત થાય છે તેની દશા કેવી થઈ જાય છે? ઈશ્વરના પ્રેમનો પવિત્ર સ્વાદ જ્યાં સુધી નથી સાંપડ્યો ત્યાં સુધી માણસમાં ભેદભાવ ને વિકાર તેમ જ વાસનાનું સામ્રાજ્ય રહે છે. પણ ઈશ્વરી પ્રેમની પ્રાપ્તિ પછી ધીરે ધીરે તે દશાનો અંત આવે છે. એટલે કે જેને ઈશ્વરી પ્રેમની પ્રાપ્તિ થઈ ગઈ, ઈશ્વરના પ્રગાઢ પ્રેમથી જેનું હૃદય રંગાઈ ગયું, તેની વાસના ને વિકારવશતાનો અંત આવે છે. પ્રેમના પવિત્ર પ્રવાહથી તેનું હૃદય રંગાઈ રહે છે. મારા-તારાના ભેદ, દુન્યવી પદાર્થોની રાગવૃત્તિ ને કૂડકપટનો અંશ પણ તેનામાં રહેતો નથી. ઈશ્વરને માટેની મજબૂત મમતાવૃત્તિ તેના હૃદયમાં ઘર કરી જાય છે. પ્રેમનું અલૌકિક અંજન જેની આંખમાં અંજાઈ ગયું તેને એક ઈશ્વરની જ ઝાંખી બધે થવા માંડે છે. સાધારણ માણસો પોતાની પ્રાકૃત દૃષ્ટિથી નાનામોટા, ઉચ્ચનીચ ને પુરૂષસ્ત્રી તેમજ પશુપક્ષીના ભેદ જુએ છે. આ ભેદ તેના મૂળભૂત રૂપમાં ઈશ્વરના પ્રેમીને દેખાતા નથી. તેને તો જુદા જુદા નામ ને રૂપમાં વિભક્ત થયેલા ને વિવિધ રૂપે રહેલા જગતમાં એક ઈશ્વરી સત્તાનું દર્શન થાય છે, ને તેથી જ તે કોઈને નીચ ઉચ્ચ કે નાના મોટા તરીકે માનતો નથી. ઈશ્વરના અલૌકિક રૂપને જોવા માટે તે આતુર થઈ જાય છે ને રડવા માંડે છે. જગતમાં સર્વત્ર અનુભવી શકાતા ઈશ્વરી પ્રકાશને તે સાકાર કરી પ્રત્યક્ષ રૂપે જોવા ઝંખ્યા કરે છે ને આ ઝંખનાની સિદ્ધિ સુધી તેને ચેન પડતું નથી.

ઈશ્વર વિના બીજાં કોઈનાંય મહિમાવચન સાંભળવાની ભક્તને ઈચ્છા થતી નથી. ઈશ્વરનાં જ સ્તુતિગીત તે સાંભળે છે, ને ઈશ્વરી પ્રેમની કથા કે કવિતા સાંભળી તેને ખૂબ જ તૃપ્તિ ને આનંદ મળે છે. બીજી કોઈ વાતમાં તેનું મન લાગતું નથી. ઈશ્વરના મધુર નામને જપવામાં ને ગાવામાં જે રસ છે તેની ખબર તો એક તેના વિના બીજા કોઈને પણ પડી શકે તેમ નથી. તે રસના આનંદમાં ભક્ત મસ્ત બની જાય છે. તેમાં તેને ઉત્તમ ને અનુપમ સુખશાંતિ લાગે છે. પછી તો તેની એવી સ્થિતિ થઈ જાય છે કે જે જે શબ્દ સંભળાય છે તે બધા જ તેને માટે ઈશ્વરી સંદેશ કે ઈશ્વરી સંગીતના સૂર બની જાય છે. પણ એ સ્થિતિ લાંબા વખત સુધી વિકાસ કર્યા પછી જ મળી શકે છે. જ્યાં સુધી એ સ્થિતિ ના મળે ત્યાં સુધી તો ભક્ત સદાયે સારાં સારાં શાસ્ત્રોને સાંભળે છે, ઈશ્વરી મહિમા ને પ્રેમનાં કાવ્યો કે ગીતોને સાંભળે છે, ને નિંદા તેમજ અશ્લીલ ભાષણથી દૂર રહે છે.

જે વાત સાંભળવા વિશે તે જ બોલવા વિશે પણ લાગુ પડે છે. ઈશ્વરના પ્રેમના પ્રબળ પ્રવાહ ભક્તના હૃદયમાં વહી રહ્યા હોય છે. એટલે ઈશ્વરના વિના બીજા કોઈ વિષયની વાત ભક્તને રૂચતી નથી. ઈશ્વરના મહિમાનાં ગુણગાન ગાવામાં, ઈશ્વરપ્રાપ્તિના લાભ સમજાવવામાં ને ઈશ્વરના નામસંકીર્તનમાં ભક્ત સદાયે મગ્ન રહે છે. કેટલીકવાર તે પ્રેમના અતિરેકમાં આવી જાય છે. તેવે વખતે તદ્દન મૂક બની જીવ્યા કરે છે. તેના શ્વાસોશ્વાસમાં ઈશ્વરના નામના જપ ચાલ્યા કરે છે.

ને તેનું મન ? ચોર જેમ ચોરીના જ વિચાર કર્યા કરે, ને કુલટા સ્ત્રી સ્વપ્નમાં પણ પોતાના યારના જ સ્મરણમાં મસ્ત રહે; અથવા દીન ને દુઃખીના દુઃખથી પીડાતો સેવક જેમ તેમને મદદ કરવાના જ વિચાર કર્યા કરે, તે વિના તેને સુખ મળે નહીં, તેમ ભક્તનું મન પણ એક ઈશ્વરના જ વિચાર કર્યા કરે છે, ઈશ્વરની

ચિંતામાં રત રહે છે, ને ઈશ્વરના ચરણરસમાં મસ્ત બની ઈશ્વરનું જ ધ્યાન ધરે છે. 'ઈશ્વરનું દર્શન ક્યારે ને કેવી રીતે થશે' - એ વિચાર રાતદિવસ તેમાં ઘોળાયા કરે છે. ઈશ્વર વિના બીજી કોઈયે વસ્તુ માટે ચિંતા કરવાનું ભક્તને ગમતું નથી. જાણે પ્રેમની મૂર્તિ હોય એ રીતે ઈશ્વરનો સાચો પ્રેમી ભક્ત આ સંસારમાં ફરે છે કે જીવી રહે છે.

પ્રેમની આવી મૂર્તિ બન્યા વિના, ઈશ્વરીભાવમાં આ રીતે તન્મય થયા વિના, ઈશ્વરનું મંગલ દર્શન કદાપી થઈ શકતું નથી. ઈશ્વરના દર્શન માટે ઈશ્વર પ્રત્યેના પરમ રાગને કેળવ્યા વિના છૂટકો નથી જ. આ રાગ જાગી જાય તો ભક્તનું કામ થઈ જાય. આ રાગ વિના ભક્તિ લુખી બને. માટે જ ઈશ્વરના સાચા ભક્તે રાગની પ્રાપ્તિ માટે ઈશ્વરને સતત પ્રાર્થના કરતાં રહેવું.

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય : ૬ ગૌણી ભક્તિના ભેદ ને ભક્તિ પ્રમાણ

## ૫૬ : ગૌણી ભક્તિ

ભક્તિના ઉત્તમ કે કનિષ્ઠ અથવા પરા કે અપરા એવા બે વિભાગ પાડવામાં આવ્યા છે. અપરા કે કનિષ્ઠ ભક્તિને સાધારણ અથવા ગૌણી ભક્તિ પણ કહેવામાં આવે છે. તે વિશે હવે આપણે વિચાર કરીશું.

ગૌણી અથવા સાધારણ ભક્તિના ત્રણ ભેદ છે - આર્ત ભક્તિ, જિજ્ઞાસુ ભક્તિ ને અર્થાર્થી ભક્તિ. આ ત્રણ ભેદ ગીતામાં પણ બતાવ્યા છે.

બધા જ માણસો ઈશ્વરને ભજવા માટે જ ભજતા નથી. ઈશ્વરના નામ ને રૂપ તેમજ ગુણના મહિમાથી આકર્ષાઈને પ્રેમ કે ભક્તિ કરનારા માણસો બહુ જ ઓછા હોય છે. તેવા માણસો તો મનુષ્યજીવનની એક અનિવાર્ય ફરજ તરીકે, ઈશ્વરને પ્રેમ કર્યા વિના ચાલે જ નહિ તે માટે, ને ઈશ્વરના અલૌકિક રૂપને જોયા વિના તેમને શાંતિ મળી શકવાની નથી માટે જ, ઈશ્વરને ભજે છે કે પ્રેમ કરે છે. મા બાળકનું પોષણ કરે છે તેમાં તેનો શું સ્વાર્થ રહેલો છે? તેમાં તેને આનંદ આવે છે, તે વિના તેનાથી રહી શકાતું જ નથી, માટે જ તે બાળકો પર આટલો બધો પ્રેમ કરે છે. ભક્તનું હૃદય પણ એ જ પ્રમાણે ઈશ્વર તરફ ખેંચાય છે, ને ઈશ્વરને માટે તલસે છે. આ તલસાટ, નથી ધનના ભંડારથી શમી શકતો, નથી સ્ત્રી કે સંતાનના કહેવાતા સુખથી શમતો, ને એકલા અખંડ યૌવન કે અમર જીવનથી પણ તે શાંત થતો નથી. આ બધા બાહ્ય પદાર્થો સાથે તેને બહુ સંબંધ નથી. માટે તો તે નિર્ધન માણસના દિલમાં પણ જાગ્રત થઈ શકે છે, સંતાન કે સ્ત્રી વિનાનાના અંતરમાં પણ ઉઠી શકે છે, ને બાલ કે વૃદ્ધ કોઈનાય જીવનમાં અગ્નિ બની જાગી ઉઠે છે. આ તલસાટને તો માણસના ઈશ્વરપ્રેમી હૃદય સાથે જ સંબંધ છે, માણસના જ્ઞાન ને દૃષ્ટિકોણ સાથે સંબંધ છે ને ઈશ્વરને માટે જાગેલી ભૂખ પર જ તે અવલંબે છે. વિવેકી ભક્તનું હૃદય રણકાર કરી પોકારી ઉઠે છે કે સંસારના બધા જ પદાર્થ ને શરીર પણ નશ્વર છે. તેમાં સુખની અનુભૂતિ થાય છે પણ તે સુખ પરિપૂર્ણ નથી. માટે તો સુખની લાલસા તે પદાર્થોને ભોગવ્યા છતાં પણ પૂરી થતી નથી. સંસારમાં જે સુખ કે આનંદ દેખાય છે તે તો તેના મૂળ રૂપ પરમાત્મામાં જ છે. તે પરમાત્માની પ્રાપ્તિ કર્યા વિના સુખ ને શાંતિની ભૂખ કદાપિ શમશે નહીં. એટલે જ તેનો અંતરાત્મા પેલા ઉપનિષદના ઋષિની પેઠે પોકારી ઉઠે છે કે "यद्वै भूमा तत्सुखं, नाल्पे सुखमस्ति॥" "સર્વેશ્વર ને પૂર્ણ એવા પરમાત્મામાં જ પરમસુખ રહેલું છે : ક્ષણભંગુર સંસારના પદાર્થોમાં નહીં." ને તે સુખની પ્રાપ્તિ કરવા તે પરમાત્માનો સાક્ષાત્કાર કરવાનું વ્રત લે છે. ભક્તની આ મનોદશાને સૌથી શ્રેષ્ઠ કહી છે, ને જ્ઞાનની આવી નક્કર ભૂમિકા સાથે થનારી ભક્તિને પરા કે શ્રેષ્ઠ ભક્તિનું નામ આપવામાં આવ્યું છે.

પરંતુ જ્ઞાનની આવી ભૂમિકા બહુ ઓછા માણસોમાં મળી શકે એ વાત મેં આગળ પર કહી જ છે. આ જગતમાં વધારે ભાગના લોકો તો દુઃખની નિવૃત્તિ માટે જ ઈશ્વરને ભજતા હોય છે. દુઃખ પણ કેટલી જાતના હોય છે ! કોઈને રોગ કે વ્યાધિનું દુઃખ, સ્ત્રી કે સંતાન નહીં હોવાનું દુઃખ, સંસારની કોઈ આપત્તિ કે મુંઝવણનું દુઃખ, મૃત્યુનું દુઃખ, એમ અનેક પ્રકારના દુઃખથી દુઃખી થયેલો માણસ દુઃખની નિવૃત્તિ સારુ અસહાય બની ઈશ્વર તરફ મોં ફેરવે છે, ને કરૂણ હૃદયે સહાયતા માગે છે. માણસોનો આ સ્વભાવ જ છે. જ્યાં એ પોતે દુઃખ

કે આપત્તિનો સામનો કરવામાં સફળ નથી થતો ત્યાં તે પોતાના કરતા વધારે બળવાન શક્તિની સહાયતાની અપેક્ષા રાખે છે. આમાં પુરૂષાર્થ તો રહેલો જ છે, પણ પુરૂષાર્થની નિષ્ફળતા વખતે વિશેષ બળવાન શક્તિનો વિશ્વાસ પણ છે. આથી ઉલટું, કેટલાક માણસો કોઈપણ પ્રકારનો પુરૂષાર્થ કરતા જ નથી. તેમનું કામ દુઃખથી ડરવાનું જ હોય છે. દુઃખ કે આપત્તિને પ્રસંગે રોદણાં રડવાની જ તેમને ટેવ હોય છે. છતાં તે દુઃખ દૂર કરવાની ઈચ્છા તો તેમને હોય છે જ. ને તેથી જ તે બીજાનું શરણું શોધે છે.

આ બંને પ્રકારના સ્વભાવના માણસો ઈશ્વરની ભક્તિ દુઃખની નિવૃત્તિ માટે કરે છે, ત્યારે તે આર્ત ભક્ત કહેવાય છે. તેમની ભક્તિ આર્ત ભક્તિ છે. આવા માણસો પણ જો ઈશ્વરને સાચા દિલથી પુકાર ના કરે તો તેમને ઈશ્વરી સહાયતા મળી શકતી નથી. એટલે ઈશ્વર પ્રત્યેનો ભાવ તો એમણે અમુક અંશે કેળવવો જ જોઈએ. પણ બીજી મહત્વની વાત એ છે કે આવા ભક્તો દુઃખ દૂર થાય પછી વધારે ભાગે ઈશ્વરને ભજતા નથી. મારી સમજ પ્રમાણે આવા માણસોને ભક્ત કે પ્રેમી નહિ પણ ઉપાસક કહેવા જોઈએ. કેટલાક માણસો દુઃખનિવારણ કે કોઈ ઈચ્છાની પૂર્તિ માટે ગાયત્રી પુરશ્ચરણ કે અનુષ્ઠાનો કરે છે. તેથી તેમનું દુઃખ દૂર પણ થાય છે, ને તે ઈપ્સિત વસ્તુ પણ મેળવે છે, પરંતુ તેવા માણસો જીવનભર ઈશ્વરને ભજતા નથી હોતા. જ્યારે જ્યારે દુઃખ પડે કે કોઈ ઈચ્છા જાગે ત્યારે જ તે ઈશ્વરને યાદ કરે છે. આવી ભક્તિને આર્તભક્તિ કહેવામાં આવે છે.

કેટલાક માણસો દ્રૌપદીએ વસ્ત્ર ખેંચાતી વખતે કૃષ્ણને યાદ કર્યા તેને આર્તભક્તિ કહે છે. તેટલા વખત પૂરતી તે આર્તભક્તિ હતી તે બરાબર, પણ દ્રૌપદી તો જીવનભર કૃષ્ણની ભક્ત હતી, એટલે તે કેવળ આર્ત ભક્ત જ નહીં પરંતુ જ્ઞાની ભક્ત પણ હતી. મારી સમજ પ્રમાણે તો ઈશ્વરના મહિમાના સાધારણ જેટલા પણ ખ્યાલ વિના આર્ત કે જિજ્ઞાસુ ને અર્થાર્થી ભક્તિ થઈ શકતી જ નથી. ભક્તને ઈશ્વર પર શ્રદ્ધા ન હોય, ઈશ્વરની શક્તિમાં વિશ્વાસ ના હોય તો તે ઈશ્વરની મદદ માગે જ શા માટે? પણ ફેર એ જ છે કે સાધારણ ભક્ત સાધારણ હેતુને માટે ઈશ્વરને પુકારે છે, જ્યારે ઉત્તમ ભક્ત તો દુઃખ દૂર થતાં તૃપ્ત થઈ બેસી રહેતો નથી પણ ઈશ્વરનું દર્શન કરવા જ તલપાપડ થઈ જાય છે.

જે વાત આર્ત ભક્તિના સંબંધમાં તે જ અર્થાર્થી ભક્તિ—ધન કે કોઈ ઈચ્છાની પૂર્તિ માટે થનારી ભક્તિના સંબંધમાં છે. આ બંનેથી અલગ પડતી ત્રીજી ભક્તિ જિજ્ઞાસુ ભક્તિ છે. તે ભક્તિ ઈશ્વરસંબંધી જ્ઞાન મેળવવા માટે થાય છે. પણ સાચા ભક્તને તો તેની પણ ચિંતા હોતી નથી. ઈશ્વર સંબંધી બધું જ જ્ઞાન મળે તો પણ સાચા ભક્તને ઈશ્વરના પ્રત્યક્ષ મેળાપ વિના કોઈ પ્રકારે શાંતિ થવાની નહીં. સાચો ભક્ત તો માને છે કે ઈશ્વર સાક્ષાત્ દર્શન દ્વારા જ તેનાં બધાં જ દુઃખ ને દર્દ ટળી જશે, તેની બધી જ ઈચ્છા પૂરી થશે, ને ઈશ્વરવિષયક યથાર્થ જ્ઞાન પણ તે દ્વારા જ મળી રહેશે. એટલે ઈશ્વરનો સાચો ભક્ત તો ઈશ્વરને મેળવવા જ મહેનત કરશે. આવા ભક્તની ભક્તિ સૌથી શ્રેષ્ઠ છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૭: ઈશ્વરને માટે જ ભક્તિ કરો

ભક્તિ કોઈ સોદો કે વેપાર નથી, તે કોઈ લાલસાની પૂર્તિનું ક્ષુલ્લક સાધન પણ નથી કે લાલસાનો અંત આવતાં તેનો અંત પણ આવી જાય. જે લોકો ભક્તિને એવા સાંસારિક સુખપ્રાપ્તિના વ્યાજવટાવ જેવી માને છે તે ભક્તિનો સાચો મર્મ સમજતા નથી. ભક્તિ તો પ્રાણની પ્રબળમાં પ્રબળ ભૂખ છે, જે ઈશ્વરપ્રાપ્તિ વિના કદાપિ શમી શકતી નથી. પરમપ્રેમ ને શાંતિની માનવહૃદયની સ્વાભાવિક તૃષા છે, જે સનાતન શાંતિ ને ઈશ્વરી પ્રેમ વિના બીજા કોઈએ પીણાથી પુરી થતી નથી. અથવા તો કહો કે ભક્તિ એક સાધના છે, પૂર્ણતાને ઝંખી રહેલા માનવમનના વિકાસની સાધના છે, ને પરમ સત્ય કે પૂર્ણ પ્રકાશમય પરમાત્માની પ્રાપ્તિ માટેની પગદંડી છે. તે એવી કલ્પલતા છે, જેને આશ્રયે બેસીને માનવ શાંતિ મેળવી શકે, જે ઈચ્છે તે મેળવી શકે, ને એ રીતે સર્વ પ્રકારના દુઃખદારિદ્રનો અંત લાવી પૂર્ણકામ ને મુક્ત બની શકે. તેની ધન્યતા માનવ ને ઈશ્વરનો હસ્તમેળાપ કરાવી આપવામાં છે.

એનો અર્થ એમ નથી કે સાંસારિક જરૂરિયાતો પૂરી પાડવામાં ભક્તિ સફળ નથી થતી. ઉચ્ચ પ્રકારની ભક્તિ તો એક વિશાળ વૃક્ષ જેવી છે. વૃક્ષની પાસે જવાથી જેમ ફળ ને છાયા બંને મળે, તેમ ભક્તિની સાધનાથી ઈશ્વરપ્રાપ્તિની સાથે સાથે સાંસારિક સુખશાંતિ પણ મળી રહે છે. સૂર્યની પાસે જવાથી જેમ પ્રકાશ ને નદીની પાસે પહોંચવાથી નીર મળે જ, તેમ જે ભક્તિનું સેવન કરે તેને આંતરિક શાંતિ સાથે બાહ્ય સુખ પણ મળવાનું જ. જો કે કેટલીક વાર આ સત્યનો અનુભવ એટલો જલદી થતો નથી, ને ઈશ્વરના પ્રેમી ભક્તો વધારે ભાગે ભૌતિક રીતે દીન ને ગરીબ જેવા માલુમ પડે છે. પણ ભક્તની ઈચ્છા ના હોય તો એવી સ્થિતિ લાંબો વખત ટકતી નથી. પ્રેમ કે ભક્તિનો માર્ગ એટલો સરળ નથી. તેમાં ભારે મુસીબતો રહેલી છે. શરૂઆતમાં કષ્ટ કે દુઃખ પણ ભોગવવું પડે છે. તે અગ્નિપરીક્ષામાંથી ભક્ત પસાર થાય તો આખરે તેને માટે સુખ ને સમૃદ્ધિ નક્કી છે.

આ માટે બહુ ભારે મનોબળ જોઈએ. દુઃખથી ડરી જનારા ચંચળ ને કાયર મનના માણસો ભક્તિના માર્ગમાં ભાગ્યે જ સફળ થઈ શકે. પ્રબળ સહનશક્તિ ને અખંડ ઉત્સાહવાળા માણસો જ આ માર્ગને પાર કરી વિજયી થઈ શકે છે.

આ બધા રહસ્યને સમજી સાચા સાધકે કેવળ ઈશ્વરના દર્શન માટે જ ભક્તિનો આધાર લેવો. તેવી જ ભક્તિને મહાપુરૃષોએ પ્રસંશનીય ને શ્રેષ્ઠ ભક્તિ કહી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૮ : ભક્તિ સુલભ છે

બીજા સાધનમાર્ગો કરતા ભક્તિનો માર્ગ ઘણો સરળ છે. વળી ભક્તિ સારી પેઠે ને જલદી પ્રાપ્ત થઈ શકે તેમ છે. પોતાના દુર્ગુણોને દૂર કરવાની તાલાવેલી જેને લાગે ને ઈશ્વરની પ્રાર્થનાનો જે આધાર લે, તેને ભક્તિના રહસ્યની પ્રાપ્તિ જરૂર થઈ જાય છે. યોગ ને જ્ઞાનના માર્ગ એટલા સરળ કે સુલભ નથી. તેમાંયે યોગનો માર્ગ તો ખૂબ જ કષ્ટસાધ્ય છે. તેને માટે સૌથી પ્રથમ તો કોઈ મહાન અનુભવી સદ્દગુરૂ જોઈએ. તે બાદ સદ્દગુરુએ બતાવેલી પ્રક્રિયા કરવા સારૂ જરૂરી એવું સુદૃઢ ને નીરોગી શરીર જોઈએ. સાધના માટેના ખાનપાનના નિયમો સારી પેઠે પાળવા જોઈએ. વળી તે માર્ગમાં સિદ્ધિ પણ એટલી જલદી મળતી નથી. લાંબા વખત લગી મજબૂત મનથી નિયમિત પુરૂષાર્થ કરવો પડે છે. જ્ઞાનનાં રહસ્યો પણ જેટલાં બોલી જવાં સહેલા હોય છે, તેટલાં આચરણમાં મુકવા કે અનુભવવા સહેલાં નથી. ભક્તિનો માર્ગ એકદંરે સરળ છે. આદર્શની સ્પષ્ટતાની દૃષ્ટિથી જોઈએ તો પણ તે સરળ છે. ભક્ત ઈશ્વરના દર્શનને કે તે દ્વારા પૂર્ણતાને પોતાના આદર્શ બનાવે છે. ને તે માટે પ્રાર્થના, નામજપ ને પ્રબળ પ્રેમને સાધન માને છે. હૃદયશુદ્ધિને તેનું સહાયક બળ માને છે. આમ તેની દૃષ્ટિ સ્પષ્ટ છે.

આવાં અનેક કારણોને લીધે ભક્તિ સુલભ કહેવાય છે. બીજા કારણની ચર્ચા લખાણોના પ્રારંભમાં પણ કરી છે. તેથી અહીં વિસ્તાર કરવાની જરૂર નથી. અહીં તો વિશેષમાં એ જ કહેવાનું છે કે ભક્તિને સુલભ માની ઘણા માણસો તેનો આશ્રય લે છે, પણ ભક્તિના મૂળ રહસ્યને ના જાણવાને લીધે વધારે ભાગના માણસો બાહ્ય ક્રિયાને જ ભક્તિ માની તેમાં અટવાઈ જાય છે. આ વસ્તુ બરાબર નથી. ભક્તિના સાચા રહસ્યને સમજવા માટે ઈશ્વરી પ્રેમથી વિભૂષિત થઈ ઈશ્વરદર્શન માટે વ્યાકુળ બનવું જોઈએ. ઈશ્વર માટે તીવ્ર પ્રેમ કે વ્યાકુળતા જ ભક્તિ છે એ ભક્ત કદી કાળ ના ભુલે.

☼ ☼ ☼ ☼ ☼

## ૫૯ : ઈશ્વર દેખાતો કેમ નથી ?

કેટલાક માણસો પૂછે છે કે ઈશ્વર હોય તો અમને દેખાતા કેમ નથી ? ઈશ્વરમાં વિશ્વાસ રાખવાથી ને ચિત્તવૃત્તિ સ્થિર કરવાથી શો લાભ ? ભક્તિનું ફળ શું? પ્રેમની પ્રબળતાથી શું છેવટે ઈશ્વર મળી શકે ?

આ બધા પ્રશ્નોના ઉત્તર સહેલા છે. ઈશ્વર છે છતાં કેમ દેખાતા નથી તે સમજવા આપણી સામે ને આજુબાજુ હવામાં હજારો જંતુ છે એમ વૈજ્ઞાનિકો કહે છે છતાં કેમ દેખાતાં નથી તે જાણવાની જરૂર છે. કેમ કે તે જંતુ ખૂબ જ સુક્ષ્મ છે, ને સુક્ષ્મદર્શક યંત્રની મદદ હોય તો તેમને સહેલાઈથી જોઈ શકાય છે. તે જ રીતે ઈશ્વરનું છે. પ્રેમ કે ભક્તિ અથવા ધ્યાનયોગ દ્વારા પ્રાપ્ત થતી દિવ્ય દૃષ્ટિથી ઈશ્વરનું દર્શન જરૂર થઈ શકે છે. ચિત્તવૃત્તિને સ્થિર કરીને ઈશ્વરમાં જોડવાથી ને શ્રદ્ધાપૂર્વક ઈશ્વરમાં મન લગાવવાથી છેવટે ઈશ્વરનું દર્શન થઈ જાય છે. એટલે ચિત્તવૃત્તિની સ્થિરતાની ને ઈશ્વર પ્રત્યેના વિશ્વાસની જરૂર પણ છે જ. ઈશ્વર પ્રત્યેનો વિશ્વાસ દૃઢ થાય ને પ્રેમ પ્રબળ બને એટલે ભક્તિનું ફળ-ઈશ્વરપ્રાપ્તિ ને તે દ્વારા પરમ શાંતિ મળી જાય છે.

પરંતુ આ બધા ખુલાસાથી જ કાંઈ શાંતિ નહિ વળે. તેમજ સાધક કે સાધારણ માણસને આટલાથી જ સંતોષ પણ નહીં વળે. સંતોષ ને શાંતિ માટે તો તેણે સ્વયં સાધના કરવી પડશે. કેરી કે દૂધનું સેવન કરવાથી શો લાભ છે એની ચર્ચામાં ઉતરવા કરતાં તેનું સેવન કરવું વધારે ડહાપણ ભર્યું છે, જેથી પોતાને તેથી ચોક્કસપણે લાભ થશે કે નહીં તે સમજી શકાય. તે જ પ્રમાણે ભક્તિના લાભાલાભને જાણવા માગનારે ભક્તિ કરવાની શરૂઆત કરવી જોઈએ. તો જ તેનો સ્વાદ સમજાય.

એનો અર્થ એમ નથી કે ભક્તિની શરૂઆત કરશો ને થોડા જ સમયમાં ઈશ્વરદર્શન થઈ જશે કે શાંતિ મળી જશે. મોટા કામને પૂરૂં થતાં હંમેશા વિલંબ લાગે છે. પણ જે નિરાશ થયા વિના, સફળતા સુધી આ માર્ગમાં મંડ્યા રહેશે તેમને સફળતા જરૂર મળી જશે એમાં સંદેહ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૦ : ભક્તે યાદ રાખવાની વાત

કોઈ માણસ સાચા દિલથી ભક્તિ કરે ને છતાં જીવનમાં પ્રેમને બદલે વેર ને ઝેર કે શાંતિને બદલે શોક ને અશાંતિ કાયમ રહે તો ચોક્કસ જાણવું કે ભક્તિનો સાચો મર્મ તેના જાણવામાં આવ્યો નથી. ભક્તિ તો પ્રેમનું સ્વરૂપ છે, શાંતિની માતા છે, પરમાનંદને પ્રદાન કરનારી ને ધન્ય કરનારી સાધના છે. તેના રંગથી જે રંગાઈ જાય તેના જીવનમાં દુઃખ કે ક્લેશ, લાલસા ને વિષાદ ક્યાંથી રહે ? ભક્તના જીવનમાં પ્રેમ ને આનંદ ને શાંતિનું સામ્રાજ્ય કદાચ શરૂઆતમાં દેખાય, પરંતુ જેમ જેમ તે વિકાસ કરતો જાય છે તેમ તેમ તેના જીવનમાં પ્રેમ ને આનંદ ને શાંતિનું સામ્રાજ્ય ફેલાતું જાય છે. તેને શોક થાય છે તો પણ સંસારના વિષયો માટે તો કદાપિ થતો નથી જ, પણ ઈશ્વરનો વિચાર કરીને પોતાની જાત માટે થાય છે. 'ઈશ્વરનું દર્શન હજી પણ થયું નહિ, વહેલામાં વહેલી તકે ઈશ્વરનું સુમધુર સ્વરૂપ ક્યારે જોવા મળશે' - એ પ્રકારની ચિંતા ને લાલસા તેના મનમાં થયા કરે છે. ઈશ્વરનું દર્શન થતાં તો તે ચિંતાનો પણ અંત આવે છે, ને ભક્તનું જીવન પ્રેમ ને આનંદ તથા પરમ શાંતિથી ભરાઈ જાય છે. પરમ શાંતિને પ્રાપ્ત કરવા ઈશ્વરના સાક્ષાત્કાર સિવાય કોઈ ઉપાય નથી એ વાત ભક્તે સદા યાદ રાખવી.

☼ ☼ ☼ ☼ ☼

## અધ્યાય : ૭ ભક્તોને શિક્ષા ને ભક્તોનો મહિમા

## ૬૧ : ભક્ત અને કર્મ

જેણે પોતાનાં નાનાં મોટાં બધા જ કર્મ ઈશ્વરના ચરણમાં અર્પણ કર્યાં છે, અથવા તો કર્મ કરવા છતાં જેના દિલમાં અહંકાર જાગતો નથી, તે ભક્ત ખરેખર મહાન છે. આવા ભક્તનાં બધા જ કર્મ ઈશ્વરની યાદથી ભરેલાં હોય છે. કર્મ કરતાં કરતાં ભક્તને ઈશ્વર માટેનો એટલો બધો પ્રેમ થઈ જાય કે કર્મ કરવામાં મન જ ના લાગે, ને સંસારના વ્યવહાર સારી રીતે થઈ શકે નહીં, તો તેમાં કૈં જ ખોટું નથી. તેની ચિંતામાં ભકતે પડવાની જરૂર નથી. ભક્તે તો એક જ વાતની ચિંતા કરવી, ને તે દિવસરાત સાચા દિલથી ઈશ્વરને યાદ કરવાની, ઈશ્વરને ભજવાની ને પ્રાર્થવાની તેમ જ ઈશ્વરની પૂર્ણ કૃપા ને પ્રસન્નતા મેળવવાની. માનવજીવન ઈશ્વરની કૃપાની પ્રાપ્તિ માટે છે. સંસારમાં ઈશ્વર જ એકમાત્ર સાર રૂપ છે એમ માની ભક્તે ઈશ્વરનો જ પ્રેમ જગાવવા કટિબદ્ધ થવાની જરૂર છે. ઈશ્વરના સ્મરણ કે મનનમાં વિઘ્ન આવે અથવા ઈશ્વરના દર્શનમાં વિલંબ થાય તો ભક્તે જરૂર ચિંતિત બનવું. બાકી સંસારના પદાર્થોને માટે તેણે ચિંતા કરવાનું કોઈ કારણ નથી.

પ્રભુનો પરમ પ્રેમ જ્યારે સાધકના દિલમાં જાગી જશે, હજારો કલકલ રવે વહેતાં ઝરણાંની જેમ પ્રભુનો પ્રેમ જ્યારે પ્રેમી ભક્તના તન, મન ને અંતરમાં વહેવા માંડશે, ને સુમધુર સ્વરને છોડનારી સિતારની જેમ ભક્તનું હૃદય જ્યારે પ્રભુના ભાવસંગીતથી, પ્રભુપ્રેમની રાગરાગિણીથી સુશોભિત બનશે, ત્યારે ભક્ત કેવળ પ્રભુને માટે વ્યાકુળ બનશે. પ્રભુના રૂપને જોઈ લેવા અધીરો બનશે ને પ્રભુનું દર્શન નહિ થાય ત્યાં સુધી તેને શાંતિ નહિ વળે. આ વખતે એક ઈશ્વરને મેળવવા માટેના પુરૂષાર્થ વિનાનાં બધાં જ કામ તેને ફીકાં લાગશે. તેના પરથી તેનું મન ઉઠી જશે ને તે કામ કરવાની તેને ઈચ્છા જ નહિ થાય. વિદ્યા કે ધન મેળવવાનાં બાહ્ય કર્મો તે નહિ કરી શકે. તેનો સ્વભાવ જ એવો બની જશે.

આ અવસ્થા પ્રાપ્ત થવા માંડે છે ત્યારે કેટલાક માણસો ગભરાઈ જાય છે ને વિચાર કરે છે કે હવે આપણે સંસારને માટે નકામા થઈ ગયા કે શું ? કેટલાક ધીરજ ધારણ કરે છે ને પાછા સાંસારિક દૃષ્ટિએ ક્રિયાશીલ બનવા બનતી મહેનત કરે છે. પણ જે ભક્તિના રહસ્યને જાણે છે તેણે આ દશાથી ગભરાવાની જરૂર નથી. કર્મ કરવાની ઈચ્છા જ્યાં સુધી થાય ત્યાં સુધી કર્મ જરૂર કરવાં. કર્મ કોઈ ખરાબ વસ્તુ નથી. પણ ઈશ્વરની પ્રબળ લગની લાગે છે ત્યારે બીજાં કર્મ કરવાની ઈચ્છા મોળી પડે છે ને શાંત થાય છે એ વાત સાચી છે, ને એવે વખતે ગેરસમજ ઉત્પન્ન કરી દુઃખી કે અશાંત પણ બનવું નહીં.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૨ : સ્ત્રીસંગ ને ભક્ત

સ્ત્રીનો સંગ ભક્તને માટે ત્યાજ્ય ગણાયો છે. આ વિશે જુદાં જુદાં શાસ્ત્રોમાં ઘણું કહેવામાં આવ્યું છે. સ્ત્રી ને ધન બંને માણસની બુદ્ધિને ચંચલ ને ભ્રમિત કરનારી વસ્તુ છે. શરીરના બાહ્ય આકર્ષણ કે ભોગમાં ફસાઈને માણસ ઈન્દ્રિયોનો ગુલામ બની જાય છે, ને ઈશ્વરપ્રેમનો ભાગી થઈ શકતો નથી. અગ્નિની અંદર બેઠા છતાં જેમ તેનાથી ન દઝાવાનું કામ કપરું કે અશક્ય છે, તેમ સ્ત્રીનો સંગ કર્યા છતાં મનને વશ રાખવું મુશ્કેલ છે. એટલા જ માટે શાસ્ત્રોએ બ્રહ્મચર્યનો ને સ્ત્રીથી અસંગ રહેવાનો ઉપદેશ આપ્યો છે. સ્ત્રીને માટે જે વસ્તુ કહી છે તે જ વસ્તુ પુરૂષે પોતાને માટે પણ આ સંબંધમાં સમજવાની છે. એટલે જેમ પુરૂષે સ્ત્રી સંગથી સાવધ રહેવાની જરૂર છે તેમ સ્ત્રીએ પુરૂષના સંગથી પણ સાવધ રહેવાનું છે. કેટલાક શાસ્ત્રકારોએ તો આ માટે સ્ત્રીનું મુખ પણ ના જોવાની ભક્તો કે સાધુપુરૂષોને આજ્ઞા કરી છે, ને તે જ પ્રમાણે સ્ત્રીઓને પણ પુરૂષથી દૂર રહેવા જણાવ્યું છે. આ જ પ્રમાણે સ્ત્રીનાં ચિત્ર જોવાની, સ્ત્રીને યાદ કરવાની તેમ જ કોઈ સ્ત્રીની મોહાસક્ત થઈને ચર્ચા કરવાની પણ મનાઈ ફરમાવી છે, ને એ જ વાત પુરૂષને પણ લાગુ પાડવામાં આવી છે.

આવા કઠોર નિયમનું કારણ સ્ત્રી અથવા પુરૂષ બંનેમાંથી કોઈ એકને અથવા બંનેને હલકાં બતાવવાનું કે તિરસ્કારવાનું નહીં, પરંતુ પ્રત્યેક માનવમાં શરીરના આકર્ષણની જે છૂપી મમતાવૃત્તિ છે, તેને ફાલવા ન દેવાનું ને બનતી વહેલી તકે સંયમમાં આણવાનું છે. પુરૂષ કે સ્ત્રીના આવા કડક નિયમ પાલન દ્વારા જો પરસ્પર તિરસ્કારની કે ઉચનીચની ભાવના જાગતી હોય તો જરૂર ક્યાંક ભૂલ થાય છે એમ સમજવું. જેમ કુમળા છોડની રક્ષા સારૂ વાડ કરવામાં આવે છે, તેમ ચંચલ મનના સાધક માટે આ બાહ્ય આચારવિચારનાં નિયમો બનાવવામાં આવ્યા છે, એમ સમજી તે દ્વારા સાધકે પોતાના દુર્ગુણને દૂર કરવા ને કામવૃત્તિમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો જોઈએ. સાધનાની શરૂઆતમાં એટલે કાચી દશામાં સ્ત્રીએ પુરૂષનો ને પુરૂષે સ્ત્રીનો સંગ કરવાથી ને તેને ગાઢ બનાવવાથી ધીરેધીરે ચંચલ મન રસવૃત્તિ અનુભવવા માંડે છે.

શરૂઆતમાં તો કેટલાય સમય સુધી આત્માના સંબંધને પ્રેમની પવિત્રતાને નામે આવો સંબંધ ચાલુ રાખવામાં આવે છે. પણ અંતે કાચોપોચો માણસ તેના મોહપાશમાં તણાયા વિના રહેતો નથી. પવિત્ર પ્રેમને નામે પૂજાભાવ, સેવાભાવ ને પછી એકમેકના સ્પર્શસુખની લાગણી જન્મી છેવટે શરીરના ભોગની ભૂખગર્તામાં માણસ ક્યારે પટકાઈ પડે છે, તેનું ધ્યાન તેને પોતાને પણ કેટલીક વાર રહેતું નથી. ને જ્યારે તે દેહભૂખની ગર્તામાં માણસ પટકાઈ પડે છે, ત્યારે તેને માટે બહાર નીકળવાનો કોઈ જ માર્ગ રહેતો નથી. માણસ બહુ જ વિચારશીલ ને ઈશ્વરપ્રેમની ધગશવાળો હોય તો જ ઘણી સખત મહેનત પછી ફરી સલામત બની શકે છે. બાકી સાધનાનો સમગ્ર ખેલ ખલાસ થઈ જાય છે. એટલા જ માટે પાણીને પહેલેથી પાળ બાંધવાનું કહ્યું હોય તેમ સાધક સ્ત્રીપુરૂષને એકમેકના સંગથી દૂર રહેવાનું કહ્યું છે. આજના કેટલાંક સ્ત્રીપુરૂષો તો કહે છે જીવન ચંચલ છે. તેમાં થોડીવાર લહેર કરી લઈએ ને શરીરસુખ માણી લઈએ તેમજ જેના પર મન લાગે તેની સાથે આનંદ કરીએ તો તેમાં શી હરકત છે ! પણ ઈશ્વરના ભક્તને માટે તેવો પ્રશ્ન કે વિચાર સંભવી શકતો જ નથી. તે તો જીવન ચંચલ છે માટે જ પોતાની બધી જ વૃત્તિ ને શક્તિને એકાગ્ર કરી દિવસરાત એક ઈશ્વરની જ પાછળ પડવા ને એ રીતે વહેલામાં વહેલી તકે ઈશ્વરદર્શન કરી લેવા માગે છે.

સમાજની વ્યવસ્થા કે નીતિરીતિને માટે તેમજ શરીર ને કુટુંબજીવનની દૃઢતા માટે પણ આચાર ને વિચારની આવી ચંચલતા આપણને કે કોઈપણ સુસંસ્કૃત સમાજને પરવડી શકે તેમ નથી. તો પછી ઈશ્વરના સાચા થયેલા કે થવા માગતા ભક્તને તો તે કેમ જ ફાવે ?

કામ પર વિજય મેળવવા આવા અનેક નિયમો આજ સુધી ઘડી કાઢવામાં આવ્યા છે. મનને તાલીમ આપવાની સાધનાની વિવિધ પ્રક્રિયાઓ પણ શોધાઈ છે. શરીરને ગંદુ ગણવું; મૃત્યુ ને ઘડપણ તેમજ વ્યાધિનો વિચાર કરવો, એ બધા જુદીજુદી પ્રક્રિયાના ભેદ છે. અલબત્ત, તે પ્રક્રિયાઓને સંપૂર્ણ કહી શકાય તેમ નથી જ. દરેક શરીરમાં ગંદકી તો રહેલી જ છે, ને એકલી ગંદકીથી કોઈયે શરીર બનતું નથી, એ બંને સત્યો સાચા છે. તે જ પ્રમાણે મૃત્યુ ને ઘડપણ દરેક શરીરધારીને માટે અવશ્યંભાવિ ઘટના છે, એનો પણ ઈન્કાર કોઈથી થઈ શકે એમ ક્યાં છે? પણ શરીરની ગંદકી ને વૃદ્ધાવસ્થા કે મૃત્યુનો જ વિચાર કર્યા કરવો એ શું એકતરફી વલણ નથી ? જેમ મૃત્યુ તેમ જીવનનો આનંદ પણ માનવના લલાટમાં લખાયલો છે: ઘડપણની જેમ જુવાનીની ચેતના ને શોભા તેમજ તમન્ના પણ માનવને મળેલી છે, ને ગંદા શરીરમાં જ કાદવમાંના કમળની જેમ આત્મારામ વિરાજી રહ્યો છે; એ વાત શું સાચી નથી? જેમ ઋતુઓ આવે છે ને જાય છે તેમ જીવનની અવસ્થા આવે છે ને જાય છે, ને તે દરેકનો અલગ ને અનેરો આનંદ છે; એ વાતની અવગણના કોણ કરી શકે એમ છે?

ગંદા શરીરમાં રહેલા દિલમાં પરમ પ્રેમ ને ક્ષમા તથા સેવાવૃત્તિ ને ભાવસૌન્દર્ય રહેલાં હોય છે. એ વાત બધા જ જાણે છે. તો પછી એકલાં ગંદા ને હીન તત્વો તરફ જ અંગુલિનિર્દેશ કરવાનો અર્થ શો છે? એ વાતનો ઉત્તર આપતાં પહેલાં એક વાત એ પણ રજૂ કરી દઈએ કે શરીરની ગંદકી કે વાસ્તવિકતા પ્રત્યે આંખમીંચામણા કરી કેટલાક લોકો શરીરના અતિશયોક્તિભર્યા ગુણગાન જ કર્યા કરે છે, ને શૃંગારરસના આકાશમાં ઉડ્યા કરે છે. 'પ્રેમ, ઈશ્ક કે આંખ ને દિલના સોદા'ની આસપાસ ને શરીરના ઉત્તેજક વર્ણન ને દૃશ્યોની રજૂઆતમાં રસ લેનારા આ માણસો પણ શું અંધ ને એકાંગી નથી? માત્ર શરીરની શોભામાં ફસાયલા તે આત્માના પ્રકાશને પારખવાનો પ્રયાસ પણ કરતા નથી. જુવાની ને જિંદગીને જ સાચી માનનારા તે માણસો ઘડપણ ને મૃત્યુની અવશ્યંભાવિતાનો આવશ્યક વિચાર કરી તેમાંથી લાભ ઉઠાવતા નથી. એટલે શરીરની ગંદકી ને વિકૃતિનો વિચાર જેમ માણસને કેવળ શરીરમાં આસક્ત થતો અટકાવવા માટે છે, તેમ જીવનના આનંદ ને ઈશ્વરી પ્રકાશનો વિચાર તેને જીવનમાં રસ લેતો કરી, બની શકે તો જીવનની વિકૃતિને દૂર કરવાના પુરૂષાર્થની પ્રેરણા પાઈ, ઈશ્વરાભિમુખ કરવા માટે છે. આ બંને પાસાનો વિચાર શરીર ને જીવન પ્રત્યેની તટસ્થ ને સાચી દૃષ્ટિ કેળવવા જરૂરી છે.

જેમ કેટલાક આચાર્યો શરીરની ગંદકી ને નશ્વરતાનો વારંવાર વિચાર કરવાનું કહે છે, તેમ કેટલાક સ્ત્રી કે પુરૂષમાં રહેલા ઈશ્વરી પ્રકાશને જોવાની શિક્ષા પણ આપે છે. સાધકે આ બંને પ્રકારની શિક્ષાને અપનાવવી જોઈએ એવું મારું માનવું છે.

આ ઉપરાંત એક બીજી વાત. સ્ત્રીપુરૂષે શરૂઆતમાં એકમેકથી દૂર રહેવું સંયમ માટે બરાબર હોય, તોપણ તેને એક અવિચલ નિયમ તરીકે સ્વીકારવાનું બરાબર નથી જ. અસંગ રહેવાનું કામ તો સાધન છે ને

સાધ્ય નથી એ વાત યાદ રહેવી જોઈએ. એટલે વિકાસની ઊંચી અવસ્થામાં સ્ત્રીપુરૂષે પરસ્પર દૂર રહેવાના નિયમને પકડી રાખવાની જરૂર નથી. મૂળ વાત દિલની પવિત્રતા છે. તે પવિત્રતા મળે તો પછી સ્ત્રીપુરૂષ પરસ્પર સાથે રહે તો પણ વાંધો નહીં આવે, આ કક્ષાએ પહોંચવાનો ભક્તે પુરૂષાર્થ કરવો જોઈએ. તો જ તેનો સંયમ યથાર્થ ઠરે છે. એનો અર્થ એમ નથી કે સંયમને સાચા ઠરાવવા સ્ત્રીએ પુરૂષનો ને પુરૂષે સ્ત્રીનો સંગ કર્યા કરવો. કોઈવાર એવો સંગ મળે તો પણ સંયમ કાયમ રહેવો જોઈએ એ જ મારે કહેવાનું છે. સંગ ખરાબ નથી, પણ મમતા ને આસક્તિ ખરાબ છે - એ વાત ભક્તે સદા યાદ રાખવી.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૩ : ભક્તની બીજી આવશ્યકતા

બ્રહ્મચર્યના પાલનથી વિવિધ પ્રકારના વ્યાધિ થાય છે ને મન નબળું પડે છે એમ કેટલાક માણસો માને છે. પણ તે વાત વજુદ વિનાની છે. બ્રહ્મચર્યના પાલનથી કોઈપણ પ્રકારનું નુકશાન થતું નથી. ઉલટું તેના ભંગથી જ મન નબળું ને સત્વહીન બને છે ને અનેક પ્રકારના વ્યાધિ સ્વચ્છંદ વિહારથી થાય છે એ વાત પ્રસિદ્ધ જ છે. એટલે બ્રહ્મચર્યનું પાલન બધી જ રીતે હિતકર ને ભક્ત કે સાધકને માટે શ્રેયસ્કર ને ઉપયોગી જ છે. જે લોકો સંપૂર્ણ સંયમ પાળી શકતા ના હોય તે લગ્નજીવનની મર્યાદામાં રહીને પણ મર્યાદિત સંયમ પાળી શકે છે. તેથી પણ લાભ તો થશે જ. સ્ત્રીપુરૂષના સંબંધ વિશે બે જુદી જુદી મર્યાદા સંસારમાં દેખાય છે, એક તો ગયા પ્રકરણમાં કહ્યા પ્રમાણે સ્ત્રીએ પુરૂષથી ને પુરૂષે સ્ત્રીથી તદ્દન દૂર રહેવાની ને ડરવાની મર્યાદા ને બીજી પશ્ચિમના જગતમાં ને તેની અસર નીચે આવેલાં આ દેશના કેટલાક ધની ને સુધારક કુટુંબોમાં ફેલાયેલી સ્ત્રીપુરૂષના મુક્ત વિહાર ને શરીર ભૂખની પ્રથા. આ બંને મર્યાદાઓને જીવનના આખરી આદર્શ તરીકે સ્વીકારી શકાય નહીં. બીજી પ્રથા તો પહેલી કરતાં પણ વધારે નુકશાનકારક કહી શકાય તેવી છે. આ બંનેથી સ્વતંત્ર એવી ત્રીજી પ્રથા ભારતીય લગ્નપ્રથા છે ને તે સંપૂર્ણ સંયમ પાળવામાં અશક્ત એવા માણસોને માટે ખૂબ ઉપયોગી છે. અલબત્ત, તેનું આજનું સ્વરૂપ યથાર્થપણે વિશુદ્ધ ભાગ્યે જ રહ્યું છે. પરંતુ તેની અશુદ્ધિને દૂર કરવામાં આવે ને વિવેકી ને પ્રેમી માણસો તેનો આશ્રય લે તો તે દ્વારા જીવન ઉન્નત બની શકે છે.

ભક્તને માટે બીજી એક આવશ્યકતા ઈશ્વરમાં ના માનનારા, અધર્મી કે અનીતિમાન માણસોથી દૂર રહેવાની છે. ઈશ્વરમાં ના માનનારા માણસોના સમાગમમાં રહેવાથી શરૂઆતમાં સાધકનું કાચું મન અસ્થિર બનવાનો સંભવ રહે છે. કોઈવાર ધર્મ ને ઈશ્વરના માર્ગેથી ડગવાનો કે ચલિત થઈ જવાનો પણ ભય રહે છે. માટે જ સાધનાની અધકચરી અવસ્થામાં તેવા સંગને છોડી દઈ, ઈશ્વરમાં માનનારા, ધર્મપરાયણ પુરૂષો ને સંતોનો સંગ કરવો જરૂરી છે. સંતો ને પ્રભુપરાયણ પુરૂષોનો સમાગમ સદાયે પ્રેરણારૂપ થશે, સહાયક નીવડશે, ને સાધક જ્યાં માર્ગ ભૂલતો હશે ત્યાંથી તેને સાવચેત કરી દઈ આગળ વધારશે. તેવા પુરૂષોનાં જીવન સાધકને માટે આશીર્વાદરૂપ બની જશે, તેમને નજર સામે રાખી પોતાના જીવનને પણ ઉન્નત ને પવિત્ર બનાવવા તે  કોશિશ કરશે.

ઈશ્વરનો ભક્ત સ્વભાવે સરળ ને નિષ્કપટ હોય છે. એટલે વાણી કે વર્તનમાં તે દંભને તો કેવી રીતે પોષે? પાખંડ તો તે કરે જ ક્યાંથી? જે હૈયે તે હોઠે ને વિચારે તે વર્તનમાં એવી તેની સ્થિતિ થઈ હોય છે, કામ ને ક્રોધ પર કાબુ મેળવવા તે પ્રયાસ કરે છે.

અભિમાનની વાત કરીએ તો ભક્તને માટે કોઈ પ્રકારનું અભિમાન કરવાની તક જ ક્યાં? તે પોતાને સૌના ચરણની રજ લેખે છે. ઈશ્વરના પ્રેમથી તેનું હૃદય પાકા ફળ જેવું મૃદુ થયું હોય છે. વિદ્યા કે ભક્તિનું અભિમાન તેને નથી. સંસારમાં એકેકથી ચઢિયાતા ભક્તો ને જ્ઞાનીઓ પડ્યા છે ત્યાં તેને માટે અભિમાન કરવા જેવું છે જ શું? ઈશ્વરના દર્શનથી પૂર્ણ શાંતિ મેળવી નથી ત્યાં સુધી તેની કીંમત કૈં જ નથી એમ માની તે નમ્રાતિનમ્ર બની જાય છે ને ઈશ્વરના દર્શન પછી તો અભિમાન રહે જ ક્યાંથી? સૂર્યનો ઉદય થતાં જેમ

રાત્રી ને તારાગણ દૂર થઈ જાય છે તેમ ઈશ્વરના દર્શનથી –ઈશ્વરી પ્રેમપ્રકાશની પ્રાપ્તિથી તન મન ને અંતરની બધી જ નબળાઈઓનો નાશ થાય છે, સાધકની રહીસહી સુક્ષ્માતિસુક્ષ્મ ત્રુટિનો પણ અંત આવે છે, તે પવિત્રતા ને પ્રેમથી તેનું હૃદય રંગાઈ જાય છે. આ વાત ધ્યાનમાં રાખી ભક્તે અભિમાન ને દંભ જેવા દુર્ગુણો દૂર કરવા કટિબદ્ધ થવું જોઈએ. આ દુર્ગુણોનું સામ્રાજ્ય જ્યાં સુધી હૃદયમાં કે મનમાં છવાયેલું છે ત્યાં સુધી ઈશ્વર ને તેના પ્રેમની પ્રાપ્તિ થવી અશક્ય છે. ત્યાં સુધી ભક્તિનો સાચો આનંદ માણસને નહીં જ મળી શકે. જેમ આંખે પાટો બાંધેલો માણસ સંસાર સામે હોવા છતાં તેને સારી પેઠે જોઈ શકતો નથી, તેમ દુર્ગુણોના ને તેમાંથી ઉત્પન્ન થઈને વધુ ગાઢ બનેલા અજ્ઞાનના આ આવરણને લીધે જ માણસ વિશ્વમાં વ્યાપક એવા પ્રભુનું દર્શન કરી શકતો નથી. શરીરમાં પણ પ્રભુ છે, પણ તે વિરાટ પ્રભુને કોઈ જોઈ શકતું નથી તે પણ આને લીધે જ. એટલે જ બધા ધર્માચાર્યોએ દુર્ગુણોને દૂર કરી હૃદયને નિર્મલ કરવા પર વધારેમાં વધારે ને સૌથી પ્રથમ ભાર મૂક્યો છે. "તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં." એ દશા ભક્તકવિ ધીરાના શબ્દોમાં જ નહીં, પણ જીવનમાં બધે જ દૃષ્ટિગોચર થાય છે. આ દશા દૂર કરવા હૃદયને સાફ કરી ઈશ્વર કે સદ્દગુરૂની કૃપાની પ્રાપ્તિ કરવી જરૂરી છે.

એટલે દુર્ગુણોથી મુક્ત થવું ને સદ્દગુણોની મૂર્તિ બનવું સાધક કે ભક્તને માટે ખૂબ મહત્વનું છે. તે વિના મંત્ર, જપ, ધ્યાનાદિ ક્રિયા ફલવતી નહીં જ થાય, ને ઈશ્વરની કૃપા પણ નહીં વરસે. એટલે વૈદિક ઋષિ પ્રાર્થના કરે છે કે "વિશ્વાનિ દેવ, સવિતદુર્રિતાનિ પરાસુવ. યદ્દભદ્રં તન્નાસુવ." હે પ્રભુ, અમારા દુર્ગુણને દૂર કરો ને અમને મંગલ કે કલ્યાણકારક સદ્દગુણો ને સદ્દવિચાર આપો. ભક્તે પણ પોતાની નબળાઈઓ દૂર કરવા પ્રાર્થના ને બનતા પુરૂષાર્થનો આધાર લેવો.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૪: કામ ક્રોધ લોભને ઈશ્વરમાં વાળો

પ્રાર્થના દ્વારા માનવની નબળાઈઓ દૂર થઈ શકે ખરી? એનો જવાબ હકારમાં જ આપવો પડશે. એટલે કે પ્રાર્થના દ્વારા માનવ પોતાની નબળાઈઓને દૂર કરવાનું બળ જરૂર મેળવે છે. પણ તે પ્રાર્થના હૃદયના ઊંડાણમાંથી નીકળી આવેલી, ઉત્કટ ભાવથી ભરેલી હોવી જોઈએ. પ્રાર્થના જોરથી બોલીને કે ભજનની ભાષામાં જ કરી શકાય છે એમ નથી. તેને તો ભાષા કરતાં ભાવની સાથે વધારે નિકટનો સંબંધ છે. એટલે ભાવની પ્રબળ ઉત્કૃષ્ટ દશામાં માનવ મૂક બની જાય છે, પ્રેમ કરુણા ને શાંતિની ઝંખનાથી રંગાઈ જાય છે, ને તે વખતે પણ તેની પ્રાર્થના ચાલતી હોય છે, જે અંતર્યામી હોવાને લીધે પ્રભુ સારી પેઠે સાંભળે છે ને સમજે છે. પ્રાર્થનાના ઉત્તરમાં પ્રભુ ભક્ત કે સાધકને શક્તિ આપે છે, ને તે શક્તિથી સાધક દુર્ગુણોને દૂર કરવાનું તેમજ સારીનરસી પરિસ્થિતિમાં સ્વસ્થ રહેવાનું બળ મેળવે છે. વધુમાં સાધકની જવાબદારી પણ પ્રભુ ઉપાડી લે છે. સાધકની બધી ચિંતા પણ પ્રભુ કરે છે, ને નાના બાળકની જેવા સાધકને માટે કૃપાળુ ને માયાળુ માતા બની તેની બધી સંભાળ પણ તે રાખે છે. એટલા માટે સાધકે પ્રાર્થના જેવા સાધન દ્વારા નમ્રાતિનમ્ર બની સર્વપ્રકારે ઈશ્વરના જ થઈ રહેવું. ભક્તિની મહત્તાને સમજી લઈ, ખૂબ પ્રેમથી તેણે પ્રભુને ભજવાનું ચાલુ રાખવું, ને પ્રભુના સાક્ષાત્ દર્શન દ્વારા કૃતકૃત્ય થવાનો હંમેશા પુરૂષાર્થ કરવો.

ક્રોધ ને કામની વૃત્તિ માણસમાં સહજપણે રહેલી છે. માટે તેને સારે માર્ગે એટલે કે ઈશ્વરને માર્ગે વાળવી એમ પણ કેટલાક માણસો માને છે. એટલે કે ક્રોધ કરવો હોય તો ઈશ્વર પર જ કરવો. ઈશ્વરને કહેવું કે મને કેમ દર્શન દેતા નથી? મને દર્શન દેશો ને શાંતિ આપશો એમાં તમારું શું જવાનું છે? પણ ઊંડો વિચાર કરીએ તો જણાશે કે આવી ભાવના વધારે ભાગના ભક્તોને થાય છે, ને તે ક્રોધ કહી શકાય કે કેમ તે એક પ્રશ્ન જ છે. મારી સમજ પ્રમાણે તેને ક્રોધ કહી શકાય નહીં, છતાં પણ જો તે ક્રોધ જ હોય તો તેવો ક્રોધ નુકશાનકારક કહી શકાય નહીં.

કામવૃત્તિનું પણ એવું જ છે, ઈશ્વરનું રૂપ કેટલું સુંદર ને મનહર છે, તે રૂપને જોવાનો આનંદ પણ કેવો અપાર છે, એવા વિચારોથી આનંદ માની ઈશ્વરને જોવા આતુર બનવું ને ઈશ્વરના પ્રેમથી વધારે ને વધારે તરબોળ બનવું જરૂરી છે.

લોભના સંબંધમાં પણ એવું જ છે. ઈશ્વરની કૃપા બનતી વહેલી તકે ને વધારેમાં વધારે પ્રમાણમાં પ્રાપ્ત થાય તે માટે ભક્તે સદા પુરૂષાર્થ કરવો. આ પ્રમાણેના સાધનથી ભક્તને એકંદરે નુકશાન નહિ પણ લાભ જ થશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૫: દાસ ભાવ વિશે

પોતાની જાતને શુદ્ધ કરવાનો પ્રયાસ કરનારા ને કૈંક અંશે શુદ્ધ થઈ ચુકેલા ભક્તો ખૂબ જ નમ્ર હોય છે. તેવા નમ્ર ભક્તોમાં પ્રભુના પ્રેમનો ઉદય થાય છે. પછી તો તેમનું સ્વરૂપ કેટલું બધું મધુર ને પ્રેમમય બને છે તે વિશે કહેવું જ શું? મૂળભૂત રીતે વિચાર કરીએ તો આ વસ્તુ કેવળ તર્ક કે વિચારણાની નહીં, પરંતુ અનુભવની છે, ને તેથી જ પ્રેમમાર્ગના સાધક થયા વિના, ઈશ્વરી પ્રેમની પગદંડીના સાચા પ્રવાસી બન્યા વિના તેનો મર્મ પુરેપુરો સમજી શકાતો નથી. એક વાત મહત્વની છે કે પ્રેમભક્તિના મહિમા વિશે વધારે ને વધારે વિચાર કરવાથી પ્રેમના માર્ગના પ્રવાસી બનવાનો છેવટે વિચાર થાય છે, ને ઈશ્વરપ્રાપ્તિ તેમજ ઈશ્વરની કૃપાની પ્રસાદી મેળવી જીવનને શાંત ને સફળ કરવાની પ્રેરણા પણ મળે છે. આ હેતુ સફળ થાય તો પ્રેમભક્તિની ચર્ચાવિચારણાનું સંગીન કે નક્કર પરિણામ નીવડ્યું કહેવાય.

કેટલાક ભક્તો પોતે ઈશ્વરના દાસ છે એ ભાવનાથી ભક્તિ કરે છે. જેમ સેવક પોતાના શેઠનાં બધા જ કામ કરે કે શેઠના હુકમ બજાવે, તેમ તે ઈશ્વરની મંગલમયી ઈચ્છા માની પ્રત્યેક સારી કે નરસી દેખાતી પરિસ્થિતિમાં આનંદ માને છે, ને ભક્તિની ને તે દ્વારા સ્વયં ઈશ્વરની પ્રાપ્તિને ઈશ્વરની આજ્ઞા માની ભક્તિરસમાં મશગુલ રહે છે.

કેટલાક માણસો કહે છે કે દાસ થવાનું કામ તો તદ્દન સહેલું છે. તે કામ તો સહેલાઈથી થઈ શકે. પણ તે બરાબર નથી. ઈશ્વરના દાસ થવાનું કામ માણસો ધારે છે તેટલું સહેલું નથી. દાસ થવા માગનારામાં ખૂબ જ નમ્રતા ને પ્રેમ હોવો જોઈએ. વળી ઈશ્વરની શક્તિમાં તેને દૃઢ શ્રદ્ધા જોઈએ. તેની પાસે પોતાની એવી કોઈ દલીલ, યાચના કે તર્કજાળ ના હોવી જોઈએ, હોય તો પણ ઈશ્વરની ઈચ્છા સાથે તેનો સુમેળ સંધાતો હોવો જોઈએ. જે માણસ જક્કી કે હઠાગ્રહી જ નહિ પણ દુરાગ્રહી હોય તે ઈશ્વરના સાચા દાસ બની શકશે નહીં.

દાસભાવનું ઉજ્જવલ ઉદાહરણ હનુમાનજીનું છે. લંકાના યુદ્ધમાં લક્ષ્મણ ઘવાયા ત્યારે રામની આજ્ઞાથી રાતનો વખત હતો છતાં પણ જરા પણ વિરોધ કે બડબડાટ કર્યા વિના સંજીવની લાવવાને માટે તેમણે પ્રયાણ કર્યું. અનેક કષ્ટો વેઠીને પણ સીતાજીની શોધ કરી અશોકવનમાં તેમને મળ્યાં ને બદલામાં કંઈ જ ના ઈચ્છયું. ઈચ્છયો કેવળ રામ ને સીતાનો પ્રેમ. આ પ્રેમ પણ તેમના દિલમાં કેટલો ઉત્કટ હતો! લંકાનું યુદ્ધ પૂરૂં થયું ને અયોધ્યામાં રામનો રાજ્યાભિષેક થયો તે વખતે જુદી જુદી રીતે મદદ કરી હતી તેવા પુરૂષસિંહોને રામ ને સીતાએ જુદી જુદી ભેટ આપવા માંડી. તે વખતે સીતાજીએ હનુમાનજીને મોતીનો હાર આપ્યો. બીજો કોઈ સાધારણ માનવ હોત તો આવા પુરસ્કારના બદલામાં આપનારનો ખૂબ આભાર માનત ને પ્રસન્નતાથી નાચી ઉઠત. પરંતુ હનુમાનજી તો મહાપુરૂષ હતા; સાચા અર્થમાં રામભક્ત હતા. તેમણે તો માળાના મણકાને એક પછી એક તોડવા માંડ્યા. સીતાજીએ હનુમાનજીની આ અકલ્પનીય ચેષ્ટાનું કારણ પૂછ્યું તો હનુમાનજીએ ઉત્તર આપ્યો કે મોતીની માળાના મણકા તો સુંદર છે, પણ તેમાં રામ છે કે નહીં તે જોઈ રહ્યો છું ને એક પછી એક એમ બધા જ મણકા તેમણે તોડીને ફેંકી દીધા. કદાચ આ વાત કવિની કલ્પના હશે, ને તે પૂર્ણ કે સર્વાંગસુંદર નહિ હોય કેમ કે તેને સાચા રૂપમાં સ્વીકારી લેવાથી બીજા કેટલાક

પ્રશ્નો પણ ઉઠે છે. એવો પ્રશ્ન થવાનો પણ સંભવ છે કે સીતાજીની રામભક્તિ શું કમ હતી? મન, કર્મ કે વચનથી એક રામમાં જ મારી પ્રીતિ હોય તો હે અગ્નિદેવ, તમે મારી રક્ષા કરો, એમ વિશ્વાસ ને દૃઢતાપૂર્વક કહેતાવેંત જેની અગ્નિદેવે રક્ષા કરી તે સીતાજીની રામભક્તિ કેટલી અલૌકિક હશે! તેમની પ્રત્યેક વસ્તુમાં રામ રામ ને રામનો જ રણકાર હોય એ દેખીતું જ છે.

માળાને તોડીને હનુમાનજીએ કહ્યું હોત કે માળાના મણકા છે તો સુંદર, પણ રામ વિનાની કોઈયે વસ્તુ-પછી તે ગમે તેટલી સુંદર હોય, તો પણ મારે ખપની નથી માટે જ આ મણકાને મેં તોડી જોયા. પરંતુ આ મણકામાં તો ખરેખર રામનો પ્રેમ રહેલો છે-ખુદ રામનો વાસ છે છતાં રામના પ્રેમી ભક્તને આવા કીમતી આભૂષણનું કામ ના હોય. રામનું નામ જ તેનું સાચું ભૂષણ છે, રામનો પ્રેમ જ તેનો સાચો શણગાર છે. માટે હે સીતામાતા, મને તો તે પ્રેમનો જ આશીર્વાદ કે પુરસ્કાર આપો. રામ ને સીતા જ મારા હૃદયમાં વાસ કરીને રહેલા છે ને એમ કહીને પોતાના હૃદયમાં રહેલા રામસીતાને તેમણે બતાવ્યા હોત તો વધારે સુંદર લાગત. આદર્શ પણ તે જ ઉત્તમ થાત. મણકામાં કે મોતીની માળામાં રામ નથી એમ કહેવું સારૂં નથી કેમ કે રામનો ભક્ત તો બધે જ રામને જુએ છે. તેને માટે રામ વિના સંસારમાં કોઈ વસ્તુનું અસ્તિત્વ જ નથી. ચરાચરમાં તે તો એક રામને જ જુએ છે. પણ આ તો બધી તટસ્થ રીતે થતી વિચારણા છે.

રામાયણમાં પ્રસંગ છે તે કવિની કલ્પના પણ હોઈ શકે છતાં તેમાં મુખ્ય સાર એ જ છે કે રામના ભક્તને રામ વિના સંસારની કોઈ વસ્તુની ઈચ્છા હોતી નથી. હનુમનાજી આવા શ્રેષ્ઠ રામભક્ત હતા. રામના દાસ થવાનું કામ આવું કપરૂં છે. જે રામ કે ઈશ્વરના દાસ હોવાનો દાવો કરે છે છતાં પણ સંસારના પદાર્થોના પાશમાં બંધાયેલા રહે છે, ને કેવળ ઈશ્વરના ચરણોમાં પ્રીતિ કરતા નથી, તેમનો તે દાવો વૃથા જ છે એમ નક્કી માનવું. ઈશ્વરનો દાસ દુનિયામાં રહે તેનો વાંધો નથી. દુન્યવી વાતાવરણથી તે વીંટળાયેલો પણ ભલે હોય, પણ તેનું મન તો સદા ઈશ્વરમાં જ હોવું જોઈએ. ઈશ્વર વિના બીજા કોઈયે પદાર્થમાં તેને મમતા હોવી ના જોઈએ. તન, મન ને વચનથી એક રામને જ તેણે ભજવા જોઈએ ને તેમાં જ આનંદ પણ માનવો જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૬ : ભક્તિની એક બીજી ધારા

જેમ પ્રભુને સ્વામી ને પોતાને દાસ માનીને ભક્તિ કરનારા ભક્તો સંસારમાં છે, તેમ પ્રભુ પોતાના પ્રિયતમ છે, ને પોતે જીવભાવમાં રહેલ પ્રભુની પ્રાણપ્યારી પ્રિયતમા છે, એ ભાવમાં સ્થિર થઈ ભક્તિ કરનારા ભક્તો પણ છે. આવા ભક્તો જેમ સ્ત્રી પોતાના પતિને પ્રસન્ન કરવા તનમનથી પ્રયાસ કરે છે, તેમ પ્રભુને માટે શરીર ને મનની બધી જ શક્તિનો ઉપયોગ કરે છે.

આ બાબતમાં એક પ્રસંગ રજૂ કરવાનું મન થાય છે. મીરાંબાઈ ઘર છોડી ભગવાન શ્રીકૃષ્ણના પ્રેમમાં મસ્ત ને પાગલ બની વૃંદાવન ગયાં, ત્યારે ત્યાં પ્રસિદ્ધ ભક્તપુરૂષ જીવા ગોસાંઈ રહેતા હતા. તેમને મળવાની મીરાંબાઈને ઈચ્છા થઈ. મીરાંએ ગોસાંઈજીની રજા મંગાવી તો તેમણે જવાબ દીધો કે 'હું કોઈ પણ સ્ત્રીનું મુખ જોતો નથી.' મીરાંબાઈ આ જવાબ સાંભળીને અચંબો પામ્યાં, પણ નિરાશ થયાં નહીં. તેમણે જીવા ગોસાંઈને ફરી સંદેશ મોકલ્યો કે 'હું તો એમ સમજતી હતી કે વૃંદાવનમાં તો શ્રીકૃષ્ણ એક જ પુરૂષ-પરમ પુરૂષ કે પુરૂષોત્તમ રૂપે રહેલા છે. બીજા જે કોઈ માણસો વૃંદાવનમાં આવે છે તે કૃષ્ણભક્તિના રંગે રંગાઈ જાય છે. તેમની દશા ગોપીઓના જેવી થઈ જાય છે. ગોપીઓની જેમ પ્રેમવિહ્વલ બની, કૃષ્ણના દર્શનસ્પર્શનને માટે વ્યાકુળ બની, તે વૃંદાવનમાં વસી રહે છે. એમ કહો કે સાચો ભક્ત ત્યાં રહીને પોતાનો પુરૂષભાવ ભુલી જાય છે, ને એક કૃષ્ણને જ પ્રિયતમ માની, પોતે તેની સાચી દાસી બની જીવી રહે છે. પરંતુ તમારા જીવનમાં તો આથી ઉલટી જ વાત દેખાય છે. તમે વૃંદાવનમાં વસો છો છતાં હજી તમને ગોપીભાવ પ્રાપ્ત થયો નથી, તમે પોતાને હજી પુરૂષ ને બીજાને સ્ત્રી માનો છો, ને એમ ભેદભાવવાળા વ્યવહારમાં રાચી રહ્યા છો તે ખરે જ અચરજની વાત છે. તમારા જેવા ભક્તપુરૂષ સ્ત્રી ને પુરૂષમાં ભેદભાવ રાખે ને કૃષ્ણપ્રેમથી દૂર રહે એ આશ્ચર્યજનક છે! તમારા આવા જ્ઞાન કે વિવેકને ધન્યવાદ ઘટે!' આ રહ્યા મીરાંના એ વિખ્યાત શબ્દો -

"આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરૂષ છે એક,
વૃંદાવન વસી હજી પુરૂષ રહ્યા છો તેમાં ધન્ય તમારો વિવેક."

આ સંદેશથી જીવા ગોસાંઈનો મોહપડદો દૂર થઈ ગયો. તેમને થયું કે મીરાં તો કૃષ્ણની મહાન ભક્ત લાગે છે. તેને મળવાની ના કહેવામાં મેં ભૂલ કરી છે. ને તે પછી તેમણે મીરાંને મળવાનું માન્ય રાખ્યું એ વાત પ્રસિદ્ધ જ છે છતાં પણ એ વાતનો વિસ્તાર કરવાની આપણી ઈચ્છા નથી. આપણે તો આટલો આવશ્યક પ્રસંગ જ તેમાંથી લેવાનો છે. આ પ્રસંગને નોંધી બતાવવાનો સાર એ જ છે કે ભગવાનને સ્વામી માનીને ભજનારા ભક્તોને મન સમસ્ત સંસાર વૃંદાવન બરાબર છે. તેમને પ્રભુ જે કૃષ્ણ છે—એટલે કે જીવમાત્રના મનને પોતાની તરફ આકર્ષિત કરનાર છે, તે ચરાચરમાં વ્યાપક છે. સમસ્ત સંસારમાં તેમને મન તે જ એક સ્વામી છે, પુરૂષોત્તમ છે, ને પોતે તેમજ સમસ્ત સંસાર તેની દાસી ગોપીઓ છે. આ જ ભાવમાં તે સદા પ્રતિષ્ઠિત રહે છે ને વિશ્વના વૃંદાવનમાં વાસ કરી પોતાનો સઘળો સમય પ્રભુને પ્રસન્ન કરવાના પવિત્ર કામમાં પસાર કરે છે.

ભક્ત કે પ્રભુના પ્રેમીની એક બીજી પણ ભાવધારા છે. તેમાં વસનારા પ્રેમીઓ પ્રભુને પોતાની પ્રિયતમા માને છે, ને પોતે તેની પાછળ પાગલ બનેલા આશક હોય તેમ વર્તે છે. ખાસ કરીને સુફીઝમમાં આ પ્રકારનું વલણ વધારે દેખાય છે, ને સૂફી કવિઓની રચનાઓમાં તેનો પડઘો પડે છે. પણ આ સાધના ખૂબ સંભાળપૂર્વક કરવાની છે. ઈશ્વરને નામે તેના અંશ જેવી છતાં અપૂર્ણ એવી કોઈ સંસારની સ્ત્રીમાં પ્રેમના આવેગમાં આસક્ત ના થઈ જવાય તેની ભક્તે ખૂબ તકેદારી રાખવી રહે છે. તે ઉપરાંત દિવ્ય પ્રેમને નામે શારીરિક સુખ ને ક્ષુદ્ર ઈન્દ્રિયના રસમાં જ ડૂબી જવાનાં સ્વપ્ન ન સેવાય તેની કાળજી પણ આવા પ્રેમીઓએ રાખવી પડે છે. ભક્તિમાર્ગની આ સાધના ખૂબ જ કપરી ને ભયસ્થાનોથી ભરેલી છે. શરીરની લાલસા દૂર થયા વિના આ સાધના થઈ શકતી નથી. આ સાધના ઈશ્વરની સાથે સંસારી માણસો જેવાં નશ્વર સુખો ભોગવવા માટે પણ નથી. તે તો ઈશ્વરને માટેના ભક્તના ઉત્તમોત્તમ પ્રેમસંબંધનો પડઘો છે. તે દ્વારા ભક્ત ઈશ્વરને પોતાના પ્રાણથી પણ પ્રિય માની ભજે છે, ને ઈશ્વરના અનંત સૌન્દર્યને જોવા, તેના અખૂટ રસને ધરાઈ ધરાઈને પીવા સદાય તલસ્યા કરે છે. હૃદયને નિર્મળ કર્યા વિના આ સાધના થઈ શકતી નથી.

આ પ્રેમી ભક્તોના વર્ગથી ખાસ જુદો નહિ, છતાં યે ભાવ ને વિચારધારાની દૃષ્ટિએ જુદો એક ત્રીજો વર્ગ છે. તે વર્ગના ભક્તો ઈશ્વરને મા રૂપે ભજે છે. મા શબ્દ ખૂબ જ મધુર છે. સંસારમાં માણસ બાળક બનીને આંખ ઉઘાડે છે ત્યારે તેને પહેલો ભાષામંત્ર 'મા'નો જ મળે છે. એટલે ઈશ્વરને માણસ 'મા' રૂપે ભજે તે સ્વાભાવિક જ છે. જેમ બાળક 'મા' ના જ આધાર પર જીવે છે, તેમ આવા ભક્તો ઈશ્વરના આશ્રયે જીવી રહે છે. ઈશ્વર વિના તેમનું કોઈ પ્રેય કે શ્રેય હોતું નથી. જેમ મા બાળકની બધી જ ચિંતા રાખે છે, ને યોગ્ય વખતે યોગ્ય વસ્તુ પૂરી પાડે છે, તે જ પ્રમાણે આવા ભક્તોની સંભાળ ઈશ્વરરૂપી મા જગદંબા પણ જરૂર રાખે છે, ને તેમના બધા જ કોડ પૂરા કરે છે. બાળકની જેમ જે આકુળવ્યાકુળ બની જગદંબાને પ્રાર્થે છે ને પુકારે છે, તેના સુમધુર રૂપને જોવા જે તલસે છે ને અંતરના અંતરતમમાંથી આક્રંદ કરે છે, તે જરૂર આ 'મા'ને મેળવી લે છે. 'મા' તેનાથી લાંબો વખત દૂર રહી શકતી નથી. પણ શરત માત્ર એટલી જ છે કે માણસે સરળ બાળક જેમ નિર્દોષ બની 'મા'ને માટે આતુર બની જવું જોઈએ, ને 'મા' વિના સંસારના કોઈયે પદાર્થમાં તેને સુખ લાગવું ના જોઈએ. 'મા'ને માટે તેનું તન, મન અંતર સર્વકાંઈ બેચેન બની જવું જોઈએ.

ભક્ત ને ભગવાનનો આ બધો ભેદ સાધનદશા પૂરતો જ છે એ કહેવાની જરૂર ભાગ્યે જ હોય. જેમ લાલ રંગના વાસણમાં બોળેલું કપડું ધોળું હોય છતાં લાલ થઈ જાય, તેમ પ્રભુને પ્રાપ્ત કરી ચૂકેલો ભક્ત પ્રભુમય જ બની જાય છે. તેનામાં ને પ્રભુમાં કાંઈ ભેદ રહેતો નથી. કોઈ શેઠ પોતાના નોકર પર પ્રસન્ન થઈ તેને પોતાનું ઐશ્વર્ય આપી દે, તેમ પ્રભુ ભક્તને પોતાનું સર્વકાંઈ આપી દે છે. એટલું જ નહીં, દુન્યવી શેઠથી પણ વધુ-ભક્તને અમૃતપદ ને ત્રિતાપથી મુક્તિ ને પરમશાંતિ પણ આપી દે છે. ભક્તનો બધો જ પરિશ્રમ આમ સફળ થઈ જાય છે, ને ભક્ત કૃતકૃત્ય બની જાય છે. એટલે ભક્તિના ગમે તે પ્રિય પ્રકાર દ્વારા પણ ભક્તે ભગવાનની પૂર્ણ કૃપા મેળવવાનું ને ભગવાનનું દર્શન કરવાનું કામ કરી લેવું જોઈએ. આ વાત યાદ રહે ને તેને સિદ્ધ કરવા પ્રયાસ થાય તેમાં જ ભક્તનું શ્રેય રહેલું છે.

મનુષ્યજીવન દ્વારા આ પુરૂષાર્થની સિદ્ધિ થઈ ગઈ તો સર્વ કાંઈ સિદ્ધ થઈ ગયું ને આ વાત ભુલાઈ ગઈ તો બધું જ ખોવાઈ ગયું એમ નક્કી માનવું. વિવેકની પ્રાપ્તિ કરી, સાધનાના માર્ગનો સમ્યક્ વિચાર કરી, ઈશ્વરદર્શન કરી, મુક્તિ કે પૂર્ણતા મેળવવાનું કામ મનુષ્યશરીર દ્વારા જ થઈ શકે છે. બીજા કોઈ શરીરમાં આ સ્વાર્થની સિદ્ધિ થતી નથી. માટે સમજુ માણસે પ્રમાદ છોડી, ધીરજ ને શ્રદ્ધાપૂર્વક ઈશ્વરદર્શન માટેની સાધના કરવી જોઈએ. મનુષ્ય શરીર આટલું કીમતી છે, છતાં વધારે ભાગના માણસો તે દ્વારા દાનવ જેવાં કામ કરી રહ્યા છે. તેને પરિણામે તે દુઃખી થાય છે ને બીજાને પણ દુઃખી કરે છે. માણસ જો વિચાર કરે તો તેને સાચે જ સમજાઈ જાય કે એક ઈશ્વર વિના બીજો કોઈયે પદાર્થ પ્રેમ કરવા યોગ્ય નથી. આ સમજને કાયમ માટે તાજી રાખી દિવસરાત ઈશ્વરની કૃપાની પ્રાપ્તિને માટે પુરૂષાર્થ કરવામાં જ ભકતનું પરમ મંગલ રહેલું છે. વિવેકી ભક્ત આ વાત હૃદય પર હંમેશા અંકિત કરી રાખે.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૭ : ભક્તો ધન્ય છે

પાણીના પ્રવાહને રોકવાને માટે તમે કોશીશ કરો, છતાંયે એક યા બીજા રૂપે તે વહેવાનો જ. તેને સંપૂર્ણપણે ને સર્વબાજુથી વહેતો તમે રોકી નહિ શકો. તે જ પ્રમાણે વિવિધરંગી ફૂલની ફોરમ લઈને પ્રબલવેગી પાંખે ઉડનારા પવનને પણ અટકાવી શકાય છે? ભક્તના ભાવપ્રવાહનું પણ એવું જ છે. ભક્તના હૃદયમાંથી પ્રકટ થઈને વહેનારો પ્રેમપ્રવાહ અબાધિત રીતે એક યા બીજી રીતે વહ્યા જ કરે છે. સંસારનું ગમેતેવું વાતાવરણ પણ એને રોકી શકતું નથી. ભક્તના હૃદયમાં રહેલો પ્રેમભક્તિની પાવન ગંગાનો આ પ્રવાહ દિવસે દિવસે વધારે ને વધારે મહિમા ધારણ કરતો જાય છે. જેમ ગંગા પતિતપાવની ને પાપહારિણી કહેવાય છે, તેમ પ્રેમભક્તિનો આ પ્રવાહ પણ પતિતપાવન છે. ભક્તના રહ્યાસહ્યા બધા જ દોષ આ પ્રવાહના પ્રભાવથી દૂર થઈ જાય છે, ને ગમેતેવા અધમાધમ ભક્તનો પણ તેથી ઉદ્ધાર થાય છે. આ પ્રવાહના પ્રભાવથી એક લુંટ ને ચોરીનો ધંધો કરનાર માણસ કેવી રીતે વિશ્વવંદ્ય વાલ્મિકી ઋષિ બની ગયો, ને શબરી જેવી એક સામાન્ય સ્ત્રી પણ રામદર્શન કરી કેવી રીતે કૃતાર્થ થઈ ગઈ, એ કથા આખું જગત જાણે છે.

ભક્તનો પોતાનો ઉદ્ધાર તો ભક્તિના પ્રભાવથી થઈ જ જાય છે, પણ તેના સમાગમમાં પણ જે કોઈ આવે છે, ને વિશ્વાસપૂર્વક જે તેને સેવે છે, તેનો ઉદ્ધાર પણ થઈ જાય છે એમાં સંદેહ નથી. સંસારના સારરૂપ પરમાત્મામાં જેનું મન લાગ્યું છે તે ભક્તના ભાવપ્રવાહને રોકવાનું કામ પવનને વશ કરવા કરતાં ય કપરૂં છે. વિધ્નો આવે, સુખ, દુઃખ કે મનને હલાવી નાખી નિરાશ કરનારા આઘાતજનક પ્રસંગો આવે, તો પણ ભક્તની ભાવનદી પ્રસન્નપણે વહ્યા જ કરે છે ને પરમાત્માને મેળવવા તલપાપડ બને છે. જેમ સંસારના વિષયોમાં રસ માની આસક્ત બનેલા માણસો ગમે તે ભોગે પણ સંસારના વિષયોની પ્રીતિને છોડતા નથી, તેમ ભગવાનના ભક્તો પણ એક ભગવાન વિના બીજા કોઈનેય ભજવાનું કે પ્રેમ કરવાનું પસંદ કરતા નથી, ને કોઈયે પરિસ્થિતિમાં ભગવાનને છોડતા નથી. સંસારના વિષયો માટે કેટલીકવાર માણસોને હેરાન થવું પડે છે, રોવું પડે છે, ને કષ્ટ ભોગવવું પડે છે, છતાં પણ શ્વાસ હોય ત્યાં સુધી તે વિષયોને વળગી જ રહે છે, તે જ પ્રમાણે પ્રભુના પ્રેમના રસિયા પિપાસુ ભક્તો પ્રભુને માટે રડે છે, અગ્નિની જ્વાલા જેવી આકરી વેદનાને સહન કરે છે, ને અનેક પ્રકારના કષ્ટ પણ વેઠે છે, છતાં પ્રભુ વિના તેમને ક્યાંય સુખ લાગતું નથી. એક પ્રભુમાં જ તેમને શાંતિ લાગે છે. ચાતક જેમ બીજાં અનેક પ્રકારના પાણી હોવા છતાંયે વાદળના પાણીને જ પીને આનંદ માને છે, તેમ ભક્ત સંસારના અનેકરંગી સુખવૈભવની વચ્ચે રહ્યા છતાં પણ પ્રભુના જ પ્રેમને ઝંખે છે, ને પ્રભુનો પ્રેમ મળતાં જ તૃપ્તિ અનુભવે છે.

આવા માણસો જ સંસારમાં ખરેખરાં બડભાગી છે આવા માણસોનો જ જન્મ સફળ છે. જે કેવળ પેટ ભરવા માટે સંસારમાં જીવે છે, શરીર ને ઈન્દ્રિયોના સુખમાં જ જે મસ્ત છે, ને કૂડકપટ કે અનીતિના પ્રતિક બની જે જગતમાં જીવે છે, તે જીવે તોય શું ને મરે તોય શું ! તેવા જીવનની કીંમત કંઈ જ નથી. જે ધર્મપરાયણ ને પ્રભુપરાયણ છે, તથા બીજાની સેવાના કામમાં લાગે છે તે જીવન જ જીવન છે, ને પ્રસંશનીય તેમજ પૂજનીય પણ તે જ છે. એટલે પોતાનું ને બીજાનું મંગલ કરતા ભગવાનના ભક્તો સંસારમાં સૌથી શ્રેષ્ઠ છે. તેમના અંતરઆનંદ આગળ મોટામોટા વૈભવપતિના વૈભવ પણ ઝાંખા પડે છે. તરૂવર જેમ છાયાનું

દાન દે તેમ તેવા ભક્તો પોતાના સમાગમમાં આવનાર સર્વને શાંતિનું દાન આપે છે, ને ભગવાનની પ્રીતિ કરવાની પ્રેરણા પાય છે. આવા ભક્તોને ધન્ય છે. સંસારના તે સાચા શણગારરૂપ છે. અધર્મ ને અસત્યને માર્ગે જતા જગતને માટે તે નવજીવનની જ્યોતિ જેવા છે. વેરભાવ ને ધિક્કાર તેમજ અલ્પતામાં ડૂબેલા દાનવ જેવા માનવોને માટે તે દુઃખમુક્તિના મંદિરની કુંચી લઈને આ સંસારમાં ફરે છે. જેમની ઈચ્છા હોય તે તેમનો લાભ લે. જેમનું ભાગ્ય ઉઘડ્યું હોય તે તેમનો સહવાસ મેળવે.

પ્રભુના પ્રેમજલમાં જીવનારા આ ભક્તો તે જ જલમાં આનંદ માને છે. પ્રભુના વિના બીજા કોઈયે પદાર્થનો રાગ તેમના હૃદયમાં હોતો નથી. લાંબા પરિશ્રમ ને અનુભવ પછી બીજા બધા જ પ્રકારના રાગને તેમણે દૂર કર્યો હોય છે. પ્રભુના પ્રેમના નશામાં મસ્ત બની, તન મન ને અંતરથી એક પ્રભુને જ પ્રેમ કરી તે આ સંસારમાં જીવી રહે છે.

જેને પ્રભુનો પ્રેમ મળી ગયો, તેને સંસારનું બધું જ ઐશ્વર્ય મળી ગયું એમ નક્કી માનજો. પ્રભુના પાવન ચરણોમાં જેણે પ્રીત કરી, તે સંસારને કોઈ દિવસ ઝેરી, દુઃખી કે તિરસ્કારવા જેવો કહેશે નહિ. સંસાર તો પ્રભુની રચના છે. જે પ્રભુ પરમ મંગલ ને આનંદદાયક છે, તેની રચના અમંગલ કે નિરાનંદ કેવી રીતે હોઈ શકે ? તે તો સંસારને પ્રભુની પ્રતિકૃતિ માની આનંદથી જીવશે, નીતિ ને સેવાના માર્ગે ચાલશે, ને પ્રભુની કૃપા મેળવશે. પંખીના મધુર શબ્દોમાં ને આકાશના વિવિધ વૈભવમાં, નદી ને પર્વત તેમજ ફૂલના સૌન્દર્યમાં, ને કુદરતમાં જ નહિ, પણ માનવના વિવિધ રહસ્યપૂર્ણ વ્યવહારોમાં એક પ્રભુની જ પ્રભા કે સત્તાની ઝાંખી તેને થશે, ને તેથી જ તે જગતને સ્વર્ગથી પણ સુખદ કહેશે. ભક્તની આ અવસ્થા ખરે જ અનુભવ ગમ્ય છે. શબ્દોમાં તેનો પૂરો ચિતાર આપી શકાય તેમ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૮ : ભક્તોની પ્રવૃત્તિ

પ્રભુના પ્રેમમાં રાતદિવસ સ્નાન કરી મધુર, મંગલ ને મસ્ત બનેલા ભક્તો વાત પણ કોની કરે? જેને વીછીં કરડ્યો હોય તેનું ધ્યાન જેમ તેના ડંખની વેદનામાં જ રહે છે, ને ભોગી માણસને રાતદિવસ ભોગના જ વિચાર આવ્યા કરે છે, ને જેમ કીડાને ભમરો કરડે છે પછી તેનું મન ભમરામાં જ રહે છે, એટલે સુધી કે તે પણ પછી ભમરાનું સ્વરૂપ ધારણ કરે છે, તેમ પ્રભુના પ્રેમનો સુમધુર સ્વાદ જેને મળી ગયો, તે તે પ્રેમની જ યાદમાં મશગુલ રહે છે, તેનું મન પ્રભુમાં જ લાગેલું રહે છે, ને પ્રભુનું ધ્યાન ધરતાં, પ્રભુનું ચિંતન, મનન ને નિરંતર સ્મરણ કરતાં છેવટે તે પણ પ્રભુમય જ બની જાય છે. મલય પર્વત વિશે એમ કહેવાય છે કે તેના પરથી પસાર થતો પવન ચંદનના વૃક્ષોની સુવાસવાળો હોય છે, તે પર્વતમાંના ને પર્વતની આજુબાજુના બીજા બધા જ વૃક્ષોને ચંદનના વૃક્ષો બનાવી દે છે. એ વાત સાચી હોય કે નહીં તે જુદી વાત છે, પરંતુ એટલું તો જરૂર સાચું છે કે પ્રભુના પવિત્ર પ્રેમનો સ્પર્શ જેને પણ થઈ જાય છે, તે પવિત્ર બની જાય છે, ને પ્રેમની જીવંત મૂર્તિ હોય તેમ આ સંસારમાં ફરે છે. તેમના દર્શનથી બીજા માણસો પણ પવિત્ર બને છે, ને પ્રેમથી પ્રભાવિત થાય છે.

આવા પ્રેમથી પાવન થયેલા ને બીજાને પણ પાવન કરનારા ભક્તો જ્યારે એકઠાં થાય છે, ત્યારે પ્રભુ વિષયક વાતચીત કરીને આનંદ મેળવે છે. પ્રભુના મહિમા વિશે, પ્રભુ ને તેમના ભક્તોના સંબંધ વિશે, પ્રભુને ભજવાથી થતા લાભ વિશે, પ્રભુને ભજવાના મહત્વ વિશે, ને કેટલીકવાર પોતાના પ્રભુ વિષયક અંગત અનુભવો વિશે વાર્તાલાપ કરીને સ્વર્ગસુખનો અનુભવ કરે છે. આ પ્રકારના વાર્તાલાપથી પ્રભુ પ્રત્યેના પ્રેમમાં કે ભક્તિભાવમાં વધારો થાય છે. જેમ બે પત્થરને ઘસવાથી અગ્નિ ઉત્પન્ન થાય છે તેમ આવા વાર્તાલાપથી પ્રેમાગ્નિની જાગૃતિ થાય છે. વિવિધ પ્રકારના વાર્તાલાપ દ્વારા જેમ દહીંને મથવાથી માખણ નીકળે છે તેમ ઈશ્વર વિશેના અનેકવિધ રહસ્યો ખુલ્લા થાય છે. ઈશ્વર વિશેના આવા વાર્તાલાપ ભક્તનું જીવનબળ કે પ્રેમીજનોનો માનસિક ખોરાક છે. એમ કહેવામાં ખોટું નથી. ઈશ્વર સિવાયની બીજી નિરર્થક વાતોમાં તેમને આનંદ આવતો નથી.

પ્રભુ વિશે વાર્તાલાપ કરતા આ ભક્તો કેટલીકવાર ભાવવિભોર બની જઈ વિચિત્ર રૂપ પણ ધારણ કરે છે. પ્રભુની વાતો કરતાં કેટલીક વાર તે ગદ્દગદ્ થઈ જાય છે. આનંદ આનંદ ને આનંદથી ભરાઈ જઈને તે નાચવા માંડે છે, હસવા માંડે છે. તો કેટલીક વાર પ્રેમના આવેગમાં રુદન પણ કરે છે. શ્રીરામકૃષ્ણ પરમહંસદેવ તથા ચૈતન્ય મહાપ્રભુની આવી જ દશા થઈ હતી. ઈશ્વરનું નામ લેતાં તે ભાવવિભોર બની જતાં, નાચી ઉઠતા, તો કેટલીક વાર એકદમ મૂક અથવા સ્તબ્ધ બની જતાં. પરમહંસદેવ તો 'મા મા' કરતા કેટલીય વાર ઊભાં ઊભાં સમાધિસ્થ પણ થઈ જતાં. મીરાંની પણ આવી જ અલૌકિક અવસ્થા હતી. ગિરિધર ગોપાલની પાસે પ્રેમમસ્ત બનીને કેટલીય વાર નાચતી ને કીર્તન કરતી. લોકલાજ તેણે આ બાબતમાં છોડી દીધી હતી. કેમકે તેને ક્યાં કોઈ ખરાબ કામ કરવું હતું! પ્રભુની પ્રસન્નતા માટે- પ્રભુના દર્શન માટે તે પ્રયાસ કરતી હતી: પછી તેમાં લોકલાજનો ભય શાનો? નિષાદ તેમજ શબરીની દશા પણ આવી જ પ્રેમમય હતી. આજે પણ એવા કોઈ બડભાગી પ્રાતઃસ્મરણીય મહાપુરૂષો જરૂર હશે જેમને પ્રભુમાં આ જ પ્રકારની પ્રીતિ હશે,

પ્રભુના પ્રેમ દોરે જે આવી સતત રીતે બંધાઈ ગયા હશે, ને પંખી જેમ અનંત આકાશમાં મન મૂકીને ઉડે તો પણ તેનો પાર ના પામે, તેમ પ્રેમના આ અનંત પ્રદેશમાં તન, મન ને અંતરની પાંખે સફર કરતા હશે!

ખરેખર જેમને પ્રભુનો રંગ લાગ્યો છે, પ્રભુના મનમોહન રૂપને જોવાની જેમને મોહિની લાગી છે, પ્રભુના પ્રેમમાં જ જે રાતદિવસ ને સારુંયે જીવન એક મહાન ઉત્સવની પેઠે પસાર કરે છે, ને વત્તા કે ઓછા પ્રમાણમાં પણ જેના પર પ્રભુની કૃપા ઉતરી ચૂકી છે, તેમનું જીવન સફળ છે, ધન્ય છે ને પૂજ્ય છે. આજે તો માણસો સંસારના પદાર્થ માટે સુખી ને દુઃખી થાય છે; સંસારી સ્વાર્થ કે હેતુની સિદ્ધિ થતાં આનંદે છે ને નાચી ઉઠે છે ને તેની અસિદ્ધિ થતાં રડી કે કકડાટ કરી ઉઠે છે; પણ ઈશ્વરને માટે તેવો પ્રેમ પ્રકટાવી સુખી કે દુઃખી થતો નથી. તેવા માણસોને ઈશ્વર ને પ્રેમના આવા રહસ્ય કેવી રીતે સમજાય ને ઈશ્વરદર્શન પણ કેવી રીતે થાય ? ઈશ્વરદર્શન માટે તો બીજી બધીયે વાતોમાંથી મનને પાછું વાળી દઈ એક ઈશ્વરમાં જ એકાગ્ર કરવું પડશે. ઈશ્વરની વાતોમાં રસ લેવો પડશે, ઈશ્વરના નામજપ ને કથાકીર્તનમાં મન લગાડવું પડશે ને ઈશ્વરના અલૌકિક રૂપના ધ્યાનમાં દિનરાત પલાંઠી વાળી, પ્રેમના ચાતક થઈને બેસવું પડશે. રોમેરોમમાં ઈશ્વરનો રંગ લગાવવો પડશે. ઈશ્વરને માટે રોવું, પ્રાર્થવું ને સહન કરવું પડશે. ઈશ્વર, ઈશ્વર ને ઈશ્વરનો જ ઉન્માદ ધારણ કરવો પડશે ને ઈશ્વરની ચિંતા ને વેદના લઈ જીવવું રહેશે. ત્યારે જ ઈશ્વરની કૃપા થશે ને ઈશ્વર દર્શનનો આસ્વાદ મળશે.

જેમને આવો આસ્વાદ મળ્યો છે, અથવા જે મેળવવા મહેનત કરે છે, તેમના માતાપિતા, ઘરબાહર ને કુળને પણ ધન્યવાદ ઘટે છે. જે પૃથ્વી પર પ્રેમની પ્રતિમા જેવા આવા સંતપુરૂષ ફરે છે, તે પૃથ્વીને પણ ધન્યવાદ ઘટે છે. માતાપિતાએ આવા મહાન ભક્તને જન્મ આપી વિશ્વનો ભારે ઉપકાર કર્યો, ને પોતાનું જીવન સફળ કર્યું! પૃથ્વી આવા મહાપુરૂષને લીધે વધારે પાવન ને સુશોભિત બની! બીજાને નુકશાન કરનારા અત્યાચારી ને અધર્મી માણસોને બદલે પથરાઓ જ પ્રગટ થયા હોત તો સંસારને માટે કાંઈ જ શોક કરવા જેવું નહોતું. તેવા પુરૂષો જીવે કે મરે તેથી કાંઈ જ ફેર પડતો નથી. પણ જે બીજાનું હિત કરે છે બીજાને મદદ કરી સુખ પહોંચાડે છે, ને પ્રેમના પરમ સાધન દ્વારા પ્રભુદર્શન કરી બીજાને પણ તે માટે પ્રેરણા આપે છે તે પુરૂષો તો સંસારનું જીવન છે, પૃથ્વીના પ્રાણ છે. તે તો ભલે જન્મ્યા! પૃથ્વીના પરમમંગલ માટે તેવા પુરૂષો જન્મતા રહે ને જન્મીને લાંબો વખત બીજાનું મંગલ કરતાં જીવી રહે-સ્થુળ શરીરથી આ પૃથ્વી પર વિચરણ કરે એ ખૂબ જ જરૂરી છે. પ્રભુ તેવા મહાપુરૂષોને વારંવાર પ્રગટ કરો, સંસારમાં કાયમ રાખો ને સંસારને તેમની પ્રેરણા ઝીલી ઉન્નતિને માર્ગે વળવાનું બળ આપો!

એક કવિએ સાચું જ કહ્યું છે કે

'જનની જણ તો ભક્ત જણ, કાં દાંતા કાં શૂર,
નહીં તો રહેજે વાંઝણી, રખે ગુમાવીશ નૂર.'

આવા મહાપુરૂષોના ગુણ ગાતાં મહાન જ્ઞાની શ્રી શંકરાચાર્ય પણ લખે છે કે કુલં પવિત્રમ જનની કૃતાર્થા, વસુંધરા પુણ્યવતી ચ તેન. 'હે પ્રભુ, હે દયામય તમારી કૃપા અમારા પર વરસો, અને અમને પણ તમારા સાચા ભક્ત કે મહાપુરૂષ બનાવો.

☼ ☼ ☼ ☼ ☼

## ૬૯ : મહાપુરૂષોનો મહિમા

પ્રભુના પ્રેમી ભક્તો દુર્લભ હોય છે. હજારો માણસો દુનિયામાં રોજ રોજ જન્મે છે, પણ તેમાંથી કોઈક જ વિરલા પુરૂષ જ આ સંસારના સારરૂપ ઈશ્વરને મળવાને માર્ગે વળે છે, ઈશ્વર છે, ને ઈશ્વરને મળવામાં પરમસુખ રહેલું છે, એવું ભાન કોઈકને જ થાય છે. ભાન થયા પછી પણ ઈશ્વરપ્રાપ્તિને પંથે પ્રયાણ કરવું ને સંકટ તેમજ મુંઝવણોને સહન કરી, પ્રલોભનોની વચ્ચે અડગ રહી, પ્રેમ ભક્તિનું ધન મેળવવું એથીયે વધારે કઠિન છે. ને તેનું લક્ષ્ય ધન તો વળી કોઈ ધન્ય પુરૂષો જ મેળવી શકે છે. આવા પુરૂષોના દર્શન સહેજમાં મળતાં નથી. છતાં પણ આ સંસારમાં તેવા પુરૂષોનો કદી પણ એકી સાથે લોપ થતો નથી, ને તેમના દર્શનની ભૂખ કોઈપણ માણસના દિલમાં જાગતા, તેમનું દર્શન પણ થઈ રહે છે. આવા ઈશ્વરપ્રેમી પુરૂષો તીર્થસ્થાનોમાં પણ વસતાં હોય છે. ને ખરું કહીએ તો આવા પવિત્ર ને પ્રેમી બેઉ પુરૂષોને લીધે તીર્થસ્થાનો વધારે પવિત્ર ને દર્શનીય બનતા હોય છે. યાત્રીઓ તેમના દર્શને જાય છે, એમનો સમાગમ મેળવે છે, ને તેમનના જીવન ને વચનમાંથી પ્રેરણાનું ભાથું ભરી પાછા ફરે છે. આવા ઈશ્વરપ્રેમી ભક્તો તીર્થસ્થાનોના જીવંત દેવતા છે એમાં શંકા નથી.

પણ એનો અર્થ એવો નથી કે તીર્થસ્થાન સિવાય બીજે ક્યાંય ભક્તપુરૂષ કે સંત મળે નહિ. ઈશ્વરના પ્રેમી પુરૂષો જીવતાજાગતાં ને ફરતાં હરતાં મંગલ તીર્થ જેવાં છે. એટલે તે કોઈ તીર્થમાં ના રહે છતાં પણ જે સ્થાનમાં તે જઈને બેસે છે કે રહે છે, તે સ્થાન તીર્થ બરાબર બની જાય છે. તે સ્થાન ભલે ને કોઈ સાધારણ ગામ, નગર કે વન હોય છતાં પણ ઈશ્વરપ્રેમી મહાપુરૂષની હાજરીથી તેનો મહિમા વધી જાય છે. સ્વર્ગ ને વૈકુંઠથી પણ વધારે સુખ ઈશ્વરના ભક્તોને તે સ્થાનમાં લાગે છે. જિજ્ઞાસુ સાધકો ચારેકોરથી ત્યાં ભેગા મળે છે ને પોતપોતાના અધિકાર પ્રમાણે શાંતિ મેળવી ત્યાંથી પાછા ફરે છે. ઈશ્વરપ્રેમી પુરૂષના વચન ને કર્મ તથા તેના શરીરનું પ્રત્યેક પરમાણુ પવિત્ર હોય છે. જેને પણ તેનો સ્પર્શ થાય છે, તે વત્તે ઓછે અંશે પવિત્ર બનવા માંડે છે. દુરાચારી ને અધર્મી માણસો પણ એમના સમાગમમાં આવીને પોતાના મલિન જીવન માટે પશ્ચાતાપ કરે છે, જીવન શાને માટે છે તેના વિચાર કરતા શીખે છે ને દૃઢ નિર્ધાર કરી થોડા વખતમાં તેમની કૃપાથી પુણ્યશાળી ને ધર્મપરાયણ મહાપુરૂષ બની જાય છે. તો પછી જે ખરેખર ધર્મપરાયણ છે અથવા ઈશ્વરના ભક્ત છે, તેમનું તો કહેવું જ શું! તે તો આવા મહાત્માના દર્શન ને સત્સંગથી આનંદના અતિરેકમાં આવી જાય છે. પોતાની જાતને બડભાગી માને છે, ને પરમસુખનો અનુભવ કરે છે.

આવા મહાપુરૂષોના સંગને જ શાસ્ત્રોએ ભવસાગરને તરવાની નૌકા જેવો કહ્યો છે, ને વ્યાસ ને તુલસીદાસ જેવા સમર્થ પુરૂષોએ પણ તેવા જ સત્સંગ વિશે કહ્યું છે કે 'સ્વર્ગ ને મોક્ષનું સુખ પણ ભેગું મળીને એક ક્ષણમાત્રના મહાપુરૂષોના સત્સંગના સુખની બરાબર થઈ શકે નહીં.' આવા દિવ્યપુરૂષોના સંગથી હજારો સાધકોના કોયડા ઉકલી જાય છે, કેટલાયે શ્રેયાર્થીના માર્ગ સાફ થાય છે, ને કેટલાયે પ્રમાદી પુરૂષો કર્તવ્યની સાચી દિશામાં દીક્ષિત થાય છે. ધન્ય છે આવા મહાપુરૂષોને! તેમના જેટલા પણ ગુણગાન ગાઈએ તેટલા થોડા જ છે. ઈશ્વરના દર્શન કરી ચૂકેલા આ મહાપુરૂષો પવિત્રતાની પ્રતિમા બની ગયા હોય છે. તેમનામાં મહાન શક્તિ ભરી હોય છે. એમનો સાચો મહિમા કોણ ગાઈ શકે? પુષ્પદંત ગંધર્વે શિવમહિમ્નસ્તોત્રમાં

શિવની સ્તુતિ કરતાં જે શ્લોક લખ્યો છે તે થોડાક ફેરફાર સાથે ઈશ્વરપ્રેમી સંતોના સંબંધમાં પણ લખી શકાય ને કહી શકાય કે સમુદ્રનું વાસણ હોય, કાજળકાળા પર્વતની શાહી હોય, કલ્પવૃક્ષની ડાળની કલમ હોય, ને પૃથ્વીનો કાગળ હોય, એ બધાને લઈને જો વિદ્યાની દેવી સરસ્વતી પોતે પણ અનંતકાળ લગી લખ્યા કરે તો પણ ઈશ્વરપ્રેમી-ઈશ્વરપ્રાપ્ત મહાપુરૂષોનો મહિમા તે સંપૂર્ણપણે લખી ના શકે. ટુંકમાં તે મહિમા ખૂબ ગહન છે. જેમ આકાશનો તાગ મેળવવાનો અશક્ય છે તેમ તેવા મહાપુરૂષના રહસ્યોને પારખવું પણ અશક્ય જ છે. માણસ પોતાના ગજા પ્રમાણે તેનો લાભ લઈ શકે એટલું જ. જેમ સાગર પરથી પસાર થનારું પ્યાસી પંખી સાગરના પાણીને પાંખ લગાડી પસાર થાય અથવા તેમાં જ થોડીવાર ખેલ કરી આનંદ અનુભવે, તેમ મન કે પ્રાણની પાંખથી રસિયા માણસો મહાપુરૂષોના દિલના દરિયાને સ્પર્શ કરી શકે, તેમાં રહેલાં પ્રેમનો કંઈક અંશે આસ્વાદ માણે છે, ને તેટલાથી પરમ ધન્ય ને તૃપ્ત બની પસાર થાય છે.

ઈશ્વરના આવા કૃપાપ્રાપ્ત મહાપુરૂષો જીવંત શાસ્ત્રો જેવા છે. શાસ્ત્રોની સારરૂપ શિક્ષા તેમણે જીવનમાં ઉતારી હોય છે, ને શાસ્ત્રોના સાધ્ય એવા સાત્વિક જીવન તેમજ ઈશ્વરને તેમણે અનુભવ્યા હોય છે. તેમનું જીવન અનુભવ પર રચાયેલું હોય છે. એટલે તે જે બોલે તે અનુભવના આધાર પર બોલતા હોય છે. એટલે જ તે શાસ્ત્ર અથવા વેદવાક્યનું કામ કરે છે ને માણસોને યોગ્ય માર્ગદર્શન આપે છે. તેમના ઉપદેશ માણસને કદી અનીતિ કે અધર્મ કે પતનને માર્ગે દોરતા નથી, પણ તેનું સર્વવિધ મંગલ સાધે છે. આવા પુરૂષો ભલે શાસ્ત્રોને ના શીખ્યા હોય, શાસ્ત્રીય વિષયોના તર્કવિતર્ક કે વિતંડાવાદમાં તે ભલે ના પડે, ને સરળ કે ગામઠી ભાષામાં જ ઉપદેશ આપે કે બોલે, છતાં પણ તેની કીંમત વધારે હોય છે. એકલા શાસ્ત્રીય જ્ઞાનથી તે અનેક અંશે ઉત્તમ હોય છે, ને સાંભળનારના દિલને અદ્દભુત રીતે સ્પર્શ કરે છે. માણસની જે શંકાઓનું સમાધાન શાસ્ત્રોમાં થવું કઠિન લાગે, તે આવા દૈવી પુરૂષોનાં સાધારણ વચનોથી સિદ્ધ થઈ જાય છે. રામકૃષ્ણ પરમહંસદેવ, નરસી ને મીરાં તેમજ તુકારામ આવાં જ લોકોત્તર મહાપુરૂષો હતાં. તેમણે શાસ્ત્રોનો રીતસર અભ્યાસ મર્યાદિત રૂપમાં જ કર્યો હતો, છતાં તેમના મુખમાંથી જે નીકળતું તે શાસ્ત્રીય ને અસરકારક રીતે નીકળતું. ગોપીઓએ પ્રેમના અનુભવના ઉદ્દગાર કાઢીને જ ઉદ્ધવજીને વિસ્મિત કરી મુક્યા હતા. આજે પણ એવા બાહ્યરૂપે નિરક્ષર સંતો છે જેમની પાસે યુનિવર્સિટીની કોઈ ડીગ્રી નથી, પણ જીવનની વિદ્યાપીઠનો જ અનુભવ છે: છતાં પણ મોટામોટા પંડિતો ને પ્રાધ્યાપકોને તેમના ચરણો પાસે શંકાના સમાધાન ને શાંતિને માટે બેસવું પડે છે. હમણાં જ થઈ ગયેલા શ્રી રમણ મહર્ષિ આના ઉદાહરણરૂપ હતાં. તેવા પુરૂષો ઈશ્વરને મેળવી લે છે. એટલે ઈશ્વર સંબંધી જ્ઞાન પણ તેમને સ્હેજે મળી જાય છે. તે શાસ્ત્રોના જીવતા ભાષ્ય જેવા છે: હાલતા ચાલતાં શાસ્ત્રો છે. શાસ્ત્રો તેમનાથી વધારે શોભા ધારણ કરે છે, શાસ્ત્રોના સિદ્ધાંત તેમના જીવનમાં મૂર્ત થયેલા દેખાય છે. એટલે શાસ્ત્રોના સિદ્ધાંત સાચા છે, ને જીવનમાં ઉતારી શકાય છે, એવો લોકોને વિશ્વાસ બંધાય છે. આ રીતે મહાન પુરૂષો શાસ્ત્રોને વધારે મહાન ને પ્રમાણભૂત બનાવે છે.

કર્મની શ્રદ્ધા પણ આ પુરૂષો દ્વારા જાગ્રત થાય છે, ને દૃઢ બને છે. તે પોતે નિઃસ્વાર્થ ને ઈશ્વરાર્પણ ભાવે કર્મ કરે છે, ને બીજાનું હિત સાધવા સદાય તત્પર રહે છે. કર્મપરાયણ લોકોને માટે તે ઉત્તમ કર્મોનો પાઠ પૂરો પાડે છે. સત્ય, અહિંસા, અભય, પ્રેમ ને બ્રહ્મચર્યમાં પ્રતિષ્ઠિત થઈ સંસારને તે તેની મહત્તા બતાવે

છે, ને અનેક રીતે કર્મ કરી સંસારનો ઉપકાર કરે છે. આમ તો સંતપુરૂષ એક દૈવી સંપત્તિ મેળવીને ઈશ્વરદર્શન કરવાનું જ કામ કરે, ને બીજું કોઈ કામ ના કરે, તો પણ તે દ્વારા તે સંસારનું મહાન હિત જ કરે છે, સંસાર તેના તેટલા કર્મમાંથી પણ ઘણી પ્રેરણા ને આત્મિક વિકાસની શ્રદ્ધા મેળવી શકે છે. છતાં તે કોઈ બીજા કર્મ કરે તો કંઈ ખોટું નથી, તે આવકારદાયક છે, ને તેથી કર્મનો મહિમા વધે જ છે. એમાં શંકા નથી. પોતાના કર્મો દ્વારા અનેક માણસોના અનેક પ્રકારના દુઃખ તે દૂર કરી શકે છે, ને સમય પર સમાજ, દેશ કે સમસ્ત સંસારને પણ દોરવણી આપી સુખશાંતિને મંગલ માર્ગે વાળે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૦: ભક્તો કે સંતોની શક્તિ

દુષ્ટ વિચાર, બૂરી વાસના ને આસુરી સંપત્તિ ઈશ્વરના પ્રેમી મહાપુરૂષોની પાસે પણ ફરકી શકતી નથી. જેમ આકાશમાં સૂર્યોદય થાય ને અંધકારના આવરણ દૂર થઈ જાય, તેમ પ્રેમી ભક્તોના હૃદયરૂપી આકાશમાં ઈશ્વરી કૃપાનો પ્રકાશ થતાં આસક્તિ ને મમતા, સંકુચિતતા ને કેવળ સ્વાર્થવૃત્તિ અદૃશ્ય થઈ જાય છે. પતિતપાવની ગંગાનું પાણી કેવું શીતલ ને સ્વચ્છ તથા સુંદર લાગે છે! ભકતનું હૃદય પણ એવું જ સ્વચ્છ ને શીતલ હોય છે. ભક્તના વિચાર ને ભાવતરંગ એવા જ પવિત્ર હોય છે. જે એના સમાગમમાં આવે છે તેને તે પાવન કરે છે. માટે જ પ્રેમી ભક્તપુરૂષોને પવિત્રતાનું ધામ કહ્યા છે.

આવા મહાપુરૂષો ઈશ્વરને પ્રાપ્ત કરી ઈશ્વર સાથે એકરૂપ થઈ ચૂક્યા હોય છે. જગતમાં તે જીવંત ઈશ્વર છે. આજે જેમ કેટલાક માણસો પોતાને ઈશ્વર તરીકે ઓળખાવે છે, તેમ તે પોતાને ઈશ્વર તરીકે મનાવતા નથી. તેમાં તેમને આનંદ પણ નથી પણ તેમના કર્મ ને લક્ષણ પરથી લોકો તેમને ઈશ્વર જેવા માને છે, કેમ કે ઈશ્વર વિશે માણસની જે પણ કલ્પના છે, તેની ઝાંખી તેમને આવા મહાપુરૂષોમાં થઈ રહે છે. ઈશ્વરની જેમ આવા મહાપુરૂષો પણ જ્ઞાનમય ને આનંદમય, મૃત્યુંજય તથા સર્વસમર્થ હોય છે. તે ઈશ્વરની સાથે એકાકાર બની ગયા હોય છે. તેમના દર્શનથી માણસનું પરમ કલ્યાણ થાય છે. તે નિષ્ફળ જતું નથી. કેવળ વચન કે સ્પર્શ દ્વારા તે માણસનું મંગલ કરી દે છે. તેમની વાણી પણ અમોઘ હોય છે. એટલે તે જે બોલી દે, અથવા જે આશીર્વાદ આપે તે જરૂર સાચા થાય છે કે ફળે છે. સાધારણ માણસની વાણીમાં આવું બળ હોતું નથી. તે જે બોલે છે તેમાંથી ભાગ્યે જ કૈં સાચું પડે છે. તેના આશીર્વાદ કે શાપ કદી ફળતા નથી. પણ મહાપુરૂષોની વાત તેથી ઉલટી જ છે. તેમના મુખમાંથી જે નીકળી જાય તે વજ્રલેપ થઈને રહે છેઃ વિધાતાને પણ તે પાળવું જ પડે છે. આ સત્યનાં સમર્થનમાં ઘણા પ્રસંગો પ્રસિદ્ધ છે.

એકવાર સમર્થ રામદાસ પોતાને આશ્રમે બેઠા હતા. ત્યાં એક બાઈ આવી. તે પોતાના મૃત પતિની પાછળ સતી થવા જતી હતી. એટલે છેલ્લી વાર સંતદર્શને આવી હતી. આ બાઈ સમર્થને પગે લાગી, એટલે સમર્થે તેને આશીર્વાદ આપ્યો કે 'તું આઠ પુત્રોની માતા થજે.' આ સાંભળી બાઈને આશ્ચર્ય થયું ને તેની આંખમાંથી આંસુ નીકળી પડ્યાં. રામદાસજીએ તેને રોવાનું કારણ પૂછયું, તો તેણે પોતાના પતિના મૃત્યુની વાત કહી. રામદાસજીએ કહ્યું કે કૈં નહીં, મારા મુખમાંથી જે નીકળી ગયું છે તે સાચું થવું જ જોઈએ. તેમણે પેલી સ્ત્રીના મૃત પતિના શબને મંગાવ્યું, ને તેના પર પ્રભુસ્મરણ કરી પાણી છાંટયું. એટલે તે શબ જીવતું થયું. બંને પતિ પત્ની રામદાસજીને પગે લાગ્યાં. રામદાસજીએ પ્રસન્ન થઈને તેમને આઠને બદલે દસ પુત્રોનો આશીર્વાદ આપ્યો.

સંત તુલસીદાસના જીવનમાં પણ આને મળતી એક વાત આવે છે. ઈસુ ને નરસી તેમજ તુકારામ ને બીજા અનેક ભક્ત કે યોગી પુરૂષોના જીવન આવા દૈવી પ્રસંગોથી ભરપૂર છે. સંતોના આશીર્વાદથી કેટલાય રોગીના જીવલેણ રોગ મટી ગયા, કેટલાય નિર્ધન ધની ને નિઃસંતાન માણસો સંતાનવાળા બની ગયા, ને તેમના વચનના પ્રતાપે કેટલાય સાધકો સુખ સમૃદ્ધિ પ્રાપ્ત કરી સંસારને તરી પણ ગયા! આ બધા પ્રસંગો વાંચી કે સાંભળીને આજના ઘણા માણસો તેને ચમત્કાર કે ભ્રમ કહી ઉડાવી દે છે. હસી કાઢે છે, ને

અંધશ્રદ્ધાના નમૂના કહી તેની હાંસી ઉડાવે છે. કોઈ સંતપુરૂષના જીવનપ્રસંગ ચીતરવામાં કોઈ વાર ક્યાંક અતિશયોક્તિ થઈ હોય તે બનવા જોગ છે, પણ તેથી જ આવા પ્રસંગો ને તેની પાછળ રહેલી મહાપુરૂષોની વિશેષ શક્તિને ભ્રમ કહી ઉડાવી કે મિથ્યા કહી ઉવેખી શકાય નહીં. કોઈ શ્રદ્ધાળુ માણસો આવા પ્રસંગને સાચા માનતા હોય તો તેમને પણ પેલા પોતાને પ્રગતિવાદી, શિક્ષિત ને સુધારક કહેવડાવનારા માણસો હસી કાઢે છે, ને 'તમે પણ આવી ઉટપટાંગ વાતોમાં માનો છો કે શું?' એમ કહી તેમને વેવલા માણસોમાં ખપાવે છે. પણ આ વાત બરાબર નથી. મહાપુરૂષોના જીવનના આવા પ્રસંગોને ભ્રમ, અંધશ્રદ્ધાના નમૂના તેમજ જાદુગરી વિદ્યામાં ખપાવીને ઉડાવી દેવાનું વલણ બરાબર નથી.

મહાપુરૂષો આવા પ્રસંગ ઉભા કરી શકે છે, ને પોતાની દૈવી શક્તિથી આ સંસારમાં જે ધારે તે કરી શકે છે. અલબત્ત, તે સદાયે મંગલનો જ વિચાર કરે છે, ને તેમની દ્વારા સૌનું મંગલ જ થાય છે. ઈશ્વરના દર્શન દ્વારા કે યોગની ઉચ્ચ પ્રકારની સાધના દ્વારા મહાપુરૂષોને આવી લોકોત્તર શક્તિ કે સિદ્ધિ જરૂર પ્રાપ્ત થાય છે. જાદુગરી વિદ્યા ને આ શક્તિમાં ઘણો ફેર છે. આ શક્તિની પ્રાપ્તિ ઈશ્વરપ્રાપ્ત પુરૂષોને માટે એક સ્વાભાવિક નિયમરૂપે થઈ જાય છે. હા, જે તેવી શક્તિ તરફ ઉપેક્ષા કે ઉદાસીનતા ધારણ કરે છે, તે પુરૂષોને તે શક્તિ મળતી નથી, તો જે તેને ઈચ્છે છે તેમાંથી કેટલાકને થોડા ઘણા પ્રમાણમાં તે મળે છે. પણ તે છે ને મળે છે એ વાત સાચી જ છે. તેને ઉડાવી દેવાનું વલણ બરાબર નથી. અંતે તો આ વિષય કેવળ બુદ્ધિનો નહિ પણ અનુભવનો છે, ને પૂરા અનુભવ વિના આ વિષયનાં રહસ્ય સમજી શકાતા નથી જ. એટલે અનુભવ વિનાના પુરૂષોએ આ વિશે ગમે તેવા અભિપ્રાયો આપવાને બદલે મૂક રહેવું જ બરાબર છે.

છતાં પણ મહાપુરૂષો આવી લોકોત્તર શક્તિ કે સિદ્ધિને માટે જ સાધના કે ભક્તિ કરતા નથી. તેમની સાધના ને ભક્તિ તો ઈશ્વરને માટે જ હોય છે. ઈશ્વરને જોવા માટે જ તે પાગલ થઈ રાતદિવસ ભક્તિ કરે છે. ઈશ્વરને પ્રસન્ન કરવામાં જ તેમનું પરમ સુખ ને શ્રેય સમાયલું હોય છે. ઈશ્વરને માટે જ તે પ્રાર્થતા ને તપતા તેમ જ જીવન ધારણ કરીને ફરતા હોય છે. ઈશ્વર જ તેમના પ્રાણપ્રિય હોય છે. આવી બધી શક્તિ તો તેમને ઈશ્વરની ઈચ્છા કે કૃપાથી મળે છે ને તેનાથી તે કેટલીક વાર બીજાનું કલ્યાણ કરે છે.

ઈશ્વરનું દર્શન કરીને ઈશ્વરની અપરંપાર કૃપા મેળવ્યા પછી જીવનનું કોઈ અંગત વિકાસ ધ્યેય રહેતું નથી. પછી તો જીવન રહે ત્યાં સુધી બીજાની સેવા કરવી, બીજાને બનતી સક્રિય રીતે કામ લાગવું, એ જ કામ બાકી રહે છે. ઈશ્વરની કૃપા મેળવ્યા પછી દુઃખ ને શોક, ભય ને પરિતાપ તથા મોહ ને અજ્ઞાનનો પૂર્ણપણે અંત આવે છે, ને માણસ મૃત્યુનો સ્વામી બની જાય છે. જીવન ને જગતના રહસ્યો પછી તેને હાથ લાગે છે, ને એક કૃતકામ, પૂર્ણ, બંધનમુક્ત માનવની જેમ તે આ સંસારમાં શ્વાસ લે છે. આ દશાની પ્રાપ્તિ એ જ જીવમાત્રનું ધ્યેય છે, ને તે વિના દુઃખદર્દ તેમ જ અલ્પતાથી મુક્તિ મળવાની નથી જ. આ દશાની પ્રાપ્તિ માટે માનવશરીરમાં સંપૂર્ણ શક્તિ ને તક રહેલી છે. માટે જ ડાહ્યા માણસે સમજ્યા ત્યાંથી સવાર માની, ઈશ્વર સાથે પ્રીત કરી, ઈશ્વરના દર્શન માટે બનતો પ્રયાસ કરવો જોઈએ. અજ્ઞાનની ઉંઘમાંથી જાગ્રત થઈ જે સાધન કરશે તે કૈંક પણ પામશે, પણ જે પ્રમાદી બની ઉંઘ્યા જ કરશે તે તો બધું જ ખોશે એ નક્કી છે. ને પાછળથી તે કદાચ રોશે તો પણ કૈં વળવાનું છે?

☼ ☼ ☼ ☼ ☼

## ૭૧ : ભક્તોનો જન્મ મંગલમય છે

ભગવાનના પ્રેમી ભક્તો જગતમાં જન્મે છે, ત્યારે તેમના પૂર્વજ પિતૃલોકમાં આનંદ પામે છે. અમને તારનાર અમારા કુળમાં એક ભક્તપુરૂષ જન્મ્યો, એ વિચારથી તે પોતાની જાતને કૃતાર્થ માને છે. નરસિંહ જેવા મહાપુરૂષ કહે છે તે ભગવાનનો ભક્ત પોતાની ઈકોતેર પેઢીને તારી દે છે. મતલબ કે પોતાના ભક્તિબળથી તે પોતાના વંશના અસદ્ગતિએ પહોંચેલા પૂર્વ પુરૂષોનો પણ ઉદ્ધાર કરી દે છે. તેવા ભક્તપુરૂષને પ્રકટ થયેલો જોઈને પિતૃ આનંદ પામે એમાં શું આશ્ચર્ય છે ? વરસતા વાદળને જોઈને જેમ ચાતક પક્ષીને આનંદ થાય, તેમ તેમને પણ આનંદ થાય છે. તે જ પ્રમાણે દેવતાઓ પણ હર્ષમાં ઘેલા બની જઈને નૃત્ય કરવા મંડી પડે છે. તેમને થાય છે કે પૃથ્વી પર હવે ભક્તિનો મહિમા-પ્રભુના પ્રેમ ને ગુણગાનનો મહિમા ફેલાશે, ને અધર્મનું જોર ઓછું થશે. પ્રભુના ભક્તનું દર્શન કરી તે ધન્ય થાય છે, ને ભક્તના પ્રેમમય જીવનની લીલા જોવાના આનંદમાં તે મસ્ત બની જાય છે.

પૃથ્વી પણ ભક્તપુરૂષનો જન્મ થવાથી સુશોભિત બની જાય છે. પોતાના હૃદય પર વસનારા વધારે ભાગના ઈશ્વરવિમુખ, અનીતિમાન ને શરીર તેમજ ઈન્દ્રિયોના ભોગમાં આસક્ત રહેનારા, સ્વાર્થી પ્રકૃતિના લોકોનાં કામ જોઈને તે ત્રાસી ગઈ હોય છે. કેટલાક દાનવ જેવા દુષ્ટ લોકોના કર્મો જોઈને તે દુઃખી થતી હોય છે. જેમ પોતાના દુષ્ટ બાળકોના અમંગલ કર્મોથી માતાના દિલને દુઃખ થાય છે, તેમ પૃથ્વીના દુઃખનું પણ સમજવાનું છે. તેવા માણસોની વચ્ચે નિઃસ્વાર્થ ને નીતિ તેમજ સેવાપરાયણ ભગવાનના ભક્તનો જન્મ થયો જોઈને પૃથ્વીમાતાને પણ શાંતિ વળે છે. તે પણ આશ્વાસન મેળવે છે કે મારી ગોદમાં પ્રકટ થયેલો આ દૈવી ભક્તપુરૂષ પોતે તરીને બીજાને પણ તરવાનો માર્ગ બતાવશે. બીજા અનેકને સન્માર્ગે વાળશે, ને ધર્મપરાયણ પણ બનાવશે. ભગવાનના આનંદમાં ભક્ત મસ્ત બની નાચશે, કીર્તન કરશે, ને આત્માને શાંતિ આપતાં મંગલ મધુરા વચન બોલશે, તેથી મને પણ શાંતિ મળશે. ભક્તના પ્રાકટ્યથી આ રીતે પૃથ્વીમાતા પ્રસન્ન થાય છે કેમ કે તે જાણે છે કે દુષ્ટ લોકોનું જોર હવે ઓછું થશે. પૃથ્વી ને ભક્તોને આમ તદ્દન નજીકનો સંબંધ છે. ભક્તપુરૂષો પૃથ્વીના અલંકાર છે, પ્રાણ કે જીવનબળ છે, ને તેમનાથી પૃથ્વી વધારે મહિમાવંતી બની જાય છે.

ઈશ્વરવિમુખ, અધર્મી, અન્યાયી ને દુષ્ટ પુરૂષોના સંબંધમાં આથી ઉલટું સમજવાનું છે. તેવા પુરૂષોનો જન્મ થતાં પિતૃને વધારે ને વધારે દુઃખ કે શોક થાય છે કે અમારા કુલમાં આ કુલાંગાર ક્યાંથી પાક્યો? આનાં કરતાં તો પત્થર જન્મ્યો હોત તો કાંઈ શોક કરવા જેવું ન હતું. આ દુષ્ટ માણસ તો કોઈનેય તારી નહિ શકે; કોઈનુંય ભલું નહિ કરે. જેને તેને આ તો હાનિ જ પહોંચાડશે. મનુષ્યના રૂપમાં પ્રકટેલ આ રાક્ષસ પોતાના રાક્ષસી કર્મોથી પોતે તો ડૂબશે, ને સાથે અનેકના માર્ગ કંટકમય કરતો જશે. તેવા માણસના દુષ્ટ કર્મો જોઈ તેના માતાપિતા ને સ્વજન પણ દુઃખી થશે, દેવતાઓ પણ તેના જન્મથી આનંદ નહીં પામે ને પૃથ્વી તો આંસુ જ સારશે. તેવી દુષ્ટ પ્રકૃતિના માણસનું મૃત્યુ થશે ત્યારે પણ કોઈનેય શોક નહીં થાય; બધા એમ કહેશે કે સારૂં થયું-એક માનવરાક્ષસ દુનિયામાંથી ઓછો થયો. પણ ભક્તને માટે તેવું નહીં બને. ભક્તના દેહાવસાનથી તો પૃથ્વીને મોટી ખોટ પડશે. પવિત્ર ને સેવાભાવી તેમજ પ્રભુપરાયણ માણસ આ

સંસારમાંથી જાય એવું કોણ ઈચ્છે? તેની વિદાય કોને ના સાલે? દુનિયાના ડાહ્યા માણસો તેની વિદાય વેળા આંસુ સારશે. વિલાપ કરશે, ને અનંત વરસો સુધી તેની જયંતિઓ ઉજવી તેની યાદને તાજી રાખી, તેમાંથી નવજીવનને માટે પ્રેરણા ને બળ મેળવશે. પૃથ્વી તેના વિના સૂની સૂની લાગશે, ને સજ્જનોને પ્રાણઘાતક વેદનાનો અનુભવ થશે. ભક્ત મહાપુરૂષનો મહિમા આવો ભારે છે.

તેમના પ્રાકટ્યની વાત સાંભળીને દૂરથી ને નજીકથી જીજ્ઞાસુઓ ને સાધકો તેમની પાસે આવે છે ને તેમના સુધાઝરતાં વચન સાંભળી પોતાને કૃતકૃત્ય માને છે. તે વખતે પૃથ્વી પર સ્વર્ગથી પણ અધિક સુખ ને આનંદનો અનુભવ થાય છે. ભક્તોનો પ્રાકટ્ય આ રીતે ખૂબ જ મંગલકારક હોય છે. દુઃખી જગતને સુખી થવાની ને બંધનમાં સપડાયલાને કાયમને માટે મુક્ત થવાની જડીબુટ્ટી આપી તે માનવજાતિનું મહાન મંગલ કરે છે. જગતમાંથી અધર્મ ને અનીતિ ને દૂર કરવા ને પ્યારા પ્રભુના મહિમાને ફેલાવવા ભક્ત પોતાનાથી બને તેટલો પ્રયાસ કરે છે. આવા ભક્તો માનવજાતની મહામોંઘી મૂડી જેવા છે. ઈશ્વર, ધર્મ ને સંસ્કૃતિ તેમજ માનવતાના વિરાટ વૃક્ષના તે સંરક્ષક દેવતા છે. સેવા ને પ્રેમના મંત્રના ઉપદેશક ગુરૂદેવ છે. તેમની હયાતી સંસારને માટે ખૂબ જ જરૂરી ને કલ્યાણકારક છે. તેવા સાચા ભક્તો સંસારમાં પ્રકટ થતાં રહે ને સંસારનું પરમશ્રેય કરી, અનેકને ઈશ્વરપરાયણ બનાવી, સંસારમાં એકતા, શાંતિ, સહકાર ને પ્રેમનું સામ્રાજ્ય ફેલાવે એ જ પ્રાર્થના : હિમાલયના આ પરમપાવન પ્રદેશમાંથી-ગંગાના તટપ્રદેશમાંથી એ એક જ પ્રાર્થના.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૨-૭૩: ભક્તોની વિશેષતા

મનુષ્યના દિલમાં ઊંડી શાંતિ તેમજ અપાર આનંદ મેળવવાની જે ઈચ્છા છે, તેની તૃપ્તિ ભક્તપુરૂષોના સમાગમથી સાચે જ થઈ જાય છે. ઈશ્વરની લીલામાં રસ માન્યા વિના ઈશ્વરના ગુણાનુવાદમાં ગૌરવપૂર્ણ આનંદ મેળવ્યા વિના, કોઈને પણ પરમશાંતિ મળી શકતી નથી, એ નક્કી છે. ઈશ્વરના ચરણકમળમાં પરમ પ્રીત કરવી ને તેને કાયમને માટે નિભાવવી બધા જ પ્રકારના બંધનથી સંપૂર્ણપણે મુક્ત થવા માગનાર માણસને માટે તદ્દન જરૂરી છે. મુક્તિ કે આત્મિક કલ્યાણનો એ વિના કોઈ રામબાણ ઉપાય નથી. ઈશ્વરપ્રેમી ભક્તોના સહવાસથી આ માટે પ્રેરણા મળે છે, સંસારના પદાર્થોમાંથી મમતા ને આસક્તિ દૂર કરી, જીવમાત્રમાં ઈશ્વરનું સ્વરૂપ નિહાળી, ઈશ્વરના લોકોત્તર ને અલૌકિક રૂપને જોવાની શ્રદ્ધા ને શક્તિ જાગે છે, તેમજ જીવનની વધારે ને વધારે પવિત્રતા, સિદ્ધિ ને ઉન્નતિ માટે મન મક્કમ બને છે. ઈશ્વરપ્રેમી સંતોના સમાગમની સરખામણી આ રીતે સંસારના કોઈયે પદાર્થ, સુખ કે વૈભવની સાથે થઈ શકે તેમ નથી. માનવજીવન પર તેનો પ્રભાવ ઘણો પ્રબળ પડે છે. માનવના કાનરૂપી પડિયામાં ભક્તો ઈશ્વરના ગુણાનુવાદનો રસ રેડે છે, ને તેનો સ્વાદ ચાખી માનવનું અંતર અપાર આનંદથી નાચી ઊઠે છે.

ઈશ્વરના નામ ને પ્રેમની પરબ માંડી પૃથ્વીને પાવન કરનારા આવા ભક્તો કોઈ એક જ કુળમાં પાકે છે તેમ નથી. તે બ્રાહ્મણ જ હોય અથવા ક્ષત્રિય હોય એવો કોઈ જ સર્વસામાન્ય ને ચોક્કસ નિયમ નથી. શ્રીમંતને ઘેર જ તે જન્મે અથવા ગરીબ માણસને ત્યાં જ અવતાર ધારણ કરે એમ પણ ચોક્કસપણે કહી શકાય તેમ નથી. અથવા ખૂબ જ કીર્તિને વરેલ એવા ઘર કે કુટુંબમાં પણ તે જન્મે. આ વિશે કોઈ ખાસ ધારાધોરણ નથી. ઈશ્વરની સ્વતંત્ર ઈચ્છા ને ભક્તનાં કર્મ ને કેટલીક વાર સિદ્ધ કોટિના ભક્તની ઈચ્છા પ્રમાણે તેનો જન્મ થાય છે. હા, એટલું લગભગ સર્વસામાન્યપણે દેખાય છે કે પ્રમાણિક, પવિત્ર ને સરળ હૃદયનાં માતાપિતાને ત્યાં ભક્તનો જન્મ થાય છે. જો કે આમાં પણ હિરણ્યકશિપુને ત્યાં પ્રહ્લાદનો જન્મ થયો તે વાત અપવાદરૂપ છે ખરી. છતાં પણ વધારે ભાગના પ્રસંગોમાં આ નિયમ કૈંક અંશે સાચો જણાય છે. બાકી તો ભક્તપુરૂષના અમુક કુળમાં જન્મવા વિશે કોઈ ચોક્કસ ખાત્રી આપી શકાતી નથી.

જેવું કુલનું તેવું જ જાતિનું છે. ભક્ત પુરૂષરૂપે જ જન્મ ધારણ કરશે કે સ્ત્રીરૂપે, એ સંબંધમાં પણ કોઈ પ્રમાણભૂત નિયમની સ્થાપના સાધારણ માણસોથી થઈ શકે તેમ નથી. જો કે ઈશ્વરને ત્યાં તો બધા જ કામ યોજનાબદ્ધ રીતે થાય છે, છતાં માણસની બુદ્ધિ તેનો તાગ કાઢવામાં અસમર્થ જ નીવડે છે. એનો અર્થ એમ થયો કે એકલા પુરૂષ કે એકલી સ્ત્રીને જ ઈશ્વરની ભક્તિ કરવાનો અધિકાર છે એમ ના કહેવાય. મીરાંબાઈ જેવી અવસ્થા પ્રાપ્ત કરી સ્ત્રી પણ ઈશ્વરની પરમકૃપાની પ્રસાદી મેળવી શકે છે. મનુષ્યેતર જાતિની વાત કરીએ તો પણ, ભક્તો જે વૃક્ષ કે વનસ્પતિ પાસે પ્રભુચર્ચા કરતા હશે તે વૃક્ષરાજી ને તેમના ગુણાનુવાદનો મુક્તપણે આનંદ લેનારાં પંખી પણ બીજા કરતાં વધારે બડભાગી જરૂર કહી શકાય.

ભક્તો રૂપાળા જ હોય છે એમ પણ નથી. જો રૂપનો અર્થ આપણે શરીરના બાહ્ય આકારની શોભા કે સુંદરતા એવો જ કરીએ, તો બહુ જ ઓછા ભક્તો આપણને રૂપાળા મળી આવે. પણ રૂપની અંદર જો ગુણ ને મુખ પરના ભાવોનો સમાવેશ પણ કરવામાં આવે, તો ભક્તો રૂપની પરીક્ષામાં જરૂર સફળ થવાનાં. કેટલાક

ભક્તો તો શરીરે ખૂબ બેડોળ હોય છે. પણ પ્રભુને રૂપ સાથે કાંઈ જ લાગતું વળગતું નથી. તે તો ગુણને જ જુએ છે. ઉત્તમ ગુણને કેળવીને જે ભક્તિ કે સાધનાને માર્ગે વળે છે તે જ પ્રભુની કૃપા મેળવી શકે છે. પ્રભુના દરબારમાં તેનું જ માન સૌથી વિશેષ છે. ભગવાન તો ભક્તના ભાવને જ જુએ છે. બહારના કલેવરને જોતો નથી, એ યાદ રાખવા જેવું છે.

વિદ્યા પણ ભક્તમાં વધારે ના હોય તો વાંધો નથી. બધાં જ પ્રકારની વિદ્યા સંસારના ચંચલ કે પરિવર્તનશીલ પદાર્થોમાંથી મનને પાછું વાળી લઈ, તેને સનાતન ઈશ્વરમાં જોડી, માનવને પરમશાંતિ ને મુક્તિ આપે તો જ તેનું કાંઈ મહત્વ છે. વિદ્યા કે જ્ઞાનનું અંતિમ લક્ષ્ય તે જ છે. ભક્તમાં આ વિદ્યા હોય છે. ઈશ્વરનું જ્ઞાન તેના હૃદયમાં પ્રકાશી રહ્યું હોય છે. આ જ્ઞાન તેને માટે પૂરતું છે. ભલેને તેનામાં બીજી વિદ્યા ના હોય, તે તર્કશાસ્ત્રી, પંડિત કે બહુભાષાવિદ્ ના હોય, ઈશ્વરના પ્રેમને લીધે તેની મહત્તા બિલકુલ ઓછી થતી નથી. બીજા વિદ્યાવાન માણસો કરતાં તેનું મહત્વ જરા પણ ઓછું નથી. આ સંસારમાં જન્મ ધારણ કરીને જાણવા જેવી મુખ્ય વાત તે જાણી ચુક્યો હોય છે, અથવા તે તેને જાણવાનો નમ્ર પુરૂષાર્થ કરતો હોય છે. જ્ઞાનના પણ જ્ઞાન, વિદ્યાના સ્વામી એવા ઈશ્વરને જાણવામાં બધું જ જ્ઞાન સમાઈ જાય છે. પોતાના જીવનનો ઉપયોગ તે આ જ વિદ્યાના પતિને મેળવવા માટે કરે છે.

(૨) રૂપ ને કુરૂપ, વિદ્યા ને ઓછી વિદ્યાને લીધે સંસારમાં માણસ ભલે એકમેકથી ઉત્તમ કે કનિષ્ઠ ગણાતાં હોય, ઊંચા ને નીચા કુળમાં જન્મવાને લીધે આ દુનિયામાં ભલે કોઈ આદરપાત્ર ને ઉપેક્ષાયુક્ત મનાતાં હોય, તેમજ ધની કે નિર્ધન હોવાને લીધે કોઈ માણસો ભાગ્યશાળી કે અભાગી કહેવાતાં હોય તો તે પણ ભલે, પરંતુ ઈશ્વરના દરબારમાં તેવું નથી. ઈશ્વરને ત્યાં તો તેના બધા જ ભક્તો સરખા છે. જેમને ઈશ્વરની મોહિની લાગી ગઈ છે, ને ઈશ્વરની કૃપા મેળવવા જે દિનરાત અવિરત પરિશ્રમ કરે છે; જેમણે ઈશ્વરદર્શન કર્યા છે, અથવા તો તે કરવા જે સાધના કરે છે, તે બધા જ ભક્તો ઈશ્વરની દૃષ્ટિમાં પ્યારા છે, સમાન છે ને સરખા જ કૃપાપાત્ર છે. જૂઠાં બોર ખવડાવનાર શબરી કે રાજકુળમાં રહી ચૂકેલી મીરાં બંનેનું ત્યાં તો સરખું સન્માન છે. કોઈ પણ બાહ્ય વિદ્યાને નહીં પામેલા એવા બાળક ધ્રુવ ને પ્રહ્લાદ ને શંકરાચાર્ય જેવા જ્ઞાનીનું ત્યાં તો સરખું જ માન છે. વૃંદાવનની ગોપીઓ હોય કે સાધનામાં પ્રવીણ પાર્વતી હોય, બંનેનું ત્યાં સરખું જ મુલ્ય છે. નિર્ધન સુદામા ને રાજ્ય ચાલાવનાર પાંડવ ઈશ્વરને સરખા જ પ્રિય છે. હનુમાન ને અષ્ટાવક્ર જેવા કુરૂપ લાગતા દૈવી પુરૂષો તેમ જ રૂપાળા મુનિકુમારો ને શુકદેવ તેમને મન બરાબર છે. તેમને શરણે જઈને નિષાદ ને સદન કસાઈ પણ શ્રેષ્ઠ એવી કૃપા પામી ગયા! એટલે ઈશ્વરના ભક્તોમાં કોઈ ભેદ નથી. ભક્તોની જાતિ ને કુલ એક ઈશ્વર જ છે. ઈશ્વર જ તેમનું સર્વ કાંઈ ને તે ઈશ્વરના છે. એટલે જ તેમનામાં પરસ્પર કોઈ ભેદ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૪: વાદવિવાદથી પર રહો

કેટલાક માણસો ચર્ચાખોર હોય છે. વાદવિવાદમાં ઉતરવાની તેમને ખૂબ ટેવ હોય છે. એટલું જ નહિ, ચર્ચામાં ઉતરીને બીજાને કેમ હરાવવા કે ઉતારી પાડવા એ જ તેમનું ધ્યેય હોય છે. આ માણસો પોતાનો પક્ષ જ સાચો છે એમ માને છે. એટલે બીજાના વિચારને સહાનુભૂતિપૂર્વક સાંભળવાને બદલે તેમનું વલણ જક્કી બની જાય છે, ને પોતાના જ વિચાર કે મતની સ્થાપના કરવાની ઉતાવળમાં પડે છે. આમાંથી ક્રોધ પણ જન્મે છે. અસહિષ્ણુતા તો આવે જ છે, ને અભિમાન પણ પ્રકટે છે. જ્ઞાન શાને માટે છે, બુદ્ધિ ને વિચારનું કર્તવ્ય શું છે, એ વાત પણ વધારે ભાગે ભુલાઈ જાય છે, ને માણસ કોરો તર્કવાદી બની જાય છે. આવા તર્કવાદી માણસ પરમાત્માની પ્રાપ્તિ કરીને પરમ શાંતિ મેળવી શકતા નથી. કેમ કે પરમાત્માની પ્રાપ્તિ નમ્રતા કેળવવાથી તેમજ પરમાત્માને માટે વ્યાકુળ બની સાધના કરવાથી જ થઈ શકે છે. માટે જ ઉપનિષદ કહે છે કે नायमात्मा प्रवचनेन लभ्य: આ આત્મા ચર્ચા કે પ્રવચનથી મળી શકતો નથી.

જે માણસો સમજે છે કે સંસારમાં અનેક પ્રકારનાં માણસો વસે છે, તેમની બુદ્ધિ પણ બહુમુખી છે. તે માણસો કોઈની સાથે હાલતાં ને ચાલતાં ચર્ચાના વિશાળ ક્ષેત્રમાં ઉતરી પડતાં નથી. દરેક માણસને તે સહાનુભૂતિથી સાંભળે છે, ને તેની દૃષ્ટિથી સમજે છે. સમય પર માણસ જેમ વિકાસ કરશે, તેમ તેના વિચાર આપોઆપ સુધરશે, ને કેટલીય નવી વાતો તે શીખશે, એમ તે માને છે. એનો અર્થ એમ નથી કે સાચી લાગે તેવી વાત તે કોઈને કહેતા જ નથી. સારા વિચાર તે જરૂર પ્રકટ કરે છે, પણ તેનો બધો જ સ્વીકાર કરી લે એવો હઠાગ્રહ રાખીને બળજબરી કરતા નથી. જે ચર્ચાનું કાંઈ જ પરિણામ ના આવે, જે કેવળ વાણીનો વિલાસ જ હોય, ને જેમાં કેવળ સમય ને શક્તિનો નાશ થાય, તેવી ચર્ચામાં તે ઉતરતા નથી. ચર્ચાને તે જીવનમાં આપવા જેટલું મર્યાદિત સ્થાન જ આપે છે.

ભગવાનના પ્રેમી ભક્તોના સંબંધમાં આ વાત ખૂબ જ મહત્વની છે. ભગવાનનાં ચરણોમાં અખંડ અનુરાગ કરી, જે ભગવાનના મંગલ મધુર દર્શનની જ ઈચ્છા રાખે છે, તેવા ભક્તોએ તો પોતાનો બધો જ સમય જપ, ધ્યાન, પ્રાર્થના ને આરાધનામાં પસાર કરવો. પોતાની સમગ્ર શક્તિ તેમણે એક ઈશ્વરને પ્રસન્ન કરવાના પ્રાણપ્યારા કામમાં લગાડી દેવી, ને તે સિવાયની બીજી બધી જ વાતોને બાજુએ મૂકવી. પ્રભુના સાક્ષાત્ દર્શન માટે ધ્યાનમગ્ન બની રહેવું. તર્ક ને વિતર્કમાં સમય વેડફી દઈને તેમણે શું કરવું છે! તર્ક ને વિતર્ક, પંડિતાઈ ને બુદ્ધિ વિના ચાલી શકશે, પણ શાંતિ વિના નહિ ચાલે, ને શાંતિ તો પ્રભુના દર્શનમાં જ રહેલી છે. પ્રેમી ભક્તોને માટે એ વિના શાંતિ મેળવવાનો કોઈ જ ઉપાય નથી. હા, કોઈ ઉત્તમ જિજ્ઞાસુ કે અધિકારી ભક્તનો ભેટો થઈ જાય, તો તેની આગળ ખુલ્લા દિલથી પોતાના પ્યારા પ્રભુના ગુણાનુવાદ જરૂર ગાવા. પ્રેમભક્તિની રસમયી વાતો કરી તેની સાથે સત્સંગ જરૂર કરવો. તેમાં કાંઈ દોષ નથી. તેથી તો પ્રેમરસમાં વધારો થશે. પ્રભુના ગુણાનુવાદ ને વર્ણનથી તેને સ્વર્ગસુખ મળશે, પ્રભુ પ્રત્યેના ભાવ વધારે ગાઢ કે પ્રબળ બનશે.

બીજી મહત્વની વાત એ પણ છે કે કાચી અવસ્થામાં જેની તેની સાથે ચર્ચા કરવાથી મન ચંચલ ને ભ્રાંત થવાનો તેમજ પોતાના સાચા માર્ગથી ડગી જવાનો પણ ભય રહે છે. તેથી પણ શરૂઆતના સાધકે

ચર્ચાનો આધાર લેવો નહીં. સત્સંગ ને સંત સમાગમનો રસ કેળવી તેણે સાધન ભજન કરવા તરફ જ વધારે ધ્યાન આપવું.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૫: જ્ઞાન અને કર્મ

ભક્તિના રહસ્યનું વર્ણન જેમાં કર્યું હોય તેવા ગ્રંથોનું વાચનમનન ભક્તિમાર્ગના સાધકોને માટે ખૂબ ઉપયોગી છે. ભક્તિના સિદ્ધાંતો સમજવા માટે ભક્તિનાં શાસ્ત્રોનું પઠન કે નિરીક્ષણ ઉપયોગી છે. તેમાંયે ખાસ કરીને ભગવાનના ભક્તોનાં જીવનચરિત્ર વાંચવા ને વિચારવાં ખૂબ જરૂરી છે. ભક્તોએ કેવા કેવા સંજોગોમાં સંસારની આસક્તિને હલકી કરી, ને ઈશ્વરમાં મનને લગાડી કેવી રીતે પ્રીતિ કરી, ને તેમ કરતાં તેમને કેટલી ને કેવી મુશ્કેલી પડી, તેમના માર્ગમાં કેવા પ્રલોભન આવ્યાં, ને તે બધાંને પાર કરી ઈશ્વરની કૃપાની પ્રસાદી તેમણે કેવી રીતે મેળવી લીધી, તેનો ઈતિહાસ ભક્તોના જીવનચરિત્ર દ્વારા સારી પેઠે જાણવા મળે છે. માણસના દિલને તે ખૂબ જ અસર કરે છે, ને પ્રતિકૂળ સંજોગોનો સામનો કરી, તેવી જ રીતે દૃઢતાપૂર્વક આગળ વધી, ઈશ્વરપ્રાપ્તિ કરવાની પ્રેરણા આપે છે. ભક્તિના રસને પોષવામાં ને સુષુપ્ત રસને જાગ્રત કરવામાં જીવનચરિત્રો ખૂબ મહત્વનો ભાગ ભજવે છે. રામાયણ ને મહાભારત તેમજ પુરાણ ને ભાગવત વધારે ભાગે કથાગ્રંથો જ છે. કેવળ ધર્મના કે તત્વજ્ઞાનના સિદ્ધાંત ગ્રંથો કરતાં તે માનવના દિલને વધારે સ્પર્શ કરે છે ને તેથી જ તેમની લોકપ્રિયતા વધી છે. એટલે ભક્ત પણ તેવા ભક્તિભર્યાં ગ્રંથો વાંચવાથી વધારે ને વધારે રસ મેળવશે એ ચોક્કસ છે. પછી તો ભક્તના જીવનપ્રસંગોનો વિચાર કરવામાં તેને સ્વર્ગસુખ લાગશે. દારૂડિયો માણસ જેમ દારૂની દુકાન જોઈ આનંદમાં આવી જાય છે ને મીઠાઈનું બજાર જોઈ મીઠાઈનો રસિયો માણસ નાચી ઉઠે છે, તેમ ભક્તના ચરિત્ર ગ્રંથ જોઈ ભક્ત પણ નાચી ઉઠશે; તેમ તે વાંચવાથી તેને અપાર આનંદ થશે, ને જેમ જેમ તે તેના ઉંડાણમાં ઉતરતો જશે, તેમ તેમ તેને અદ્દભુત લ્હાવા મળ્યા કરશે.

એ તો દેખીતું છે કે માણસ ચોવીસે કલાક ધ્યાનપરાયણ રહી શકતો નથી. સાધકની શરૂઆતની અવસ્થામાં એ કામ કપરું છે એનો ઈન્કાર કરી શકાય તેમ નથી. તો પછી ધ્યાન કે જપાદિ સિવાયનો જે બાકીનો સમય રહે તેનો ઉપયોગ તેણે એવી રીતે કરવો જોઈએ કે તેને સાધનામાં મદદ મળે. આ દૃષ્ટિથી વિચાર કરીએ તો ઉત્તમ આધ્યાત્મિક ગ્રંથોનો અભ્યાસ કે ધર્મપુસ્તકોનું પરિશીલન તેને માટે જરૂરી છે. એટલે ભક્તને માટે ભક્તિના ગ્રંથો વાંચવા ઉત્તમ છે. એનો અર્થ એવો નથી કે તે જ્ઞાન કે યોગના ગ્રંથ ના વાંચે. તેનો નિર્ણય કરવાનું કામ તેનું પોતાનું છે. તેની પસંદગી કરવા તે સ્વતંત્ર છે. પરંતુ એટલું તો ચોક્કસ છે કે તે મુખ્યત્વે ભક્ત હોવાથી ને ભક્તિ દ્વારા પ્રભુપ્રાપ્તિની ઈચ્છા કરતો હોવાથી ભક્તિશાસ્ત્રોનું અધ્યયન તેણે સારી પેઠે કરવું જ જોઈએ. કોઈ સાધકમાં વૈરાગ્ય દૃઢ હોય, દૈવી સંપત્તિ ભરી હોય, ને ભક્તિભાવથી તેનું હૃદય તરબોળ હોય, તેને પરિણામે સતત ઈશ્વરસ્મરણ તેના દિલમાં ચાલતું હોય, તો તે શાસ્ત્રોના વાંચનથી જે થવાનો છે તે હેતુ તો તેનો સિદ્ધ થયેલો જ છે. છતાં પણ આવો સારો સાધક ભક્ત પણ ભક્ત ને ભગવાનના લીલાપ્રસંગોનો વિચાર કરે તો તેમાં કાંઈ ખોટું નથી. પહેલાંના ભક્તો કેવા અસાધારણ ને મહાન થઈ ગયા છે તે જાણી તે પોતાના વિકાસ માટે વધારે ને વધારે જાગ્રત રહેશે, ને ભક્તિભાવની વૃદ્ધિ થવાની સાથે સાથે પરિણામે તેને લાભ જ થશે.

ભક્તિમાર્ગના ગ્રંથોનું વાંચન કે પારાયણ કરીને ભક્ત બેસી રહે, તેનો સમ્યક વિચાર કરી, તેમાં કહ્યા પ્રમાણે પુરૂષાર્થ કરી જીવનને ઉજ્જવળ ને પ્રભુપરાયણ ના બનાવે, તો શાસ્ત્રોના તેવા પોપટ પારાયણથી શું વળે? તેથી માનવને શાંતિ કે ઈશ્વરદર્શન થઈ શકે નહીં જ, ને જીવનનો હેતુ છે તે પણ સિદ્ધ થઈ શકે નહીં. એટલે જ ભક્તને માટે જીવનને ભક્તિમય કરવાની, ભક્તિના રહસ્યોને સમજી વિચારીને જીવનમાં ઉતારવાની ખૂબ જ આવશ્યકતા થઈ પડે છે. શાસ્ત્રોના વાચન, પારાયણ પાછળ કેવળ પૂજાવાનું-કીર્તિ કમાવાનું કે જ્ઞાનનું પ્રદર્શન કરી, લોકરંજન કરી ધન મેળવવાનું ધ્યેય ના હોવું જોઈએ. તેમાંથી સાર ગ્રહણ કરી જીવનને ઉચ્ચ ને પ્રભુપરાયણ બનાવવાનો હેતુ પણ યાદ રહેવો ને સચવાવો જોઈએ.

ઉપરાંત ભક્તના કર્મ પણ ભક્તિને પોષે તેવાં, ઈશ્વરને મેળવવાની વિરહ વેદનાને વધારે ને વધારે તીવ્ર બનાવે તેવાં ને વિશુદ્ધ હોવા જોઈએ. સંત સમાગમ, કથાકીર્તન ને પૂજાસેવાના પવિત્ર કર્મ દ્વારા ઈશ્વરની કૃપા મેળવવા ભક્તે સદા પ્રયત્નશીલ રહેવું જોઈએ. નામજપ પર પણ વિશેષ ધ્યાન આપવું જોઈએ. આજીવિકા માટે જે કર્મ કરવા પડે તે પણ ધર્મ ને નીતિની મર્યાદામાં રહીને જ તેણે કરવા જોઈએ. અનીતિ કર્યા વિના આજીવિકા ચાલે જ નહીં એવો જે ખોટો ખ્યાલ વધારે ભાગના માણસોના મનમાં પેસી ગયો છે, તેને તેણે સદંતર દૂર કરી દેવો જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼



## ૭૬: પ્રમાદનો ત્યાગ કરવાની જરૂર

ભક્તિ એક સાધન છે. પણ ખૂબ જ પવિત્ર, પતિતપાવની ગંગાની જેમ તે પણ પતિતનો ઉદ્ધાર કરનારી ને અતિશય નિર્મળ છે. તાપથી કંટાળેલો માણસ ગંગાના બરફ જેવા શીતલ જલમાં સ્નાન કરીને શાંતિ ને આનંદ અનુભવે છે. તે જ પ્રમાણે પ્રેમભક્તિના પાવન રસમાં જે સ્નાન કરે છે, તેના શારિરીક જ નહિ, પણ માનસિક કે આધ્યાત્મિક તાપ પણ શમી જાય છે ને તેને નવજીવન મળે છે. પ્રેમભક્તિની પરમ પાવન ગંગા છેવટે ઈશ્વરના વિરાટ પ્રેમસાગરમાં મળીને ધન્ય થઈ જાય છે. આ તેનું સાધ્ય કે ધ્યેય છે. તે ધ્યેય પૂરું થતાં ભક્તિની સાધના સફળ થાય છે. આ વખતે ભક્તની જે અલૌકિક અવસ્થા થઈ જાય છે, તેની કલ્પના કરવાનું કામ સાધારણ માણસને માટે ખૂબ જ મુશ્કેલ છે. ઈશ્વરના પવિત્ર દર્શનથી ભક્તને કેવો આનંદ થાય છે, ઈશ્વરનું સ્વરૂપ કેવું સુંદર ને દૈવી હોય છે, તેમજ ઈશ્વરદર્શન વખતે ને તે પછી ભક્તની દશા કેવી હોય છે, તે વાતનો સમ્યક ચિતાર તો અનુભવસંપન્ન ભક્તો જ આપી શકે. ને તે પણ મર્યાદિત રૂપમાં જ. કેમ કે હૃદય જેટલું પણ અનુભવી શકે છે તેટલું વાણી થોડું જ ગ્રહણ કરી કે વ્યકત કરી શકે છે?

એટલું તો કહી શકાય તેમ છે કે ભક્તિરસ પ્રબળ બનતાં ને છેવટે ઈશ્વરનું દર્શન થતાં બધી જ ઈચ્છા પૂરી થઈ જાય છે. માણસ પૂર્ણકામ થઈ જાય છે અથવા તો તેને કેવળ પોતાની એવી કોઈ ઈચ્છા રહેતી નથી. તેની ઈચ્છા ઈશ્વરની ઈચ્છાને અનુરૂપ બની જાય છે. વળી તે ઈચ્છા સદાયે મંગલ હોય છે. તે ઉપરાંત ભક્તિરસ ગાઢ બનતાં ને છેવટે ઈશ્વરની કૃપાનો સારી પેઠે અનુભવ થતાં માણસ પરમશાંતિ ને આનંદથી ભરાઈ જાય છે. સુખ ને દુઃખ તેમજ સારા કે નરસા વાતાવરણમાં તેની માનસિક શાંતિનો ભંગ થતો નથી. તેના ચિત્તની ચંચલતા કાયમને માટે દૂર થઈ જાય છે. ભક્તિના અક્ષય ને અમુલખ ધનને પ્રાપ્ત કરીને તેને કંઈ પણ પ્રાપ્ત કરવાનું રહેતું નથી, તેના જીવનનું ધ્યેય પૂરૂં થઈ જાય છે. એટલે પ્રભુ ને કે તેના પ્રેમને સારી પેઠે મેળવી ચૂકેલો સાધક કદી ને કોઈયે પરિસ્થિતિમાં અશાંત બનતો નથી. ઉલટું, અશાંત માણસ તેની પાસે પહોંચી શાંતિ પ્રાપ્ત કરી લે છે. સાંસારિક પદાર્થોની પ્રાપ્તિ માટે ચંચલ બની તે ગડમથલ પણ કરતો નથી.

આ ઉત્તમ અવસ્થાની પ્રાપ્તિ કાંઈ સહેજમાં થઈ જતી નથી. તે માટે ખૂબ સાધનભજન કરવું પડે છે. જ્યાં સુધી ઈશ્વરનું સાક્ષાત્ દર્શન થાય નહીં, ત્યાં સુધી ભક્તિમાર્ગના સાધકે શાંતિ માની કે ખોટા ઓડકાર ખાઈને બેસી રહેવાનું નથી. ધીરજ ને હિંમત ધારણ કરી, લગનીપૂર્વક તેણે ખૂબ સાધના કરવાની જરૂર છે. સમય ખૂબ કીમતી છે, ને જે ક્ષણ વહી જાય છે તે પાછી આવતી નથી. એમ સમજીને તેણે એકેક ક્ષણ ઈશ્વરકૃપાની પ્રાપ્તિ માટેના પુરૂષાર્થમાં લગાડી દેવી જોઈએ. ઈશ્વરના ધ્યાનમાં તેણે મસ્ત બનવું જોઈએ. ને ઈશ્વરના દર્શન માટે તલપાપડ થઈ પ્રાર્થવું જોઈએ. આવી ઉત્કટતા ને તાલાવેલી વિના ઈશ્વરનું દર્શન કદી થઈ શકતું નથી.

સાધારણ માણસે પણ સમજવું જોઈએ કે જીવન ખૂબ ચંચલ છે. પાણીના પરપોટા જેવું છે. પરપોટાને ફુટતાં વાર લાગતી નથી, તેમ જીવન ક્યારે ચાલ્યું જાય, વર્તમાન જીવનનો ક્યારે અંત આવે, તે કહી શકાય તેમ નથી. ને તે જવાનું છે એ ચોક્કસ છે. તો પછી આ જીવન દ્વારા વહેલામાં વહેલી તકે

ઈશ્વરપ્રાપ્તિ કરવા બુદ્ધિમાન પુરૂષે પ્રયાસ કરવો જોઈએ. જીવનનો જે કીમતી સમય બાકી છે તેમાં ઈશ્વરની કૃપા માટેની સાધના કરી શાંતિ મેળવવી જોઈએ. ડાહ્યા માણસે આમાં વિલંબ કરવો બરાબર નથી. સંસારનાં બીજાં કામોમાં ધ્યાન આપ્યા વિના ચાલે તેમ ના હોય તો પણ તે કામની સાથે સાથે ઈશ્વરપ્રાપ્તિની સાધના કે ભક્તિ પણ કરવી.

કેટલાક માણસો સમજુ હોય છે. ભક્તિ ને માનવજીવનની મહત્તાની તેમને ખબર હોય છે, છતાં ભક્તિના રંગે રંગાવામાં તે વિલંબ કરે છે. અનેક પ્રકારની ઈચ્છાથી ઘેરાયેલા તેમના મનમાં નિશ્ચયાત્મિકા બુદ્ધિનો જન્મ થઈ શકતો નથી. 'ઈશ્વરની કૃપા મેળવવાની ઈચ્છા છે, જીવન ખૂબ ચંચલ છે, એ પણ ખબર છે છતાં હજી જે થોડીઘણી ઈચ્છા છે, જે કેટલાક કામ કરવાના બાકી છે, તે પૂર્ણ કરીને ઈશ્વરને માર્ગે વળીશું.' આવી તેમની માન્યતા હોય છે. આવા માણસોની ઈચ્છાઓ એક પછી એક વધતી જ જાય છે, ને એક દિવસ કાળદેવતા પણ તેમનો કોળિયો કરી જાય છે. ઈશ્વરની કૃપાની તીવ્ર તરસ ન જાગવાને લીધે જ તે આ પ્રમાણે માન્યતા ધરાવે છે. જેને ઈશ્વર માટેની તરસ લાગી છે, તે તો ઈશ્વર વિના લાંબો વખત રહી શકશે નહીં, ઈશ્વર માટે કમર કસીને પ્રયાસ કરશે, ને પોતાનું ધ્યેય સિદ્ધ કરીને જ ઝંપશે. સામાન્ય રીતે માણસો એમ માની બેઠાં છે કે ઈશ્વરની ભક્તિ કરવા માટે તો સંસારની બધી જ પ્રવૃત્તિને મૂકી દેવી જોઈએ, ને ક્યાંક દૂર જઈને રહેવું જોઈએ. આ માન્યતા બરાબર નથી. ભક્તિ ગમે ત્યાં થઈ શકે છે, ને પ્રવૃત્તિ કરતાં કરતાં પણ થઈ શકે છે, માટે પ્રવૃત્તિમાં રાચતા ને ઈચ્છાથી ભરેલા માણસે પણ પ્રતિદિન અમુક સમય અલગ કાઢી નિયમિત ઈશ્વરભક્તિ કરવી જોઈએ.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૭: કૃપા કેમ નથી મળતી?

એક માણસ કૂવામાંથી ડોલ દ્વારા પાણી કાઢતો હતો. મહેનત તેની ઘણી ભારે હતી. પણ આશ્ચર્ય વચ્ચે તે જોતો હતો કે ડોલમાં પાણી બરાબર આવતું ન હતું. આખરે તેને પોતાની ભૂલ સમજાઈ. વાત એમ હતી કે જે ડોલ દ્વારા તે પાણી કાઢતો હતો તે ડોલ જ કાણી હતી ! આવા માણસો સંસારમાં ઘણા છે, જે કૈંક મેળવવાનો પ્રયત્ન કરે છે, પણ પ્રયત્નમાં સફળ થતા નથી. કેમ કે તેમની ડોલ કાણી છે. એટલે કે તેમના પુરૂષાર્થ ને પુરૂષાર્થની સિદ્ધિનાં સાધનમાં ખામી હોય છે. પછી તેઓ પોતાના કર્મને ને કાળને નકામો દોષ દે છે. પૂર્વ દિશામાં આવેલા કોઈ સ્થળે પહોંચવાને માટે પૂર્વ દિશામાં જવાને બદલે જે માણસ પશ્ચિમ કે દક્ષિણ દિશામાં ડગલાં ભરે, તે પોતાના ગંતવ્ય સ્થાને કેવી રીતે પહોંચી શકે? તે જ પ્રમાણે સાધનાના ધ્યેયનો વિચાર કર્યા વિના જે માણસ સાધનાના સહાયક પ્રદેશથી ઉલટા પ્રદેશમાં પગલાં ભરે છે, તેને સાધનાની સફળતા પ્રાપ્ત થઈ શકતી નથી. પછી તે પોતાને, કાળને ને પ્રારબ્ધને મિથ્યા દોષ દઈને બેસી રહે છે. ભક્તિમાર્ગના પ્રવાસીએ આ વાત ખાસ યાદ રાખવાની છે.

ભક્તિમાર્ગમાં પણ એવા કેટલાય સાધકો છે જે બહુ મોટી સંખ્યામાં નામજપ કરે છે, તીર્થાટન, સેવાપૂજા કે અનુષ્ઠાન કરે છે, છતાં તેમને સમાધાન કે માનસિક શાંતિ અથવા ઈશ્વરી કૃપાની અનુભૂતિ થતી નથી. આનું કારણ? કારણ કેટલાંય હોઈ શકે. છતાં સામાન્ય પણે એક કારણ એ પણ જાણવા મળે છે કે હૃદયશુદ્ધિને માટે દુર્ગુણોને દૂર કરી સદ્‌ગુણોની સ્થાપના કરવાના કામમાં વધારે ભાગના સાધકો પામર ને પછાત માલૂમ પડે છે. આ મુદ્દો ઘણો મહત્વનો છે, ને તેની અવગણના કર્યે સાધકને પાલવે તેમ નથી. હૃદયશુદ્ધિ સાધનાની આલિશાન ઈમારતનો મૂળભૂત પાયો છે, ને બધા જ ધર્મો, મહાપુરૂષો ને આત્મિક સાધનાના માર્ગો તેના પર ભાર મૂકી જીવનના ઉચ્ચ ઘડતરમાં તેને મહત્વનો માને છે.

એટલે જ ભક્તોએ સત્ય ને દયા તેમ જ પ્રેમની મૂર્તિ બનવું જોઈએ. ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાની જીવંત પ્રતિમા થઈ જવું જોઈએ. અસત્ય, અનીતિ ને કપટ તેમ જ દંભને જીવનમાંથી કાયમને માટે દૂર કરવા જોઈએ. કામ ને ક્રોધની ઝેર જ્વાલાને શાંત કરી સાત્વિક બનવું જોઈએ. કડવાં વચન બોલવાનું બંધ કરી સત્ય ને મધુરભાષી થવું જોઈએ ને તેની સાથે સાથે સાધનભજન કરવું જોઈએ. શુદ્ધ હૃદય દ્વારા થતા ઈશ્વર સ્મરણનો આનંદ ઓર જ હોય છે. ઈશ્વરનો પવિત્ર ને પ્રબળ પ્રેમ પણ તેવા હૃદયમાં જ જાગી શકે છે ને ઈશ્વરના પવિત્ર પ્રેમના પ્રાકટ્ય પછી જ ઈશ્વરની કૃપા કે ઈશ્વરનું દર્શન થઈ શકે છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૮ : ભક્તિમાર્ગની બીજી સૂચનાઓ

ભક્તિની સાધના કરનાર માણસ જો અસત્ય ભાષણ કરે કે અસત્યપરાયણ બને, તો તેની સાધના સફળ થઈ શકે નહીં. ભક્તિની સાધનાનું ધ્યેય ઈશ્વરની પ્રાપ્તિ છે. ઈશ્વર અસત્ય નથી, પણ પરમ સત્ય છે. માટે ભક્તે સત્યને માર્ગે ચાલવું જોઈએ, સત્યપરાયણ થવું જોઈએ. તે જ પ્રમાણે ઈશ્વર કૃપાળુ છે, દયાસાગર ને પ્રેમસિંધુ છે, એટલે ઈશ્વરને મેળવવા માગનાર ભક્તે પણ દયાળુ બનવું જોઈએ, ને પ્રેમની મૂર્તિ થઈ સંસારમાં રહેવું જોઈએ. તે ઉપરાંત એક ઈશ્વરની જ માયા, મમતા ને તૃષ્ણા હૃદયમાં જગાવવી જોઈએ. જગતના બધા જ પદાર્થોમાંથી મનને પાછું વાળી લઈ, ઈશ્વરના ચરણમાં તેને રસ લેતું કરવું જોઈએ. પ્રભુની પ્રેમમોહિનીમાં મનને મસ્ત કરી દેવું જોઈએ. પ્રભુનાં ગુણગાનના આનંદમાં મસ્ત ને પ્રસન્ન બની સંસારમાં સદા જીવી રહેવું જોઈએ. ભક્તને માટે આ બધું ખૂબખૂબ જરૂરી છે.

આંખમાં મોતિયો પડ્યો હોય તેને જેમ જગત સારી રીતે દેખાતું નથી, તેમ અશુદ્ધ હૃદયવાળા એટલે કે દુર્ગુણ ને લૌકિક વાસનાથી ભરેલા માણસને ઈશ્વરદર્શન થઈ શકતું નથી. એટલે હૃદયની શુદ્ધિની આવશ્યકતા ભક્ત પુરૂષને માટે ઘણી જ છે. આ સાથે બીજી આવશ્યકતા ઈશ્વરનું નિત્યનિરંતર ભજન કે સ્મરણ કરવાની ને ઈશ્વરને માટે વધારે ને વધારે વ્યાકુળ બનવાની છે. ખરી રીતે કહીએ તો ઈશ્વરના સતત સ્મરણનું ફળ ઈશ્વરમાં પુષ્કળ પ્રેમ કે રાગ ને આસક્તિ જ છે ને પ્રેમની પરિસીમા એ જ વ્યાકુળતા છે. એ વ્યાકુળતા જેનામાં જાગી જાય, તેને ઈશ્વરનું દર્શન જરૂર થઈ જાય છે. એટલે આ વ્યાકુળતા કે પરમપ્રેમની જાગૃતિ માટે સતત પ્રાર્થના ને ઈશ્વરસ્મરણ કરવાની જરૂર છે.

ઈશ્વરસ્મરણના પવિત્ર વ્યવસાયમાં ભક્તે આદુ ખાઈને પડવાની જરૂર છે. સંસારી માણસો જેમ સંસારના સુખ ને વિષયોમાં પડ્યા છે, તેમ ભક્તે ઈશ્વર પાછળ પડી જીવનને સફળ કરવું જોઈએ. માછલીને જેમ પાણી સાથે સંબંધ હોય છે, તેમ ભક્તે ઈશ્વરની સાથે પ્રેમ બાંધવો જોઈએ. પ્રેમના પવિત્ર પાણીથી એક ઈશ્વરને જ અભિષેક કરવો જોઈએ. આમ કરવાથી તેનું જીવન સફળ ને સુખી બની શકશે અપરંપાર સુખ, અનંત ને અખંડ આનંદ તથા શાશ્વત શાંતિની પ્રાપ્તિ કરી તે નાચી ઉઠશે.

પ્રભુ સ્મરણનો કોઈ ખાસ નિયમ નથી. ફક્ત તે સ્મરણ ભાવપૂર્વક થવું જોઈએ. દિવસે રાતે, હરતાં ફરતાં કે કોઈ કામ કરતાં, પ્રભુના મંગલ નામને લેવું જોઈએ ને તેના ગુણાનુવાદને ગાઈ આનંદમાં નાચી ઉઠવું જોઈએ. એમ કરતાં કરતાં પ્રભુનો પ્રેમ હૃદયમાં જરૂર પ્રકટી જશે.

☼ ☼ ☼ ☼ ☼

## ૭૯ : સાકાર અને નિરાકાર

કેટલાક જ્ઞાનમાર્ગી માણસો માને છે કે ઈશ્વરનું દર્શન ના થઈ શકે એટલે કે ઈશ્વર તો નિરાકાર છે; તે કોઈ આકાર ધારણ કરીને ભક્તને પ્રત્યક્ષ દર્શન દે એ માનવા જેવી વાત નથી. કદાચ ભક્તની ઈચ્છા પ્રમાણે તેને સ્વપ્નમાં ઈશ્વરદર્શન થતાં હોય તો પણ તે તેની ભ્રાંતિનું પરિણામ છે અથવા તો ઈશ્વરના તે રૂપનો તે વારંવાર વિચાર કરે છે તેને લીધે સાધારણ મનોવિજ્ઞાનના નિયમરૂપે તેને ઈશ્વરદર્શન થઈ જાય છે. તેથી કાંઈ ઈશ્વર સાકાર છે, ને ભક્તોને દર્શન દે છે જ એમ માની શકાય નહીં.

આ માણસોના વિચાર સંપૂર્ણપણે સાચા નથી. જે વસ્તુનું સંસારમાં અસ્તિત્વ જ ના હોય, તેનો વારંવાર વિચાર કરવામાં આવે તો પણ તે વસ્તુ પ્રકટ થવાની નહીં, અથવા માણસને તેનું દર્શન થવાનું નહીં. વંધ્યા સ્ત્રી પોતાના પુત્ર વિશે વારંવાર કલ્પના કરે, તેવી કલ્પનામાં કદાચ તેનું સમગ્ર જીવન વહી જાય, તો પણ તે પોતાના પુત્રના મુખને જોઈ નહીં શકે, ન તો તેનો પુત્ર આ સંસારમાં તેની સાથે વાત્સલ્ય અનુભવવા પણ આવશે. તે જ પ્રમાણે આકાશમાં ફૂલ છે એવી કલ્પના કોઈ કરે ને તદ્દનુસાર ચિંતન, મનન ને નિદિધ્યાસન પણ કરે તો તેટલાથી જ તેને આકાશમાં ફૂલ દેખાતું નથી, કે આકાશમાં ફૂલ ઉગી જતું નથી. તેવું જ ઈશ્વર વિશે પણ સમજવાનું છે. જો ઈશ્વર જેવી કોઈ વસ્તુ સંસારમાં હોય જ નહીં, ને તેનું સાકાર સ્વરૂપ પણ સંભવિત હોય નહીં, તો માણસ પોતાનું શીશ પટકી પટકીને મરી જાય છતાં પણ તે ઈશ્વરને મેળવી શકે જ નહીં. પણ વસ્તુસ્થિતિ એથી જુદી જ છે. આજ સુધી એવા અનેક ભક્તો થઈ ગયા છે જેમને ઈશ્વરનું સાક્ષાત્ દર્શન થયેલું છે, એટલું જ નહીં, તેમાંના કેટલાંકે તો બીજાને પણ ઈશ્વરદર્શન કરાવ્યું છે. ઈશ્વરદર્શન કોઈ ભ્રાંતિનું નહીં, પણ જીવનના વાસ્તવિક ને નક્કર વિકાસનું પરિણામ છે. એ તેમણે કરેલું છે. ને કોઈ પણ માણસ આજે તેમ જ ભવિષ્યમાં પણ એ પ્રમાણે વિકાસ કરી તેનું દર્શન કરી શકે નહીં. એટલે ઈશ્વર ને તેના દર્શનને કેવળ ભ્રમ કહીને ઉડાવી દેવામાં અજ્ઞાન રહેલું છે. તેમ છતાં પણ ઘડીભર માટે માની લો કે ઈશ્વરદર્શન ભ્રાંતિ છે. છતાં પણ તેને માટે જે પ્રયાસ કરે છે, જીવનનો ભોગ આપે છે, તેનું જીવન માનસિક કે શારીરિક પતનને માર્ગે નહીં, પરંતુ ઉન્નતિને માર્ગે જ કૂચ કરે છે. ભક્તપુરૂષોના જીવન પરથી એ સાફ દેખાય છે. એટલે જે ભ્રાંતિના દુર્ગુણ દૂર કરી તેને સત્ય ને નિર્ભયતા તથા પ્રેમ ને સ્થિરતાને માર્ગે દોરે છે, ને પોતાના ને બીજાના હિતને માટે જીવતા શીખવે છે, ને ભ્રાંતિ કોઈપણ માનવને માટે અકલ્યાણકારક ને તિરસ્કરણીય તો નથી જ. એ તો સમજી શકાય તેમ છે.

હવે બીજી વાત. જ્ઞાનમાર્ગના મહાન આચાર્યોએ પણ ઈશ્વરના સાકાર દર્શન પ્રત્યક્ષ રીતે થઈ શકે છે એ વાતનો સ્વીકાર કર્યો છે, ને તેમાંના વધારે ભાગના જ્ઞાની કે આચાર્યોએ તો ઈશ્વરના સાક્ષાત્ દર્શન કર્યા પણ છે. આદિ શંકરાચાર્ય, વલ્લભાચાર્ય, રામાનુજાચાર્ય, વ્યાસ ને વાલ્મિકી તથા શુકદેવ, તુલસી, સુર, કબીર ને નરસિંહ તથા તુકારામ ને નાનક તથા સમર્થ રામદાસ, ચૈતન્ય મહાપ્રભુ ને શ્રી રામકૃષ્ણ પરમહંસ એવા એવા અનેક સંત મહાપુરૂષો આના જવલંત ઉદાહરણરૂપ છે. જે કેવળ નિરાકાર માર્ગી છે, તેને આ સત્યની સમજ કદાચ નહીં પડે. પરંતુ નિરાકાર ને સાકાર બંને માર્ગનો જેમને અનુભવ હશે, તે તટસ્થ રીતે આ સત્યને સમજી શકશે.

એકલા જ્ઞાનમાર્ગની વાત કરીએ તો પણ જ્ઞાનીને આત્મદર્શન થાય છે, ને સાકાર સ્વરૂપમાં પણ આત્મદર્શન થાય છે, એવો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળી રહે છે. अंगुष्ठमात्र पुरूषो मध्य आत्मनी तिष्ठति – એટલે કે અંગુઠાના પરિણામનો આત્મા શરીરના મધ્ય ભાગમાં કે હૃદયમાં વાસ કરે છે. તે કેવો છે તો તેના અનુસંધાનમાં ઉપનિષદના ઋષિ કહે છે કે ज्योतिरिवाधूमकः એટલે કે ધૂમાડા વિનાની જ્યોતિ જેવો છે. આમાં આત્માના સાકાર સ્વરૂપનું તાદૃશ વર્ણન છે.

એટલે સાકાર નિરાકારના ઝગડામાં પડવાનું કોઈ કારણ નથી. મૂળ મુદ્દાની વાત એ છે કે જેને જે ગમે છે તે માર્ગ પકડે. ઈશ્વરનું જેવું સ્વરૂપ રુચે તેવું પકડે. ઈશ્વર તો અનેકવિધ ને સર્વસમર્થ છે. જેવું ધારે તેવું સ્વરૂપ તે ધારણ કરી શકે છે. જે ઈશ્વર જ્ઞાની કે યોગીને સમાધિ અવસ્થામાં નિરાકાર રૂપે દર્શન દે છે, તે ઈશ્વર ભક્તની ભાવના ને પ્રેમ જોઈને તેની સામે સાક્ષાત્ રીતે પ્રકટ થાય છે.

ઈશ્વરના સાક્ષાત દર્શન વિના ભક્તને શાંતિ મળતી નથી. જ્યોતિદર્શન કે ઈશ્વરના નિરાકાર સ્વરૂપાનુભવથી ભક્તને પૂર્ણ આનંદ થતો નથી કે સંતોષ વળતો નથી. તેનું હૃદય તો ઈશ્વરના મધુર રૂપને જ ઝંખે છે. તેની આંખ તે રૂપને જોવા ઉત્સુક બને છે ને તેના કાન તેના શબ્દસંગીતને સાંભળવા તલપાપડતા ધારણ કરે છે. ભક્ત ઈશ્વરના પ્રેમમાં મગ્ન બની ઈશ્વરની પ્રાર્થના ને ઈશ્વરનું કીર્તન કરે છે, તેથી ઈશ્વર પ્રસન્ન બને છે ને તેના દર્શન આપે છે. કીર્તનનો પ્રભાવ એવો અજબ છે. ઈશ્વરનું દર્શન થતાં જ ભક્ત આનંદમાં ડૂબી જાય છે. એ વખતની તેની દશાનું શબ્દમાં વર્ણન કરી શકાય તેમ નથી.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૦: ઈશ્વર કીર્તનથી પ્રકટ થાય છે.

'હે નારદ, હું વૈકુંઠમાં વાસ કરતો નથી. તેમ જ દીનરાત ધ્યાનધારણામાં મસ્ત રહેનાર યોગીના હૃદયમાં પણ રહેતો નથી, પરંતુ મારા પ્રેમી ભક્તો જ્યાં પ્રેમથી મારું કીર્તન કરે છે ને મારા ગુણાનુવાદ ગાય છે, અથવા મારા પરમમંગલ નામમાં મનને એકાગ્ર કરી આનંદે છે, ત્યાં હું પ્રકટ થાઉં છું, સદાયે હાજર રહું છું, ને મારા સુમધુર સ્વરૂપનો ભક્તોને અનુભવ કરાવીને આનંદ આપું છું.' એ ભાવ પ્રમાણેનો સંસ્કૃત શ્લોક સારી પેઠે પ્રસિદ્ધ છે. નારદજીને સાંપડેલા એ ઉપદેશમંત્ર પ્રમાણે નારદજી પોતે પણ દિનરાત હાથમાં વીણા લઈ બ્રહ્માંડમાં ફર્યા કરે છે ને પ્રભુના સંગીત ને નામસંકીર્તનમાં મસ્ત રહે છે. પ્રભુના પ્રેમમાં પરમમગ્ન બની જઈ નારદજી પ્રભુના ગુણાનુવાદ ગાયા કરે છે. તેમના સંકીર્તનમાં શક્તિ પણ એવી અપાર છે કે પ્રભુ તેમની સામે તરત પ્રકટ થાય છે એટલે પોતાના તે અનુભવવચનને તાકતાં નારદજી કહે છે કે પ્રેમપૂર્વક કીર્તન કરવાથી પ્રભુ ભક્તની સામે તરત પ્રકટ થાય છે. માટે પ્રભુને પ્રાપ્ત કરવા માંગનારા ભક્તે કીર્તનનો આધાર જરૂર લેવો.

પ્રભુનું સર્વ પ્રકારે સુખકારક ને મંગલ તથા દિવ્ય એવું દર્શન જેને થઈ જાય છે તે ભક્તની ધન્યતાનો પાર રહેતો નથી. તે બડભાગી મહાપુરૂષના સુખનો તાગ કોણ કાઢી શકે? વાસ્તવમાં તો સારાય સંસારમાં તે જ પુરૂષ સૌથી વધારે સુખી છે, તેનું જ જીવન સફળ છે, ને અતૂટ શાંતિ પણ તેને જ મળી શકે છે જેના પવિત્ર લોચન પ્રભુના પરમ મંગલ ને મનોહર રૂપને જોઈ લે છે. પ્રભુની પૂર્ણ કૃપાથી જેનું જીવન પાવન થઈ જાય છે, ને પ્રભુની પવિત્ર વાણી ને પ્રભુના આહ્લાદક ત્રિવિધતાપવિદારક શીતલ સ્પર્શનો જેને અનુભવ થાય છે તે જ આ સંસારમાં સાચો સમૃદ્ધિવાન છે, ને સફળ જીવન પણ તેનું જ છે. તેવા ભક્તનો જન્મ સાર્થક થઈ ગયો! તેના બધા કર્મ સફળ ને સિદ્ધ બની ગયા ને પૃથ્વી પર તેનું પ્રકટ થવું સફળ થયું! તેનો પોતાનો જન્મ તો સફળ થઈ જ ગયો, પરંતુ તેની કૃપા જેના પર વરસે છે તે પણ સફળ બની જાય છે, ને તેથી જ જે તેના ગાઢ પરિચયમાં આવે તેને ઉત્તમતા આપી તેના રૂપરંગને ફેરવી નાખે છે. તેવા ભક્તની સેવા ને તેના સમાગમ કદાપિ વ્યર્થ જતાં નથી.

ભક્તિના આ મહાન માર્ગમાં સ્ત્રી પુરૂષ, રંક ને રાય તેમજ નિરક્ષર કે સાક્ષારનાં ભેદ નથી. આ માર્ગમાં તો મુખ્ય મહત્વ ભાવનું જ છે. જેના દિલમાં પ્રભુ પ્રત્યે ભાવની ભરતી જાગે, તે ભલે ને નિરક્ષર કે નિર્ધન કે અસહાય ને અપંગ હોય, છતાં પ્રભુની કૃપા તેના પર થઈ જાય છે એ નક્કી વાત છે.

ભક્તિ જેવું સુખ ને શાંતિ તેમજ સર્વ પ્રકારની સમૃદ્ધિ મેળવવાનું ઉત્તમ સાધન છે, છતાં માનવ તેનો આશ્રય લીધા વિના મદોન્મત્ત થઈ ને વિપથગામી થઈને ફરે છે, ને પરિણામે દુઃખ, શોક, પરવશતા ને અલ્પતાનો અનુભવ કરે છે એ કેવી આશ્ચર્યજનક વાત છે! સમજુ માણસે તો બધા પ્રકારની ભ્રાંતિ ટાળી દઈ પ્રભુના પ્રેમના માર્ગને અપનાવવો જોઈએ. પ્રભુના પ્રેમની પાવન ગંગા સૌને માટે વહી રહી છે, પછી માણસે દુઃખી, વિષયરસના પિપાસુ ને અસંતોષી શા માટે રહેવું જોઈએ ? પ્રભુના પ્રેમની કામધેનુ બધી જ પ્રકારની લૌકિક ને પારલૌકિક ઈચ્છા પૂરી કરવા સમર્થ છે છતાં માણસે વિષયોને માટે વ્યાકુળ ને બેહાલ બનીને શા માટે ભટકવું જોઈએ ? પ્રભુના પ્રેમનો પારસમણિ હોવા છતાં માણસ કંગાલ કે દરિદ્રી જ બન્યો રહે એ શું

આશ્ચર્ય નથી ? ખરેખર, માણસે હજી પ્રેમ ને તેના સ્વામી પરમાત્માના મહિમાને જાણ્યો નથી. જાણ્યો છે તો તેને અનુભવવાની તેનામાં હિંમત કે યોગ્યતા નથી, નહિ તો તે પ્રભુના પ્રેમને રંગે જ રંગાઈ જાત, ને પ્રભુનો આધાર લઈ જીવનનો છેલ્લો શ્વાસ પૂરો થાય તે પહેલાં જ પ્રભુદર્શન કરી લઈ ધન્ય પણ બની જાત.

ભારતની આ આધ્યાત્મિક પુંજી સારાય સંસારની મિલકત છે. તેના પર કોઈ એક વ્યક્તિ કે દેશનો અધિકાર નથી. જીવનના વ્યક્તિગત વિકાસ ને વિશ્વ કલ્યાણનાં ઉત્તમોત્તમ રહસ્યો લઈને ભારત સારાય સંસાર સમક્ષ ઉભું છે. ભારતની આ ચિરકાલીન સાધના ને સાધના દીક્ષા છે, તેને લીધે જ ભારત વિશ્વવંદ્ય ગણાય છે, પવિત્ર ને શ્રેષ્ઠ દેશ મનાય છે, ને પ્રેરણાના મૂળ આધારરૂપ કહેવાય છે. કેટલાય માણસો તેમની તરફ માન ને પ્રેમની લાગણીથી જુએ છે તેનું કારણ પણ આ જ છે. તે સંદેશ ભારતની પ્રજા ને સમસ્ત સંસાર સારી પેઠે સમજે ને જીવનમાં તેને મૂર્ત કરે તો તે શાંતિપ્રદાયક ને કલ્યાણકારક થશે એ નક્કી છે. સમાજ ને રાષ્ટ્ર તેમજ વિશ્વના ઉત્થાનની અનેકવિધ યોજનાની સાથે સાથે ભારતના આત્મિક વિકાસની, સાધનાની પગદંડી-માનવને સાચા અર્થમાં માનવ ને પછી દેવ તથા છેવટે પુરૂષોત્તમ બનાવવાની પ્રક્રિયા પણ લક્ષમાં લેવાવી જોઈએ. તો જ સંસાર ભૌતિક ને આધ્યાત્મિક બંને પ્રકારે ઉન્નતિ કરી શકે. આ બંને પ્રકારની ઉન્નતિ સંસારને માટે ઉપયોગી છે.

☼ ☼ ☼ ☼ ☼

## ૮૧ : ભક્તિના અગિયાર સ્વરૂપ

પ્રભુના ભક્તો વિવિધ પ્રકારના હોય છે. જેમ ભક્તોના માનસમાં વિવિધતા હોય છે, તેમ ભક્તિ પણ વિવિધ પ્રકારની થઈ શકે છે. જો કે ભક્તિ મૂળભૂત રીતે એક જ છે, છતાં બહારનાં લક્ષણ પરથી તે જુદી જુદી જાતની હોય તેમ દેખાય છે. એ લક્ષણનો વિચાર આપણે હવે ટૂંકમાં કરીશું.

ગુણ ને પ્રભુના મહિમામાં આસક્ત ભક્તો પ્રથમ પ્રકારના ભક્તો છે. આવા ભક્તો પ્રભુના ગુણથી ખેંચાઈને ભક્તિ કરે છે, ને પ્રભુના મહિમાનાં ગુણગાન કરવામાં તેમજ સાંભળવામાં આસક્ત બને છે. આવા ભક્તોમાં વ્યાસ તેમજ શુકદેવ જેવા ભક્તો પ્રસિદ્ધ છે. તેમની ભક્તિ 'ગુણાસક્તિ કે પ્રભુના મહિમામાં આસક્તિ' ગણાય છે.

તે પછી ભક્તિનો બીજો પ્રકાર રૂપાસક્તિ છે. તેમાં ભક્ત પ્રભુના મંગલ ને મનહર રૂપથી આકર્ષાય છે, ને પ્રભુને જોવા માટે આતુર બની ઝંખે છે. પ્રભુનું સુંદર સ્વરૂપ જ્યાં સુધી જોવા ના મળે ત્યાં સુધી તેને ચેન પડતું નથી. વ્રજની ગોપી કૃષ્ણ ભગવાનના મધુર રૂપને જોવા છતાં ધરાતી ન હતી. પ્રભુના રૂપને જોઈને તે મંત્ર મુગ્ધ જેવી બની જતી, આ રૂપાસક્તિ કહેવાય છે.

ભરત ને અંબરીષ પ્રભુની પૂજામાં આસક્ત હતા તેમની ભક્તિનો પ્રકાર 'પૂજાસક્તિ'નો હતો. રામની પૂજામાં ભરતજી સદાયે મસ્ત રહેતા.

ધ્રુવ ને પ્રહ્લાદ પ્રભુના સ્મરણમાં – નામજપમાં મસ્ત હતાં. તેમની ભક્તિ મુખ્યત્વે સ્મરણ ભક્તિ એટલે 'સ્મરણાસક્તિ' કહી શકાય. હનુમાન ને તુલસી જેવા ભક્તો 'દાસભાવ'માં ડૂબેલા રહેતાં. ત્યારે અર્જુન ને ઉદ્ધવ પ્રભુ શ્રીકૃષ્ણને પોતાના સખા જ માનતા. તે ઉપરાંત 'વાત્સલ્યભાવ'થી ભક્તિ કરનાર ભક્તોમાં કૌશલ્યા ને દશરથ તથા નંદયશોદાનો સમાવેશ થાય છે. પ્રભુને માટે અતિશય વિહ્વલ બનવું અથવા પ્રભુના વિરહમાં આસક્ત થઈ જવું તે વિરહાસક્તિ નામની ભક્તિ છે ને છેલ્લે 'આત્મનિવેદન ભક્તિ' ને 'તન્મયતા' આવે છે. પ્રભુને સર્વ સમર્પણ કરી દઈ, તેનાં દર્શન માટે અધીર બની જવું તે આત્મનિવેદન ભક્તિ છે. તે પ્રેમનું ઉચ્ચોચ્ચ સ્વરૂપ છે.

આ પ્રમાણે નારદજીએ ભકિતનાં અગિયાર સ્વરૂપ કહ્યાં છે. કોઈપણ સ્વરૂપનો શ્રદ્ધાભક્તિ પ્રમાણે આધાર લેવાથી પ્રભુની પરમકૃપાની પ્રાપ્તિ સાધકને થઈ જાય છે.

☼☼☼☼☼

**સમાપ્ત**

☼☼☼☼☼

**About the Author**



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of nine. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of twenty and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than hundred books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

☼

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી |
| **અનુભવો** | દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **કાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite |
| **કાવ્યાનુવાદ** | ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ |
| **ગીતો** | ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય |
| **પ્રવચનો** | અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રસંગો** | ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **સુવાક્યો** | પરબડી ▪ સર્વમંગલ |
| **વાર્તાઓ** | રોશની |

☼